વનવાસિની.

વનવાસિની.

(પ્રેમકથા)

પ્રયોજકઃ-

વ્રજલાલ જાદવજી ઠક્કર.

માંડવીની પોળ-અમદાવાદ.

પ્રકાશક

હરિભાઈ દલપતરામ પટેલ.

શાહપુર-અમદાવાદ.

સોલ એજન્ટઃ-

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર,

૨૬૩૦, પાનકોર નાકા-અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૭ સને ૧૯૨૦

કિંમત રૂ ૨-૦-૦

કુંદન અને કુસુમ—ભાગ ૧ થી ૮.

સચિત્ર દરેક ભાગની કીં. રૂ. ૧–૪–૦

માનવ શયતાન.

કીં. રૂ. ૧–૮–૦.

ભામિની કે ભૈરવી ?

સચિત્ર કીં. રૂ. ૨–૦–૦.

બેગમ કે બલા ?

(છપાય છે.)

અમદાવાદ–શાહપુર, વનમાળી વાંકાની પોળમાં પટેલ હરિભાઇ દલપતરામે પોતાના 'ગ્રંથોદય' પ્રિ. પ્રેસમાં છાપ્યું.

પ્રવેદન.

પ્રસ્તુત નવલકથાને પ્રેમકથા કહીશું તો તેજ વિશેષ ઉચિત લેખાશે; કેમકે, આ નવલકથામાં પ્રેમનુંજ ચિત્ર આલેખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે; આમ છતાં આ પ્રેમ શુદ્ધ ને સાત્વિક છે.

આજકાલ પ્રસ્તાવનામાંજ પ્રેમનો ઉલ્લેખ થતો જોઈને કોઈ વિદ્વાન્ વાચક યા તો વિવેચક કદાચ એવી કલ્પના કરશે કે, આ નવલકથામાં, વિરહી--વિયોગિની અબળાના પ્રેમ-પ્રલાપો, વ્હાલા વ્હાલીના અનુચિત સંવાદો, સંયોગ વિયોગના પ્રસંગો તથા એવાજ બીજા બનાવોનું વર્ણન કરવામાં આવ્યું હશે; પરંતુ વાચક યા તો વિવેચક બંધુની પ્રથમથીજ ગેરસમજ ન થાય એ હેતુથી જણાવવાની જરૂરિયાત રહે છે કે, સાધ્વી સતી સન્નારીનો સ્વામી સ્નેહ કેવો હોય-છે, અબળા યા તો સ્ત્રીજાતિના હૃદયમાં શુભપ્રેમના બીજનું પોષણ કેવી રીતે થાય છે, એક અબળા પોતાના પ્રિયતમને માટે પોતાના પ્રેમનું બળિદાન આપી આત્મત્યાગનું કેવું ઉજ્વલ ઉદાહરણ દર્શાવી શકે છે, સ્ત્રીજાતિને પણ યોગ્ય શિક્ષણ મળતાં તે પુરૂષવર્ગ કરતાં પણ કેટલી બધી શ્રેષ્ટતા મેળવી શકે છે, રાજ્યલોભી પુરૂષો પોતાનો સ્વાર્થ સાધવાને કેવાં મહા પાપ કરે છે, એક પત્નીવ્રત પાળનાર પુરૂષ પોતાની સ્વર્ગસ્થ પત્ની પ્રત્યે પણ કેવો અખંડ પ્રેમ રાખી શકે છે, અબળા ગણાતી રમણી કેટલીક વખતે પ્રબળા યા તો રાક્ષસી બનીને કેવાં ભયંકર પાપકાર્યો કરી શકે છે, સ્વાર્થી તેમજ લોભી મનુષ્યો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને માટે સગાં વ્હાલાંનું પણ નિકંદન કરવા કેવી રીતે તૈયાર થાય છે વગેરે બોધક અને રસિક પ્રસંગોનો ચિતારજ આ નવલકથામાં શક્તિ અને બુદ્ધિ અનુસાર ચિતરવામાં આવ્યો છે. જો વાચકબંધુને આ નવલકથામાંથી આનંદ સાથે

વર્તકિંચિત્ પણ જ્ઞાન પ્રાપ્ત થશે તો હું મ્હારો શ્રમ સફળ થયો છે એમ સમજીશ.

આજ સુધીમાં મ્હારી અલ્પમતિ અનુસાર લખાયલી નવલકથાઓ પ્રત્યે સુજ્ઞ વાચકવર્ગે જેવી પ્રીતિ દર્શાવી છે તેવીજ પ્રીતિ પ્રસ્તુત નવલકથા સંપાદન કરે, એટલીજ મ્હારી અભિલાષા છે.

પ્રસ્તુત નવલકથાના પ્રકાશક તેમજ મ્હારા પરમ સ્નેહી શ્રીયુત **હરિભાઈ દલપતરામે** આ નવલકથાને સુંદર સ્વરૂપમાં પ્રસિદ્ધ કરવા માટે જે શ્રમ લીધો છે, એ માટે હું આ સ્થાને તેમનો આભાર માનું છું.

પ્રકૃતિની બિમારીને લીધે પ્રુફ–સંશોધનનું કાર્ય જોઈએ એટલા લક્ષ્યપૂર્વક કરી શકાયું નથી એ માટે સુજ્ઞ વાચકબંધુઓ પાસે હું ક્ષમા યાચું છું **सुज्ञेषु किं बहुना !**

તા. ૧-૧૦-૧૬
માંડવીની પોળ–**અમદાવાદ.**

લી.
સાહિત્ય–સેવક
વ્રજલાલ જાદવજી ઠક્કર.

પ્રસ્તુત નવલકથાની આ મહામોંઘવારીના સમયમાં પણ સાહસ કરીને બીજી આવૃત્તિ અમારાં અન્ય પુસ્તકોની માફક સચિત્ર કરવામાં આવી છે. તેની કદર જેમ વાંચકવર્ગ કરતો આવ્યો છે તે પ્રમાણે કરી પ્રકાશકને આભારી કરશે.

પ્રકાશક.

અનુક્રમણિકા.

વનવાસિની.

પ્રકરણ ૧ લું.

ભયંકર અરણ્યમાં દેવી-મંદિર.

" ઉતરશે આગ ગગનેથી તને બાળી ભસ્મ કરશે.
કટારી તીવ્ર કિસ્મતની બનીને ક્રૂર સંહરશે;
ભયંકર ભાવીનો પડઘો, પલકમાં કાન પર પડશે.
જલદાં ને આસમાં સાથે મરીને જોરથી લડશે;
જશે તુજ જાન ને ત્હારું જગતમાં જિસ્મ રઝળશે "

ગિરિરાજ વિંધ્યાચલ અને સાતપુડા વચ્ચેનો ડુંગરાળ વિસ્તિર્ણ પ્રદેશ આજે હજારો વર્ષ થયાં રણઘેલા રાજપૂતોના અધિકારમાં છે. એ બન્ને પ્રચંડ પર્વતોમાંથી અનેક ન્હાની મ્હોટી નદીઓ નીકળીને પૃથ્વીદેવીના વિશાળ વક્ષઃસ્થળ પર ગાન તથા નૃત્ય કરતી, આજે અનેક યુગ થયાં દૂરના દેશોને પાવન કરતી, સાગર સ્વામીને મળવાને માટે દોડી રહી છે. ગરવી ગુજરાતના મુખ્ય તીર્થરૂપ ગણાતી તેમજ સાક્ષપુરાણની સાક્ષી અનુસાર પાપતાપનું નિવારણ કરનારી મહા નદી નર્મદા અને સૂર્યપુત્રી તાપીનું મૂળ પણ એજ પ્રદેશોમાં આવેલું છે. નર્મદાનો પટ ઘણો વિશાળ છે તેમજ તેની લંબાઈ પણ સેંકડો માઇલની છે. એ નર્મદાના મૂળથી થોડે દૂર, તેના પવિત્ર કિનારા પર બરવાણીનો એક ન્હાનો સરખો રાજ્યપ્રદેશ આવેલો છે. ત્યાં આજ સુધી મહા પ્રતાપશાળી ટેકીલા મહારાણા પ્રતાપના વંશના સીસોદિયા રાજપૂતો રાજ્ય કરે છે. એ રાજ્યપ્રદેશની રાજધાનીનું નામ પણ " બરવાણી " છે.

બરવાણીની ચારે તરફ સેંકડો ગાઉ સુધીના વિસ્તારવાળાં મ્હોટાં અરણ્યો આવેલાં છે.

બરવાણીની દક્ષિણમાં આવેલા પર્વત-પ્રદેશમાંજ આપણી આ વાર્તાનો આરંભ થાય છે.

બરવાણીથી આશરે પાંચ સાત ગાઉને અંતરે તેની દક્ષિણ દિશાના એ પર્વતપ્રદેશમાં વિશાળ વૃક્ષોની ઘટાવાળું, એક વિસ્તૃત અરણ્ય શોભી રહ્યું છે. એ વિશાળ વનમાં દેવીનું એક પ્રાચીન તેમજ જીર્ણ મંદિર છે. એ મંદિર પોતાની પ્રાચીન કાયાના જર્જરિત અવયવો પર નવા જમાનાના ચુના માટીથી બનેલાં નવાં વસ્ત્રો સજીને એજ હાલતમાં આજ સુધી મૂંગે મ્હોડે જગતનો ઇતિહાસ જોતું ઉભું રહેલું છે. જે સમયે આપણી વાર્તાનો પ્રારંભ થાય છે એ સમયે પણ એ જીર્ણ મંદિર એવાજ આકાર પ્રકાર, અને ડોળ દેખાવમાં ત્યાં એવીજ રીતે માન ધારણ કરીને, તપસ્યા કરતા કોઈ મુનીના માફક એ નિર્જન વનપ્રદેશમાં પોતાનું શિખરરૂપ મસ્તક આકાશમાં ઉચું કરીને ઉભેલું હતું. એ પ્રસંગને આજે આશરે પાંચસો વર્ષ વીતી ગયાં છે; તથાપિ એ મંદિર આજે પણ પૂર્વની સ્થિતિમાં જોવામાં આવે છે. જાણે કે અનંતકાળની અનંત તરંગલીલા અવલોકતું, જમાનાના ક્ષણે ક્ષણે બદલાતા રંગઢંગની બારીકાઈથી તપાસ રાખનારૂં કોઈ તટસ્થ સાક્ષીચેતન હોયને ! તેમજ જગતની વચ્ચે છતાં જગતના વ્યવહાર અને કોલાહલથી અલગ, તટસ્થ રીતે શાંત સ્થિર ઉભેલું છે.

મધ્યાન્હનો સમય છે. ભગવાન્ સૂર્યનારાયણ પોતાનાં પ્રખર કિરણો વર્ષાવીને ઉષ્ણ પ્રદેશમાં અગ્નિભૂમિનું સ્વરૂપ આપવાનો વિચાર કરે છે. ભયંકર જંગલમાં પશુ પ્રાણીઓ લાહ્ય લાહ્ય પોકારી આમ તેમ દોડાદોડ કરી રહ્યાં છે. આગળ પાછળ સર્વત્ર અત્યંત ગરમા જણાય છે. ગગનચુંબિત શાખા પ્રશાખાવાળાં છત્રાકાર પરોપકારી વૃક્ષો સુદ્ધાં સૂર્યદેવની પ્રખરતાથી ત્રાસ પામીને કંપતાં ઉભાં છે.

આવા સમયે એક ઘોડેસ્વાર યોદ્ધો પોતાના આકુળ વ્યાકુળ તેમજ થાકી ગયેલા અશ્વને દોડાવતો દોડાવતો ઉપરોક્ત મંદિર પાસે આવી પહોંચ્યો. યુવકનું મ્હોં પરસેવાથી ભીંજાઈ ગયેલું હોઈ તપાવેલા સોનાના જેવું લાલચોળ બની ગયું છે. ઘોડાના સર્વાંગમાંથી પણ ધર્મબિંદુઓ ઉપસી આવ્યાં છે. યોદ્ધા યુવકે મદિર રહામે આવેલા એક વિશાળ વૃક્ષ નીચે ઘોડાને ઉભો રાખ્યો પોતે નીચે ઉતરી તેને વૃક્ષના મજબુત થડ સાથે બાંધી દીધો અને પછીથી તેણે વ્યાકુળતાથી મંદિરમાં પ્રવેશ કર્યો.

મંદિરમાં દેવીની પ્રતિમા રહામે ધ્યાનમગ્ન સ્થિતિમાં બેસી એક સંન્યાસી સમીપ આવી પહોંચીને કહ્યું:-" મહાત્મન્ ! તૃષાથી મ્હારો જીવ જાય છે. દાસ પર દયા લાવી થોડું શીતળ જળ પીવાને આપશો તો મ્હને જીવનદાન આપ્યું સમજીશ. "

સંન્યાસીએ યોદ્ધાની આ વિનંતિ પ્રત્યે લક્ષ્ય આપ્યું નહિ; તેઓ તો દૃઢચિત્તે પૂજાપાઠ કરવા લાગ્યા.

યુવક તૃષાથી અધીર બની ગયો છે. તેણે ફરીથી સંન્યાસીને જળ આપવા માટે પ્રાર્થના કરી; પરંતુ પ્રથમ પ્રમાણે તેની પ્રાર્થના પુનઃ પણ નિષ્ફળ થઈ. આથી યોદ્ધાએ આ સંન્યાસીને શયતાન સાધુ ધાર્યો. તેના ક્રોધનો પાર રહ્યો નહિ—તેને આત્મભાન રહ્યું નહિ. એક વખત તેણે મંદિરની ચારે તરફ દ્રષ્ટિ ફેંકી જોઈ; પરંતુ બીજું કોઈ પણ મનુષ્ય તેની નજરે પડ્યું નહિ—તેમજ સંન્યાસી પાસે પડેલા જળપાત્ર સિવાય બીજું એક પણ જળપાત્ર તેના જોવામાં આવ્યું નહિ. તૃષાથી તેની છાતી ફાટી જાય છે. કંઠમાં કાંટા ભોંકાય છે. જળપાત્ર જોવામાં આવ્યાથી તેની તૃષા હજારઘણી વધી ગઈ છે. યોદ્ધો આત્મા ઉપર સંયમ રાખી શક્યો નહિ. સંન્યાસી પાસે પડેલું જળપાત્ર ઉંચકી લઈ તે પોતાના મ્હોં પાસે લઈ ગયો.

એ મંદિરમાંની કાળિકાદેવીની વિકાળ મૂર્ત્તિમાંજ જાણે કે

ક્ષણુ માત્રમાં એક પરમ સૌંદર્યમયી બાળિકા બ્હાર આવી, તથા તેણે યોદ્ધા જે હાથે જળપાત્ર ઉંચકીને જળ પીવાની તૈયારી કરતો હતો તે હાથ એકદમ પકડયો. આ પ્રકારથી યોદ્ધા ભય પામ્યો નહિ. ભય કોને કહે છે તે એ સમજતોજ નથી; પરંતુ આ પ્રકારથી તે મ્હોટા આશ્ચર્યમાં પડી ગયો. કયાંથી કેવી રીતે ક્ષણુ માત્રમાં આ બાળિકા યા તો દેવીએ આવી તેનો હાથ પકડયો તે એ સમજી શકયો નહિ. તે જળપાત્રનું જળ પીવાને વ્યાકુળ બની ગયો હતો; પરંતુ બાળિકાએ તેને જળ પીવા દીધું નહિ. અંતે તે નિરૂપાયે સુંદર કોમળાંગી બાળાનો હાથ તરછોડી નાંખી જળ પીવાનો યત્ન કરવા લાગ્યો. આ પ્રકાર જોઈ સંન્યાસીએ સંકેતદ્વારા બાળિકાને યોદ્ધાનો હાથ છોડી દેવાની આજ્ઞા કરી. બાળિકાએ યોદ્ધાનો હાથ છોડી દીધો, અને તે વિદ્યુત્ ગતિથી ક્ષણુ માત્રમાંજ અદ્રશ્ય થઈ ગઈ. તેના અંતર્ધાનથી જાણે કે સમસ્ત મંદિરમાં ગંભીર અંધકારની ઘોર છાયા છવાઈ ગઈ.

આ સમયે યોદ્ધા યુવકે જોયું કે, દેવીમૂર્તિની બરાબર પાછળના ભાગમાં એક ન્હાનું દ્વાર આવેલું છે. બાળિકા ક્ષણુ માત્રમાં એ દ્વારમાંથી બ્હાર નીકળી ગઈ, અને તેણે એ દ્વાર બંધ કરી દીધું. યુવકને પણુ એક વખત બાળિકાનું અનુસરણુ કરવાની ઇચ્છા થઈ આવી; પરંતુ આ કાર્ય કરવાનું સાહસ તેનાથી થઈ શકયું નહિ. આ મંદિરમાં વિશેષ વખત રોકાવું પણુ ઉચિત નથી વિચારી તેણે મંદિરમાંથી બ્હાર નીકળવાની તૈયારી કરી; પરંતુ એટલામાં સંન્યાસીએ તેને સંકેત કર્યો. પોતાને મંદિરમાં રોકાવાની સંન્યાસી આજ્ઞા કરે છે એમ સમજી યુવક એ મંદિરમાંજ પાષાણુ પ્રતિમાની માફક ઉભો રહી ઘડીમાં સંન્યાસી તરફ, ઘડીમાં દેવીમૂર્તિ તરફ તો ઘડીમાં દેવીમૂર્તિની પાછળના દ્વાર તરફ જોતો વિચિત્ર વિચારો કરતો ઉભો રહ્યો.

પ્રકરણ ૨ જું.

ભયંકર ભવિષ્યવાણિ!

" આ દેવબાલા કોણ છે, જે મન મહિં ગ્લાનિ ભરે?
અણ ચિંતવી, ઉર વિંધતી શેં હૃદયનું મંથન કરે!
ન્હોતું કર્યું કંઈ પાપ, નહોતો શ્રાપ પામ્યો પૂર્વનો;
શી રીત એ વિભુ તાત આ ઉત્પાત આણ્યો અવનવો? "

યુવક લગભગ અડધા કલાક સુધી મંદિરમાં રોકાયો; પરંતુ સંન્યાસી પૂજામાંથી ઉઠયોજ નહિ. યુવક કયાં સુધી રાહ જોઇ શકે? આવી રીતે અહિં રોકાઇ રહેવાથી લાભ પણ શો? મધ્યાન્હકાળ વીતી ગયો છે. જો હવે તે મંદિરમાં વિશેષ વખત રોકાઇ રહે તો આજની રાત્રિ તેને મંદિરમાંજ પસાર કરવી પડે. વિશેષતઃ જે રૂપવતી ઇંદ્રલોકની અપ્સરાના જેવી અદ્વિતીય સૌંદર્યમયી બાળિકા તેણે જોઈ છે તે બાળિકાના ગુલેગુલાબી અંગને તેમજ કાન્તિવાન્ મુખમંડળને ફરીથી જોવાને તેને ઇચ્છા થવા લાગી. તેણે વિચાર્યું:–" અહા! શું માનવજાતિમાં આવું રૂપ હોય એ સંભવિત છે? શું ઇંદ્રલોકની અપ્સરા તો દેવીનું સ્વરૂપ ધારણ કરી મ્હને દર્શન દેવા નહિ આવી હોય? ચાલ, સંન્યાસી પૂજાપાઠ કરી લે ત્યાં સુધી હું એ બાળિકાની શોધ કરૂં."

આમ વિચારી યુવકે મંદિરમાંથી બ્હાર નીકળવાની તૈયારી કરી; પરંતુ તેના પગ સ્થિર થઈ ગયા–તેનું સમસ્ત અંગ જાણે કે તેની આજ્ઞા પાળવાને અસમર્થ થઇ ગયું. આ સમયે બ્હાર તેણે બાંધેલો તેનો ઘોડો તૃષા લાગવાથી ખોંખારો કરી ઉઠયો. મંદિરમાં પ્રવેશ કર્યા પછી યુવક પોતાના પ્રાણાધિક અશ્વની વાત ભૂલી ગયો હતો. અશ્વનો ખોંખારો સાંભળી હવે તેને તેની વાત યાદ આવી. તેણે સહજ ઉચ્ચ સ્વરે કહ્યું:–" જો કોઇ આટલામાં હો તો કૃપા કરી મ્હારા અશ્વને પાવાને માટે થોડું જળ લાવી આપો."

આ વાક્યોનો મંદિરમાં પડઘો પડયો. તેના પોતાના સ્વરથીજ તે ભય, વિસ્મય તેમજ આશ્ચર્ય પામીને ચોતરફ જોવા લાગ્યો. સંન્યાસીએ પણ આ સમયે ચમક્તિ થઇને પોતાનાં નેત્રો ઉઘાડયાં. આ પ્રકાર જોઈ યુવક સંન્યાસી સાથે વાત કરવાનો વિચાર કરવા લાગ્યો: પરંતુ તેણે પુનઃ હાથ ઉંચો કરીને યુવકને શાન્ત રહેવાની આજ્ઞા કરી. ત્યાર પછી તેણે કહ્યું:–" યુવક ! આજે ત્હેં જે ઘણું સાહસિક મ્હોટું પાપકાર્ય કર્યું છે તેથી ત્હારે શિરે ભયંકર સંકટ પડ્યા સિવાય રહેશે નહિ. ગમે તેમ હોય તોપણ તું એક દિવસે આ વિસ્તૃત રાજ્યનો એક માત્ર રાજ્યેશ્વર થઈશ; તેથી ત્હારા પ્રાણનું રક્ષણ કરવાની જરૂર છે. તું ત્હારા મુકામ પર જા. આ રાજ્ય ત્હારૂંજ થશે—આવી માની અનુમતિ—ઈચ્છા તેમજ લીલા છે ! "

પછીથી સંન્યાસીએ યુવકને મંદિરનો ત્યાગ કરી ત્યાંથી ચાલ્યા જવાની આજ્ઞા કરી. યુવક પણ શું કરવું યા શું કહેવું તેનો વિચાર કરતો કરતો કળવાળા પુતળાની માફક મંદિરનાં પગથીઆં ઉતરી બ્હાર પોતાના પ્રાણાધિક અશ્વ પાસે ગયો; પરંતુ ત્યાં જતાંજ તેણે શું જોયું ? ! ત્યાં તો પેલી પરમ લાવણ્યમયી દેવીમૂર્ત્તિ ઉભી રહેલી છે ! તેણે જોયું–એ લાંબા કાળા કેશકલાપવાળી, ભગવાં વસ્ત્રોથી વિભુષિતા થયેલી–રૂપની પ્રતિમા–એ બાળિકા–પ્રેમપૂર્વક તેના અશ્વને જળપાન કરાવે છે. બાળિકાને જોતાંની સાથેજ યુવકને અપાર આનંદ થયો. તે તેને ફરીથી એક વખત જોવાને માટે અતિ આતુર બની ગયો હતો. વિશેષમાં સંન્યાસીએ કહેલી ભવિષ્યવાણિ સાંભળવામાં આવતાં તેના અંતરમાં એક જૂદોજ ભાવ જન્મ્યો છે. સંન્યાસીને અનેક વાત પૂછવાની ઇચ્છા હોવા છતાં તે કાંઈ પૂછી શકયો નથી. આ સમયે બાળિકાને જોતાંજ તેને લાગ્યું કે, એ બાળિકાને મુખે તે પોતે જે હકીકત જાણવાની ઈચ્છા રાખે છે તે જાણી શકશે.

તે ઘણીજ વ્યાકુળતાથી બાળિકા પાસે આવીને ઉભો રહ્યો,



“ કુમાર ! સાવધાન ! એક દિવસે હુંજ ત્હારૂં ખૂન કરીશ. ”

HAY & SONS, CALCUTTA

અને તેણે પૂછ્યું:-" દેવાંશી બાળા ! તમે કોણ છો ? સંન્યાસી મહાત્મા કોણ છે ? તમે ક્યાં રહો છો ? સંન્યાસી મહાત્માની સાથે ક્યારે મુલાકાત થઇ શકે છે ?"

યુવકે આટલા બધા પ્રશ્નો એક સાથે પૂછ્યા; પરંતુ: બાળિકાએ તેના એક પણ પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ. તે તો શાંતિથી ઘોડાને પાણી પાવા લાગી. જ્યારે ઘોડો પાણી પી રહ્યો ત્યારે જળપાત્ર હાથમાં ઉચકી લઇને બાળિકા મંદિર તરફ જવા લાગી. તેને જતી અટકાવવાનું સાહસ યુવક કરી શક્યો નહિ.

મંદિરની પાસે જઈ પહોંચ્યા પછી બાળિકાએ યુવક તરફ ફરીને પોતાનો જમણો હાથ ઉંચો કરીને મહા ભયંકર સ્વરે કહ્યું:- "કુમાર ! સાવધાન ! એક દિવસે હુંજ ત્હારૂં ખૂન કરીશ. એવીજ માની અનુમતિ—ઇચ્છા તેમજ લીલા છે !"

દિવાનાની માફક યુવક બાળિકા તરફ દોડ્યો; પરંતુ તે મંદિરની દિવાલ પાસે જઈ પહોંચ્યો એટલામાં તો બાળિકા મંદિરમાં અદ્રશ્ય થઈ ગઈ, તેમજ તેણે મંદિરનાં દ્વાર બંધ કરી દીધાં તેથી યુવક ફરીથી એ વનવાસિની બાળિકાને જોઈ શક્યો નહિ. યુવક ઘણાજ બળથી મંદિરનાં દ્વાર ખખડાવવા લાગ્યો; પરંતુ કોઇએ તેને કાંઈ ઉત્તર આપ્યો નહિ. આ પ્રકારથી યુવક ભય પામ્યો. જે હૃદય ભય કોને કહે છે તે સમજતું નહોતું તે પાષાણમય રજપૂત હૃદય આજે જાણે કે બીવણ ભયથી ધડકવા લાગ્યું. યુવક ધ્રુજતે પગે, ઉછળતી છાતીએ પુનઃ પોતાના અશ્વ પાસે ગયો.–ક્ષણ માત્રમાંજ તે ઘોડેસ્વાર થયો. ઘોડો પણ પ્રભુની ઇચ્છાને આધીન થઈ તીરવેગે એ સ્થાનેથી અદ્રશ્ય થયો.

પ્રકરણ ૩ જું.

સેનાપતિ જાલિમસિંહ

" સમશેર મ્હારો ધર્મ છે ને ખૂન મ્હારૂં કર્મ છે;
કરૂં દૂર કંટક સર્વ એ મ્હારા જીવનનો મર્મ છે "

જાલિમસિંહ બરવાણી પ્રદેશનો સેનાપતિ છે. જો કે તે અદ્યાપિ માત્ર પચીસ વર્ષની ઉમ્મરનો છે તો પણ આટલી ઉમ્મરમાં તે મહાવીર તરીકે સમસ્ત હિંદુસ્થાનમાં પ્રખ્યાતિ પામી ચૂક્યો છે. તેનાજ બાહુબળથી બરવાણીનું નામ મરાઠાઓથી પણ પૂજાય છે. જાલિમસિંહનું નામ સાંભળતાંજ મરાઠાઓ ધ્રુજી ઉઠે છે.

મરાઠાઓના જોરને નરમ પાડી તેમના અભિમાનને ઉતારવાનું કાર્ય જાલિમસિંહને સોંપવામાં આવ્યું છે. બરવાણી પ્રદેશના મહારાજા અમરસિંહેજ પોતાની વૃદ્ધાવસ્થાને લીધે આ કાર્ય પોતાનાથી થઈ શકે તેમ નહિ હોવાથી પોતાના પ્રિય પુત્ર તેમજ વિશ્વાસપાત્ર સેનાધિપતિ જાલિમસિંહને સોંપ્યું છે.

રાજકુમાર જાલિમસિંહ બરવાણીનો સેનાપતિ છે; પરંતુ યુવરાજ નથી–તે પિતાનો જ્યેષ્ઠ પુત્ર નથી. તેનો પોતાનો જ્યેષ્ઠ બંધુ અજયસિંહ માત્ર એક પુત્ર મૂકીને અકાળે વિકાળ કાળનો ભોગ થઈ પડયો છે. તેનો પુત્ર લલિતસિંહજ બરવાણી પ્રદેશનો યુવરાજ છે. તેજ વૃદ્ધ મહારાણા અમરસિંહના સ્વર્ગસ્થ થયા પછી સમસ્ત રાજ્યનો રાજા થશે. આ કથાનક પ્રસંગે લલિતસિંહની ઉમ્મર અઢાર વર્ષની છે; પરંતુ તે વીર નથી. જો કે તેણે યુદ્ધ શિક્ષણ મેળવ્યું છે. રાજપૂત વીર્ય તેમજ તેજ તેની નસે નસમાં વહે છે; તો પણ યુદ્ધમાં ઉતરવાને તે નારાજ રહે છે.

લલિતસિંહ હમ્મેશાં એકાંતમાં રહેવું પસંદ કરે છે. પુસ્તકો વાંચવા બેસતાં તે બીજું સઘળું કાર્ય ભૂલી જાય છે. તે હમ્મેશાં

ચિંતામગ્ન રહે છે; તેમ છતાં તેનું હૃદય ઉદાર છે. દરિદ્રોના દુઃખથી તેનું હૃદય વ્યાકુળ બની જાય છે. દુઃખીનું દુઃખ દૂર કરવાને તે હમ્મેશાં તત્પર રહે છે. તે જો કે યુવરાજ છે; પરંતુ રાજમહાલયનો દોરદમામ યા તો ભપકો તેને બિલકુલ પસંદ નથી. તેના ઉપયોગાર્થે કેટલાક સુંદર અશ્વ, મનોહર વાહનો તેમજ સુસજ્જિત હાથીઓ છે; પરંતુ તે કોઇનો પણ ઉપયોગ કરતો નથી. તે સાદાં વસ્ત્રોજ પહેરે છે. સામાન્ય માણસની માફક તે નગરમાં ફરે છે અને સુયોગ મળતાં દુઃખીનું દુઃખ દૂર કરે છે.

પોતાના કાકા જાલિમસિંહનું તે માત્ર સંમાન કરે છે એટલુંજ નહિ; પરંતુ તે તેને અંતઃકરણથી ચ્હાય છે. પિતાના સ્વર્ગસ્થ થયા પછી જાલિમસિંહનેજ તે પોતાના પિતા સમાન સમજે છે. જાલિમસિંહ પણ લલિતને અપૂર્વ પ્રેમથી ચ્હાય છે. પોતાના પુત્રને પણ કોઇ એટલા પ્રેમથી ચ્હાઈ શકતું નથી, સ્નેહ કરી શકતું નથી. વૃદ્ધ અમરસિંહને અનેક પુત્ર પુત્રીઓ થયાં હતાં; પરંતુ તેઓ સઘળાં અકાળેજ પિતાનો ત્યાગ કરી કૈલાસવાસી થયાં છે. માત્ર ન્હાનો કુમારજ દૈવની કૃપાથી જીવતો રહ્યો છે; તેથી જણાવવાની જરૂર રહેતી નથી કે વૃદ્ધ મહારાણા પોતાના પૌત્રને પોતાના પ્રાણ કરતાં પણ વિશેષ પ્રિય માને છે. વિશેષતઃ જાલિમસિંહ તેમજ લલિતસિંહ એક બીજા ઉપર અપૂર્વ સ્નેહ રાખતા હોવાથી વૃદ્ધ અમરસિંહની વૃદ્ધાવસ્થા મહા સુખસંતોષમાં પસાર થાય છે. તેમની તેમજ સમસ્ત પ્રજાજનોની એવી ખાત્રી છે કે ભવિષ્યમાં પણ બરવાણી રાજ્યનું ગૌરવ ઓછું થશે નહિ.

જાલિમસિંહના જેવો ભલો માણસ પણ બરવાણી રાજ્યમાં ભાગ્યેજ બીજો કોઈ હશે. અહંકાર કોને કહે છે તે એ સમજતો નથી. તેના હૃદયમાં કોઇ પણ પ્રકારની વાસના સુદ્ધાં નથી. યુદ્ધ-રણભૂમિજ તેના જીવનનો મુખ્ય ઉદ્દેશ છે. રણક્ષેત્રમાં ઉતરી શત્રુઓની ગરદન પર સમશેર ફેરવી તેમને પોતાના તાબેદાર બનાવવામાં આવતાંજ

તેને અતિ આનંદ થાય છે; અર્થાત્ શૌર્ય વીર્ય તેના જીવનના મહા-મંત્ર છે. એક વીર પુરૂષ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરવાનીજ તેને ઇચ્છા છે. સહુ કોઇને સંતુષ્ટ કરવામાં તે આનંદનો અનુભવ કરે છે. સામાન્ય સૈનિકથી તે સેનાપતિઓ સુદ્ધાં તેને હૃદયપૂર્વક ચ્હાય છે. તેને માટે તેઓ પોતાનો પ્રાણ આપવાને પણ તૈયાર છે; તેથીજ જાલિમસિંહ અજેય નામ મેળવી શકવાને સમર્થ થયો છે.

મરાઠાઓના જોરને ઉતારી પાડવાનું કામ દિલ્લીશ્વરે બરવાણીના રાજ્યાધિકારીને સોંપ્યું હતું તેથીજ જાલિમસંહ રાજ્ય તરફથી એ કાર્ય કરવાને ઘણા સમયથી તૈયાર થયેલો હોઈ તેણે પોતાના કાર્યમાં કેટલેક અંશે યશ મેળવ્યો છે.

આજ્ઞા થયા પછી જાલિમસિંહ મહારાષ્ટ્રમાં ગયો અને ત્યાં જઈ તેણે કળ તેમજ બળનો ઉપયોગ કરી મરાઠાઓને વશ કરી તેમના જોરને નરમ પાડયું. આ કાર્ય માટે તેને એક બે વખત યુદ્ધમાં સુદ્ધાં ઉતરવું પડયું; પરંતુ રણઘેલા રાજપૂત સૈનિકો સ્હામે મરાઠા સૈનિકો ઝાઝા સમય સુધી પોતાનું સંરક્ષણ કરી શકયા નહિ. તેઓમાંના કેટલાક જીવ બચાવવાને નાશી ગયા અને કેટલાક જાલિમ-સિંહને તાબે થયા.

ઉપરોક્ત કાર્ય કર્યા પછી પોતાના સૈન્યને દક્ષિણમાંજ રાખી એકલો જાલિમસંહ નાશી ગયેલા મરાઠાઓની શોધમાં નીકળી પડયો. અંતે તે પ્રથમ પ્રકરણમાં દર્શાવેલા જંગલમાં ચારે દિશાએ ફરી શત્રુઓની શોધ કરવા લાગ્યો. જો શત્રુઓ કયાં છે તે જાણવામાં આવે તો પછી પોતાના સૈન્યને સાથે લઇ આવી શત્રુઓ ઉપર હુમલો કરવાનો તેણે વિચાર કર્યો હતો.

આવી રીતે મરાઠાઓની શોધ કરતો કરતો જાલિમસિંહ પ્રથમ પ્રકરણમાં દર્શાવેલા કાળિકા દેવીના મંદિરમાં આવી ચઢયો. ત્યાં શો પ્રકાર બન્યો તે પાઠકો પ્રથમજ વાંચી ગયા છે.

પ્રકરણ ૪ થું.

સ્વરાજ્ય તરફ પ્રયાણ.

જાલિમસિંહ જ્યાં સુધી આ નિર્જન અરણ્યની બ્હાર જઈ પહોંચ્યો ત્યાં સુધી તેણે પોતાના અશ્વને ઘણાજ વેગથી દોડાવ્યો. તે આત્મભાન ભૂલી ગયો છે. પોતે કયાં જાય છે, શા માટે જાય છે તેનું તેને જ્ઞાન નથી. તે માત્ર પેલી દેવબાળાની ભવિષ્યવાણિનોજ વિચાર કરતો કરતો આગળ જાય છે. આજ સુધી તેના હૃદયમાં જે ભાવ તેમજ જે ઇચ્છા ઉત્પન્ન થઈ નથી તે ઇચ્છા આજે એકાએક તેના અંતરમાં ઉપજી. તેણે અશ્વને ક્રૂર જોરથી દોડાવીને આત્મચિંતાને દૂર કરવાનો યત્ન કર્યો; પરંતુ તેનો યત્ન વ્યર્થ થઈ પડયો. તેણે અંતે નિરાશ થઇ જઇને અશ્વની ગતિ ધીમી પાડી, તથા તે વિચારો કરતો કરતો આગળ વધવા લાગ્યો. તે વિચારવા લાગ્યો કેઃ—“શું હું મહારાણો થઇશ? શું એ સંભવિત છે? ત્યારે શું મ્હારો પ્રાણપ્રિય લલિતસિંહ અકાળે સ્વર્ગસ્થ થશે? મૃત્યુનું તો કાંઇ ઠેકાણું નથી. કદાચ મ્હારો લલિતસિંહ અકાળે મૃત્યુ પામે અને દેવબાળિકાની ભવિષ્યવાણિ સાચી ઠરે તો? હે પ્રભુ! હે દયાળુ દેવ! હે જગન્નિયંતા નારાયણ! હું રાજ્ય મેળવવાની ઇચ્છા રાખતો નથી. તમે મ્હારી પ્રાર્થના પ્રત્યે લક્ષ્ય આપી યુવરાજ લલિતસંહને દીર્ઘજીવી કરજો. લલિત મ્હારી આંખોનું તેજ છે—મ્હારૂં જીવનસર્વસ્વ છે. મહારાણા થવામાં શું સુખ છે? લોકો મહારાણા થવાને માટે શા માટે વ્યાકુળ બને છે? મહારાણાનું જીવન તો અનેક પ્રકારનાં સંકટો તેમજ વિઘ્નોથી ભરેલું છે; એવા જીવન કરતાં શાન્તિપૂર્ણ જીવન શું ખોટું?”

શોકની ચિંતાથી જાલિમસિંહનું હૃદય વ્યથિત થવા લાગ્યું. તેની સાથે ભયની ચિંતાએ આવીને પણ દર્શન દીધું. “ત્યારે શું યુવરાજ લલિતસિંહનું મૃત્યુજ નિપજશે? શું એ કોમળાંગી દેવબાળા

નિષ્ઠુર થઇને મ્હારા હૃદયમાં તીક્ષ્ણ કટાર મારશે ? ના ના, એમ બનવું સર્વથા અસંભવિત છે. કદાચ મ્હને ભય દર્શાવી મંદિરમાંથી હાંકી કાઢવાના હેતુથીજ મ્હારૂં એવું અસત્ય ભવિષ્ય ભાખવામાં આવ્યું હશે. માનવજીવનના ભવિષ્યનું ભાન ભાગ્યેજ કોઇને હોઇ શકે છે. શયતાન સાધુઓ મૂર્ખ માણસોને છેતરવાને માટેજ આવા પ્રકારનું ભવિષ્ય ભાખે છે. હું કાંઇ ન્હાનો બાળક, સ્ત્રી યા તો મૂર્ખ નથી કે એવા એક શયતાન સાધુ તેમજ જંગલી બાળાની અસત્ય ભવિષ્ય-વાણિ સાંભળીને ભય પામું. ”

કેવી નવાઇ ? જેનું હૃદય અનેક યુદ્ધભૂમીઓમાં ઝઝુમતાં સહજ પણ ભય પામ્યું નથી, જેની સમશેરના બળથી સમસ્ત હિંદુસ્થાન ધ્રુજી ઉઠે છે તે વીર યુવક એક સંન્યાસી અને એક અદ્ભૂત માયાવિની બાળિકાની ભવિષ્યવાણ સાંભળી વિચળિત બની ગયો છે. અરેરે ! દિવસે દિવસે જાલિમસિંહનું અધઃપતન થાય છે કે શું ?

જાલિમસિંહ મ્હોટેથી હસી પડયો—હૃદયની ચિંતાને દૂર કરવાને માટે તે હસી પડયો. તે સાથેજ તેણે પાછી ઘોડાની પીઠ પર ચાબુક ફટકાવી. ઘોડો વિદ્યુત્ ગતિથી દોડવા લાગ્યો.

બે ત્રણ દિવસ સુધી મુસાફરી કરીને તે પોતાની છાવણીમાં જઈ પહોંચ્યો. તેના આકૃતિ જોઇ તેના સાથીદાર સેનાપતિઓ તેમજ સૈનિકો ઘણું આશ્ચર્ય પામ્યા; પરંતુ કોઈ તેને કાંઇ પૂછવાનું સાહસ કરી શકયા નહિ. એ રાત્રે તેના સૈન્યનાં સઘળાં માણસો છૂપી રીતે તેનીજ ચર્ચા કરવા લાગ્યાં. તે રાત્રે જાલિમસિંહે કોઈની પણ સાથે વિશેષ વાતચત કરી નહિ.

બીજે દિવસે સૈનિકોએ જાગ્રત થતાંજ એમ સાંભળ્યું કે, તેમનો સેનાપતિ જાલિમસિંહ પાછો બરવાણી જાય છે. સરદાર આનંદસિંહને સઘળું કામકાજ સ્વાધીન કરી જાલિમસિંહ છાવણીમાંથી ચાલી નીકળ્યો. એકાએક પોતાનો સેનાપતિ બરવાણી પાછો કેમ જાય છે

તે કોઈ વિચારી શક્યું નહિ. સહુ કોઈના આશ્ચર્યનો પાર રહ્યો નહિ; પરંતુ જાલિમસિંહને એક પણ પ્રશ્ન પૂછવાનું સાહસ કોઇથી કરી શકાયું નહિ.

જતી વખતે જાલિમસિંહે પોતાના સમસ્ત સૈન્યને એકઠું કરીને કહ્યું:–"મ્હારા શૂરવીર સૈનિકો! ખાસ જરૂરી કારણને લીધે મ્હારે સ્વરાજ્યમાં પાછા જવું પડે છે. હું મ્હારા પ્રિય, સ્નેહી તેમજ શૂરવીર સરદારને મ્હારી જગ્યાનો અધિકાર સ્વાધીન કરતો જઉં છું. હું જેમ બને તેમ જલદીથી પાછો આવી પહોંચીશ. જ્યાં સુધી હું પાછો ન આવી પહોંચું ત્યાં સુધી તમે આ નવીન સેનાપતિની આજ્ઞામાં રહી તેમને સંપૂર્ણ સંમાન આપજો. જો મરાઠાઓ હજી પણ કદાચ તોફાન કરતા જોવામાં આવે તો તમે જીવનની પરવાહ રાખ્યા સિવાય તેમની સાથે યુદ્ધ કરી તેમના ગર્વને ઉતારી નાંખજો. જુઓ, હું જઉં છું: પરંતુ મ્હારૂં માન, કીર્ત્તિ તેમજ સંરક્ષણ કરવાનું જોખમદારી ભરેલું કાર્ય તમને સોંપતો જઉં છું."

સઘળા સૈનિકોએ આ સમયે જાલિમસિંહના જયધ્વનિથી ગગનમંડળને ફાડી નાંખ્યું.

કેટલાક સૈનિકોને સાથે લઇને જાલિમસિંહ તેજ દિવસે બરવાણી રાજ્ય તરફ ચાલી નીકળ્યો. પાઠક! જાલિમસિંહ આટલો જલદીથી બરવાણી રાજ્ય તરફ પાછો કેમ જાય છે? ત્યારે શું તેની મહારાણા થવાનીજ ઇચ્છા થઈ છે કે શું? ના, તેમ નથી. એક ક્ષણને માટે પણ મહારાણા થવાનો વિચાર તેના અંતરમાં ઉપજ્યો નથી. ત્યારે શું લલિતસિંહના સમાચાર જાણવાને માટે તે વ્યાકુળ બની ગયો છે? ના, તેમ પણ નથી. જો તેમ હોત તો કોઈ દૂત મોકલીને તે અનાયાસેજ એ સમાચાર મેળવી શકત. ત્યારે આટલી બધી વ્યાકુળતાથી તેમજ ઉતાવળથી છાવણીનો ત્યાગ કરી જાલિમસિંહ સ્વદેશમાં શા માટે જાય છે?

જાલિમસિંહ પોતાની છાવણીમાં માત્ર એકજ રાત્રિ રહ્યો હતો; પરંતુ એ રાત્ર તે બિલકુલ ઉંઘી શક્યો નહોતો. થોડા સમયને માટે માત્ર તેને તંદ્રા આવી હતી: પરંતુ એ તંદ્રામાં તેણે એક મહા ભયંકર સ્વપ્ન જોયું હતું. સ્વપ્નમાં તેણે જોયું હતું કે પેલી મંદિરમાંની બાળિકાએ આવીને તેના હૃદયમાં તીક્ષ્ણ કટારનો કારી જખ્મ કરી દીધો છે. હૃદયમાંથી હજારો લોહીની ધારાઓ વહે છે. તે સખ્ત વેદનાને લીધે બૂમો પાડયા કરે છે, અને પેલી વનવાસિની દેવબાળા તેની છાતી પર ચઢી બેસી તેના હૃદયમાંથી નીકળતું લોહી પીએ છે!

તંદ્રા ભંગ થતાં સ્વપ્નનો દેખાવ દૂર થયો હતો ખરો; પરંતુ જાલિમસિંહ પછીથી એક ક્ષણને માટે પણ નેત્રો મીંચી શક્યો નહોતો. જેનું હૃદય ભય કોને કહે છે તે સમજતું નહોતું તેના હૃદયમાં આજે સંપૂર્ણ ભયે પ્રવેશ કર્યો છે. જાગ્રત સ્થિતિમાં પણ પેલી વનવાસિની દેવબાળા હાથમાં તીક્ષ્ણ કટાર લઇને ઉભેલી તેના જોવામાં આવે છે.

આ ભયને દૂર કરવાના હેતુથીજ જાલિમસિંહ રાજ્યમાં જાય છે. છાવણીમાં રહ્યા પછી કદાચ જો તે વનવાસિની બાળિકા આવી તેનો જીવ લઇ નાંખે તો તેના દુર્ભાગ્યનો પાર રહે નહિ એમ વિચારી તે પોતાની પ્રેમમયી પત્ની પાસે જાય છે. પ્રથમ જે માત્ર સંદેહ હતો—શંકા હતી તે હવે સત્ય થયું. તેની એવી ખાત્રી થઇ કે, સંન્યાસી તેમજ વનવાસિની દેવબાળાની ભયંકર દૈવવાણિ ખોટી કરનાર નથી. પોતે કાળના કરાળ પંઝામાંથી બચનાર નથી.

રસ્તે જતાં જતાં જાલિમસિંહ વિચારવા લાગ્યો:—“ હે નારાયણ! હવે મ્હને માત્ર આપનોજ આધાર છે. મ્હારૂં શું થશે તે હું સમજી શકતો નથી. હાય! યુવરાજ લલિતસિંહના મૃત્યુ પછી મ્હારૂં પણ અકાળે મૃત્યુજ થશે કે? હું જ્યાં નજર ફેંકુછું ત્યાં મ્હને એ વન-

વાસિની બાળિકાજ જણાય છે ! તેની તીક્ષ્ણ તેજસ્વી કટાર જાણે કે મ્હારા હૃદયનું લોહી પીવાને માટે વ્યાકુળ બની ગઇ છે. ”

આવા પ્રકારની ચિંતા કરતો કરતો જાલિમસિંહ બરવાણી રાજ્ય તરફ આગળ વધવા લાગ્યો.

પ્રકરણ ૫ મું.

યુવરાજની ઉદારતા

બરવાણી પાસે જઇ પહોંચતાં સેનાપતિ જાલિમસિંહ મ્હોટા વિચારમાં પડી ગયો. શું કહીને તે મહારાણા અમરસિંહની મુલાકાત કરશે ? પોતે શા માટે છાવણીના સૈન્યનો ત્યાગ કરી એકલો રાજધાનીમાં આવ્યો છે તેનો તે શો ઉત્તર આપશે ? શું એક સાધારણ વનવાસિની–સંન્યાસિની બાળિકાનો ભય પામીને તે રાજધાનીમાં આવ્યો છે એમ તેનાથી સહુ કોઇને કહી શકાશે ખરૂં કે ? જો આ પ્રમાણે કહે તો પછી તેને હમ્મેશાં સહુ કોઇથી શરમાવું પડે. જેના ભયથી આખું ભારત ધ્રૂજે છે તે મહાવીર યોદ્ધો એક બાળિકાથી ભયભીત બની ગયો છે એ શું ઓછી શરમ ભરેલી વાત કહી શકાય ?

બરવાણી રાજ્યની સીમામાં પ્રવેશ કર્યા પછી જાલિમસિંહ આગળ વધવાનું સાહસ કરી શક્યો નહિ. તેણે પોતાની છાવણી તરફ પાછા ફરવાને માટે ઘોડો પાછો ફેરવ્યો. તેની સાથે આવેલા પાંચ સાત સૈનિકો કેટલાક દિવસથી પોતાના સેનાપતિના હાવભાવ જોઇને અતિ આશ્ચર્ય પામ્યા હતા. જાલિમસિંહનું મસ્તક ઠેકાણે નથી એવી તેમની સહુની ખાત્રી થઇ હતી. તેમણે કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય પોતાના ઘોડાઓને પાછા ફેરવ્યા.

પરંતુ થોડે દૂર ગયા પછી જાલિમસિંહે પાછો પોતાનો ઘોડો ફેરવ્યો અને તેણે ઘોડાની પીઠ પર જોરથી ચાબુક ફટકાવી. અશ્વ પ્રબળ

વેગથી પાછો બરવાણી રાજ્ય તરફ જવા લાગ્યો. સાથીદાર સૈનિકો પણ કાંઈ પૂછ્યા સિવાય જાલિમસિંહની પાછળ પાછળ જવા લાગ્યા.

જાલિમસિંહે તરતજ રાજમહાલયમાં જઇ પહોંચીને મહારાણાની મુલાકાત લીધી. એકાએક તેને પાછો આવી પહોંચેલો જોઇને સહુ કોઇને અતિ આશ્ચર્ય ઉપજ્યું.

જાલિમસિંહે પિતાની મુલાકાત કરીને તેમની ચરણરજ પોતાના શિર પર ચઢાવી. પછીથી તેણે કહ્યું:—" પિતૃદેવ ! આપના આશીર્વાદથી તેમજ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી મરાઠાઓ પરાજિત થઇને નાશી ગયા છે. હવે વિશેષ ઉપદ્રવ જેવું નહિ હોવાથી હું જાતેજ આ આનંદજનક સમાચાર આપને નિવેદન કરવાને આવ્યો છું. "

મહારાણાએ આનંદથી જાલિમસિંહને આલિંગન કરી તેના મસ્તકને ચુંબન કર્યું. પછીથી વિના વિલંબે આ શુભ સમાચાર નગરમાં વાજીંત્રોના અવાજ સાથે જાહિર થાય એવો તેમણે બંદોબસ્ત કર્યો. માત્ર આટલાથીજ વૃદ્ધ મહારાણાના આત્માને સંતોષ થયો નહિ. તેમણે એક જાહિર દરબાર ભરવા માંડ્યો. જ્યાં સુધી રાજ્યના માનનીય માણસો દરબારમાં ન આવી પહોંચ્યા ત્યાં સુધી તેમણે જાલિમસિંહને મુખે મરાઠાઓના પરાજયની હકીકત સાંભળ્યા કરી.

બે કલાક પસાર થતાં થતાંમાં તો એક મ્હોટો દરબાર ભરાયો. એ દરબારમાં સઘળા દરબારીઓ સમક્ષ મહારાણા અમરસિંહે પોતાના પુત્ર જાલિમસિંહને ' રાજા ' ની ઉપાધિ અર્પણ કરી. સૈનિકોએ વિજયગર્જનાઓ કરી ગગનમંડળને ગજાવવા માંડયું. ભયંકર તોપોનો ગડગડાટ ધરાને ધ્રૂજાવવા લાગ્યો. અનેક પ્રકારનાં વાજીંત્રોનો કર્ણપ્રિય મધુર સ્વર ચોતરફ ગુંજારવ કરવા લાગ્યો.

દરબારમાં યુવરાજ લલિતસિંહે ઉભા થઇને જાલમસિંહને સંબોધીને કહ્યું:—" આર્ય ! આપે બરવાણી રાજ્યના ગૌરવને વધાર્યું છે. પિતામહ મહાશયે એ સાહસિક કાર્યના પુરષ્કાર તરીકે આપને ' રાજા 'ની ઉપાધિ અર્પણ કરી છે. રાજપુરૂષ તેમજ સૈન્યમંડળે

આપના નામની વિજયગર્જના કરી આપના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવી છે. પ્રજાજનો વાજીંત્રો વગાડી તમને સન્માન આપે છે. હવે મ્હારી પાસે એવું શું છે કે જે હું આપના ચરણોમાં ઉત્સર્ગ કરી મ્હારા હૃદયનો આનંદ આપને જણાવું? મ્હારી પાસે જે કાંઇ છે તે આજે હું આપનેજ સમર્પણ કરૂં છું. આજથી આપજ બરવાણી રાજ્યના યુવરાજ તેમજ ભવિષ્યના મહારાણા છો; કેમકે આપજ આ રાજ્યના મહારાણા થવાને માટે વિશેષ યોગ્ય છો."

સર્વ દરબારીઓએ ઉભા થઈ જઈને યુવરાજની વિજયગર્જનાથી દરબાર મંડપને ગજાવી દીધો. વૃદ્ધ મહારાણા પોતાનાં નેત્રોનાં આનંદાશ્રુઓને રોકી શક્યા નહિ. લલિતસિંહની ઉદારતાથી જાલિમ-સિંહનું હૃદય વિમુગ્ધ બની ગયું. તેણે અપાર પ્રેમથી લલિતસિંહને સ્નેહાલિંગન કરી કહ્યું:–" વત્સ! મહારાણા થવાને યોગ્ય પાત્ર તમેજ છો. જેનો સ્વભાવ આવો ઉદાર, મધુર, તેમજ મહત્ છે તેના દાસાનુદાસ થઇ રહીને જીવન પસાર કરવામાંજ હું અપૂર્વ આનંદ અનુભવી શકીશ."

અપાર આનંદમાં દરબાર બરખાસ્ત થયો. યુવરાજ લલિતસિંહ તેમજ સેનાપતિ જાલિમસિંહ—બન્નેના જયધ્વનિથી નગરમાં ખળભળાટ થઇ રહ્યો. ગગનમંડળ ગાજી ઉઠ્યું. આ આનંદના ઉત્સવમાં જાલિમ-સિંહ મરાઠાઓની વાત, ભયંકર અરણ્યમાંની મંદિરની વાત, તથા એ મંદિરમાંના સંન્યાસી તેમજ માયાવિની દેવબાળાની વાત ભૂલી ગયો.

મનુષ્યના મનના જેવું રહસ્ય આ સંસારમાં બીજું કોઇ નથી. મનમાં ક્યારે કયા ભાવનો ઉદય થાય છે, કેવા નજીવા કારણને લીધે મન ક્યારે ફરી જાય છે તે કોણ કહી શકે તેમ છે? જાલિમસિંહ જે માનસિક ઉત્તેજનાથી ઉત્તેજિત બની જઇને બરવાણી આવ્યો છે તે માનસિક ઉત્તેજના ક્ષણ માત્રને માટે દૂર થઈ. સ્થાન, સમય અને કાળની ગતિ આવી વિચિત્ર છે! તેને કોઇ કળી શક્યું નથી.

પ્રકરણ ૬ ઠું.

સૌરભ અને ગૌરવ.

જે સમયે દરબારમંડપમાં મહારાણાનો દરબાર ભરાયો તે સમયે રાજમહાલયની પાછળ આવેલા સુંદર બગીચામાં બે સુંદરીઓ બેસી ક્રીડા કરતી હતી. તેમની બન્નેની આસપાસ બીજી પણ કેટલીક રમણીઓ બેઠી હતી. કોઈ રમણી બેઠી હતી, કોઈ ઉભી હતી તો કોઈ સૂઈ રહી હતી. દરેક જણી જૂદા જૂદા કાર્યમાં ગુંથાયલી હતી.

જે બે સુંદરીઓ, સાથે બેસીને ક્રીડા કરતી હતી તેમાંની એકની ઉમ્મર અઢાર વર્ષની અને બીજીની ચૌદ વર્ષની હતી. બન્ને જણીઓ અપૂર્વ સુંદરીઓ હતી. તેઓ બન્નેને પરમ રૂપવતી કહીએ તો પણ ચાલી શકે તેમ છે; છતાં બન્નેના સૌન્દર્યમાં ઘણો ફેરફાર છે.

મ્હોટી સુંદરીનું નામ ગૌરવ છે. તે સેનાપતિ જાલિમસિંહની પત્ની છે. ન્હાનીનું નામ સૌરભ છે—તે લલિતસિંહની પત્ની છે—બરવાણી રાજ્યની ભવિષ્યની મહારાણી છે—બન્ને મુખ્ય પ્રધાનની પુત્રીઓ છે. મહારાણાએ પ્રધાનને પુરસ્કૃત કરવાને માટેજ પુત્ર તેમજ પૌત્રની સાથે તેની પુત્રીઓના વિવાહ કર્યા છે.

ગૌરવના સ્વરૂપમાં પ્રખરતા છે. તેના તરફ દૃષ્ટિ કરતાં નેત્રો ભાગી જાય છે, હૃદય ધ્રુજી ઉઠે છે, પ્રાણ અસ્થિર થઇ જાય છે. તેનાં નેત્રો ચંચળ છે, વચનો સાહસામય છે, ગતિ અધીર છે. તેને જોતાં ભય ઉપજે છે અને પ્રાણ તેમજ મન જાણે કે મસ્ત બની જાય છે.

હવે સૌરભના રૂપનું વર્ણન કરીશું. ગૌરવના અને સૌરભના રૂપમાં ઘણો ફરક છે. સૌરભના રૂપમાં જાણે કે પૌર્ણિમાનો પૂર્ણ પ્રકાશ છે. તેના તરફ જોતાં અંતરમાં જાણે કે એક પ્રકારનો પવિત્ર ભાવ ઉપજે છે—જાણે કે આપણે એક સ્વર્ગીય સ્થાન તરફ જઇએ

છીએ. તેને જોતાં ભક્તિ ઉપજે છે. દેવી તરીકે સમજી તેની પૂજા કરવાની ઇચ્છા થાય છે—તેને વ્હાયા સિવાય અંતરને ચેન પડતું નથી. તેનાં નેત્રોમાં દયા, માયા તેમજ સરળતાનો પૂર્ણ આભાસ જણાય છે. તેના વદન પર લજ્જા, વિનય, માધુર્ય વગેરે સદ્‌વૃત્તિઓ હમ્મેશાં ક્રીડા કરે છે.

બન્ને સગી બ્હેનો છે; ને બન્ને જણીઓ એક બીજીને વ્હાય છે. તેમાં પણ ખાસ કરીને સરળતાની સાક્ષાત પ્રતિમા સૌરભ પોતાની મ્હોટી બ્હેનને પોતાના પ્રાણ કરતાં પણ વિશેષ વ્હાય છે. પહેલાં તો ગૌરવ પણ પોતાની ન્હાની બ્હેનને વિશેષ વ્હાતી હતી; પરંતુ જ્યારથી ન્હાની બ્હેનનો લલિતસિંહ સાથે વિવાહ થયો છે ત્યારથી તેના હૃદયનો ભાવ સૌરભના પ્રત્યે પૂર્વના જેવો નથી— ત્યારથી જાણે કે તે સૌરભના ઉપર ઘણી ગુસ્સે ભરાઇ છે. બાળિકા સૌરભે તેનો કોઈ પણ ગુન્હો કર્યો નથી; ઉલટી તે તો મ્હોટી બ્હેનનું સંમાન સાચવીને વિવિધ પ્રકારે તેને સંતુષ્ટ રાખવાનો યત્ન કરે છે. આથી ગૌરવ માત્ર હૃદયભાવને બની શકે ત્યાં સુધી છુપાવી રાખે છે. તે બ્હેનને ક્ષમા આપી શકતી નથી.

સૌરભનો ગુન્હો માત્ર એટલોજ છે કે, તેનો લલિતસિંહ સાથે વિવાહ થયો છે—તે ભવિષ્યમાં બરવાણી રાજ્યની મહારાણી થવાની છે. આવો વિચાર કરતાં કરતાં ગૌરવ નખથી શિખ સુધી ક્રોધાગ્નિથી સળગી ઉઠે છે—ઉન્મત્ત બની જાય છે. તેણે મનમાં ને મનમાં એવો વિચાર કરી રાખ્યો છે કે, “હું ઝેર ખાઇ મ્હારો જીવ કાઢીશ; પરંતુ ન્હાની બ્હેનને મહારાણી કહીને તો નહિજ બોલાવી શકું ! અહા ! એ ભયંકર અપમાન કદાપિ હું જોઇ શકનાર નથી– તેને મહારાણી થવા દેનાર નથી. હું જોત જોતામાં તેનું ધાર્યું ધૂળમાં મેળવીશ—મ્હારો હેતુ પાર ઉતારીશ ”

બિચારી સરળ સ્વભાવની, વિનયી, નમ્ર તેમજ સ્નેહમયી

સૌરભને ગૈરવ પોતાનાથી તુચ્છ સમજી મનમાંને મનમાં તેનો તિરસ્કાર પણ કરે છે. તે વિચારે છે કેઃ—"શું સૌરભ મહારાણી થવાને યોગ્ય છે? જેને સહજ ધમકાવતાં રડવું આવે છે તે મહારાણી થવાને તદ્દન નાલાયક છે. પરમાત્માએ મ્હનેજ સઘળા યોગ્ય ગુણ આપેલા હોવાથી હુંજ મહારાણી થઇશ."

હવે આપણે વાર્તાપ્રવાહમાં આગળ વધીશું. બગીચામાં ક્રીડા કરતી ગૌરવ અને સૌરભમાં, ગૌરવેજ સૈન્યનો વિજય-ધ્વનિ પ્રથમ સાંભળ્યો. સૌરભ જ્યારે જે કાર્ય કરવા બેસતી ત્યારે તે કાર્યમાં એ તન્મય બની જતી હતી; બાળિકાની માફક સઘળું ભૂલી જઇને તે એકજ કાર્યમાં નિમગ્ન રહેતી હતી. ગરવિણી ગૌરવથી તેમ બની શકતું નહિ. હમ્મેશાં તે કાનને ઉંચા કરીને જાણે કે બાહ્ય જગતનો અતિ સામાન્ય શબ્દ સાંભળવાને પણ વ્યાકુળ રહેતી હતી. તે એક કાર્યમાં નિયુક્ત રહી હોય તો પણ તેનું મન તેમજ જીવ હજારો કાર્યોમાં ફર્યા કરતાં હતાં. તેથીજ આજે તેણે સૈન્યનો જયધ્વનિ પ્રથમ સાંભળ્યો.

તેણે રમત કરવી બંધ કરી દઇને કહ્યું:—"આજે બ્હાર આટલી બધી ગરબડ કેમ જણાય છે?" પછીથી એક સખીને સંબોધીને તેણે કહ્યું:—"માલતિ! બ્હાર શાના પોકારો થાય છે? સૈનિકો વિજયગર્જના કરતા હોય એમ સંભળાય છે, એટલુંજ નહિ પરંતુ ચારે તરફ વાજીંત્રો વાગતાં હોય એમ લાગે છે. તું કાંઇ સાંભળી શકતી નથી?"

માલતીએ નમ્ર સ્વરે ઉત્તર આપ્યો:—"દેવિ! શો પ્રકાર છે તે હું બ્હાર જઇને જાણી આવું?"

સૌરભે કહ્યું:—"જાણવાની શી જરૂર છે! કોઈ યુદ્ધમાં સેનાપતિએ અવશ્ય વિજય મેળવ્યાના સમાચાર આવ્યા હશે; તેથીજ મહારાણીએ આનંદોત્સવ કર્યો છે. આવો માલતિ, મલ્લિકા, સુહાસિની

આવો, આપણે બધાં આનંદવિનોદ કરીએ."

ક્રોધથી ગૌરવનું વદનમંડળ ઘણું તેજસ્વી બની ગયું; પરંતુ પોતાના હૃદયનો ભાવ છુપાવીને તેણે કહ્યું:-"તેમણે તો ઘણા મ્હોટા વિજયો પણ અત્યાર પહેલાં મેળવ્યા છે; પરંતુ આજના જેવી ધામધૂમ કદાપિ કરવામાં આવી નથી."

સૌરભ હસી પડી. એ હાસ્યમાં શ્લેષ નથી, અહંકાર નથી, અભિમાન નથી, મશ્કરી નથી, માત્ર સરળતા અને મધુરતા છે. સૌરભે હસીને કહ્યું:-"બ્હેન ! ત્યારે તો મ્હને એમ લાગે છે કે, સેનાપતિ સઘળા મરાઠાઓને પરાજિત કરી તેમને કેદ કરીને અત્રે પોતાની સાથે લાવ્યા હશે. ખરેખર એમજ હોવું જોઇએ ચાલો-આપણે બધાં તેમનાં દર્શન કરવાને જઇએ."

ગૌરવે કહ્યું:-"સૌરભને તો દરેક વાતમાં ગમ્મત સૂઝે છે. માલતિ ! તું જઇને જોઇ આવ કે આ બધી ધામધૂમ શાની છે?"

માલતિ ક્ષણ માત્રમાં ચાલી ગઈ. તે સાથે રમત પણ બંધ થઈ. ગૌરવ ચિંતાતુર બની જઇને સિંહણની માફક એ ઠેકાણે ફરવા લાગી. સૌરભ બે ચાર સખીઓની સાથે પુષ્પો વીણી લાવવા બગીચામાં આગળ ગઇ. તેણે જતાં જતાં કહ્યું:-"બ્હેન ! સેનાપતિ જ્યારે તમારી પાસે આવી પહોંચશે ત્યારે અમે સહુ તમને પુષ્પોથી વધાવી લઇશું."

થોડા સમયમાંજ માલતીએ પાછી આવીને ગૌરવને જણાવ્યું કે, "જાલિમસિંહ મરાઠાઓનો પરાજય કરીને અત્રે રાજધાનીમાં પાછા પધાર્યા છે. તેમના અસાધારણ બળને જોઇ ઘણાખરા મરાઠાઓ વન-જંગલમાં જીવ બચાવવાને નાસી છૂટયા છે. આ બહાદુરીથી સંતુષ્ટ થઇને મહારાણાએ એક જાહિર દરબાર ભરીને તેમને "રાજા"ની ઉપાધિ અર્પણ કરી છે. યુવરાજ લલિતસિંહે જાહેર દરબારમાં જાલિમસિંહને પોતાની રાજગાદી ભવિષ્યમાં અર્પણ કરવાનું જણાવ્યું

હતું; પરંતુ જાલિમસિંહે એ માટે પોતાની નારાજી દર્શાવી યુવરાજને પ્રેમથી આલિંગન કર્યું છે. હમણાં તેઓ બંને સાથેજ અંતઃપુરમાં આવે છે."

આ હકીકત સાંભળી સૌરભ બોલી ઉઠી:—"જોયું બ્હેન! મ્હેં જે કહ્યું હતું તેજ ખરૂં થયું છે. સેનાધિપતિ પાછા ફર્યા છે. ચાલ માલતિ! આપણે બીજાં પણ થોડાં પુષ્પો વીણી આવીએ."

સઘળી સખીઓ ગૌરવને 'રાણી' કહીને આનંદિત થવા લાગી. સૌરભના આનંદનો આજે પાર રહ્યો નથી. તે કેવી રીતે હૃદયનો આનંદ પ્રકાશ કરવો તેનો નિશ્ચય કરી શકી નહિ. તે ગૌરવને સુસજ્જિત કરવા તૈયાર થઇ. તેણે કહ્યું:—"માલતિ! આવ, મલ્લિકા આવ, બ્હેન આજે રાણી થયાં છે—આજે આપણે બ્હેનને રાણીના જેવાં શણગારીએ."

આનંદ ઘણો વિશ્વવ્યાપી હોય છે. જે સ્થળે અપાર આનંદ તરંગો ઉછળતા હોય છે તે સ્થળે કોઇ ચિંતાતુર રહેતું નથી. ખરી રીતે જોવા જતાં ગૌરવના આત્માને આનંદ થયો નથી; પરંતુ સહુના આનંદસ્રવાહે તેના નિરાનંદને દૂર કરી નાંખ્યો. તેનું હૃદય તેને વારંવાર કહેવા લાગ્યું:—"રાણી થયાથી શું થયું? ન્હાની બ્હેન મહારાણી થાય અને હું માત્ર રાણીજ થઇ રહું? નહિ, નહિ, કદાપિ નહિ—જ્યાં સુધી મ્હારા જીવમાં જીવ છે, મ્હારી નસોમાં લોહી ફરતું છે ત્યાં સુધી હું કદાપિ ન્હાની બ્હેનને મહારાણી થવા દેનાર નથી!"

અંતે ગૌરવના અંતરમાં આ ચિંતા એટલી બધી પ્રબળ થઇ પડી કે અંતરનો ભાવ છુપાવી રાખવાને માટે તે તદ્દન અશક્ત બની; આથી કરીને તે તરતજ ત્યાંથી અંતરઃપુરમાં ચાલી ગઇ.

ગૌરવનો ભાવ જોઇ સઘળી સખીઓ આશ્ચર્ય પામી તેના તરફ જોઇ રહી. સૌરભે કહ્યું:—"બ્હેન કેવાં છે?! ચાલો સખીઓ આપણે

સેનાપતિને વધાવી લેવાને તથા તેમને સંમાન આપવાને જઇએ "

સઘળી સુંદરીઓ બગીચાની બ્હાર નીકળી રાજમહાલય તરફ જવા લાગી. સહુની ઇચ્છા આજે આનંદમાં મસ્ત થવાની હતી; પરંતુ સૌરભના સઘળા યત્ન આજે વ્યર્થ થયા. ગૌરવના ભાવથી. તેમજ વ્યવહારથી સહુના હૃદયમાં જાણે કે એક નવીન ભાવ ઉપજ્યો છે. તેની સ્હામે એક ક્ષણ માટે પણ આનંદ ટકી શકતો નથી. સૌરભે સખીઓના અંતરમાં ઉપજેલો ભાવ દૂર કરવાને માટે અનેક યત્નો કર્યા; પરંતુ તેના યત્નોનો કશો ઉપયોગ થયો નહિ. અંતે તેનું આનંદી તેમજ પ્રસન્ન મુખમંડળ પણ ચિંતાની છાયાથી છવાઈ ગયું.

બ્હાર જેવો આનંદ હોય છે તેવો અંદર હોતો નથી. બીજાઓ જેવો આનંદનો અનુભવ કરે છે તેવો અનુભવ પોતાનાથી કરી શકાતો નથી. જાલિમસિંહે તેમજ લલિતસિંહે અંતઃપુરમાં પ્રવેશ કરીને જોયું કે, તેમની અભ્યર્થનાને માટે સઘળી તૈયારી થઈ છે ખરી; પરંતુ તેમાં જીવન નથી—ઉત્સાહ નથી—આનંદ નથી.

પ્રકરણ ૭ મું.

લોભનું બીજ.

સુસજ્જિત શયન–મંદિરમાં એક સુંદર પલંગ પર બિછાવેલી દૂધના જેવી સફેદ તેમજ સુંવાળી શય્યામાં સૂતી સૂતી ગૌરવ અનેક વિચારો ચલાવી રહી છે. આજે કોઇ પણ રીતે તેનું હૃદય શાન્ત થતું નથી. આજે તે રાણી થઈ છે. બરવાણીમાં ઘેર ઘેર આજે તેના પતિના નામનો ઉચ્ચાર થાય છે. એવા આનંદના દિવસે પણ ગૌરવ સુખી નથી, તેના હૃદયમાં આનંદ નથી.

થોડે દૂર કોઇનાં પગલાંનો અવાજ થયો. પતિ આવ્યા છે વિચારી

ગૌરવ જલદી ઉઠી બેઠી થઇ. આવા આનંદજનક દિવસે પતિની પાસે ચિંતાતુર રહેવું વ્યાજબી નથી વિચારી તે બળાત્કારે આનંદિત થવાનો યત્ન કરવા લાગી. સઘળું જાણે કે આનંદમાં મસ્ત બન્યું છે. આજે તે પણ આનંદમાં મસ્ત બનવાનો યત્ન કરવા લાગી; પરંતુ તેનો સઘળો પ્રયાસ નિષ્ફળ થયો. હૃદયનો ભાવ કોઇથી છુપાવી શકાયો છે કે એક સ્ત્રીથી છુપાવી શકાય ?

જાલિમસિંહ સુંદરી—પત્નીના મ્હોં સ્હામું જોઇનેજ ચમકી ઉઠયો. એ મુખ ઉપર તેણે શું જોયું ? પત્નીને જોતાંજ તેનું હૃદય શીતળ બની ગયું; પરંતુ આ ભાવ માત્ર એક ક્ષણ સુધી રહ્યો. કેમકે બીજીજ ક્ષણે જાલિમસિંહે પત્નીના મ્હોં સ્હામું જોયું. પત્ની હાસ્યમયી—આનંદમયી જણાઇ. તેના વદનમંડળ ઉપર ચિંતાનું એક ચિહ્ન સુદ્ધાં તેના જોવામાં આવ્યું નહિ.

આજે પતિ પત્નીનું ઘણા દિવસ પછી મિલન થયું છે. ગૌરવ ગમે તેવી હતી તો પણ તે પોતાના પતિને પ્રાણ કરતાં પણ વિશેષ ચ્હાય છે. ઘણા દિવસ પછી પતિનું દર્શન થતાંજ તેની સઘળી ચિંતા દૂર થઇ ગઇ. પાસેજ પતિને જોવામાં આવતાં તેના અંતરનો પ્રેમપ્રવાહ પ્રબળ ઉછાળા મારવા લાગ્યો. એ પ્રવાહમાં હૃદયની બીજી બધી વૃત્તિઓ જાણે કે ક્ષણ માત્રમાં તણાઇ ગઇ. સુખના સ્મરણથી ગૌરવ દુઃખની ભાવના ભૂલી ગઇ.

જાલિમસિંહે રાજ્યધાનીમાંથી ગયા પછી જે કાંઇ કાર્ય કર્યું હતું તેનું સવિસ્તર વર્ણન તેણે પત્નીને કહી સંભળાવ્યું; પરંતુ મંદિરની વાત નીકળતાંજ તે આગળ બોલતો અટકી ગયો, કેમકે પત્નીને એ વાત કહેવાને તે નારાજ હતો; વળી એ વાત તો વિવિધ કારણોને લીધે તે ભૂલી પણ ગયો હતો. જ્યારે તેણે પોતાની સઘળી વાત કહેવા માંડી ત્યારેજ તેને મંદિરની વાત યાદ આવી. તેણે અંતે એ વાતને ગુપ્ત રાખી બીજી વાત કાઢી; પરંતુ ગૌરવની આગળ

કોઈ છુપાવી શકવા જેટલી તાકાત તેનામાં નહોતી. ગૌરવે પતિના અંતરનો ભાવ કળી જઇને કહ્યું:–" નાથ ! તમે મ્હને સઘળી હકીકત કહી સંભળાવતા નથી. શા માટે આમ કરો છો ? હું તો તમારી અર્ધાંગના છું. મ્હારાથી શા માટે કોઈ પણ વાત છુપાવી રાખોછો ?"

નિરૂપાયે જાલિમસિંહે કહ્યું:–" સઘળી હકીકત મ્હેં તને કહી સંભળાવી છે."

ગૌરવ:–ના, અસત્ય શા માટે બોલો છો ? તમે જો મ્હને તમારા અંતરની વાત નહિ કહો તો હું તમને શું કરી શકનાર છું ? હું તો તમારી એક દાસી છું.

જાલિમસિંહ:–મ્હેં તને એક વાત કહી નથી એ ખરૂં છે; પરંતુ જો હું એ વાત તને કહીશ તો તું હસી પડીશ.

ગૌરવ:–હસું શા માટે ? તમારે એ વાત કહેવી હોય તો કહો.

નિરૂપાયે જાલિમસિંહે મંદિર સંબંધીની સઘળી હકીકત ગૌરવને કહી સંભળાવી. શાંતિથી ગૌરવે એ હકીકત સાંભળી. જાલિમસિંહ એ હકીકત કહી રહ્યો તો પણ ગૌરવ શાંત રહી. અંતે જાલિમસિંહે ગૌરવના મ્હોં તરફ થોડા સમય સુધી જોઇ રહીને કહ્યું:–" તું હસી કેમ નહિ ?"

ગૌરવે ઉત્તર આપ્યો:–" હસવાનો સમય આવ્યે હસીશ !"

પ્રકરણ ૮ મું.

પ્રેમની પ્રતિમા.

" આ સ્વપ્ન કે ભય કલ્પના શી હૃદયમાં ગ્લાનિ ભરે ?
આણચિંતવી ઉર વીંધતી શેં હૃદયનું મંથન કરે ?
નહોતું કર્યું કાંઇ પાપ ન્હોતો શાપ પામ્યાં પુર્વનો,
શી રીતે આ વિભુ તાત આ ઉત્પાત આવ્યો અત્તનો ? "

સૌરભ પણ પતિના વક્ષસ્થળ પર માથું રાખી શય્યામાં સૂતી

સૂતી પતિના વદનમંડળ તરફ ટગર ટગર જોઈ રહીને પતિને મુખે રાજદરબારમાંની હકીકત સાંભળે છે. રાજદરબારમાં આજે જે જે બન્યું છે તેથી તેને સહજ પણ કુતુહલ ઉપજ્યું નથી. આજે જો યુવરાજ લલિતસિંહ ભિખારી બની જઈને રાજદરબારમાંથી પાછો ફર્યો હોત અને તેણે પત્નીને પોતાની એ કમનશીબ સ્થિતિની હકીકત કહી સંભળાવી હોત તો પણ સૌરભ આવાજ આનંદિત હૃદયે પતિને મુખે એ હકીકત સાંભળત. તે દરબારની હકીકત સાંભળતી નથી; પરંતુ પતિનાં મધુર વચનોથી બન્ને કાનોને પરિતૃપ્ત કરે છે. તે લલિતસિંહને પાસે જોતાંજ આત્મભાન પણ ભૂલી જાય છે. તે માત્ર પતિના મ્હોનું દર્શન કરીનેજ અપૂર્વ આનંદ પ્રાપ્ત કરે છે.

આજે પણ તેમજ છે. જ્યારે લલિતે પત્નીને એમ કહ્યું કેઃ- "ખરેખર, મહારાણા થવાની મ્હને બિલકુલ ઇચ્છા નથી; જો કાકા કદાચ મ્હારા મનને મળતા થાત તો આજે હું મ્હારા રાજપાટનો સઘળો અધિકાર પિતાતુલ્ય જાલિમસિંહને સમર્પણ કરી દેત. આપણે બન્ને જણાં કોઈ એકાંત સ્થળે જઈને અપાર સુખમાં આપણા દિવસો પસાર કરત."

સૌરભે કહ્યુંઃ-"ત્યારે તેમજ કરોને!"

લલિતસિંહઃ-સૌરભ! મનુષ્યની ઇચ્છા ભાગ્યેજ પાર પડે છે. આપણે ઇચ્છા કરીને આપણું સર્વસ્વ કેવી રીતે છોડી શકીએ? હું બરવાણી રાજ્યના સિંહાસનનો ઉત્તરાધિકારી છું.

સૌરભઃ-ઠીક ત્યારે તમે મહારાણા થશો. શું મહારાણા થવાની તમને ઇચ્છા નથી?

જો હું મહારાણો થાઉં તો તું મહારાણી નહિ થાય કે? એમ કહી લલિતસિંહે સૌરભના ગુલેગુલાબી ગાલપર ચુંબન કર્યું.

સૌરભે પૂછ્યુંઃ-"હું એક વાત કહું તો તમે હસસો નહિ?"

લલિતસિંહે હસીને કહ્યું-"હસું શા માટે?"

સૌરભઃ—ત્યારે સાંભળો, હું મહારાણી થઇશ નહિ.

લલિતસિંહઃ—ત્હેં કેવી રીતે જાણ્યું ?

સૌરભઃ—મ્હેં એક સ્વપ્ન જોયું છે. આ જુઓ તમે હસોછો !

લલિતસિંહઃ—ના સૌરભ ! જીવનસંગિની ! હું હસીશ નહિ; ત્હેં કેવું સ્વપ્ન જોયું છે તે કહે જોઇએ ?

સૌરભઃ—પણ તમે હસશો નહિ ?

લલિતસિંહઃ—ના.

સૌરભઃ—મ્હારા સોગન ખાઇને કહો કે ' હું હસીશ નહિ. '

લલિતસિંહઃ—ત્હારા સોગન ખાઇને કહુંછું કે હું હસીશ નહિ હસીશ નહિ ને હસીશ નહિ; હવે કાંઇ ?

સૌરભઃ—ત્યારે જુઓ સાંભળો, વારંવાર મ્હારા જોવામાં એકજ પ્રકારનું સ્વપ્ન આવે છે. મ્હારા જેવી એક ન્હાની સૌંદર્યમયી બાળિકા આવીને મ્હને સ્વપ્નમાં કહે છે કે, " સૌરભ ! તું મહારાણી થવાની નથી, હુંજ થવાની છું. "

આ ઉત્તર સાંભળી હસવું, ભયભીત થવું, કે વિસ્મિત થવું તેનો કાંઇ નિર્ણય લલિતસિંહ કરી શક્યો નહિ. તેણે થોડા સમય સુધી શાન્ત રહીને કહ્યું:—" એ બાળિકા કોણ છે ? ત્હેં કદાપિ તેને જોઇ છે ? "

સૌરભઃ—ના તે રાજપૂત બાળિકા જણાતી ન્હોતી તેથી તે આ દેશની નહિ હોય.

લલિતસિંહ ચિંતાતુર બની ગયો; પરંતુ અલ્પ કાળમાંજ તેણે વિચાર્યું કે, જો તે ચિંતાતુર થશે તો સૌરભ પણ ગભરાઇ જશે. આમ વિચારી તેણે કહ્યું:—" કદાપિ સ્વપ્નની વાત સાચી ઠરી શકે ખરી કે ? સ્વપ્નની વાત પર વિશ્વાસ રાખવો એ એક પ્રકારનો ભ્રમ છે. તું મ્હારી જીવનમોહિની, આનંદદાયિની તેમજ સુશોભિની સૌરભજ આ રાજ્યની મહારાણી થઇશ. "

સૌરભે ધીમેથી પોતાનું શિર હલાવ્યું. તેણે વિશેષ કાંઇ કહ્યું નહિ. પતિ પત્ની પછીથી સૂઇ ગયાં.

અતિ આનંદથી જાલિમસિંહ પત્નીની મુલાકાત લેવાને આવ્યો હતો; તેથી પણ વધારે આનંદથી લલિતસિંહ આજે સૌરભ પાસે વાર્તાવિનોદ કરવા આવ્યો હતો; પરંતુ આજે કોણ જાણે કે કયાંથી ચિંતાની ભયંકર છાયાએ આવી તેમના મન તેમજ હૃદયને ઘેરી લીધું. જે હૃદયમાં થોડા સમય પૂર્વે આનંદના તરંગો સ્વચ્છંદતાથી ઉછળી રહ્યા હતા તેજ હૃદય ચિંતાસાગરમાં ડૂબી ગયાં.

પ્રકરણ ૯ મું.

જંગલી ભીલજાતિનો સેનાપતિ વીર જુમેલિયા.

બરવાણી રાજ્યની ઉત્તરે તેમજ દક્ષિણે વિસ્તૃત પહાડી પ્રદેશ આવેલો છે. જે તરફ દષ્ટિ ફેંકવામાં આવે છે તે તરફ ન્હાના મ્હોટા પહાડ પર્વતો જોવામાં આવે છે. સુમધુર કર્ણપ્રિય નૃત્ય કરતી અનેક ન્હાની મ્હોટી સરિતાઓ ઉમંગથી સાગર–સ્વામિને આલિંગન કરવા દોડતી વહી જતી જોવામાં આવે છે.

આ પહાડી પ્રદેશમાં એક અસભ્ય જંગલી જાતિ રહે છે. રાજપૂતોની સાથે યવનોના સંગ્રામમાં આ અસભ્ય જાતિએ પ્રાણુની પણ પરવાહ રાખ્યા સિવાય રાજપૂત ગૌરવ તેમજ ભારતની સ્વતંત્રતાનું સંરક્ષણ કરવાના યત્નો કર્યા છે; તેથી એ જાતિ આજે પણ સમસ્ત ભારતવર્ષમાં વિખ્યાત છે. એ અસભ્ય જંગલી જાતિ ભીલ લોકોની છે. ભીલજાતિના જેવી સત્યપ્રિય, અતિથિસત્કારમગ્ન, સાહસ તેમજ વીર્યમાં અદ્વિતીય જંગલીજાતિ સમસ્ત પૃથિવીમાં બીજી કોઇ ભાગ્યેજ હશે.

ઉપર દર્શાવેલી ભીલજાતિ ઉપર જણાવેલા પહાડી પ્રદેશમાં

વાસ કરે છે. ભીલ લોકો એકજ ઠેકાણે એકત્ર થઇને રહેતા નથી. બરવાણી રાજ્યની ઉત્તર તેમજ દક્ષિણે થોડે થોડે અંતરે એ લોકો ન્હાનાં ન્હાનાં ગામો વસાવીને રહેલા જોવામાં આવે છે. એ ગામોમાં કોઈ ગામ ન્હાનું, કોઈ મ્હોટું તો કોઇ સાધારણ નગરના જેવું સમૃદ્ધિશાળી જોવામાં આવે છે, ત્યારે કોઇ ગામ તદ્દન દરિદ્ર સ્થિતિમાં પણ જોવામાં આવે છે.

પ્રત્યેક ગામમાં એક સત્તાધિકારી રહે છે. આવાં ૧૦–૧૫ અગર તો ૩૦–૪૦ ગામનો અધિપતિ એક 'રાજા' છે. રાજાઓમાં પણ ન્હાના મ્હોટાનો ભેદ છે. કોઈ રાજા વિશેષ બળવાન્ છે તો કોઈ દુર્બળ છે. કોઈ રાજા જ્યારે પ્રબળ થાય છે ત્યારે તે પોતાની આસપાસના રાજાઓને પોતાના તાબેદાર બનાવવાના યત્નો કરે છે. અમે જે સમયની આ હકીકત લખીએ છીએ તે સમયે આવા ભીલ સરદારો હંમેશાં આત્મવિગ્રહમાં નિમગ્ન રહે છે. આથી તેઓ પોતાના આત્મવિગ્રહો જ્યારે પોતે શાન્ત કરી શકતા નથી ત્યારે બરવાણી રાજ્યના મહારાણાને પોતાના સમ્રાટ સમજી તેમની પાસેથી ન્યાય મેળવે છે. જે કોઈ મહારાણાની આજ્ઞા વિરૂદ્ધ વર્તે છે તેને યોગ્ય સજા પણ કરવામાં આવે છે.

આવાં આવાં અનેક કારણોથી સઘળા ભીલ લોકો એકજ ઠેકાણે એકઠા રહી શકતા નથી. એ લોકોમાં હજી સુધી કોઇ પણ એવો વીર પુરૂષ પેદા થયો નથી કે જે પોતાની સઘળી જાતિ ઉપર પોતાનું આધિપત્ય બેસાડીને પોતાની સઘળી જાતિને એકત્ર કરી શકે. આથીજ સઘળા ભીલ એક જાતિના હોવા છતાં તેમનામાં એકત્રતા નથી. તેઓ સ્વાધીન છે છતાં પરતંત્રતા ભોગવે છે !

પરંતુ ધીમે ધીમે આ જાતિ એકત્ર થવા લાગી છે. માત્ર ધર્મજ મનુષ્યજાતિમાં એકતાનું બંધન બાંધી શકે છે. તેથીજ ભીલજાતિ ધીમે ધીમે હિંદુધર્મના વિશાળ હૃદયમાં આશ્રય સ્વીકારીને

એકતા કરતી જાય છે. પૂર્વે એ જાતિ ધર્મને માનતી નહોતી એમ તો અમે કહી શકતા નથી; કેમકે પહેલાં પણ એ લોકો જૂદી જૂદી મૂર્તિઓને તેમજ દેવદેવીઓને માનતા હતા; પરંતુ હમણાં પરમાનંદ સ્વામી નામના એક સંન્યાસીએ તેમનામાં હિંદુ ધર્મનું બીજ રોપ્યું છે. તેમના ઉપદેશથીજ ભીલજાતિ ધીમે ધીમે માત્ર એકજ શક્તિની ઉપાસના કરવા લાગી છે, તેમ એકજ પ્રતિમાની પૂજા કરવા લાગી છે. હમણાં સઘળી ભીલજાતિ માત્ર એક કાળિકાદેવીની પૂજામાં મસ્ત રહે છે. પરમાનંદ સ્વામી પ્રત્યેક ગામે જઇ એ જાતિને યોગ્ય ધર્મોપદેશ આપી સઘળા ભીલોને કાળિકાદેવીના ભક્તો થવાનું શીખવે છે.

હવે અત્રે જણાવવાની જરૂર રહે છે કે માત્ર ધર્મથીજ જાતિનું બંધારણ સુદૃઢ થતું નથી. જાતિનું બંધારણ સુદૃઢ કરવા માટે નેતાની જરૂર રહે છે. એક ધર્મથી જાતિના કલહ કંકાસોજ માત્ર દૂર થાય છે—ઐકયતા થતી નથી. માત્ર એક વાર નેતાદ્વારાજ જાતિ ઐકય કરી શકે છે. પરમાનંદ સ્વામી આવા એક નેતા થયા છે. ભીલજાતિનાં ન્હાનાં મ્હોટાં, ગરીબ શ્રીમંત—સઘળાં માણસો તેમના વાકયને વેદવાકય સમજે છે; સહુ કોઇ દેવતા તરીકે તેમની પૂજા કરે છે. સહુ કોઇ તેમને માટે પ્રાણ સુદ્ધાં આપવાને તૈયાર છે; પરંતુ તેઓ સંન્યાસી છે—સંસાર સાથેના સંબંધનો તેમણે ત્યાગ કર્યો છે—નેતા બનીને એક જાતિને ઐકયના સૂત્રથી સાંધવાનો—સુદૃઢ કરવાનો સમય તેમને નથી મળતો.

ધીમે ધીમે પરમાનંદ સ્વામીએજ ભીલજાતિને માટે એક યોગ્ય નેતા તૈયાર કર્યો, તથા એ નેતામાં જેટલા સદ્‌ગુણો, તેમજ વીર્ય શૌર્યની જરૂર રહે તે સઘળું તેમણે તેને અર્પણ કર્યું.

ભીલજાતિનો નેતા એક બાળક છે. આ બાળકની ઉમ્મર માત્ર તેર વર્ષથી વિશેષ નથી; તો પણ આ બાળક સમસ્ત ભીલજાતિનો નેતા થયો છે. યુવક, વૃદ્ધ, બળવાન્ નિર્બળ—સઘળા ભીલ સરદારોએજ

આ નેતાની—નાયકની—ઉપરીની આધીનતા સ્વીકારી છે. ભીલજાતિનાં સઘળાં ગામોમાં બાળક વીર જુમેલિયાનું નામ વારંવાર સાંભળવામાં આવે છે. સઘળા ભીલ લોકો જુમેલિયાના વાક્યને વેદવાક્ય સમજે છે.

અંદર અંદર ચાલતી તકરારોનો અંત આવી ગયો છે. પૂર્વે જ્યારે તકરારો થતી ત્યારે કલહ થતો અને તેને પરિણામે યુદ્ધ થતું હતું; પરંતુ હવે તકરારજ થતી નથી તો પછી યુદ્ધ ક્યાંથી થાય? હવે ભીલ સરદારો ન્યાય મેળવવાને બરવાણી રાજ્યના મહારાણા પાસે જતા નથી. તેઓ બાળક વીર જુમેલિયાની પાસે ફરિયાદ કરી યોગ્ય ન્યાય મેળવે છે. બાળક વીર જુમેલિયાના ન્યાયને ઉભયપક્ષ કબૂલ રાખે છે, અને તે પ્રમાણેજ વર્તે છે. પૂર્વે જ્યારે બરવાણી રાજ્યના મહારાણા પાસેથી ન્યાય મેળવવામાં આવતો ત્યારે કોઇ ઉદ્ધત સરદાર એ ન્યાયને માન્ય કરતો નહિ; તેથી મહારાણાને સૈનિકો મોકલી પોતાની આજ્ઞાનો અમલ કરાવવો પડતો હતો; પરંતુ વીર બાળક જુમેલિયાનો ન્યાય ઇશ્વરી ન્યાય જેવો ગણાય છે—કોઇ પણ સરદાર તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું સાહસ કરી શકતો નથી,

ભીલજાતિને યોગ્યજ નેતા—નાયક મળી આવ્યો છે. જુમેલિયા રાજકુમાર નથી, સરદાર નથી, તેમજ રાજા પણ નથી. તેનો રાજમહાલય નથી, પ્રધાન નથી, સભા નથી, સૈનિકો નથી, હાથી ઘોડા તેમજ શરીરરક્ષકો પણ નથી. એક સરદારના જેટલોજ તેનો ઠાઠમાઠ છે. તેની સાથે માત્ર ચાર પાંચ સૈનિકોજ રહે છે. એક જાતિના નેતાના જેટલો ઠાઠમાઠ તેનો જોવામાં આવતો નથી.

સઘળી ભીલજાતિ ચંચળ, સરળ, સાહસિક, મુસાફરી કરનારી, વિલાસનો તિરસ્કાર કરનારી તથા ઠાઠમાઠથી અજાણી છે, તેજ પ્રમાણે તેનો નેતા પણ સરળ, સાહસિક તેમજ ચંચળ પ્રકૃતિનો છે. તે સર્વત્ર ફર્યા કરે છે. તેની મુસાફરીનો અંત આવતોજ નથી. જે દિવસે તે જે ગામમાં જાય છે તે દિવસે તેજ ગામ તેની રાજધાની

ગણાય છે. તે દિવસે તેજ ગામનો સરદાર તેનો પ્રધાન તેમજ ત્યાંના પ્રજાજનો તેનું સૈન્ય ગણાય છે.

પરંતુ હમ્મેશાં તે ભીલ લોકોના સહવાસમાં રહેતો નથી. વારંવાર તે અદ્રશ્ય પણ થઇ જાય છે. તે ક્યાં અદ્રશ્ય થઇ જાય છે તે કોઈ પણ જાણી શકતું નથી. તેની જરૂર પડયે ભીલ લોકો તેની શોધ કરે છે તો પણ તેનો પત્તો મેળવી શકતા નથી.

જુમેલિયા ભીલ નથી—ભીલના જેવો તેના શરીરનો રંગ કાળો નથી. ભીલના જેવો તેનો બાંધો પણ નથી—વળી તે રાજપૂત પણ નથી; પરંતુ જુમેલિયા બળવાન્ છે. તેનું શરીર ઘણુંજ મજબુત છે. તેને જોતાં એમજ લાગે છે કે, બાલ્યાવસ્થાથી તેણે કસરત કરવાનો અભ્યાસ રાખ્યો છે. જો કે તે તેર વર્ષની ઉંમરનો બાળક છે તો પણ સમશેર ફેરવવામાં તેમજ તીર ફેંકવામાં તેના જેવો નિપુણ બીજો કોઈ નથી. તે યુદ્ધમાં ઘુમતો જોવામાં આવે છે ત્યારે એમ માલૂમ પડે છે કે, તેણે યુદ્ધકળાનું પણ સંપૂર્ણ શિક્ષણ મેળવ્યું છે. તેના સાહસની સીમા નથી. તેના શૌર્યવીર્યની તુલના થઈ શકે તેમ નથી, તથા તેની સુંદરતાનો પણ પાર નથી. તેના વદનમંડળ પ્રતિ દૃષ્ટિ કરતાં એ તેજસ્વી વદન ઘણા સમય સુધી જોઇ રહેવાની ઇચ્છા થાય છે. તેને જોતાંજ જાણે કે હૃદયમાં અમૃત વર્ષે છે. જાણે કે તેને વ્હાવાને માટે અંતર વ્યાકુળ બની જાય છે.

જુમેલિયાનો વેષ પણ સુંદર છે. તેના મસ્તક પર મ્હોટી જટા છે. તે પોતાની જટાને મસ્તક સાથે બાંધી રાખે છે. તે પીળાં વસ્ત્રો પહેરે છે. ખભા ઉપર તે એક મૃગચર્મ નાંખી મૂકે છે, અને તેની ઉપર એક સુંદર ન્હાની વીણા ભરાવી રાખે છે. કમ્મર પર તે એક સમશેર લટકતી રાખે છે અને તેની સાથે એક છરો કમ્મરપટ્ટામાં છુપાવી રાખે છે. વળી તેની સાથે પાછી એક ન્હાની બંસી પણ રાખે છે. ગળામાં રુદ્રાક્ષની માળા તે પહેરે છે.

કેટલીક વખતે તેના કપાળમાં કુમકુમની ટિપકી જોવામાં આવે છે. જુમેલિયાનું કોઈ પણ વાહન નથી. તે કદાપિ વાહનમાં બેસી મુસાફરી કરતો નથી. હજી સુધી કોઇએ તેને ઘોડા ઉપર સ્વાર થયેલો પણ જોયો નથી. હમ્મેશાં તે પગે ચાલીનેજ મુસાફરી કરે છે. ભીલજાતિ જુમેલિયાને પોતાના દેવતાની બરાબર માને છે.

પ્રકરણ ૧૦ મું.

વીર જુમેલિયાનો ઇતિહાસ.

જુમેલિયા કોણ છે ? એ પરમાનંદ સ્વામીનો પ્રેમપાત્ર શિષ્ય છે. તેમ ન હોય તો સઘળી ભીલજાતિના નેતા થવાની તાકાત એક સાધારણ બાળકનામાં ક્યાંથી હોઈ શકે ? પૂર્વે પરમાનંદ સ્વામી જ્યારે જ્યારે બહાર જતા હતા ત્યારે સર્વત્ર તેમની સાથે એક બાળક જોવામાં આવતો હતો. બાળક સ્વામીજીનો થોડો ઘણો સરસામાન ઉંચકી લઇ મુસાફરીમાં તેમની પાછળ પાછળ ચાલતો હતો. પાંચ વર્ષની ઉંમરથીજ જુમેલિયાએ પરમાનંદ સ્વામીની સેવા સ્વીકારી હતી.

સ્વામીજીએ અનેક યત્નોથી જુમેલિયાને વિદ્યાશિક્ષણ આપ્યું છે. સાત આઠ વર્ષની ઉંમરમાં જુમેલિયાએ પાણિનીનું શિક્ષણ મેળવ્યું છે. દશ વર્ષની ઉંમરે રઘુવંશ, શકુંતલા વગેરેનો અભ્યાસ કરી બારમે વર્ષે તેણે દર્શન, સ્મૃતિ, શ્રુતિ વગેરેનો અભ્યાસ કર્યો છે.

આટલુંજ નહિ પરંતુ જુમેલિયા ઘણીજ મધુરતાથી અમૃત-વર્ષિણી વીણા બજાવી શકે છે. તેનો એ કાળનો ખ્યાલ અમે વાંચક વર્ગને માત્ર શબ્દોથી કરાવી શકીએ તેમ નથી. તેના સુમધુર સંગીત ધ્વનિથી સઘળી પર્વતમાળા વિમુગ્ધ બની જાય છે. સ્વામીજીએ પોતાના પ્રિય શિષ્યને સંગીતશાસ્ત્રનું સંપૂર્ણ શિક્ષણ આપ્યું છે.

જુમેલિયાના સંગીતર્થી—તેની વીણાના મધુર સુરથી—તેની મધુર બંસીના આલાપથી વનનાં પશુઓ તેનાં દાસ બની ગયાં છે તો સાધારણ ભીલજાત તેની આગળ કોણ માત્ર ? !

માત્ર આટલુંજ નહિ પરંતુ પરમાનંદ સ્વામીએ જુમેલિયાને શારીરિક બળમાં ઘણોજ બળવાન્ તથા યુદ્ધકળામાં અદ્વિતીય બનાવ્યો છે. પરમાનંદ સ્વામીએ જે પ્રકારના યત્નોથી જુમેલિયાને વિવિધ પ્રકારની યુદ્ધવિદ્યામાં નિપુણ બનાવ્યો છે તે પ્રકારના યત્નોથી દ્રોણાચાર્યે કૌરવ પાંડવને યુદ્ધવિદ્યામાં નિપુણ બનાવ્યા હશે કે કેમ એ એક સંદેહયુક્ત વાત છે.

પરમાનંદ સ્વામી સંન્યાસી છે—તેમની પાસે આ બાળક જુમેલિયા કેવી રીતે આવી શકયો ? થોડાં વર્ષ પૂર્વે ઘણે દૂર સાગર સ્નાન કરવાના હેતુથી તેઓ સાગર તરફ ગયા હતા. સ્નાનાદિ તેમજ તીર્થનું સઘળું કાર્ય સમાપ્ત કરી તેઓ ઉત્તર તરફ જવા લાગ્યા. થોડે દૂર જતાંજ એક એવો કરૂણાજનક દેખાવ તેમના જોવામાં આવ્યો કે, જેથી તેમના જેવા સંસારત્યાગી સંન્યાસીના અંતરમાં પણ દયા ઉપજી. તેમનું હૃદય વિચળિત થયું—તેઓ ત્યાંજ ઉભા રહ્યા.

પરમાનંદ સ્વામીએ જોયું કે, તેઓ ચાલતા ચાલતા એક ન્હાની નદીના કિનારા પર આવી પહોંચ્યા છે, એ નદીના કિનારા પર બે મુડદાં પડેલાં છે. એક સ્ત્રીનું અને બીજું પુરૂષનું મુડદું છે. તેમને જોતાંજ એમ લાગતું હતું કે, તેઓ બંને તીર્થયાત્રા કરવા આવીને કાળના કરાળ પંઝાનો ભોગ થઇ પડયાં હોવાં જોઇએ. આ પ્રકારથી વિશેષ દુઃખી થવાનું કારણ નહોતું કેમકે પ્રાણીમાત્રને આજે નહિ તો કાલે પણ મરવાનું તો છેજ.

માત્ર એટલુંજ નહિ; પરંતુ એ બે મુડદાંની પાસે એક બાળક પડયું હતું. તે રડતું રડતું વારંવાર એક મુડદા પાસે જતું હતું;

પરંતુ ત્યાંથી ઉત્તર નહિ મળતાં પાછું વધારે જોરથી રડતું બીજા મુડદા પાસે જતું હતું; વળી ત્યાંથી પણ કાંઈ ઉત્તર નહિ મળવાથી પાછું તે પહેલા મુડદા પાસે જતું હતું.

સંન્યાસી મહાત્મા ચમકીને ઉભા રહ્યા. તેમનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઈ આવ્યું. તેઓ અશ્રુજળને અટકાવી શકયા નહિ; તેથી સ્વગત બોલી ઉઠયા:–"હજી પણ હૃદય દુર્બળ છે ! હજી પણ માયા ઉપજે છે ! બાર વર્ષની સાધના કર્યા છતાં મનને સંસારબંધનથી છોડાવી શકતો નથી ! નહિ તો આ અનાથ બનેલા બાળક પ્રત્યે મ્હારા મનમાં મમતા કયાંથી ઉપજે ? આ હજી અજ્ઞાન બાળક છે. એ જીવન યા તો મૃત્યુ સમજતું નથી. એના જીવન યા મૃત્યુમાં શો ભેદ છે ?"

આ પ્રમાણે સ્વગત બોલી સંન્યાસી એ સ્થાનનો ત્યાગ કરી જવા લાગ્યા; પરંતુ અંતે મનને સ્થિર રાખી નહિ શકાયાથી તેઓ પાછા ફરી બાળક પાસે આવ્યા. એ સમયે પણ બાળક રડતું રડતું ઘડીમાં એક મુડદા પાસે તો ઘડીમાં બીજા મુડદા પાસે જતું હતું.

સંન્યાસીએ વિચાર્યું:–" જો હું આ બાળકને આવી નિરાધાર સ્થિતિમાં અત્રે રાખીને ચાલ્યો જઇશ તો કોઈ જંગલી જનાવર તેને ફાડી ખાશે. આ બાળક મ્હારા જોવામાં આવ્યું છે છતાં હું તેનું સંરક્ષણ નહિ કરૂં તો મ્હને મહાપાપ લાગશે. જો એક જણનું સંરક્ષણ કરવું એને માયા કહી શકાતી હોય તો એવી માયાનો હજી સુધી હું ત્યાગ કરી શકયો નથી. હું આ અનાથ બાળકને હમણાં મ્હારી સાથે લઈ જઇ પાસેના કોઈ ગામમાં કોઇ ભલા માણસને તેને ઉછેરવા આપી દઇશ."

આમ વિચારી સંન્યાસીએ બાળકને ખભા પર ઉંચકી લીધું. બાળક રડી રડીને થાકી ગયેલું હોવાથી સંન્યાસીના ખભા ઉપરજ

રૂંધી ગયું.

વળી પાછી કદાચ માયા જન્મશે એ ભયને લીધે સંન્યાસીએ બાળકના મ્હોં તરફ ફરીથી જોયું નહિ. તેઓ તેને ખભા પર નાંખી પાસેજ આવેલા એક ગામ તરફ જવા લાગ્યા—એકાએક તેમની દ્રષ્ટિ બાળકના મ્હોં પર પડી. તેઓ ચમકીને ઉભા રહ્યા. પછીથી વિશેષ લક્ષ્યપૂર્વક બાળકને નિહાળી તેઓ સ્વગત બોલી ઉઠયાઃ-" આ બાળક રાજરાજેશ્વર થશે એમ જણાય છે ! તેથીજ ભગવાને મ્હને તેને સહાયતા કરવા આ તરફ આણ્યો હશે. ગમે તેમ હશે. તો પણ હું આ બાળકને ઉછેરી મ્હોટું કરવાનું કાર્ય કોઈ સાધારણ માણસને સોંપીશ નહિ. કોઈ રાજાને તેને ઉછેરી મ્હોટો કરવાનું કાર્ય સોંપીશ."

આ પ્રમાણે સ્વગત બોલી પરમાનંદ સ્વામી એ બાળકને સાથે લઇ ભારતવર્ષના પ્રત્યેક્ રાજા પાસે ગયા. સઘળા રાજાઓએ એ બાળકને ઉછેરી મ્હોટું કરવાનું કબૂલ કર્યું; પરંતુ પોતાની હયાતિ પછી કોઇએ તેને રાજ્યનો વારસ બનાવવાનું કબૂલ કર્યું નહિ. આથી કરીને પરમાનંદ સ્વામીએ કોઇને પણ એ બાળક સોંપ્યું નહિ. તેમણે બાળકના ભવિષ્યનું ફરીથી લક્ષ્યપૂર્વક દર્શન કર્યું, પછીથી કહ્યુંઃ-" ના ના— મ્હારી ભૂલ થઇ નથી. આ બાળક અવસ્ય રાજરાજેશ્વર થશે. જ્યારે કોઇએ તેને સ્વીકાર્યું નથી ત્યારે હુંજ તેને મ્હારી પાસે રાખીશ. તેને હું એક રાજ્યેશ્વરના જેટલું શિક્ષણ આપીશ."

ત્યાર પછીથી બાળક જુમેલિયા પરમાનંદ સ્વામીની સાથે સાથેજ રહે છે. જુમેલિયાને પરમાનંદ સ્વામીનો શિશુ—પ્રિય છાત્ર— પુત્ર કહીએ તો પણ કાંઈ ખોટું કહી શકાય નહિ. અમે પૂર્વેજ જણાવી ગયા છીએ કે, પરમાનંદ સ્વામીએ જુમેલિયાને વિવિધ પ્રકારની વિદ્યાથી સુશિક્ષિત કર્યો છે.

જ્યારે પરમાનંદ સ્વામીએ અસભ્ય ભીલજાતિને શાક્તધર્મમાં દીક્ષિત કરી એક સૂત્રમાં આબદ્ધ કરી ત્યારે જુમેલિયાને તેનો રાજા બનાવવાની તેમની ઇચ્છા થઈ. તેમણે વિચાર્યું કેઃ—" જ્યારે જુમેલિયા રાજેશ્વરજ થવાનો છે ત્યારે તેને રાજા બનાવવો એ મ્હારૂં કર્ત્તવ્ય છે. ભગવાન્ તો આવીજ રીતે પ્રેરણા કરી મનુષ્યને હાથે પોતાની ઇચ્છામાં આવે એ કાર્ય કરાવે છે. "

આ ઉદ્દેશને લીધે પરમાનંદ સ્વામી સઘળી ભીલજાતિમાં પોતાની સાથે જુમેલિયાને પણ લઈ જવા લાગ્યા. તેમણે જુમેલિયાનો વેશ પણ ભીલ લોકોના જેવો રાખ્યો. જુમેલિયા ગુરૂદેવનો શિષ્ય—ચેલો છે એમ વિચારી સઘળા ભીલો તેને સંમાન આપવા લાગ્યા. પછીથી ધીમે ધીમે તેઓ તેને ચ્હાવા લાગ્યા. જુમેલિયાનું અપૂર્વ સૌંદર્ય, મધુરતા ભરેલો સ્વભાવ અને તેનું સુંદર ચરિત્ર જોઇ સઘળા ભીલ લોકો મોહિત થઇ ગયા. તેઓ સહુ જુમેલિયાની ઉપર પોતાના પ્રાણ કરતાં પણ વિશેષ પ્રેમ રાખવા લાગ્યા.

તે ઉપરાંત જુમેલિયાનો મધુર વીણા—ધ્વનિ, સુલલિત બંસીનાદ, અપૂર્વ સંગીત, અપાર જ્ઞાન, પ્રખર બુદ્ધિ, અસાધારણ પાંડિત્ય, અસીમ બળ, અદ્દ્ભુત સાહસ તથા આશ્ચર્ય પમાડે એવું યુદ્ધકૌશલ જોઇ સઘળા ભીલ લોકો વિમુગ્ધ બની ગયા. મનુષ્યજાતિમાં જુમેલિયા જેટલા સદ્દગુણો તેમજ જ્ઞાનબુદ્ધિ હોય એ તેમને અસંભવિત જણાયું. તેઓ ધીમે ધીમે જુમેલિયાના ચરણોમાં શિર ઝુકાવતાં શીખ્યા. જુમેલિયા તેર વર્ષનો થયો ન થયો એટલામાં તો સઘળી ભીલજાતિએ તેને પોતાના નેતા—સેનાપતિ તરીકે સ્વીકાર્યો. ગુરૂદેવ પરમાનંદ સ્વામી આ કાર્ય સંપૂર્ણ કરી ભીલરાજ્યમાંથી અંતર્હિત થયા.

હવે જુમેલિયા પરમાનંદ સ્વામીની સાથે રહેતો નથી. તે એકલોજ ભીલરાજ્યમાં ભમ્યા કરે છે. જ્યારે તેનો ભીલ લોકોને

એકઠા કરવાનો વિચાર થાય છે ત્યારે તે પોતાની બંસી બજાવે છે. આ બંસી સાંભળી સઘળા ભીલો અસ્ત્રશસ્ત્રથી સુસજ્જિત થઈ જુમેલિયા પાસે આવી હાજર થઇ જાય છે; કેમકે તેઓ જાણે છે કે, કોઇ મુખ્ય કાર્ય ન હોય તો તેમનો સેનાપતિ જુમેલિયા તેમને એકઠા કરતો નથી. આજ સુધીમાં માત્ર એકજ વખત જુમેલિયાએ સઘળા ભીલ લોકોને એકઠા કર્યા છે.

પ્રકરણ ૧૧ મું.

દીવાની કે વનવાસિની ?

પ્રથમ પ્રકરણમાં જે મંદિરની હકીકત પ્રિય વાચક બંધુઓને નિવેદન કરી છે એ મંદિરમાં કાળિકા દેવીની એક મૂર્ત્તિ સ્થાપિત થયેલી છે. આ જીર્ણ મંદિર ભીલજાતિનું તીર્થસ્થાન હોઇ ઘણાખરા ભીલ લોકો વારંવાર આ મંદિરમાં દેવીનાં દર્શન કરવાને આવે છે.

આ મંદિરજ સઘળી ભીલજાતિનું એકત્ર થવાનું સ્થાન છે. સઘળા ભીલ લોકો જાણે છે કે સેનાપતિ વીર જુમેલિયાની બંસી સાંભળવામાં આવતાંજ તેમણે આ મંદિર પાસે આવી પહોંચવું જોઇએ. અત્યાર સુધીમાં તેઓ સહુ માત્ર એકજ વખત આ મંદિર પાસે એકઠા થયા છે.

આ મંદિરમાં કોઇ કદાપિ સ્થાયી રહેતું નથી. દેવીની મૂર્ત્તિની પૂજા કરવાને માટે પણ કોઇ પુરોહિત મંદિરમાં રહેતો નથી. હમ્મેશાં દેવીમૂર્ત્તિની પૂજા પણ થતી નથી. કેટલીક વખતે ભીલ લોકો વિવિધ પ્રકારનાં પક્ષીઓ યા તો પાડો વગેરે લાવીને તેનું દેવીને બળિદાન આપે છે. ત્યાર પછી તેઓ મદ્ય પી મસ્તાન બનીને દેવીમૂર્ત્તિની સ્હામે નાચ કરે છે. સંગીત તેમજ વાજીંત્રો વગાડે છે. રાત્રે ચારે

તરફ અગ્નિ સળગાવી તેઓ સહુ અગ્નિ સાથે ક્રીડા કરે છે. જ્યારે બીજા લોકો આવીને આ બધી ક્રિયા કરે છે ત્યારે ચારે તરફ આવેલું વિશાળ જંગલ આનંદધ્વનિથી ગાજી રહે છે.

મંદિરમાં હમ્મેશાંને માટે કોઈ રહેતું નથી એમ તો કહી શકાતું નથી કેમકે કેટલીક વખતે આ મંદિરમાં એક ગાંડી જોવામાં આવે છે. એ ગાંડી–દીવાનીની ઉંમર ઘણી ન્હાની છે—હમણાં તે લગભગ તેર ચૌદ વર્ષની હશે. દીવાનીનું રૂપસૌંદર્ય અપૂર્વ છે; પરંતુ એ અપૂર્વ સૌંદર્ય દીવાનીના જીર્ણ વેશમાંથી વાદળાંઓમાં છુપાઈ રહેલા ચંદ્રની માફક પોતાની શોભા–સૌંદર્યનો વિસ્તાર કરે છે.

દીવાનીના માથા પરના વાળ તેલના અભાવે જટાની માફક ધુંચાઈ ગયેલા છે. એ વાળનાં ધુંચળાં તેના ખભા પર, છાતી ઉપર તથા પીઠ ઉપર ઝૂલી રહે છે. તે ઘણાં જીર્ણ—ફાટેલાં તૂટેલાં વસ્ત્રો પહેરે છે. કંઠમાં વિવિધ પ્રકારની વિવિધ માળાઓ પહેરે છે. લાકડાંની માળા, આરસ પત્થરના કડકાઓની માળા તથા ફૂટી ગયેલાં માટીનાં વાસણોના કડકાની માળા પણ પહેરે છે. !

દીવાનીના કપાળમાં હમ્મેશાં કુમકુમની ટિપકી જોવામાં આવે છે. કુમકુમની ટિપકીની આસપાસનું થોડું કપાળ સ્વચ્છ રાખી બાકીનો ભાગ તે કુમકુમથી રંગેલોજ રાખે છે–તેના અંગ પર અલંકાર જોવામાં આવતા નથી; પરંતુ દીવાની જૂદી જૂદી વસ્તુઓ અંગ પર ધારણ કરી અલંકાર પહેરવાની પોતાની ઈચ્છાને પરિતૃપ્ત કરે છે. બીજી દીવાનીઓને જોતાં અંતરમાં જેવો ભય ઉપજે છે તેવો ભય આ દીવાનીનું દર્શન થતાં ઉપજતો નથી. ઉલટું તેને વારંવાર જોવાની ઇચ્છા થાય છે. તેની સાથે વાતચિત કરવાને મન તેમજ હૃદય આકુળ વ્યાકુળ બની જાય છે. આટલુંજ નહિ—પરંતુ આ દીવાનીમાં એક મુખ્ય ગુણ જોવામાં આવે છે. આ દીવાની એવું તો સુમધુર

ગાન ગાય છે કે તેના જેવું ગાન ભાગ્યેજ આ સમસ્ત પૃથિવીમાં બીજા કોઇને મુખે સાંભળવામાં આવતું હશે. એ સંગીત ગાવાની રીત સ્વતંત્ર છે—તેના સુર સ્વતંત્ર છે—તેની મધુરતા પણ સ્વતંત્ર છે. આ દીવાની ઘણુંજ ઉત્તમ કીર્તન મધુર સુરથી ગાઇ શકે છે. અહા ! શું એ સુરનું માધુર્ય, મોહિની અને આકર્ષણ ! તેના કીર્તનથી પત્થર જેવા કઠોર હૃદયના પુરૂષમાં પણ પ્રેમના તરંગો ઉછળે છે—વન—જંગલનાં પશુ પ્રાણીઓ મુગ્ધ બની જાય છે. હરણ હરિણી, મયુર મયુરી તેના ગાનના આનંદથી નાચી ઉઠે છે.

ભીલ લોકો જ્યારે આ મંદિરમાં પૂજા કરવાને આવે છે ત્યારે તેઓ પ્રથમ આ દીવાની ‘ વનવાસિની ’ ને શોધે છે. વનવાસિનીનું ગાયન સાંભળ્યા સિવાય તેમના આનંદ—વિનોદમાં તેમના નાચ-તાનમાં રંગરાગ આવતો નથી; પરંતુ વારંવાર તેઓ વનવાસિનીને શોધી શકતા નથી. કોઇ કોઇ સમયે વનવાસિની મંદિરમાં રહેતી નથી—તે કયાં ચાલી જાય છે તેની કોઇને ખબર પડતી નથી. વિશેષ ભીલ એકઠા થાય છે કે, તરતજ વનવાસિની અદ્રશ્ય થઇ જાય છે.

આ દીવાનીને વનવાસિની નામ કોણે આપ્યું છે એ અમે જાણતા નથી. તેનું નામ તેને પૂછવામાં આવતાં તે ખડખડાટ હસી પડે છે—અનેક પ્રકારના રંગરાગ કરે છે—છિન્ન વસ્ત્રમાં મ્હોં છુપાવી ખડખડાટ હસી પડી તાળીઓ વગાડતી વગાડતી કહે છે કે:—“ મ્હારૂં નામ વનવાસિની છે, પ્રેમયોગિની છે. ” આમ કહીને તે હસતી હસતી નાસી જાય છે અને અલ્પકાળમાંજ દષ્ટિમર્યાદાથી દૂર થાય છે—અદ્રશ્ય થાય છે.

પ્રકરણ ૧૨ મું.

વીર સેનાપતિ જુમેલિયાનું આમંત્રણ.

આ એજ મંદિર છે કે, જે મંદિરમાં જાલિમસિંહે આશ્ચર્યજનક દેખાવ જોયો છે તેમજ ભયંકર ભવિષ્યવાણિ સાંભળી છે. આ મંદિરમાં આજે એક પછી એક ભીલ લોકો એકત્ર થવા લાગ્યા છે.

કેટલાક દિવસથી એ વન—જંગલના પહાડી પ્રદેશમાં વીર બાળક જુમેલિયાની બંસી વાગે છે. એક ગામથી બીજે ગામ, બીજે ગામથી ત્રીજે ગામ એમ સર્વત્ર એ બંસીનો અવાજ પહોંચે છે. એમજ લાગે છે કે જાણે સમસ્ત ભીલરાજ્યમાં બંસી વાગી રહી છે.

ગામે ગામમાં ખળભળાટ થઇ રહ્યો છે. જાણે કે સમસ્ત ભીલ લોકોનો પ્રદેશ ધ્રૂજી રહ્યો છે. સમસ્ત પર્વતમાળામાં જાણે કે એક પ્રકારના નૂતન ચૈતન્યનો સંચાર થાય છે. ખાવું પીવું ભૂલી જઈ સંસારી જનોની માયા મમતાનો ત્યાગ કરી ભીલ પુરૂષો યુદ્ધ માટે સુસજ્જિત થાય છે. ખેતરો પ્રત્યે દુર્લક્ષ્ય કરી સઘળા ભીલ લોકો મંદિર તરફ દોડી આવતા જણાય છે. શિકારી શિકાર કરવાની નેમ ધાર્યા છતાં શિકાર કરવાનું કામ માંડી વાળી સેનાપતિની આજ્ઞા પાળવા વ્યાકુળ બની ગયા છે. ભગિની ભાઇને સુસજ્જિત કરે છે. સ્ત્રી સ્વામીને સુસજ્જિત કરે છે. કન્યા પિતાને સુસજ્જિત કરે છે. સઘળી ભીલજાતિ જાણે કે આજે અસ્ત્ર શસ્ત્રથી સજ્જિત થઇને કોઈ સ્થાને જાય છે.

ભીલોનાં ટોળાંને ટોળાં મંદિર પાસે આવી છાવણીઓ નાંખે છે. સૈન્ય સામંતોને લઈ ન્હાના મ્હોટા—દરેક સરદારો જુમેલિયાને સહાયતા કરવાને આવે છે. જે મંદિર કાલે નિર્જીવ જણાતું હતું તેજ મંદિરની આસપાસ આજે ઘણી ધામધૂમ થઈ રહી છે—હજારો ભીલો

ત્યાં એકઠા થયા છે. આનંદોત્સવથી તેમજ ગાનતાન ને નૃત્યથી સમસ્ત વન—જંગલ ધ્રૂજી ઉઠયું છે. સુરાપાન ચાલી રહ્યું છે.

પરંતુ હજી સુધી સેનાપતિ જુમેલિયા આવી પહોંચ્યો નથી. જે દિવસથી ભીલરાજ્યમાં બંસીનો મધુર તેમજ કર્ણપ્રિય અવાજ સાંભળવામાં આવે છે તે દિવસથી જુમેલિયા કોઇની નજરે પડતો નથી—માત્ર તેની બંસી જોવામાં આવે છે—તે જોવામાં આવતો નથી. બંસીનો ત્યાગ કરી જુમેલિયા કયાં અદ્રશ્ય થઇ ગયો છે ? સમસ્ત ભીલરાજ્યમાં જયાં સુધી ઘેર ઘેર બંસી નહિ ફરી આવે ત્યાં સુધી જુમેલિયા કોઇના જોવામાં આવનાર નથી.

અત્યાર પૂર્વે વનવાસિની મંદિર પાસે જયારે વધારે ભીલોને એકત્ર થયેલા જોતી ત્યારે પલાયન કરી જતી; પરંતુ આ સમયે તે પલાયન કરી ગઇ નથી. જાણે કે સઘળા ભીલોને એકઠા થયેલા જોવાનું તેના અંતરમાં કુતુહલ ઉપજ્યું છે; તેથીજ તે આ સમયે ભીલોનો ત્યાગ કરી અદ્રશ્ય થઇ નથી. કવચિત્ તે હસે છે તો કવચિત્ રડે છે. કવચિત્ ભીલો તેને જે ભોજન આપે છે તે જમે છે તો કવચિત્ ચાળીસ પચાસ ભીલોના ટોળામાં જઇ તેમને પોતાના સુમધુર કંઠથી આકર્ષક સંગીત ગાઇ સંભળાવે છે. વનવાસિનીને સઘળા ભીલો દેવીમૂર્તિ સમાન માને છે—તેની ભક્તિથી પૂજા કરે છે. ઘણા-ખરા ભીલો તો તેને સાક્ષાત કાળિકા—દેવી સમજીનેજ તેની પૂજા કરે છે. કોઇ ભીલ તેને વસ્ત્ર આપે છે. કોઇ અલંકાર આપે છે. કોઇ ભોજન સામગ્રી આપે છે. સઘળા ભીલો જે પ્રમાણે કાળિકા દેવીની પૂજા માટે પોતાની સાથે આવશ્યકીય સામગ્રી લઇ આવે છે તેજ પ્રમાણે તેઓ પોતાની વનવાસિનીને માટે પણ થોડી થોડી સામગ્રી લઇ આવે છે.

પ્રકરણ ૬૩ મું.

યુદ્ધનો આરંભ.

(ગઝલ.)

" યશોદા નંદના લાલા, જરા બંસી બજાવી જા;
રસિલા કા'ન મતવાલા, પ્રણય મંત્રો ગજાવી જા.
વહીને વેદની વીણા, કહીને મર્મ કંઈ ઝીણા;
સ્વરો આલાપીને તીણા, સૃતિ સૃષ્ટિ જગાવી જા.
તૃષાથી કંઠ સુકાતો, પીડાતો પ્રાણ આ જાતો;
મધુરૂં ગાન કંઇ ગાતો, તૃષા મ્હારી છીપાવી જા.

હૃદયની મસ્તીનાં મોજાં, ચઢે સિંધુ ત્યજે માઝા;
અલખનાં એ અજબ વાજાં હૃદયકુંજે બજાવી જા.
જીગર દુઃખ દર્દ હરનારાં પરમ સુખ શાન્તિ ભરનારાં;
જગત્‌ને જીતનારાં એ, સબળ શસ્ત્રો સજાવી જા. "

એકાએક ગાન ગાવું બંધ કરી હાથતાળી વગાડી વનવાસિની હસી પડી. ત્યાર પછી હસતી હસતી નાસવા લાગી. તેના સુંદર સંગીતને સાંભળી વિમુગ્ધ બની જઇ તેની આસપાસ સેંકડો ભીલોનું ટોળું વળી ગયું. એવામાં એકાએક તેને મંદિર તરફ જતી જોઇને એ બાજુએ ઉભેલા ભીલો દૂર ખસી ગયા. વનવાસિનીએ વિદ્યુત્ ગતિથી મંદિરમાં પ્રવેશ કર્યો. ત્યાર પછી તેણે ક્ષણ માત્રમાંજ મંદિરનાં પ્રવેશદ્વાર બંધ કરી દીધાં. ભીલો પણ પાછા પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત થયા.

એકાએક સઘળી ભીલ છાવણીમાં ખળભળાટ થઈ રહ્યો. સહુ પોતપોતાનું કાર્ય પડતું મૂકી યુદ્ધ સજ્જાથી સુસજ્જિત થઈ જવા લાગ્યા. આખી છાવણીમાં જાણે કે ભયંકર કોલાહલ થઇ રહ્યો. અનેક

ભીલો યુદ્ધસજ્જાથી સુસજ્જિત થઈ જઈ પોતાના સરદારોની આસપાસ ઉભા થઈ રહ્યા.

ત્યારે દૂરથી શું શત્રુનું સૈન્ય આવતું દેખાય છે? શા માટે ભીલ લોકો એકાએક આટલા બધા જલદીથી યુદ્ધસજ્જાથી સજ્જિત થયા? પરંતુ ખરી રીતે જોવા જતાં કોઈ શત્રુનું સૈન્ય આવતું નથી. હમણાંજ ભીલ લોકોએ પોતાના વીરશિરોમણિ સેનાપતિ જુમેલિયાની બંસીનો મધુર અવાજ સાંભળ્યો છે—હવે વિના વિલંબે જુમેલિયા તેમની પાસે આવી પહોંચશે. આમ હોવાથીજ તેઓ અલ્પકાળમાંજ યુદ્ધ સજ્જાથી સુસજ્જિત બની ગયા.

પાછો મધુર અમૃત રસ વર્ષાવતો બંસરીનો સુર સંભળાયો. શું ભીલલોકો કદાપિ એ ચિત્તાકર્ષક મધુર ધ્વનિને ભૂલી શકે ખરા કે? જે બંસી થોડા સમય પૂર્વે ભીલ લોકો પોતાના હાથમાં લઇને જોઈ શકતા હતા તે ચિરપરિચિત બંસીનો ચિરપરિચિત સ્વર સંભળાય છે. પશુ પંખીઓ એ મધુર સુર સાંભળીને તલ્લીન બની ગયાં છે—આત્મભાન ભૂલી ગયાં છે. ક્ષણ માત્રમાં મધુર બંસી સેનાપતિના હાથમાં જઈ પહોંચી છે. કેમકે ભીલલોકોએ અલ્પકાળ પૂર્વે એ બંસી વનવાસિની પાસે જોઈ હતી!

બંસીનો સ્વર ક્યાંથી આવે છે તે પ્રથમ ભીલો સમજી શક્યા નહિ; પછીથી તેઓ સમજી શક્યા કે, મંદિરમાંથીજ એ બંસીનો સુર નીકળતો સાંભળવામાં આવે છે. આ પ્રકાર જાણવામાં આવતાંજ સહુ કોઈનું હૃદય ભયની ભાવનાથી ધ્રૂજી ઉઠ્યું—આટલા કાળ પછી સહુને એવી ખાત્રી થઈ કે, જુમેલિયા સાક્ષાત દેવાના છે. તેમની અધિષ્ટાત્રી દેવી કાળિકા પોતેજ જુમેલિયાનું રૂપ ધારણ કરીને તેમની નેતા થઈ છે! નહિ તો જો કદાચ જુમેલિયા મનુષ્ય હોય તો તે બંધ થયેલા મંદિરમાં એકાએક ક્યાંથી પ્રવેશ કરી શકત? સઘળા ભીલો જ્યારથી પ્રથમ તેમના સાંભળવામાં બંસીનો ધ્વનિ આવ્યો ત્યારથી

મંદિરની આસપાસ છાવણી નાંખીને પડ્યા છે. તેઓ મંદિર પાસે આવ્યા છે ત્યારથી તેમણે મંદિરમાં કે મંદિરની આસપાસમાં પોતાના સેનાપતિને જોયો નથી—ત્યારે પછી તેણે કેવી રીતે મંદિરમાં પ્રવેશ કર્યો? માત્ર દીવાની સંન્યાસિનીએજ થોડા સમય પૂર્વે મંદિરમાં પ્રવેશ કરી મંદિરનાં પ્રવેશદ્વાર બંધ કરી દીધાં છે.

એકાએક મંદિરનાં દ્વાર ઉઘડ્યાં એટલે પછી સઘળા ભીલ સૈન્યે પોતાના દૈવીશક્તિવાળા સેનાપતિ જુમેલિયાને પોતાની સ્હામે જોયો. જુમેલિયા સુંદર વેષમાં ઉભો છે. તેના ખભાપર મૃગચર્મ ઝૂલી રહ્યું છે. મૃગચર્મ ઉપર એક ધનુષ્ય ભેરવેલું જોવામાં આવે છે. કમરપટ્ટા સાથે બાંધેલી ચમકતી સમશેર કેડમાં લટકી રહી છે. ગળામાં પેલી સ્ફટિકની માળા ઝૂલી રહી છે. વીણા તેમજ બંસી પણ યથાસ્થાને જોવામાં આવે છે.

સેનાપતિને પોતાની સ્હામેજ જોઇને સઘળા ભીલોએ ગગનને ગજવી મૂકે એવા ઉચ્ચ સ્વરે વારંવાર જુમેલિયાની વિજયગર્જના કરવા માંડી. એ વિજયગર્જના સમસ્ત અરણ્યમાં ફેલાઈ જઈ—ઘણે દૂર સુધી પહોંચીને વાયુમાં મળી જવા લાગી. જુમેલિયાએ સૈનિકો પાસે આવી તેમને શાંત થવાનું સૂચવી ઘણાજ નમ્ર, ગંભીર તેમજ મધુર સ્વરે કહ્યું:—“ મ્હારા પ્રાણાધિક શૂરવીર સૈનિકો ! આજે બરાબર એક વર્ષે મ્હેં તમને એક અગત્યની સૂચના આપવાને માટે અત્રે એકત્ર કર્યા છે. તમે હમ્મેશાં યુદ્ધસજ્જાથી સુસજ્જિત રહેજો; કેમકે, થોડા સમયમાંજ બરવાણી રાજ્યમાં મ્હોટી ઉથલપાથલ થવાની છે—બરવાણી રાજ્ય ઉપર યવનો ચઢાઇ કરનાર છે અને હું ધારૂં છું કે, યવનોની અસંખ્ય સેના આગળ બરવાણીના થોડા પરંતુ રણઘેલા રાજપૂતો સ્વદેશનું સંરક્ષણ કરી શકનાર નથી—મૃત્યુની મુલાકાત લીધા સિવાય પાછા હઠનાર નથી. બરવાણી રાજ્યના મહા-

રાણાએ આપણા ઉપર અનેક ઉપકારો કર્યા છે, અને ભવિષ્યમાં પણ તેઓ અનેક ઉપકારો કરશે માટે તેમને યુદ્ધ પ્રસંગે આપણે આપણાથી બનતી સહાયતા કરવી એ આપણું મુખ્ય કર્ત્તવ્ય છે. યુદ્ધ પ્રસંગે આપણને આમંત્રણ કરવામાં આવે યા તો ન આવે તો પણ આપણે યુદ્ધમાં ઉતરવુંજ જોઇએ. હવે તમે સહુ ઇચ્છામાં આવે ત્યાં જાઓ; પરંતુ જો જો, મ્હારી સૂચના પ્રત્યે દુર્લક્ષ્ય કરશો નહિ.”

ભીલોએ પોતાના બહાદુર સેનાપતિની સૂચના સાંભળી લઇ સેનાપતિનો વારંવાર જયધ્વનિ કર્યો. સેનાપતિ જુમેલિયા ભીલ લોકોમાં ભીલની માફક ભળી ગયો. હવે તેના વદનમંડળ પર થોડા સમય ઉપર હતી એવી ગંભીરતા નથી, સેનાપતિનો ભાવ નથી. હવે તે પોતાના પ્રાણપ્રિય ભીલમંડળમાં ભળી ગયો. તે આનંદોત્સવમાં મસ્ત બની ગયો. તેની સુમધુર અમૃત વર્ષાવતી વીણાનું ગાન સાંભળી સકળ ભીલમંડળ મુગ્ધ બની ગયું.

બીજે દિવસે સઘળા ભીલો પોત પોતાના મુકામ તરફ વિદાય થઇ ગયા. પુનઃ એ નિર્જન—શાંત અરણ્યમાં ભીષણ શાંતિ ફેલાઇ ગઈ. હવે ત્યાં જનમાનવનો અવાજ નથી. આનંદોત્સવનો ગગનને ગજવી મૂકે એવો કોલાહલ નથી. માત્ર આ શાંત—એકાંત અરણ્યમાં એકલી વનવાસિની મધુર ગાન લલકારતી લલકારતી વિવિધ સ્થળોએ ફરતી જોવામાં આવે છે.

પ્રકરણ ૧૪ મું.

રાક્ષસી મહત્વાકાંક્ષા!

“ મચાદે ધુમ મકતબમેં દિલાદે જોશ મસ્તીકા,
ઉઠાલે હાથમાં ખંજર મિટાદે ઈસકી હસ્તીકા;

ઝીગરકે ટુકડે ટુકડે કર અલગ કર ખુપરસ્તીકે,
મિલાદે ખાકમેં જલદી બલન્દી ઔર પરતીકો.
દરેગર કત્લ કરદેગા મય તુઝકો શાહ કરદુંગી,
તેરા ઉજડા હુઆ અથવાં અભી આબાદ કરદુંગી. ”

ગરવિણી ગૌરવ હવે પ્રથમના જેવી ગૌરવ નથી. પૂર્વે તે જેવી રીતે ગંભીર રહેતી હતી તેથી વિશેષ ગંભીર હવે તે રહે છે. હવે તે સખીઓની સાથે આનંદવિનોદ કરતી નથી. પોતાની બ્હેન સૌરભની મુલાકાત પણ તે ભાગ્યેજ લે છે. તેના અંતરમાં કોઈ જૂદીજ ચિંતા ચાલી રહી છે.

તે પોતાના શયનમંદિરમાંજ ચિંતાતુર સ્થિતિમાં બેસી રહે છે. તે શી બાબતની ચિંતા કરે છે તેની માહિતી માત્ર તેને પોતાનેજ છે. અનેક યત્નો કર્યા છતાં પણ તેની ચિંતા અન્ય કોઈ જાણી શકે તેમ નથી. જો કે એથી કોઇને વિશેષ નુકશાન જેવું નહોતું; પરંતુ તેના ભાવમાં અચાનક આવો ફેરફાર થયાથી જાણે કે સમસ્ત અંતઃપુરમાંથી આનંદવિનોદ ઉડી ગયો છે—સુખશાન્તિનો નાશ થયો છે.

તો પણ સુખની વાત એ છે કે ગૌરવે જલદીથીજ રાજમહાલયનો ત્યાગ કર્યો. મહારાણાએ પુત્રને માત્ર ‘ રાજા ’ ઉપાધિ અર્પણ કરીનેજ આનંદ માન્યો નહિ. તેમણે પુત્રને એક મ્હોટી જાગીર અને એક સુંદર વિશાળ મહાલય અર્પણ કરીને તેને ત્યાં રહેવાની સંપૂર્ણ વ્યવસ્થા કરી આપી. રાજા જાલિમસિંહ પોતાની પત્ની ગૌરવની સાથે એ વિશાળ મહાલયમાં જઈ રહ્યો. ગૌરવે રાજમહાલયનો ત્યાગ કરી બીજા મહાલયમાં નિવાસ કર્યો એટલે રાજમહાલયમાં પાછો પૂર્વેના જેવો આનંદવિનોદ શરૂ થયો—સુખશાંતિ ફેલાઈ ગઇ.

જાલિમસિંહ રાજા થયો છે. તેને મ્હોટી જાગીર મળી છે. તેથી આ પ્રસંગે તેને એક આનંદોત્સવ કરવાની જરૂર છે. જાલિમ-

સિંહ નવીન મહાલયમાં રહેવા આવ્યા પછી આવો આનંદોત્સવ કરવાની ખટપટ કરવા લાગ્યો. ગાન, તાન; નાચ, ભોજન વગેરે વિવિધ પ્રકારના આમોદ પ્રમોદનું આયોજન થવા લાગ્યું. દેશના સઘળા માનનીય પુરૂષોને નિમંત્રણ કરવામાં આવ્યું. મહારાણા અને યુવરાજ લલિતસિંહ પણ આ આનંદોત્સવમાં હાજરી આપનાર છે. જાલિમસિંહ આ આનંદોત્સવને માટે જળની માફક દ્રવ્યનો વ્યય કરે છે. કોઇ પણ પ્રકારની ખામી ન રહે એવીજ તેની ઇચ્છા છે.

માત્ર બરવાણી રાજ્યનાજ માનનીય પુરૂષોને નિમંત્રણ કરવામાં આવ્યું છે એમ નથી. રાજ્યની સાથે સંબંધ ધરાવનારા ન્હાના મ્હોટા પુરૂષોને પણ નિમંત્રણ કરવામાં આવ્યું છે. દરિદ્ર તેમજ ભિક્ષુક માણસોને ભોજનનું તેમજ દ્રવ્યનું દાન આપવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ આનંદોત્સવની વાત સમસ્ત બરવાણી રાજ્યમાં જાહિર થઇ ગઇ છે. લોકોનાં ટોળે ટોળાં દેશેદેશથી આવે છે—દેશેદેશમાંથી દરિદ્ર તેમજ ભિક્ષુક માણસો આનંદથી દોડી આવતાં જણાય છે.

આનંદોત્સવની આગલી રાત્રે ગૌરવ પતિ પ્રત્યે અપાર પ્રેમ પ્રદર્શિત કરવા લાગી—તેવો પ્રેમ—તેવો સ્નેહ જાલિમસિંહે પૂર્વે કદાપિ જોયો નથી. તે પત્નીનો પ્રેમ જોઇને એકદમ મુગ્ધ બની ગયો. આથી ગૌરવ એકાએક બોલી ઉઠીઃ—" પતિદેવ ! તમેજ આ રાજ્યના મહારાણા થશો. "

આ વાક્ય સાંભળી જાલિમસિંહ ચમકી ઉઠયો. તેણે કહ્યુંઃ— " ગૌરવ ! તું આવી વાત મ્હને ફરીથી કદાપિ કહીશ નહિ. એ વાત સાંભળતાંજ મ્હારો પ્રાણ ધ્રૂજી ઉઠે છે—મસ્તકમાં ભયંકર વેદના થાય છે—આંખો સ્હામે અંધકાર ફરી વળે છે. કુટુંબદ્રોહી થઇ પ્રચંડ પાપની પથારી પાથરી તેના ભયંકર અગ્નિમાં અંગને

બાળી ભસ્મ કરી દેવાની ઇચ્છા રાખતો નથી. વનવાસિની દેવબાળાની ભયંકર ભવિષ્યવાણિ મ્હેં જ્યારથી સાંભળી છે ત્યારથી મ્હારો જીવ બળીને ખાક થઈ જાય છે. ગૌરવ ! તું મ્હને આવી વાત ફરીથી કદાપિ કહીશ નહિ. ”

ગૌરવે નમ્ર સ્વરે કહ્યું:–“ સ્વામિન્ ! એ ભયંકર ભવિષ્યવાણિ ભાખનાર ભામિની વનવાસની નહિ પરંતુ સાક્ષાત દેવી હોવી જોઇએ. તેણે જે કહ્યું છે તે સાચું ઠરશે; આ રાજ્યનું સિંહાસન તમને મળશે, અને મહારાણી થવાની મ્હારી ધારણા ફળશે. ”

જાલિમસિંહ તરતજ ઉઠી બેઠો થયો. તેણે કહ્યું:–“ ના ના, પ્રાણાધિકે ! તું ભૂલે છે. જ્યાં સુધી લલિતસિંહ જીવે છે ત્યાં સુધી એ વનવાસિનીની ભવિષ્યવાણિ ફળનાર નથી—મ્હને આ રાજ્યનું સિંહાસન મળનાર નથી. ”

ગૌરવે કોઇ પણ પ્રકારનો વિચાર કર્યા સિવાય કહ્યું:–“ એને મરતાં કેટલી વાર લાગશે ? ”

ગૌરવનું આ વાક્ય એક તીક્ષ્ણ તીરની માફક જાલિમસિંહના હૃદયમાં વિંધાઇ ગયું. તેણે ગૌરવના મુખ તરફ ઘણા સમય સુધી ટગર ટગર જોઈ રહીને કહ્યું:–“ ગૌરવ ! જે દિવસથી મ્હને મ્હોટી જાગીર તેમજ આ વિશાળ મહાલય મળ્યાં છે તે દિવસથી હું એક પ્રકારના અપૂર્વ સુખનો અનુભવ કરી શકું છું—ક્વચિત્ મ્હારા અંતરમાં એવો વિચાર પણ ઉપજે છે કે, માત્ર રાજા થવાથી આટલું સુખ મળી શકે છે તો પછી મહારાણા થયાથી કેટલું બધું સુખ મેળવી શકાય ? ! ”

ગૌરવ:–મહારાણા થવામાં કેટલું બધું સુખ છે તે હું સારી રીતે જાણું છું.

જાલિમસિંહ:–ગૌરવ ! તું મ્હને શું કરવાનું કહે છે ?

ગૌરવ:—મ્હારી વાત સાંભળશો ? જો સાંભળો તો કહું ?

જાલિમસિંહ:—ત્હારી વાત હું નહિ સાંભળું તો આ સંસારમાં બીજા કોની વાત સાંભળીશ ?

ગૌરવ:—ત્યારે હું તમને યોગ્ય સલાહ આપું છું, સાંભળો.

અપાર પ્રેમ દર્શાવતાં ગૌરવે પતિનું મસ્તક પોતાના હૃદય ઉપર મૂકીને સ્નેહ, પ્રેમ તેમજ લાલસાથી ભરેલા મધુર સ્વરે કહ્યું:—"નાથ ! તમેજ મહારાણા થશો. લલિતસિંહ મૂર્ખ છે, સરળ છે, બ્હીકણ છે તથા યુદ્ધવિદ્યાથી અજ્ઞાન છે—લલિતસિંહનામાં મહારાણા થવા જેવો એક પણ ગુણ નથી. તમેજ મ્હારા હૃદયસર્વસ્વ છો—આ રાજ્યના મહારાણા થવાને સર્વાંશે યોગ્ય છો. તમારામાંજ મહારાણા થવાના સઘળા ગુણો છે તેથી પરમાત્માની પણ એવીજ ઇચ્છા છે. એ માટે સહજ પણ સંદેહ નથી. પાછું તમારૂં હૃદય વિચલિત ન થાય—આ રાજ્યના સિંહાસનનો માલિક તુચ્છ તેમજ મૂર્ખ જીવ લલિતસિંહ ન થાય એટલા માટેજ કલ્યાણકારિણી દેવીએ બાળિકાના સ્વરૂપમાં તમને દર્શન દઇને આ વાત કહી સંભળાવી છે. હવે તો જો તમે મહારાણા ન થાઓ તો એ તમારો પોતાનોજ દોષ છે."

જાલિમસિંહે ઘણા વખત સુધી શાન્ત બેસી રહ્યા પછી કહ્યું:—"લલિતસિંહ હજી જીવે છે ત્યાં સુધી તો હું મહારાણો થઇ શકનાર નથી."

ગૌરવ:—એને મરતાં કેટલી વાર લાગશે ?

જાલિમસિંહ:—જીવનનું કાંઇ ઠેકાણું નથી એ સત્ય છે; પરંતુ લલિતસિંહનું અકાળે મૃત્યુ થાય એવી આશા નથી.

ગૌરવે સિંહણની માફક ઉઠી બેઠી થઇને કહ્યું:—"સ્વામિન્ ! આજ સુધી હું તમને મહા વીર પુરૂષ સમજતી હતી—હું સમજતી હતી કે, તમે તમારી ઉન્નતિના માર્ગમાં પડેલા કંટકને જડમૂળથી ઉખેડી નાંખશો અને કાળક્રમે આ વિશાળ રાજ્યના મહારાણા થશો; પરંતુ

તમે આવા શક્તિહીન—નામર્દ છો એવું તો આજેજ હું જાણી શકી."

જાલિમસિંહઃ—ગૌરવ ! તું વિચાર કરી જો કે એ કાર્ય મનુષ્યથી બની શકે ખરૂં કે ? એ વાતનો વિચાર કરતાંજ જીવ કંપી ઉઠે છે. પ્રાણેશ્વરિ ! તું મ્હને રાજ્યલોભથી લોભાવીશ નહિ—મ્હને નરકકુંડમાં નાંખીશ નહિ.

ગૌરવઃ—પોતાના સુખને માટે અનેક મનુષ્યોએ સગા ભાઇઓનો તેમજ માતા પિતાનો વિનાશ કર્યાનાં ઉદાહરણો જગતના ઇતિહાસમાં ઘણાંજ જોવામાં આવે છે. તમે ભય શા માટે રાખો છો ? તમે મહારાણા થાઓ એવી દેવતાની પણ ઇચ્છા છે. તેથી સિંહાસન પ્રાપ્ત કરવા માટે થોડો ઘણો શ્રમ વેઠવો એ તમારૂં કર્તવ્ય નથી કે શું ? પ્રિયતમ ! મ્હને તમે તમારા પ્રાણ કરતાં પણ વિશેષ ચ્હાઓ છો તો પછી મ્હને આ વિશાળ રાજ્યની મહારાણી બનાવવાની ઇચ્છા તમારા અંતરમાં ઉપજતી નથી કે શું ? શું તમે મ્હારા ઉપર માત્ર આવો ઉપરનોજ પ્રેમ રાખો છો કે ?

જાલિમસિંહ બે હાથમાં પોતાનું મ્હોં છુપાવી રડી પડ્યો. તેણે કહ્યું:—"ગૌરવ ! તું શા માટે મ્હને અધર્મને માર્ગે લઇ જવાની ઇચ્છા રાખે છે ? પાપકાર્ય કરી દુનિયામાં કોણ સુખી થઇ શક્યું છે ? વિચારી જો કે, કૌરવોએ પાંચ પાંડવો વિરૂદ્ધ અનેક કારસ્થાનો કરી શો સાર કાઢ્યો છે ? પુણ્યમાર્ગ પર રહીને મનુષ્ય એક ઝુંપડીમાં જે સ્વર્ગીય સુખ ભોગવી શકે છે તેવું સુખ પાપમાર્ગ પર રહીને વિશાળ રાજમહાલયમાં—અનેક દાસ દાસીની સેવા ચાકરી પામતાં—પણ મેળવી શકાતું નથી. પુણ્યમાંજ સુખ અને પાપમાંજ દુઃખ છે. તું હવે મ્હને વધારે ન લોભાવ."

ગૌરવ વિશેષ રોષાવેશમાંજ બોલી ઉઠીઃ—"નાથ ! તમે જાણો છો કે, જરૂર આવ્યે હું મ્હારા પોતાના દૂધપાન કરતા બાળકને

પણ પત્થર સાથે પછાડી શકું તેમ છું. જરૂર આવ્યે હું મ્હારા પિતાની છાતીમાં પણ તીક્ષ્ણ કટારનો ઉંડો ઘા કરી શકું તેમ છું. મ્હારા જેવી એક અબળામાં આટલી બધી પ્રબળતા તેમજ સાહસ છે અને તમે વીર પુરૂષ થઈ આવું નજીવું કાર્ય પાર ઉતારતાં પાછા હઠો છો ? શરમ છે ! ”

આમ કહીને તિરસ્કાર દર્શાવી ગૌરવ ત્યાંથી ચાલી જવા લાગી. જાલિમસિંહે તેના વસ્ત્રનો પાલવ પકડીને કહ્યું:–“ તું આટલી બધી ક્રોધે કેમ ભરાય છે ? ”

ગૌરવ:–મ્હને જવા દ્યો અહિંથી, તમારી પાસે બેસતાં પણ મ્હને શરમ ઉપજે છે.

જાલિમસિંહે ગંભીરતાથી કહ્યું:–“ ગૌરવ ! ત્હારૂં કહેવું ખરૂં છે. હું બ્હીકણુ—નામર્દ છું—પોતાના સુખના માર્ગને જે નિષ્કંટક ન બનાવે તેને મૂર્ખજ કહી શકાય ! ”

ગૌરવના વદનમંડળ પરથી ચિંતાની તેમજ ક્રોધની છાયા ક્ષણ માત્રમાં અદ્રસ્ય થઈ ગઈ. તેણે કહ્યું:–“ હવે સમજ્યા ખરા. જાલિમસિંહના મુખમાં આવાજ શબ્દો છાજે છે. ”

જાલિમસિંહ:–ગૌરવ ! આપણા સુખના માર્ગને નિષ્કંટક કરવાનો તું શો ઉપાય દર્શાવે છે ?

ગૌરવ:–તમે મ્હારી સલાહ સ્વીકારશો ? હું જે કાંઈ કરવાનું કહું તે નિર્ભયતાથી કરી શકશો ?

જાલિમસિંહ–પ્રાણાધિકે ! હું ત્હારી સલાહ પ્રમાણે નહિ ચાલું તો કોની સલાહ પ્રમાણે ચાલીશ ?

ગૌરવ:–આજે આનંદોત્સવમાં લલિતસિંહ આપણા મહાલયમાં આવનાર છે. આજેજ તમે સહેલાઈથી તમારૂં કાર્ય પાર ઉતારી શકો તેમ છો–લલિતસિંહનો જીવ લઈ શકો તેમ છો !

ઝાલિમસિંહ–ગૌરવ ! પ્રિયે ! તું અબળા નહિ પરંતુ પ્રબળા છે. ત્હારા વીરત્વનો વિચાર કરતાં મ્હારો પ્રાણ કંપી ઉઠે છે.

ગૌરવઃ–જો હજી પણ તમારામાં હિમ્મત ન હોય તો તમે આ કાર્ય કરવા તત્પર થશો નહિ—મ્હારી સલાહને સ્વીકારશો નહિ. અરેરે ! તમારા જેવા ભીરૂ પતિની હું પત્ની છું એ વિચાર આવતાં મ્હને મ્હારી જાત પર સંપૂર્ણ તિરસ્કાર ઉપજે છે. હું એમજ સમજીશ કે મ્હારા પતિની નિર્બળતાથીજ હું આ વિશાળ રાજ્યની મહારાણી થઈ શકી નથી. તમારા જેવા ભીરૂ પુરૂષ આ રાજ્યના મહારાણા થવાને તદ્દન અયોગ્ય છે.

જાલિમસિંહઃ–ગૌરવ ! ઘણું થયું. તું હવે ત્હારાં તીક્ષ્ણ વાગ્બાણોથી મ્હને વીંધી નાંખ નહિ. હવે હું હિંમતથી ડગનાર નથી, ધારેલા કાર્યને પાર ઉતારવામાં પાછું પગલું ભરનાર નથી. બસ ખૂન–ખૂન કરવાને મ્હારી તીક્ષ્ણ તેજસ્વી તલવાર તલપી રહી છે. આજથી હું માણસ નહિ પરંતુ વિકરાળ કાળ થયો છું—મહા ભયંકર રાક્ષસ બન્યો છું. કોઇ પણ રીતે હું લલિતસિંહનો જીવ લઈશ—તને આ વિશાળ બરવાણી રાજ્યનાં મહારાણી બનાવીશ. ગૌરવ ! પ્રિયે ! ત્હારે માટે હું ન કરી શકું એવું એક પણ કાર્ય આ આલમમાં નથી. ત્હારાં વાગ્બાણોથી હું વીંધાઈ ગયો છું–સમજ કે આજથી હું લલિતસિંહનું હૃદય–લોહી પીવાને તૃષાતુર બન્યો છું.

ગૌરવઃ–પ્રિયતમ ! હવે હું ચોક્કસ સમજી શકી કે, તમે આ રાજ્યના મહારાણા થવાને સર્વાંશે યોગ્ય છો. તમેજ અદ્વિતીય વીર પુરૂષ છો. તમે હિમ્મતથી લલિતસિંહનો વિનાશ કરવા તત્પર થ ઓ–હું તમને શુભાશીર્વાદ આપું છું કે આ કાર્યમાં તમે વિજયી થ.ઓ.

પ્રકરણ ૧૫ મું.

રંગમાં ભંગ.

" છોડદું ગો કાલી નાગન તુઝકો જીન્દી છોડ દું,
સર પટકદું યાકે તેરી ખુની આંખે ફોડદું. "

લલિતસિંહ જાલિમસિંહને ત્યાં આનંદોત્સવમાં જવાને તૈયાર થયો છે. સૌરભ તેને ત્યાં નહિ જવા માટે કરગરીને કાલાવાલા કરે છે. લલિતસિંહ તેને સાંત્વના આપીને, મધુર વચનો કહીને ઘણી સમજાવે છે; પરંતુ સૌરભ કોઈ પણ પ્રકારે સમજતી નથી. તે પતિના હૃદય ઉપર મ્હોં દબાવી રૂદન કર્યા કરે છે—ત્હેનું ચક્ષુજળ અટકતુંજ નથ. લલિતસિંહ તેને ઘણી સમજાવે છે; પરંતુ તે સમજતીજ નથી.

બરવાણી પ્રદેશના રહેવાસીઓ આજે આનંદમાં મસ્ત બન્યા છે—આજે રાજા જાલિમસિંહના મહાલયમાં ઘણી ધામધૂમ ચાલી રહી છે—મહારાણા કેટલાક પ્રતિષ્ઠિત પુરૂષોની સાથે પુત્રના મહાલયમાં ગયા છે—લલિતસિંહ પણ તેમની સાથેજ જનાર હતો; પરંતુ હજી તે જઈ શક્યો નથી. સૌરભે તેને જવા દીધો નથી. સૌરભ કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય રડ્યા કરે છે. પતિના કંઠને વળગી પડી તે માત્ર એટલુંજ કહ્યા કરે છે કેઃ—" પતિદેવ ! દાસી પર દયા લાવીને આજે આનંદોત્સવમાં ન જાઓ. " શા માટે સૌરભ આજે આ પ્રમાણે કરે છે ? તેની આકુળતા જોઇને લલિતસિંહ પોતાના ચક્ષુજળને અટકાવી શકતો નથી. તે મહાકષ્ટે ચક્ષુજળને અટકાવી રાખે છે—મહાકષ્ટે સૌરભને શાન્ત કરવાનો યત્ન કરે છે.

રૂદન કરી કરીને થાકી જઇ સૌરભ પતિના હૃદય પર મસ્તક મૂકી ઉંઘી ગઈ. લલિતસિંહે વિચાર્યુંઃ—" જાલિમસિંહને ત્યાં આજે

હું આનંદોત્સવમાં નહિ જઉં તો સહુ કોઇ ઉંધી ધારણાઓ બાંધશે. પિતામહને પણ ઘણું માઠું લાગશે; પરંતુ આજે સૌરભ મ્હને શા માટે ત્યાં જવાની ના કહેતી હશે ? શું ત્યાં મ્હારા ઉપર કોઇ પણ પ્રકારનો જુલ્મ ગુજરવાનો હશે ? ના ના–એમ બનવું સર્વથા અસંભવિત છે. ”

આમ વિચારી લલિતસિંહે ઘણીજ સાવધાનતાથી સૌરભનું શિર પોતાના હૃદય પરથી ખસેડી ઉશિકા ઉપર ગોઠવ્યું. પછીથી તે ચુપચુપ શયનમંદિરની બ્હાર નીકળી પડ્યો.

જાલિમસિંહના મહાલયની આસપાસ મધુર તેમજ કર્ણપ્રિય વાજીંત્રો વાગી રહ્યાં છે. દરવાજે દરવાજે નોબત બેઠી છે. રાજા જાલિમસિંહનો મહાલય વિવિધ પ્રકારના રંગબેરંગી દીપકોથી પ્રકાશી રહ્યો છે. નાચતાન જોવાને માટે અસંખ્ય માણસો મહાલય પાસે એકઠાં થઇ ગયાં છે.

આ માણસોની સખ્ત ભીડમાં એકાએક ગગનને ગજાવી મૂકે એવો જયધ્વનિ થયો. બન્ને બાજુનાં માણસોએ ખસી જઇ માર્ગ ખુલ્લો કરી નાંખ્યો. ચારે તરફ એકાએક ભયંકર કોલાહલ થઈ રહ્યો. આ કોલાહલમાં યુવરાજ લલિતસિંહ જાલિમસિંહના મહાલય તરફ આવે છે.

સૈન્ય તેમજ શરીરરક્ષકોની વચ્ચે લલિતસિંહે ઘોડેસ્વાર બનીને વિશાળ પ્રાસાદમાં પ્રવેશ કર્યો. એવામાં એકાએક કોઇએ આવીને તેના ઘોડાની લગામ પકડી રાખી. પહેરેગીરોએ એ વ્યક્તિને દૂર ખસેડવાનો યત્ન કરવા માંડ્યો; પરંતુ એ વ્યક્તિ દીવાની હતી. પહેરેગીરો એ દીવાનીના અંગને સ્પર્શ કરવાની તૈયારીમાં હતા; પરંતુ લલિતસિંહે હસ્તસંકેતથી તેમને દૂર ખસી જવાની આજ્ઞા કરી. દીવાની બાળિકા તરફ જોતાં હૃદય ફાટી જાય એવો તેનો દેખાવ

હતો. તેને જોતાંજ લલિતસિંહના અંતરમાં એક પ્રકારનો નૂતન ભાવ ઉપજ્યો.

લલિતસિંહ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો. ધીમે ધીમે તેણે દીવાનીની પાસે જઇને તેના હાથ પકડ્યા અને કહ્યું:—"બાળા! તું મ્હારી સાથે આવ. આજથી હું ત્હારૂં સંરક્ષણ કરીશ—તને કોઈ પણ જાતનું દુઃખ પડવા દઇશ નહિ. ગાંડી ગાંડી કહીને તને કોઈ ખિજવી શકશે નહિ."

આ વાક્યો સાંભળી દીવાની મ્હોટેથી હસી પડી. એ હાસ્ય અટક્યુંજ નહિ. ભાંગમાં મસ્ત બનેલું મનુષ્ય જેવી રીતે ખડખડાટ કરતું હસ્યા કરે છે તેજ પ્રમાણે દીવાની પણ હસવા લાગી. આ પ્રકારથી લલિતસિંહ ઘણો શરમાઇ ગયો. પોતાના શરીરરક્ષકોને સંબોધીને તેણે કહ્યું:—"તમારામાંથી એક જણ આ ગાંડીને રાજમહાલયમાં લઈ જાઓ, અને તેને ભોજન કરાવો."

આ સમયે દીવાનીનું હાસ્ય અટકી ગયું. તેણે ગંભીરતાથી પોતાનું મસ્તક ઉંચું કરીને કહ્યું:—"યુવરાજ! હું કોણ છું તે તમે જાણો છો?"

લલિતસિંહ આ પ્રશ્નના ઉત્તરમાં કાંઇ કહે એટલામાં તો કોઇ બોલી ઉઠ્યું:—"કહે કહે ગાંડી! કે તું કોણ છે?"

દીવાનીએ ઉત્તર આપ્યો:—"હું આ વિશાળ બરવાણી રાજ્યની મહારાણી છું."

આ ઉત્તર સાંભળવામાં આવતાં સહુ કોઇને હસવું આવ્યું. લલિતસિંહ આ ઉત્તર સાંભળી ઘણો શરમાઇ ગયો. આ દીવાની પાસે ઉભા રહી વખત ગૂમાવવામાં સાર નથી એમ વિચારી તેણે પ્રાસાદમાં પ્રવેશ કર્યો.

દીવાની મ્હોટેથી રડી પડી. તેના રૂદનધ્વનિથી લલિતસિંહનું

કોમળ હૃદય ઘણું દુઃખી થયું. તે ચમકીને પાછો ફર્યો. આ સમયે દીવાનીએ તેના તરફ હાથ ઉંચો કરીને કહ્યું:–" યુવરાજ આ આનંદોત્સવમાં તમે જશો નહિ ! જશો નહિ ! " આમ બોલીને દીવાની લોકોની ભીડમાં ભળી જઇને નાચવા કૂદવા લાગી. તેનો આવો ભયંકર ભાવ જોઇ ભય પામીને લોકોએ તેને માર્ગ આપ્યો. દીવાની તીર વેગે ત્યાંથી નાસવા લાગી. દીવાનીનું આવું આશ્ચર્યજનક કાર્ય જોઇને સહુ કોઈના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. લલિતસિંહ પણ પ્રાસાદમાં પ્રવેશ કરતાં ભય પામવા લાગ્યો. સહુ કોઈ દીવાનીનાં વાક્ય સાંભળી હસે છે; પરંતુ લલિતસિંહ ભાવી ભયની ભાવનાથી ધ્રૂજે છે. તેણે વિચાર્યું:–" આજે જરૂરથી મ્હારા પર કોઈ પણ પ્રકારનો જુલ્મ ગુજરશે નહિ તો સૌરભ મ્હને શા માટે અત્રે આવતો અટકાવવાનો યત્ન કરે ? દીવાની બાળિકા શા માટે મ્હને પ્રાસાદમાં પ્રવેશ કરવાની ના પાડે ? આ બધું શું રહસ્ય છે તે હું સમજી શકતો નથી. "

બે પગલાં આગળ વધીને યુવરાજ લલિતસિંહે પોતાના અંગરક્ષકોને પૂછ્યું:–" એ ગાંડી કોણ છે તે તમે જાણો છો ? "

એક અંગરક્ષકે નમ્રતાથી ઉત્તર આપ્યો:–" મહારાજ ! એ વનવાસિની છે. ભીલ લોકો એ ગાંડીને પોતાની દેવી સમાન સમજે છે. તેનું રહેઠાણ કોઈ ચોક્કસ સ્થળે નથી. તે ભયંકર જંગલમાં રખડ્યા કરે છે તેથી તેને સહુ કોઈ વનવાસિનીના નામથી ઓળખે છે. "

" શું એ વનવાસિની છે ? ! " કહી લલિતસિંહ ઉભો રહ્યો. તેણે ચિંતાતુર બની જઇને કહ્યું:–" હું એ વનવાસિનીને એક વખત મળવાની ઇચ્છા રાખું છું. તમારામાંથી કોઈ જઇને તેની શોધ કરો. "

પરંતુ શોધ કરવાની જરૂર રહી નહિ. કોણ જાણે કે ક્યાંથી વનવાસિનીએ તીર વેગે આવી પહોંચીને પ્રાસાદમાં પ્રવેશ કર્યો. તે

ત્વરાથી આનંદોત્સવમાં પહોંચવાનો યત્ન કરવા લાગી. આવા આનંદોત્સવમાં એક ગાંડી—દીવાની—ભિખારણને પ્રવેશ કરવા દેવો ઉચિત નથી વિચારી પહેરેગીરો તેને આગળ વધતી અટકાવવા લાગ્યા; પરંતુ કોઇ પણ તેને અટકાવી શક્યું નહિ.

દીવાનીના અંગમાં અપાર બળ છે. પહેરેગીરો તેના અંગને સ્પર્શ કરવા જાય છે એટલે તે પ્રત્યેકને એવા તો બળથી ધક્કો મારે છે કે, પહેરેગીર પૃથ્વિ પર આળોટતો—ધૂળ ચાટતો થાય છે. પાંચ સાત સિપાહીઓ તેના હાથ પકડવાની મહેનત કરે છે; પરંતુ તેઓ તેના હાથ પકડી શકતા નથી. તે અનાયાસે તેમના હાથ છોડાવી નાસે છે. જે સમયે લલિતસિંહે પોતાના અંગરક્ષકોને દીવાનીની શોધ કરવાની આજ્ઞા કરી એ સમયે દીવાનીની સાથે પહેરેગીરોનું બાહુયુદ્ધ ચાલી રહ્યું હતું; તેથી કહેવાની જરૂર રહેતી નથી કે, આ પ્રકારથી ત્યાં આગળ ભયંકર કોલાહલ થઈ રહ્યો હતો.

લલિતસિંહનું હૃદય આજે ભયથી ધ્રૂજી ઉઠયું છે. તે ગરબડાટનું કારણ સમજી શક્યો નહિ. તેણે ત્વરાથી આનંદોત્સવમાં પ્રવેશ કર્યો. તેને જોતાંજ મહારાણાએ પૂછ્યું:—" લલિતસિંહ! બહાર શાનો ગરબડાટ થાય છે?"

લલિતસિંહ એ ગરબડાટનું કારણ જાણતો નહોતો; તેથી તેણે કહ્યું:—" મ્હેં એ સંબંધીની તપાસ કરવા માટે સૈનિકોને મોકલ્યા છે."

લલિતસિંહનું વાક્ય પૂર્ણ થતાં ન થતાંમાં તો પહેરેગીરોને સંપૂર્ણ સ્વાદ ચખાડી દીવાની આનંદોત્સવમાં આવી ચડી. તે દોડતી દોડતી મહારાણાના સિંહાસન સ્હામે જઇને ઉભી રહી. પછીથી તાળીઓ વગાડતાં નાચતાં નાચતાં કહેવા લાગી:—" ખસી જાઓ—ખસી જાઓ—હું આ વિશાળ રાજ્યની મહારાણી છું."

એકાએક પોતાના માર્ગમાં ભયંકર ફણિધરને જોઈ મનુષ્ય જે

પ્રમાણે ચમકી ઉઠે—એકાએક પોતાની સ્હામે વજ્રપાત્ થતાં મનુષ્યના અંતરમાં જે ભાવ ઉપજે—એકાએક અણધાર્યું તીર આવીને હૃદયમાં ભોકાતાં જેવી વેદના થાય—તેવુંજ જાલિમસિંહને દીવાની બાળિકા જોવામાં આવતાં થયું. તે આસન પરથી કૂદકો મારી ઉભો થયો. તેનો હાથ આપોઆપ કમર પર લટકતી સમશેરની મુઠ ઉપર પડ્યો. તેણે જાણે કે પોતાનાં નેત્રો સ્હામે એક ભયંકર કટાર ચળકતી જોઇ—ક્ષણ માત્રમાં તે આત્મભાન ભૂલી ગયો. એક દિવસે તેણે પોતાની છાવણીમાં જે ભીષણ મર્મભેદક સ્વપ્ન જોયું હતું—તે આજે તેણે જાગ્રત સ્થિતિમાં જોયું. જે વનવાસિની બાળિકાની ક્ષણે ક્ષણે છાયા માત્ર જોઇને તે ધ્રૂજે છે—જે બાળિકાના ભયને લીધે તે છાવણીનો ત્યાગ કરી સ્વરાજ્યમાં આવ્યો છે તે બાળિકા આજે તેનાજ મહાલયમાં આનંદોત્સવ પ્રસંગે આવીને તેની સ્હામે તીક્ષ્ણ કટાર ઉંચી કરીને કાળમૂર્ત્તિનું સ્વરૂપ ધારણ કરી ઉભી રહી છે. જાલિમસિંહ શું કરવું તેના મ્હોટા વિચારમાં પડી ગયા. થોડા સમય પછી તેણે તલવારને મ્યાનની બ્હાર કાઢી, તથા તે દીવાનીના અંગ પર ઘા કરવા આગળ ધસ્યો. નારીહત્યા થતી જોઇને ચારે તરફના લોકો હાહાકાર કરી ઉઠ્યા. સહુ કોઇ સ્તંભિત તેમજ વિસ્મિત બની ગયા. વૃદ્ધ મહારાણાઃ–" આહ ! આ કેવો ભયંકર બનાવ ! " એમ બોલી ઉઠયા. ચારે તરફ ઘણો ખળભળાટ થઇ રહ્યો.

જાલિમસિંહની સમશેર દીવાનીના મસ્તક પર પડી નહિ. તેની સમશેર સાથે એક બીજી સમશેર અથડાઇ, તથા ઉભય સમશેરોના ઘસારાથી અગ્નિની ચીણગારીઓ ઉડવા લાગી. લલિતસિંહની સમશેરજ જાલિમસિંહની સમશેર સાથે અથડાતી જોવામાં આવે છે. જેમના બન્નેના પ્રેમનો પાર નથી—થોડા દિવસ ઉપર જેમણે જાહિર દરબારમાં એક બીજાને પ્રેમાલિંગન કર્યું છે તેઓજ બન્ને આજે

જાહિર આનંદોત્સવમાં વૃદ્ધ મહારાણાની સ્હામે—તેમના સિંહાસનની પાસેજ એક બીજાની સાથે યુદ્ધ કરવા તૈયાર થયા છે—બન્ને નગ્ન સમશેર હાથમાં લઇને ઉભા છે. વનવાસિનીએ લલિતસિંહના હૃદયમાં આશ્રય સ્વીકાર્યો છે. લલિતસિંહના હૃદયમાં મ્હોં છુપાવી તે રડયા કરે છે. લલિતસિંહ ડાબા હાથથી તેને દબાવી જમણા હાથમાં સમશેર પકડી જાલિમસિંહ સાથે યુદ્ધ કરવાને તૈયાર થયો છે.

આ આનંદોત્સવને દિવસે તેમનો બન્નેનો આવો વિચિત્ર વ્યવહાર જોઇને સહુ કોઈ ભયભીત તેમજ વિસ્મિત બની ગયા. સહુ કોઇ નિસ્તબ્ધ તેમજ શાંત બેસી રહ્યા. કોઇથી એક પણ અક્ષર ઉચ્ચારી શકાયો નહિ. અંતે લલિતસિંહે કહ્યું:—" કાકા ! આ બાળિકાને આશ્રય આપવાને હું કબૂલ થયો છું. વળી એ બિચારી ઉન્માદિની—ગાંડી—છે. તેના ઉપર—એક અનાથ અબળા ઉપર તમે આટલા બધા ક્રોધે શા માટે ભરાઓ છો ? આજે આપણા આનંદોત્સવમાં તેણે હરકત પહોંચાડી છે એમ વિચારીને જો તમે તેના પર ક્રોધે ભરાયા હો તો તેને આપણે અહિંથી બીજે કોઈ સ્થળે મોકલી દઇએ. ગાંડી બાળિકાને સમય તેમજ સ્થાનનું જ્ઞાન કયાંથી હોઈ શકે ? "

મહારાણાએ વિસ્મિત થઇને કહ્યું:—" જાલિમસિંહ ! તને તો મ્હેં કદાપિ આવી રીતે ઉશ્કેરાઈ ગયેલો જોગો નથી. તું આવા આનંદોત્સવને દિવસે નારીહત્યા કરીને બરવાણાના પવિત્ર ક્ષત્રીય વંશમાં કલંક લગાડે છે ! "

શરમને લીધે જાલિમસિંહનું મ્હોં લાલચોળ બની ગયું. તેણે ધીમે ધીમે પોતાની સમશેરને મ્યાનમાં સરકાવી દઇને કહ્યું:— " પિતૃદેવ ! હું કરગરીને આપની પાસે મ્હારા મહાન્ અપરાધની ક્ષમા યાચું છું. આજે મ્હેં શું કર્યું છે તેનું મને જ્ઞાન નથી. હવે

શરમને લીધે મ્હારૂં મ્હોં તમને સહુને બતાવતાં મ્હને મ્હારી જાત ઉપર તિરસ્કાર ઉપજે છે." આમ કહી અન્ય માણુસો પ્રત્યે તેણે કહ્યું:—"આપની સહુની પાસે પણ હું મ્હારા આજના આ અનુચિત કાર્યની ક્ષમા યાચું છું."

હજી પણ દીવાની વનવાસિની લલિતસિંહના હૃદયમાં મ્હોં છુપાવીને રડયા કરે છે. લલિતસિંહે મહારાણા તરફ દૃષ્ટિ કરીને કહ્યું:—"મહારાજ! જો મ્હને રજા આપો તો આ દીવાનીને સાથે લઇ બીજે કોઇ સ્થળે ચાલ્યો જાઉં. જો આ દીવાની અત્રે રહેશે તો તે આજના આનંદોત્સવમાં હરકત કરશે."

વૃદ્ધ મહારાણાએ વિચાર્યું કે, જો લલિતસિંહ આજના ઉત્સવમાં ભાગ નહિ લે તો સહુ કોઈ નારાજ થશે. સહુ એમ વિચારશે કે, લલિતસિંહ અને જાલિમસિંહ વચ્ચે હવે પૂર્વના જેવો પ્રેમ નથી. આથી વૃદ્ધ મહારાજાએ દીવાનીને સાચવવાનો ભાર પોતાના શિર પર લીધો. તેમણે કહ્યું:—"હાં, મ્હને ઠીક યાદ આવ્યું. દીવાનીએ એમ કહ્યું છે કે, તે આ રાજ્યની મહારાણી છે. આથી તે અહિં સિંહાસન ઉપરજ બેસશે. આવ, મહારાણી! તું આજે મ્હારી પાસેના સિંહાસન પર બેસી આ આનંદોત્સવનું દર્શન કર."

મહારાણાનાં આ વાકયો સાંભળી સહુ કોઇ ઉંચે અવાજે હસી પડયા. વનવાસિનીએ ધીમે ધીમે મ્હોં ઉંચું કરીને મહારાણા તરફ જોયું. પછી ધીમે પગલે તે મહારાજાની પાસે જઈ સિંહાસન ઉપર બેઠી. મહારાણાએ પ્રેમપૂર્વક તેને કહ્યું:—"આવ બેસ, તું મ્હારી પાસે બેસી રહે. ગરબડ કરીશ નહિ—જો ગરબડ કરીશ તો સઘળા માણુસો ત્હારી નિંદા કરશે."

આમ કહી થોડી વાર શાન્ત રહ્યા પછી પાછું મહારાણાએ દીવાનીને પૂછ્યું:—"તું કોણ છે?"

વનવાસિનીએ હસીને કહ્યું:–" શું હજી તમે મ્હને ઓળખી શક્યા નથી ? હું આ વિશાળ બરવાણી રાજ્યની મહારાણી છું."

વનવાસિનીના આ ઉત્તરથી પાછાં સહુ કોઇ હસી પડયા. મહારાણા પણ તેનો આ ઉત્તર સાંભળી શરમાઈ ગયા. તેમણે પૂછયું:–" ત્હારૂં નામ શું છે ?"

વનવાસિની:–વનવાસિની.

આમ કહી તેણે ગાન લલકારવા માંડ્યું.

મ્હને કોઇ વ્રજની વાટ બતાવો;
સુજન ગણી પુછું, આગળ આવો.–મ્હને.
સુંદરશ્યામ વ્રજેશ વસે જ્યાં;
ત્યાં મુજને લઇ ત્તઓ..........મ્હને.
આતુર છું સુરશ્યામને મળવા;
મોહથી કોઈ મિલાવો........–મ્હને.

(કવિ ન૦ સું.)

ન્હાની ઓરડીમાં પૂરાઇ રહેલા કેદીની પાસે ભયંકર ફણિધરને મૂકવાથી કેદી ભયની ભાવનાથી જેવો હાવરો બાવરો બની જાય તેમજ સ્થિતિ વનવાસિનીની પાસે બેસી રહેલા જાલિમસિંહની થઇ. તે ક્વચિત્ આ બાજુ તરફ ફરે છે તો ક્વચિત્ બીજી બાજુ તરફ ફરે છે. તે નાચનારીના ગાનતાન તેમજ નાચ તરફ લક્ષ્ય આપવા જાય છે. ઉત્સવાનંદમાં ભાગ લેવાની ઇચ્છા કરે છે; પરંતુ તેનાથી કાંઇ બની શકતું નથી—તે પોતાના હૃદયને સ્થિર કરી શકતો નથી !

જે દિવસે મહારાણા થવાની ઇચ્છાથી તે એક મહા ભયંકર કાર્ય કરવાને તૈયાર થયો તેજ દિવસે તેને તેનું ભવિષ્ય સ્પષ્ટતાથી દર્શાવવાને માટે દીવાની—ભયંકર ભવિષ્યવાણિ ભાખનારી બાળિકા ત્હેની સ્હામે આવીને હાજર થઇ ! તેણે વનવાસિનીને મંદિરમાં

આજના જેવા વેષમાં જોઈ નહોતી. આથી તે પોતાના અંતરાત્માને વારંવાર એવો ઉપદેશ આપવા લાગ્યો કેઃ–" આ દિવાની બાળિકા એ મંદિરમાંની માયાવિની નથી. જો આ બાળિકા તેજ હોય તો પછી તે ગાંડી કેવી રીતે થઇ ? ના ના—હું ભ્રમમાં ભૂલું છું. આ, એ બાળિકા નથી. આમ વિચારી જાલિમસિંહે વનવાસિની તરફ જોવાનો યત્ન કર્યો; પરંતુ તેની સ્હામું જોવાનું સાહસ તે કરી શકયો નહિ."

ધીમે ધીમે તે વિશેષ વ્યાકુળ બની ગયો. તેને અસાધારણ દુઃખ થવા લાગ્યું. કલ્પના જે ભયંકર ભાવ ઉપજાવે છે તેવો ભયંકર ભાવ બાજાથી ઉપજતો નથી. જાલિમસિંહ તરતજ ઉઠી ઉભો થયો. પછીથી તેણે મહારાણાને કહ્યું:–" જો રજા આપો તો હું અહિંથી વિદાય થાઉં. આજે એકાએક મ્હારી તબિયત બગડી છે. હું હવે અત્રે બેસી શકતો નથી."

પુત્રની ચંચળતા જોઇને મહારાણા પણ ભય પામ્યા. તેમણે વિચાર્યું:–" વિશેષ મહેનતથીજ જાલિમસિંહનું શરીર બગડ્યું હશે. તે થોડો સમય વિશ્રાંતિ લેશે એટલે તબિયત ઠેકાણે આવી જશે." આમ વિચારી તેમણે કહ્યું:–" જા, ઘણા દિવસથી ત્હેં મહેનત ઉઠાવી છે, તેથી થોડો સમય વિશ્રાંતિ લઇશ એટલે આરામ થઈ જશે."

રજા મળતાંજ ક્ષણ માત્રમાં જ જાલિમસિંહ આનંદોત્સવમાંથી ઉઠી ચાલ્યો ગયો.

જેવો જાલિમસિંહ આનંદોત્સવમાંથી ઉઠી ચાલ્યો ગયો કે, તરતજ વનવાસિની પણ સિંહાસન પરથી ઉઠી ઉભી થઇ. અત્યાર સુધી તે લાકડાની પૂતળીની માફક સિંહાસન પર બેસી રહી હતી. એકાએક તે પણ ઉઠી બૂમો પાડતી પાડતી આનંદોત્સવમાંથી બ્હાર નીકળી પડી. તે " ના કરો, ના કરો." કહીને બૂમો પાડતી પાડતી

ક્ષણ માત્રમાં અસંખ્ય મનુષ્યોની ગિર્દીમાં મળી જઇ અદ્રસ્ય થઈ ગઇ. તેની બૂમોના અવાજથી સમસ્ત પ્રાસાદ જાણે કે કંપી ઉઠયો.

ગાનારી પણ ભયભીત બની જઈ શાન્ત થઇ ગઈ. વાદક વાજીંત્ર વગાડતા બંધ પડી ગયા. આનંદોત્સવમાં એકત્ર થયેલા સઘળા લોકો ભયભીત તેમજ વિસ્મિત બની જઈ ઉભા થઈ ગયા. જે ઠેકાણે થોડા સમય પૂર્વે ગાન તાનના મધુર આલાપો થતા હતા તે સ્થાન અત્યારે સ્મશાનભૂમિના જેવું શાન્ત બની ગયું.

મૌનનો ભંગ કરી મહારાણાએ કહ્યું:-" આજે ઘણોજ આનંદ-વિનોદ થયો છે. હવે આપણે સહુએ વિશ્રામ લેવા જવું જોઇએ, આજનો ઉત્સવ હવે સમાપ્ત કરવામાં આવે છે. "

સહુના મનમાં આજે કાંઈ નૂતન ભાવ ઉપજ્યો હતો—સહુ કોઈ પોતપોતાને ઘેર જવાને વ્યાકુળ બની ગયા હતા. મહારાણાની રજા મળતાંજ સહુ પોતપોતાના ઘર તરફ ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૬ મું.

પિશાચ અને પિશાચિની.

" ખૂન બરસેગા કુલકસે હર દરો દીવારસે,
ખૂન બરસેગા છુરીસે ઔર છુરીકી ધારસે;
ખૂન બરસેગા જબાને ખંજરે ખુંખારસે,
ખૂન ઉબલેગા જમીસે ગારસે કોહ સારસે,
ખૂન બરસેગા ઇન્હીં હાથોંસે ઈસ તલવારસે. "

ધ્રૂજતા હૃદયે ભયની ભાવનાથી ચારે તરફ જોતો જાલિમસિંહ પોતાના શયનમંદિર તરફ જવા લાગ્યો. તેને એમ લાગતું હતું કે, કોઈ તેની પાછળ પાછળ આવે છે. પાછળ આવનારનાં પગલાંનો અવાજ

જાણે કે તે સ્પષ્ટ સાંભળી શકે છે; પરંતુ આજે બરવાણી રાજ્યના મહા વીર સેનાપતિમાં, પાછું ફરી જોવાની પણ હિમ્મત નથી. આજે તે અંધકારમાં ધ્રૂજતે હૃદયે આગળ વધે છે. આવી રીતે ચાલતાં ચાલતાં તે અંતે પોતાના શયનમંદિરમાં ગયો.

સ્હામે ગૌરવ છે. ગૌરવે પતિને જોઈ કહ્યું:-"આ શું ? તમે આટલા વ્હેલા કેમ ચાલ્યા આવ્યા ? મહારાણા તેમજ લલિતસિંહ ક્યાં છે ?"

જાલિમસિંહે ધ્રૂજતા સ્વરે કહ્યું:-ગૌરવ ! મ્હારાથી ખૂન થશે નહિ. આહ ! આજે મ્હારા અંતરમાં એક નવો ભય ઉપજ્યો છે. હું ભયને લીધે ધ્રૂજી જાઉં છું. મ્હારૂં મસ્તક સ્થિર નથી, બુદ્ધિ ઠેકાણે નથી; તેથીજ હું આનંદોત્સવનો ત્યાગ કરી ચાલ્યો આવ્યો છું."

ગૌરવ પતિનાં વચનો સાંભળી ક્રોધથી ઉન્મત્ત બની ગઈ. તેનાં નેત્રોમાંથી જાણે કે અગ્નિકણો ઝરી પડવા લાગ્યા; પરંતુ તેણે મહા-કષ્ટે પોતાનો હૃદયભાવ છુપાવીને કહ્યું:-"કેમ, શાથી તમે ભયભીત બન્યા છો ?"

જાલિમસિંહ:-શાથી ? લલિત મ્હારો ભત્રિજો છે. લલિત મ્હારા ઉપર પિતાના જેવી ભક્તિ તેમજ શ્રદ્ધા રાખે છે. તેનામાં એક પણ દોષ નથી—તે ગુણવાન્ છે. તે આ રાજ્યનું ગૌરવ છે. ગૌરવ ! ત્હારી સલાહનો વિચાર કરતાં મ્હારા પગ નીચેની પૃથિવી હાલવા માંડે છે તેમજ માથા ઉપરનું આસ્માન ફરવા માંડે છે. હું તેનો સગો કાકો થઈને એક શયતાનની ગરજ સારૂં ? શું એ નિર્દોષને જીવતો મારૂં ? આહ ! આજ સુધી હું સ્ત્રીઓના હૃદયને નમ્ર સમજતો હતો; પરંતુ તું તો ઘણી સાહસિક સ્ત્રી જણાય છે. અરેરે ! ગૌરવ ! ત્હારા હૃદયમાં બિલકુલ દયા નથી ? શું તને પાપકાર્ય કરવા જતાં ઇશ્વરનો ભય લાગતો નથી ?

ગૌરવઃ—નહિ નહિ, હું પણ અત્યાર સુધી એમ નહોતી સમજતી કે તમે આટલા બધા ભીરૂ તેમજ નામર્દ હશો. તમે આ રાજ્યના સેનાપતિ તરીકે રહેવાને પણ યોગ્ય નથી. લલિતસિંહ મહારાણો થાય એટલે તમે તેના ભાટ થઇને રહેજો.

જાલિમસિંહઃ—ગૌરવ ! તું વિચાર કરી જો. આજે વૃદ્ધ મહારાણા અને લલિતસિંહ આપણા અતિથિ છે. અતિથીનું લોહી રેડી તલવારને કલંકિત કરવાના જેવું મહા પાપ આ પૃથિવી પર બીજું એક પણ નથી.

ગૌરવઃ—પાપ ! જાઓ જાઓ, હું સમજી કે તમારાથી કાંઇ બનવાનું નથી અને મ્હારૂં કમનશીબ ભાગ્યચક્ર ફરવાનું નથી. તમે જાણો છો કે શેરના હૃદયમાં પણ દયા હોય છે; પરંતુ તે શું પોતાના શિકારને છોડી દેછે ?

"તલવાર પકડનેસે તો હય ચુડીયાં બહેતર,
કબ્જેસે તો મરદો કે લાંપે બાલિયાં બહેતર;
હય જરરા પહેને કે એવજ ચોલિયાં બહેતર,
લડનેસે તો ફટકારના હય તાલિયાં બહેતર."

આમ કહીને ગરવિણી ગૌરવ ત્યાંથી ચાલી જવા લાગી. આથી જાલિમસિંહે તેને પકડી રાખી. પછીથી તેણે ગંભીરતાથી કહ્યું:— "ગૌરવ ! પ્રાણાધિકે ! હું ભયભીત બન્યો છું તેનું એક બીજું પણ મુખ્ય કારણ છે. હું જે મંદિરની ભયંકર ભવિષ્યવાણિ સાંભળી આ વિશાળ મહારાજ્યનો મહારાણો થવાની આશા રાખું છું એ મંદિરની એક બીજી વાત મ્હને મ્હારી આશા પાર પાડવા દેતી નથી. ગૌરવ ! એ ભવિષ્યવાણિ ભાખનારી બાળિકા અત્રે આવી છે. આનંદોત્સવ પ્રસંગે તે મ્હારી પાસે સુદ્ધાં આવી હતી. તેને હાથેજ—આહ ! તેના તીક્ષ્ણ ખંજરથી મ્હારૂં ખૂન થનાર છે—મ્હારી જીંદગીનો અકાળે

અંત આવનાર છે. ”

ગૌરવઃ–સ્વામિન્ ! એક ગાંડી—દીવાની—વનવાસિની બાળિકાનો તમે આટલો બધો ભય રાખો છો ? વાહ ! તમે પણ એક પ્રખ્યાત ભીરૂ પુરૂષ જણાઓ છો !

આમ કહી ગૌરવ મ્હોટેથી હસી પડી—એ હાસ્યમાં મશ્કરી, તિરસ્કાર તેમજ અપમાન સમાયલું હતું. એ હાસ્યની જાલિમસિંહના ઉપર જે અસર થઇ તેનું વર્ણન થઇ શકે તેમ નથી. તેણે કહ્યું:– “ ગૌરવ ! હું નામર્દ નથી. મનુષ્યથી જે બની શકે તે કાર્ય કરવાને હું તૈયાર છું. જો જો ! મ્હારી સમશેર પણ ત્હારા ઉપદેશથી આવેશમાં આવી જઇને લલિતનું લોહી પીવાને આતુર બની ગઈ છે. હું સમજી શકું છું કે જે કામ કરવાને માટે હું તૈયાર થયો છું એ કામમાં મ્હારી સમશેરની પણ સંમતિ છે. ”

ગૌરવઃ–તમે મહા વીર પુરૂષ છો. તમારા જેવા વીર પુરૂષનેજ આવી હિમ્મત છાજે છે.

જાલિમસિંહઃ–પરંતુ ગૌરવ ! એ દિવાનીના હાથમાંજ મ્હારૂં મૃત્યુ છે. ક્ષણે ક્ષણે હું તેની ભયંકર છાયાને મ્હારી પાસે તીક્ષ્ણ ધારવાળું ખંજર લઇને ઉભેલી જોઇ શકું છું.

ગૌરવઃ–વીર પુરૂષો મૃત્યુથી ડરતા નથી. શું તમે આજ સુધી યુદ્ધોમાં ઉતરતી વખતે મૃત્યુની ચિંતા કરી હતી ?

જાલિમસિંહ શાન્ત રહી વિચારસાગરના વમળમાં ગોથાં ખાતો શયનમંદિરમાં આંટા મારવા લાગ્યો. ગૌરવ દૂર ઉભી રહી સળગતાં નેત્રોએ તેના તરફ જોઇ રહી. અંતે ઘણા સમય પછી તેણે પતિની પાસે આવીને કહ્યું:–“ નાથ ! તમારે ભય પામવાનું કાંઇ કારણ નથી. તમેજ આ રાજ્યના મહારાણા થશો. આજે હૃદયને સહજ હિમ્મતવાળું કરશો તો આપણા સુખના માર્ગને. કંટક દૂર થઇ

જશે. આ તો એક સામાન્ય કામ છે ! તમે યુદ્ધભૂમિમાં અનેક લોકોનાં ખૂન કરી નાંખો છો તો પછી તમારા સુખને માટે—મ્હને બરવાણી રાજ્યની મહારાણી બનાવવાને માટે તમે માત્ર એક ખૂન નહિ કરી શકો ? તમારૂં હૃદય તેમજ મન હજી સર્વાંશે સ્થિર નથી તેથીજ તમે ઘડીમાં આ કાર્ય કરવા માટે ઉશ્કેરાઇ જાઓછો અને ઘડીમાં નાહિમ્મત થઇ જાઓછો. જુઓ, મ્હેં કદાપિ કોઇનું લોહી રેડાતાં જોયું નથી છતાં હું સહેલાઇથી આ કાર્ય કરી શકું તેમ છું. "

જાલિમસિંહ કાંઇ બોલ્યો નહિ. પ્રથમની માફક તે શાન્તિથી શયનમંદિરમાં આંટા મારવા લાગ્યો. ગૌરવે પ્રેમપૂર્વક પતિનો હાથ પકડીને કહ્યું:—" તમે એ દીવાની—ગાંડી છોકરીનો સહજ પણ ભય રાખશો નહિ. તે અંતઃપુરમાં આવી છે. મ્હેં તેને સખીઓ પાસે રાખી છે. આટલેથીજ જો તમારો ભય દૂર ન થતો હોય તો એ દીવાનીનું ખૂન કરતાં પણ કેટલી વાર લાગે તેમ છે ? "

જાલિમસિંહ એકાએક એકજ સ્થળે સ્થિર ઉભો રહ્યો. થોડા સમય સુધી ગૌરવના મ્હોં તરફ ટગર ટગર જોઇ રહીને તેણે કહ્યું:—" ત્હેં શું કહ્યું ? એ દીવાની બાળિકા ત્હારી સખીઓ પાસે આવી છે ? "

ગૌરવઃ—નાથ ! ધીમે ધીમે તમે બહેરા થતા જાઓ છો કે શું ?

જાલિમસિંહઃ—એ બાળિકા આજે સમસ્ત રાત્રિ ત્હારી સખીઓ પાસે રહેશે કે ?

ગૌરવઃ—નહિ રહે તો ક્યાં જશે ?

જાલિમસિંહઃ—ત્યારે હવે મ્હને ભય નથી. એનું લોહી રેડવામાં આવતાંજ મ્હારો સઘળો ભય દૂર થાય તેમ છે. પછીથી આપણા સુખના માર્ગમાં એક પણ શત્રુ રહેશે નહિ. ગૌરવ ! તું આજે એ

બાળિકા ઉપર સંપૂર્ણ દેખરેખ રાખજે કે તે ત્હારી સખીઓ પાસેથી પલાયન કરી ન જાય. બસ, હવે હું મ્હારૂં કાર્ય નિર્ભયતાથી કરીશ. લલિતનું લોહી રેડી હું આ રાજ્યના સિંહાસન પર બિરાજીશ. હું જઉંછું—વિકાળ કાળનું સ્વરૂપ ધારણ કરી જઉંછું. મહારાણા અને લલિતસિંહ અત્યાર સુધીમાં નિદ્રાધીન થઇ ગયા હશે.

ગૌરવઃ—જાઓ, ઈશ્વર તમને આ કાર્ય કરવાને માટે સંપૂર્ણ બળ આપો.

જાલિમઃ—ઈશ્વર ! ઈશ્વર નહિ પરંતુ પિશાચો મ્હને સંપૂર્ણ બળ આપશે.

આમ કહી જાલિમસિંહ શયનમંદિરમાંથી ઉતાવળો ચાલ્યો ગયો. તેના ગયા પછી ગૌરવે વિચાર્યુંઃ—"મ્હને તમારા પર વિશ્વાસ નથી. જ્યાં સુધી તમે આ કાર્ય પાર નહિ ઉતારો ત્યાં સુધી હું તમારી પાસે રહીશ." આમ કહી પિશાચિની ગૌરવ પણ જાલિમસિંહની પાછળ ગઈ.

પ્રકરણ ૧૭ મું.

વૃદ્ધ મહારાણાનું ખૂન.

"ગફલતકી નીંદમેં કયા અબ ભી તું સો રહા હય !
કયા દેખતા નહીં હય કયા જુલ્મ હો રહા હય !"

મહારાણા તેમજ યુવરાજ લલિતસિંહ આજે સેનાપતિ જાલિમસિંહના મહેલમાં સૂઈ રહેવાના છે. કેમકે આવતી કાલે પ્રભાતકાળથીજ પાછો આનંદોત્સવ ચાલુ થવાનો છે. આથી ઉત્સવમાં હાજર થયેલા લોકોના વિદાય થઈ ગયા પછી મહારાણા અને યુવરાજ લલિતસિંહ પોતપોતાના શયનમંદિર તરફ જવા લાગ્યા. તેમની પાછળ પાછળ

કેટલાક પહેરેગીર જવા લાગ્યા.

બંને જણા પોતપોતાના વિચારોમાં મશગુલ હતા. લલિતસિંહના અંતરનો ભાવ અમે જાણીએ છીએ. મહારાણાએ પોતાના હૃદયનો ભાવ તેમજ ચિંતાને દૂર કરવાનો ઘણો યત્ન કર્યો; પરંતુ તેમનો યત્ન વ્યર્થ થઈ પડ્યો. તેમના હૃદયમાંથી પણ આમોદ-પ્રમોદ ઉડી ગયો છે. કોઇ કાંઇ બોલતું નથી—મહારાણા અને લલિતસિંહ મૌન ધારણ કરી શયનમંદિર તરફ જાય છે.

અંતે લલિતસિંહે મૌનનો ભંગ કરીને કોઇ પણ પહેરેગીર સાંભળી શકે નહિ એવા ધીમે સ્વરે કહ્યું:-" મહારાજ ! જો મ્હને રજા આપો તો હું આપણા રાજમહાલયમાં જઇને શયન કરૂં. "

મહારાણાએ લલિતસિંહ તરફ મુખ ફેરવીને કહ્યું:-" એમ કરવાનું કાંઇ કારણ ? "

લલિતસિંહ:-આપનાથી અંતરની વાત છુપાવીશ નહિ. આજે જાલિમસિંહ કાકાના મહેલમાં સુઇ રહેતાં મ્હને ઘણો ભય લાગે છે—મ્હારા અંતરમાં અનેક પ્રકારની શંકાઓ ઉપજે છે.

મહારાણા:-જો આ ઉત્તર કોઈ સાંભળશે તો હસશે.

લલિતસિંહ:-મ્હેં મ્હારા મનને સમજાવવાનો ઘણો યત્ન કર્યો; પરંતુ હું તેને સમજાવી શકતો નથી. મ્હને રાજમહાલયમાં જવાની રજા આપો.

મહારાણા:-લલિત ! ખરૂં પૂછે તો મારે પણ જણાવવું જોઇએ કે, મ્હારા મનની સ્થિતિ સારી નથી; પરંતુ આપણે કોઇ પણ પ્રકારે આજે જાલિમસિંહના નિમંત્રણનું અપમાન કરી રાજમહાલયમાં જઇ શકીએ તેમ નથી. જો આપણે રાજમહાલયમાં જઈશું તો પ્રજાજનો પણ ઇચ્છામાં આવે એવાં ગપ્પાં હાંકશે. વળી જાલિમસિંહને પણ ઘણું માઠું લાગશે. વત્સ ! આપણે ક્ષત્રીય છીએ. આપણા હૃદયમાં

આપણે ભયને સ્થાન આપીએ તો એ ઘણી શરમ ભરેલી વાત કહેવાય. મનુષ્યના ભાગ્યમાં જે નિર્માણ થયેલું હોય છે તે કાળાંતરે પણ થયા સિવાય રહેતું નથી, તો પછી ભય પામીને દુનિયામાં નામર્દ શા માટે ગણાતું ?

લલિતસિંહ વિશેષ કાંઇ બોલ્યા સિવાય મહારાણાની પાછળ પાછળ જવા લાગ્યો. અલ્પકાળમાંજ તેઓ બન્ને બે સુસજ્જિત ઓરડાઓ પાસે જઇ પહોંચ્યા. એક સિપાહીએ આગળ વધીને એક ઓરડા તરફ આંગળી કરીને કહ્યું:—“ મહારાજ ! યુવરાજને માટે આ ઓરડો તૈયાર રાખવામાં આવ્યો છે. ”

મહારાણાએ લલિતના મનનો ભય દૂર કરવાના હેતુથી કહ્યું:— “લલિતસિંહ ! જા શયન કર. પરમકૃપાળુ પરમાત્મા ત્હારૂં કલ્યાણ કરશે.”

લલિતસિંહે ફરીથી મહારાણાની છેક પાસે જઇ ધીમેથી કહ્યું:— “ મહારાજ ! મ્હને આપણા રાજમહાલયમાં જવાની રજા આપો. હું મ્હારા અંતરના ભયને દૂર કરી શકતો નથી. ”

મહારાણાએ માત્ર એટલોજ ઉત્તર આપ્યો કે:—“ એમ બનવું સર્વથા અસંભવિત છે. ”

લલિતસિંહ:—ત્યારે હું આ ઓરડામાં સુઇ રહી શકીશ નહિ. મ્હને બીજે સ્થાને જઇને સુઇ રહેવાની રજા આપો.

મહારાણા પ્રથમથીજ એમ જાણતા હતા કે, લલિતસિંહ બ્હીકણ તેમજ ભોળા સ્વભાવનો છે. તેમણે પ્રેમથી તેના ખભા પર હાથ મૂકીને કહ્યું:—“ જો આ ઓરડામાં સૂઈ રહેતાં તને ભય લાગતો હોય તો તું મ્હારે માટે સૂવાનો જે આ ઓરડો તૈયાર કરેલો છે તેમાં સૂઇ જા અને હું ત્હારા ઓરડામાં સૂઈ જઈશ. વળી આ ઓરડાની ઉપર પહેરેગીરો પહેરો ભર્યા કરશે તેથી ત્હારે બિલકુલ ભય પામવાનું કારણ નથી. ”

લલિતસિંહ શરમાઇ ગયો. તેણે કહ્યું:—" મહારાજ ! હવે ભય નથી. મ્હેં હૃદયમાં હિમ્મત ધારી ભયને દૂર કર્યો છે. હુંજ મ્હારે માટે તૈયાર કરવામાં આવેલા ઓરડામાં સૂઇ રહીશ."

મહારાણાએ લલિતસિંહના વાક્યનો ઉત્તર નહિ આપતાં પાછળ ઉભેલા સૈનિકોને કહ્યું:—" તમે હવે વિશ્રામ લેવા માટે ચાલ્યા જાઓ. હું હવે રાજકાર્ય સંબંધી યુવરાજની સાથે વાતચિત કરવાની ઇચ્છા રાખું છું. એ સંબંધીની વાતચિત કર્યા પછી અમે શયન કરીશું."

આ આજ્ઞા સાંભળી સઘળા સૈનિકો વિશ્રામ મેળવવાને માટે ચાલ્યા ગયા માત્ર બે સશસ્ત્ર સૈનિકો પહેરો ભરવાને માટે ત્યાં રહ્યા. આ સમયે મહારાણાએ લલિતસિંહને કહ્યું:—" લલિત ! જા, તુ મ્હારા ઓરડામાં સૂઈ જા."

લલિતસિંહે કહ્યું:—" ના, દાદા ! હું મ્હારા ઓરડામાંજ સૂઇ રહીશ."

મહારાણાએ કહ્યું:—" લલિત ! હું તને મ્હારા ઓરડામાંજ સૂઇ રહેવાની આજ્ઞા કરૂં છું—આજે હું ત્હારાજ ઓરડામાં સૂઈ રહીશ."

લલિતસિંહ વિશેષ કાંઈ બોલ્યો નહિ. તે મહારાજાને સંમાન આપવાના હેતુથી મસ્તક નમાવી મહારાણાને માટે તૈયાર રાખવામાં આવેલા ઓરડામાં સૂઇ રહેવાને માટે ગયો. પછીથી મહારાણાએ બંને પહેરેગીરોને પોતાની પાસે બોલાવીને કહ્યું:—" તમે આ ઓરડાનાં બારણાં ઉપરજ પહેરો ભર્યા કરજો—હું જે ઓરડામાં સૂઈ રહું છું તે ઓરડાનાં દ્વાર પર પહેરો ભરવાની જરૂર નથી."

બંને પહેરેગીરો શાંતિથી મસ્તક નમાવી—મહારાણાની આજ્ઞા શિર પર ચઢાવી લલિતસિંહ જે ઓરડામાં સૂઈ રહ્યા તે ઓરડાનાં દ્વાર પર પહેરો ભરવા લાગ્યા.

મહારાણાએ ધીમે ધીમે લલિતસિંહને માટે તૈયાર કરી રાખેલા

શયનાલયમાં પ્રવેશ કર્યો. એક વખત તેમણે સંપૂર્ણ લક્ષ્યપૂર્વક ચારે તરફ જોયું. એ શયનાલયમાં સઘળાં બારી બારણાં બંધ હતાં. કોઈ પણ મનુષ્ય રાત્રે એ શયનાલયમાં આવી શકે તેમ નહોતું. તે સાથે તેમણે એટલું જોયું કે એ શયનાલયમાં એક બારણું છે. એ બારણું બીજી બાજુએથી બંધ કરી રાખવામાં આવેલું છે. શયનાલયમાં ભય પામવા જેવું એક પણ કારણ નહિ જણાયાથી વૃદ્ધ મહારાણા શય્યામાં સૂઇ ગયા. સૂતાં સૂતાં તેઓ વિચારવા લાગ્યાઃ—" ભય પામવાનું એકે કારણ નથી; છતાં મ્હને ભય ઉપજે છે. મ્હને એવી શંકા થાય છે કે, આજે કોઇ પણ પ્રકારનો ભયંકર બનાવ બનશે. ભાગ્યમાં જે થવાનું લખેલું હશે તે થશેજ. તેને અટકાવી રાખવાનું સામર્થ્ય કોનામાં છે? જો આજે કોઇનું મૃત્યુ થવાનું હોય તો મ્હારૂં મૃત્યુ થાય એમાંજ કલ્યાણ છે. કારણ કે, હું વૃદ્ધ થયો છું. જો લલિતસિંહનું મૃત્યુ થાય તો આ વિશાળ રાજ્યના સર્વસ્વનો નાશ થયો ગણી શકાય; પરંતુ હું મૃત્યુનો વિચાર સુદ્ધાં શા માટે કરૂં છું ?! કોણ અમને મારી નાંખવાની હિમ્મત કરી શકે તેમ છે?"

આવા પ્રકારના અસંખ્ય વિચારો કરતા કરતા મહારાણા નિદ્રાધીન થઇ ગયા.

મધ્યરાત્રિ થઈ છે. સમસ્ત મહેલમાં શાંતિનું સામ્રાજ્ય ફેલાઇ રહ્યું છે. આજે જાણે કે મહેલ હમ્મેશાંના કરતાં વિશેષ શાંત તેમજ નિસ્તબ્ધ છે. થોડા સમય પૂર્વે જે મહેલ આનંદોત્સવના કોલાહલથી તેમજ સુમધુર ગાનતાનથી ગાજી રહ્યો હતો તેજ મહેલ હમણાં તદ્દન શાંત જણાય છે. માત્ર પહેરેગીરોના પગનો અવાજ રાત્રિની ભયંકર શાંતિનો થોડે ઘણે અંશે ભંગ કરે છે.

આ ગંભીર શાંતિ તેમજ અંધકારમાં થઇને જાલિમસિંહ એક ઓરડામાંથી બીજા ઓરડામાં જતો જોવામાં આવે છે. અંધ

કારમાં ભૂખ્યા સિંહનાં નેત્રો જેવાં તેજસ્વી બની જાય તેવાંજ જાલિમસિંહનાં નેત્રો તેજસ્વી બની ગયેલાં જોવામાં આવે છે. તેના હાથમાં એક તીક્ષ્ણ કટાર છે—અંધકારમાં એ તીક્ષ્ણ કટાર પણ ચમકી રહી છે. જાલિમસિંહના મુખ તરફ જોઈ શકાય તેમ નથી—તેના મુખ ઉપર જાણે કે, જગતની સઘળી ભયંકરતા છવાઈ રહેલી છે.

એકાએક તે અટકીને ઉભો રહ્યો. તેના પગથી તે માથા સુધીના અવયવો—તેનું સઘળું શરીર થર થર ધ્રૂજે છે. માથા ઉપરના વાળ પણ કાંટાઓની માફક ઉંચા તેમજ સ્થિર થઇ ગયા છે. તેનાં નેત્રો ફેરકવા લાગ્યાં. તે ધ્રૂજતા સ્વરે બોલી ઉઠયો:–" આહ ! આ એજ ચમકતી કટાર છે કે જેના આજના કાર્ય પર મ્હારા સઘળા સુખનો આધાર છે. હવે હું ડરતો નથી. ભય કોને કહે છે તે સમજતો નથી. હવે હુ. લલિતસિંહનું લોહી પીવાને તરસ્યો થયો છું—તેનો કાળ બન્યો છું. જાલિમસિંહ આજે જાલિમ સિંહજ બન્યો છે. આહ ! મ્હારાં નેત્રો સ્હામે જાણે કે મ્હારા હાથમાંની તેજસ્વી કટાર નાચી રહી છે ! આજે હું મ્હારી કટારથીજ મ્હારૂં કાર્ય પાર ઉતારીશ—અંતે હુંજ આ રાજ્યના સિંહાસન ઉપર બિરાજીશ. અત્યાર સુધી હું એક બાળકના જેવો ભીરૂ હતો તેથી મ્હારી ચારે તરફ ભય જોતો હતો; પરંતુ મ્હેં એ ભયને હવે દૂર કરી નાંખ્યો છે. મ્હેં આજથી પૈશાચિક બળ પ્રાપ્ત કર્યું છે. જાલિમસિંહ આજે રાક્ષસ બન્યો છે ! આ રાજ્યનું સિંહાસન મેળવવાને માટે તે એક નહિ પરંતુ હજારો લલિતસિંહનું લોહી રેડવાને તૈયાર છે ! "

એમ બોલી જાલિમસિંહ ઉતાવળો ઉતાવળો લલિતસિંહ જે ઓરડામાં સૂઇ રહેવાનો હતો તે ઓરડા તરફ જવા લાગ્યો.

વિના વિલંબે તે એક બારણા પાસે આવી પહોંચ્યો. એ બારણું ઉઘાડતાંજ લલિતસિંહના ઓરડામાં જઈ શકાય તેમ છે. લલિતસિંહ

નિશ્ચિંત થઇને ઉંઘી ગયો છે. તેના અંતરમાં ઉપજેલો ભય કાકાના મહેલમાં કેવી રીતે કાયમ રહી શકે ? તે પોતાના કાકા ઉપર ક્યાંથી અવિશ્વાસ કરી શકે ? જાલિમસિંહ બારણા પાસે ઉભો રહીને લલિતસિંહનો ઉંઘનો અવાજ સ્પષ્ટ રીતે સાંભળવા લાગ્યો.

થોડા સમય પછી જાલિમસિંહે બારણું ઉઘાડ્યું. તેણે જોયું કે, શયનાલયમાં સળગતા દીપકનો પ્રકાશ તદ્દન ઝાંખો થઇ ગયો છે. ત્યાં અંધકાર તેમજ પ્રકાશનું સંમિલન થતાં એક નવીજ છાયા જોવામાં આવે છે. જો કે એ ઝાંખા પ્રકાશમાં શયનાલયમાંની સઘળી વસ્તુઓ જોવામાં આવે છે—પરંતુ બરાબર સ્પષ્ટ જોવામાં આવતી નથી. શયનાલયમાં પ્રવેશ કરતાંજ જાલિમસિંહે જોયું કે, લલિતસિંહ આખા શરીર ઉપર વસ્ત્ર ઓઢીને શાન્તિથી ઉંઘે છે.

જાલિમસિંહ ઉભો રહ્યો. તેણે હાથમાંની કટાર દૃઢતાથી ઝાલી રાખી. આ દેખાવ જોવામાં આવતાંજ તેના હૃદયનું સઘળું બળ જાણે કે ધીમે ધીમે દૂર થઇ જવા લાગ્યું. તે કેવી રીતે ખૂન કરી શકે ? તે ક્ષત્રિય છે—વીર છે—તે બરવાણી રાજ્યનો શૂરવીર સેનાપતિ છે. તે કેવી રીતે એક દગાબાજ બાયલા પુરૂષની માફક ઉંઘી ગયેલા ભત્રિજાના કોમળ હૃદયમાં પોતાના હાથમાંની તીક્ષ્ણ કટારનો ઘા કરે ? જે મહા નીચ ઘાતક હોય છે તે પણ આવું કાર્ય કરતાં સંકોચ પામે છે.

આ કાર્ય તો ઘાતકની મારફત પણ થઇ શકે તેમ હતું ! ના, કદાચ એમ કરવા જતાં ખરી હકીકત જાહિર થઇ જાય તો ? જાલિમસિંહે આવા આનંદોત્સવને દિવસે પોતાતા પ્રાણાધિક ભત્રિજાનું ખૂન કર્યું છે એવી કલ્પના કોઇના મનમાં પણ ઉપજશે નહિ. જો આ હકીકત જાહિર થઇ જાય તો બરવાણી રાજ્યના સરદારો કદાપિ જાલિમસિંહને પોતાના મહારાણા તરીકે કબૂલ કરે નહિ—અને તેમ

થાય તો તે આ રાજ્યના સિંહાસન ઉપર બિરાજી શકે નહિ. આટલા માટેજ આ ભયંકર કાર્ય કરવાને જાલિમસિંહ જાતેજ તૈયાર થયો છે.

જાલિમસિંહે ઘણીજ દઢતાથી હાથમાં કટાર પકડી રાખી. ત્યાર પછી ક્ષુધાતુર વાઘ પોતાના શિકાર તરફ જેવી ભયંકર દૃષ્ટિ ફેંકે તેવીજ ભયંકર દૃષ્ટિ જાલિમસિંહે લલિતસિંહ તરફ ફેંકી. હજી પણ લલિતસિંહ ઘસઘસાટ ઉંઘે છે. તેના નિશ્વાસ પ્રશ્વાસના અવાજ સિવાય બીજો કોઇ પણ અવાજ સાંભળવામાં આવતો નથી; પરંતુ જાલિમસિંહ ધ્રૂજી ઉઠયો. તેનાથી લલિતસિંહ પાસે જઇ શકાયું નહિ. તે જ્યાં ઉભો છે ત્યાંજ ઉભો રહીને બોલ્યો:—

" છે શાન્ત રાત્રિ શાન્ત તારા શાન્ત વિશ્વ જણાય છે,
જડ ને જીવનસૃષ્ટિ સકળ નિદ્રા વિષે લય થાય છે;
છે એક બાજુ મ્હોત ને આફત રાહે મ્હોતનો,
દઢ થા, વધ આગળ જીગર જો શું હવે અહિં થાય છે;
ચુપ, ડર નહિ ! ભર તું કદમ. સિદ્ધિ - જીક દેખાય છે,
કર દૂર કાંટા માર્ગનો મેળવ સદા જે ચ્હાય છે. "

આમ કહી જાલિમસિંહ આગળ વધ્યો. વળી પાછો તે કંપી ઉઠયો ને શય્યા પાસેથી દૂર ખસી જઈ બોલ્યો:—

રણમાં હજારો વીરને હણતાં ન જે પાછું હઠે,
તે જીગર આજે તડફતું ભય ચિહ્ન શાને સૂચવે
કીધાં બહુ ત્હેં સ્નાન, શત્રુ લોહીમાં દઢતા ધરી,
એ તેજ તીવ્ર કટાર, આજે કેમ પાછી જાય છે ?
પળવારનું એ કામ છે, દિલમાં હજારો હામ છે,
હારે મળેલો દાવ એ નિર્વીર્ય નીચ ગુલામ છે.

" ઓ પામર હૃદય ! દઢ થા. બરવાણીનો રાજમુકુટ ત્હારી પળવારની બહાદુરીનું ઈનામ છે. શું જાલિમના નામને પણ તું એબ લગાડે છે ? "

વળી પાછો થોડા સમય સુધી વિચારમાં પડી જઈ બોલ્યોઃ- " ના ના ! હું આવું રાક્ષસ કાર્ય કરી શકીશ નહિ—લલિતના જીવનનો નાશ કરી શકીશ નહિ. "

જાલિમસિંહ પાછો ફર્યો કે તરતજ કોઇએ આવીને તેનો હાથ પકડ્યો. જાલિમસિંહે ચમકીને જોયું તો તેણે પોતાની પત્નીને પોતાની પાસે આવીને ભયંકર ભાવ ધારણ કરીને ઉભી રહેલી જોઈ. આજે ગૌરવ પ્રચંડ રાક્ષસી—દાનવી જેવી દેખાય છે. તેનો છૂટો ચોટલો તેની પીઠ ઉપર ઝુલી રહ્યો છે.

એકાએક સાપના ઉપર હાથ પડતાંજ સાપ જેવો ઠંડો લાગે તેવુંજ ઠંડું જાલિમસિંહને ગૌરવનું શરીર લાગ્યું. એકાએક પોતાની મ્હામે ભય ઉપજાવે એવો દેખાવ જોવામાં આવતાં મનુષ્યની જેવી સ્થિતિ થાય તેવીજ સ્થિતિ ગૌરવને જોતાં જાલિમસિંહની થઈ. તે પત્થરના પૂતળાની માફક સ્થિરતાથી ઉભો રહ્યો.

ગૌરવે પૂછ્યું:-" કાર્ય પૂર્ણ થયું છે ? "

આ પ્રશ્ન ગૌરવે એટલા તો આવેશથી પૂછ્યો કે, જાલિમસિંહને એવો ભાસ થયો કે, તેની સ્હામે જાણે કે ક્રોધી સિંહણ ગર્જી ઉઠી. તે ભય પામી બે ચાર પગલાં પાછળ ખસી ગયો !

ગૌરવે રોષાવેશમાંજ કહ્યું:-" તમારા જેવો નામર્દ નર આ જગત્માં બીજો એક પણ નહિ હોય ! મ્હોડેથી બોલી પણ શકાતું નથી કેમ ? જલદીથી કહો કે તમે કાર્ય પૂર્ણ કર્યું છે કે નહિ ? "

જાલિમસિંહના કંઠમાંથી એક પણ શબ્દ બહાર નીકળી શક્યો નહિ. તેનું ગળું આજે સુકાઇ ગયું છે; માત્ર તેણે એકજ શબ્દમાં ઉત્તર આપ્યોઃ-" ના. "

ક્રોધથી ગૌરવ ભયંકર રાક્ષસી બની ગઈ. તેનાં નેત્રોમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. તેનું સર્વાંગ ઘણુંજ કઠિન બની ગયું. તેણે

જોરથી જાલિમસિંહના હાથમાંની તીક્ષ્ણ કટાર ઝુંટાવી લીધી—પછીથી તે એક ગાંડીની માફક લલિતસિંહની શય્યા પાસે જઇ પહોંચી.

ત્યાં જતાંજ તે બોલીઃ-

તલવાર છું, તલવાર હો, દરકાર ને ડર પરહરો,
પૂરૂં કરૂં હું કામ તે, આંખે તમે જોયા કરો;
અબળા નથી પ્રબળા બનીને, વીર્ય મ્હારૂં દાખવું,
લઉં ભોગ દઇને ચંડિકા, તમ અંજલિ રક્તે ભરૂં,

જાલિમસિંહઃ-કહીને કુટિલ વચનો વૃથા મુજ હૃદયને શા ડ્હામ દે?
છે વામ અંગ તું હામ ધરીને મુજ હૃદયને હામ દે?
મંત્રપણું ખરૂં શુભ મંત્ર સૂચવનાર છે;
વાંકુ વદી દિલ ના દુભવ આ વખત વીર કલામ દે.

ગૌરવઃ-છું વીર બાળા, વીર જાયા, વીરની વારાંગના,
કુળ તારનારી હું કટારી તીવ્ર તેજ કુલાંગના;
વીર દર્પ મ્હારો જાગતાં, નથી હૃદય મ્હારૂં હાથમાં,
તત્પર બની છું, સફળ કરવા કાજ સ્વામી સાથમાં.
છે લોહીની તીખી કટારી, લોહ છાતીમાં ભરી,
વીંધુ જીગર પળવારમાં, લઉં પ્રાણ શત્રુ તણા હરી;
પીવું અને પીવરાવવું, છે લોહી શત્રુ જાતનું
જોશે જગત્ વીરાંગનાનું કાર્ય કાળી રાતનું.

જાલિમસિંહે દોડી જઇને ગૌરવને પકડી રાખી. પછીથી તેણે કહ્યું:—“ગૌરવ! હું તને રાક્ષસી નહિ થવા દઉં. હું ત્હારા હાથને કલંકિત નહિ થવા દઉં. લાવ કટાર મ્હારા હાથમાં આપ.”

આમ કહીને જાલિમસિંહે ગૌરવના હાથમાંથી કટાર લઇ લીધી અને તે ધીમે પગલે લલિતસિંહની શય્યા પાસે જઇ પહોંચ્યો. શય્યામાં પોતાના સમસ્ત શરીરને એક વસ્ત્રમાં ઢાંકી દઈ લલિતસિંહ ગાઢ નિદ્રામાં પડયો હતો. જાલિમસિંહે લલિતસિંહના અંગ ઉપરનું વસ્ત્ર

ખસેડ્યા સિવાય બરાબર લક્ષ્ય કરીને તેની છાતીમાં પોતાના હાથમાંની કટાર જોરથી ખોસી દીધી. કટાર ખોસી દેવામાં આવતાંજ લલિતસિંહ એક ધીમી બૂમ મારી પરલોકમાં પહોંચી ગયો—પછીથી પાછી સર્વત્ર શાન્તિ થઈ રહી.

જાલિમસિંહે જલદીથી કટાર પાછી બ્હાર ખેંચી કાઢી. તે સાથે તીર વેગે લોહી વહેવા લાગ્યું. જાલિમસિંહની કટાર, તેના હાથ, મ્હોં તેમજ સઘળું શરીર એ લોહીથી ભીંજાઇ ગયું. તેને ચારે તરફ ભયંકર અગ્નિ સળગી ઉઠેલો જણાયો—તેણે જોયું કે, જાણે એ અગ્નિમાં એક બાળિકા ઉભી રહીને તેની સ્હામે તેજસ્વી કટાર ધરી હસે છે. જાલિમસિંહ ભયનો માર્યો ત્યાંથી નાસવા લાગ્યો.

ગૌરવ તેની રાહ જોઇને ઉભી રહી હતી. પોતાની પાસેથી જાલિમસિંહને પલાયન કરી જતો જોઇને તેણે જોરથી તેનો હાથ પકડ્યો. પછીથી તેણે કહ્યું:–" ઉભા રહો—આજે સહજ પણ સંદેહ સુદ્ધાં રહેવા દેવાનો નથી. આપણું કાર્ય બરાબર પાર ઉતર્યું છે કે નહિ તે એક વખત હું જોઇ આવું. "

જાલિમસિંહ બોલી ઉઠયો:–" ના ના—ગૌરવ ! હવે તું ત્યાં જઇશ નહિ. "

ગૌરવ:–તમે એક અબળાના કરતાં પણ વિશેષ ભીરૂ છો ! શું આવીજ હિમ્મતથી તમે આ વિશાળ રાજ્ય પર સત્તા ચલાવશો કે ?

આમ કહી ગૌરવ સાવધાનતાથી ધીમે પગલે પાછી લલિતસિંહના શયનાલયમાં ગઈ. લલિતસિંહની શય્યા પાસે જઇ પહોંચ્યા પછી તે ખરેખર મરી ગયો છે કે કેમ તેની ખાત્રી કરવાને માટે ગૌરવે તેના અંગ પરનું વસ્ત્ર ખસેડી નાંખ્યું.

એકાએક અણધાર્યું તીર વાગતાં હરિણી થોડાં પગલાં પાછી હઠી જઈ પૃથિવી પર જેવી રીતે પટકાઈ પડે તેવીજ સ્થિતિ ગૌરવની પણ થઇ. તે એક કૂદકો મારી શય્યાથી દૂર ખસી ગઈ—પરંતુ

પૃથિવી પર પટકાઈ પડી નહિ. જાણે કે થોડા સમયને માટે તે આત્મભાન ભૂલી ગઇ; પરંતુ વિના વિલંબે તે શુદ્ધિમાં આવી શયનાલયની બ્હાર નીકળી ગઇ.

બ્હાર જાલિમસિંહ લાકડાના પૂતળાની માફક સ્થિરતાથી ઉભો રહ્યો હતો. તે એટલો એક પણ પગલું આગળ ભરવાને અસમર્થ થઈ ગયો હતો ! ગૌરવે આવી તેને કહ્યું:–" મ્હારી સાથે આવો."

જાલિમસિંહ ધીમે ધીમે પત્નીની પાછળ પાછળ ચાલવા લાગ્યો. બંને જણાં પાછાં પોતાના શયનાલયમાં જઇ પહોંચ્યાં. પછી ગૌરવેજ પ્રથમ વાત ઉપાડી:–" સ્વામિન્ ! હજી પણ આપણું કાર્ય પાર ઉતર્યું નથી. આપણે એક મહા ભયંકર ભૂલ કરી છે !"

જાલિમસિંહ:–બરાબર છે ! હજી પેલી દીવાની બાળિકાનું ખૂન કરવાનું કાર્ય બાકી રહ્યું છે; તેને પણ આજે યમસદનમાં પહોંચાડી દેવી જોઇએ !

ગૌરવ:–એમ નથી. તમે સઘળી બાજી ધૂળધાણી કરી નાંખી છે. હજી લલિતસિંહનું લોહી રેડાયું નથી.

જાલિમસિંહ:–ગૌરવ ! તું શું કહે છે. તે હું સમજી શકતો નથી. લલિતસિંહનું લોહી રેડાયું નથી, એટલે ? !

ગૌરવ:–હજી લલિતસિંહ જીવતો છે. તેને આજેજ પરલોકમાં પહોંચાડી દેવો જોઇએ. એનું આજે લોહી રેડીશું એટલે આવતી કાલે તમે આ વિશાળ રાજ્યના મહારાણા થશો.

જાલિમસિંહ:–લલિતસિંહનું લોહી રેડાયું નથી ? ત્યારે મ્હેં કોનું ખૂન કર્યું ?

ગૌરવ:–વૃદ્ધ મહારાણાનું—તમારા પિતાનું !

જાલિમસિંહ:–આહ ! કેવું ભયંકર કાર્ય થઈ ગયું ? શું મ્હેં પિતૃહત્યા કરી ? !

" નરાધમ નીચ ગોઝારો, થયો હું હાય હત્યારો !
ફર્યું વીરતા ઉપર પાણી, થયો હું તાતનો મારો;
પડો અંગાર ગાદીમાં, બળો સહુ દેશની સત્તા,
અકારો છે જનમ મ્હારો, ધર્યો શિર પાપનો ભારો. "

આટલું બોલતાં બોલતાંમાં તો જાલિમસિંહ બેશુદ્ધ બની જઇ પૃથિવી પર પટકાઈ પડ્યો. તરતજ ગૌરવે જાલિમસિંહના હાથમાંની કટાર લઇ લઇને સ્વગત કહ્યું:—" બાયલા જીવ ! ત્હારા કરતાં તો મ્હારા આ હાથમાં વિશેષ સાહસ, હિમ્મત તેમજ બળ છે. હુંજ લલિતસિંહનું ખૂન કરીશ. હું સ્ત્રીને બદલે પુરૂષ કેમ ન થઈ ? જો પુરૂષ થઈ હોત તો હું મ્હારા વીરત્વ તેમજ સાહસથી વિના વિલંબે આ રાજ્યનો મહારાણો થઈ શકત ! "

આમ કહી રાક્ષસી ગૌરવ પોતાના શયનાલયની બ્હાર નીકળી પડી.

પ્રકરણ ૧૮ મું.

સંકટમાં સહાય.

" ગુજરી જો મુસીબત વોહ સુનાઇ નહીં જાતી,
જો દિલકી હય હાલત વોહ દિખાઈ નહીં જાતી;
ઔર જાન ભી હાથોંમે ગંવાઈ નહીં જાતી,
બિગડી હુઇ તકદીર બનાઈ નહીં જાતી. "

લલિતસિંહ જ્યારે આનંદોત્સવમાં ચાલ્યો ગયો ત્યારે સૌરભ રડી રડીને વ્યાકુળ બની જઈ નિદ્રાધીન થઈ ગઈ હતી; પરંતુ થોડા સમયમાંજ તે ચમકીને જાગી ઉઠી. તેણે શય્યામાં જોયું તો પતિ જોવામાં આવ્યા નહિ. આથી ગભરાઈ જઇને તે વ્યાકુળતાથી આમ તેમ દોડતી પતિને શોધવા લાગી; કિન્તુ કોઈ પણ સ્થળે લલિતસિંહ

તેની નજરે પડ્યો નહિ. સઘળી સખીઓ આવી પહોંચીને તેને સાંત્વના આપવા લાગી; પરંતુ સૌરભ રડતી છાની રહી નહિ. તેનાં બન્ને નેત્રામાંથી શ્રાવણુ ભાદરવો વહેવા લાગ્યો. તેના ચક્ષુજળથી તેનું હૃદય ભીંજાઈ ગયું. સખીઓનાં વસ્ત્રો સુદ્ધાં ભીંજાઈ ગયાં.

સખીઓએ અનેક પ્રકારનાં પ્રબોધ વચનો કહ્યાં, સાંત્વના આપી; પરંતુ સૌરભ પોતાના હૃદયશોકને દૂર કરી શકી નહિ. તે માલતીને ગળે વળગી પડીને રડતાં રડતાં કહેવા લાગી:–“ આજે મ્હોટાં બ્હેને મ્હને નિમંત્રણુ કર્યું નથી. ભગિની મ્હને ભૂલી ગયાં છે એ શોકથી હું રડતી નથી. હું શા માટે રડુંછું તે હું પોતે પણુ સમજી શકતી નથી. સહિયર ! મ્હારૂં શું થશે ? ”

માલતીએ પોતાના હાથે સૌરભનું અશ્રુજળ સાફ કરી નાંખી પ્રેમપૂર્વક કહ્યું:–“ બ્હેન ! આટલાં બધાં અધીરાં શા માટે બની જાઓછો ? તમે શા માટે રડોછો ? યુવરાજ લલિતસિંહ અલ્પકાળમાંજ અત્રે પાછા આવશે. તમારી સઘળી વેદનાને દૂર કરશે. ”

સૌરભે સખીના હૃદયમાં પોતાનું મ્હોં છુપાવીને કહ્યું:–“ સખિ ! મ્હને મ્હારૂં મન એમ કહે છે કે, હું પુનઃ તેમનાં દર્શન કરી મ્હારાં આ નેત્રાને ઠારી શકીશ નહિ. મ્હારી વિનંતિ તરફ દુર્લક્ષ્ય કરી શા માટે તેઓ આનંદોત્સવમાં ગયા ? ! ”

માલતિઃ–બ્હેન ! યુવરાજ તો ઘણી વખત વિવિધ સ્થળોએ જાય છે. તમે આજ સુધી તેમને માટે કદાપિ આવાં અધીરાં બની ગયાં નહોતાં. આજે શા માટે તમે વિના કારણુ સંશયને આધીન થાઓ છો ?

સૌરભઃ–સખિ ! હું પણુ કહુંછું કે, આજે મ્હારૂં મન ઘણું અધીરૂં બની ગયું છે. તેઓ જો આજે આનંદોત્સવમાં ન ગયા હોત તો ઘણું સારૂં થાત !

માલતિઃ—વૃથા ભય શા માટે રાખો છો? તેઓ હમણાંજ પાછા આવશે.

બરાબર આ સમયેજ એક દાસીએ આવીને કહ્યું કેઃ—"રાજકુમારિ! એક બાળિકા તમને મળવાને ઇચ્છે છે."

સૌરભ આવનાર દાસીએ શું કહ્યું તે સમજી શકી નહિ. તે વ્યાકુળ દૃષ્ટિથી દાસી તરફ જોઈ રહી. આવો પ્રકાર જોઇ માલતીએ દાસીને પૂછ્યુંઃ—એ બાળિકા કોણ છે? આટલી રાત્રે રાજકુમારી પાસે તે કેમ આવી છે?"

દાસીએ કહ્યુંઃ—"અમે બધાઓએ તેને એ વાત પૂછી હતી; પરંતુ તે એમ કહેછે કે, "હું બીજા કોઇને કાંઈ પણ કહી શકું તેમ નથી. મ્હારે જે હકીકત કહેવાની છે તે હું રાજકુમારીનેજ કહીશ." અમે તેને કહ્યું કે, "રાજકુમારીની તબિયત આજે સારી નથી, તેથી તેઓ આજે કોઇની પણ મુલાકાત કરી શકે તેમ નથી;" પરંતુ તે અમારૂં કહેવું સાંભળતીજ નથી."

સૌરભે માલતીના સ્હામું જોઇને પૂછ્યુંઃ—"સખિ! એ કોણ છે?"

માલતીએ ઉત્તર આપ્યોઃ—"સખિ! તમને આજે પ્રત્યેક વાતથી ભય ઉપજે છે; પરંતુ ભય પામવાનું શું કારણ છે? એ બાળિકાને હું તમારી પાસે બોલાવું?"

સૌરભે સંમતિ દર્શાવી એટલે દાસી એ બાળિકાને લઈ આવવા ચાલી ગઇ. પછીથી સૌરભે માલતીને ગળે વળગી પડીને કહ્યુંઃ—"સખિ! આજે કોઇ મહા ભયંકર બનાવ બનશે એમ મ્હારૂં મન મ્હને કહે છે! હું હવે સહન કરી શકતી નથી!"

માલતિઃ—બ્હેન! શાન્ત થાઓ, બીજાંઓની હાજરીમાં તમે આવાં અધીરાં બની જાઓ એ ઠીક કહેવાય કે? તમારાં [illegible] તમને આનંદોત્સવમાં નિમંત્રણ કર્યું નથી તેથી [illegible]રૂં મન [illegible]

શંકાશીલ બની ગયું છે. તમે શાન્ત થાઓ—અધીરાં ન બની જાઓ. ચુપ રહો—જુઓ આ પેલી બાળિકા આવી.

મહા કષ્ટે સૌરભે પોતાના અશ્રુજળને અટકાવી પહેરેલા વસ્ત્રના પાલવથી નેત્રો સાફ કર્યાં—પછીથી દ્વાર તરફ કોઇનાં પગલાંનો અવાજ સંભળાયાથી તેણે દ્વાર તરફ જોયું. તેણે જોયું કે, દાસીની સાથે એક બાળિકા પોતાની પાસે આવે છે. બાળિકાનું રૂપ અવર્ણ્-નીય છે. તેનો વેષ પણ ઘણો વિચિત્ર છે. તેનો કૃષ્ણ કેશકલાપ તેની પીઠ ઉપર ઝૂલી રહ્યો છે, તેણે ભગવાં વસ્ત્રો પહેર્યાં છે, ગળામાં રૂદ્રાક્ષની માળા છે, કપાળમાં કુમકુમની આડ કરી છે, ડાબા હાથમાં કમંડળ અને જમણા હાથમાં ત્રિશૂળ છે. જાણે એવોજ ભાસ થાય છે કે, એકાએક કૈલાસેશ્વરી કૈલાસનો ત્યાગ કરી આ પૃથિવી પર ઉતરી આવી છે !

તેને જેતાંજ સૌરભ જાણે કે પત્થરની પુતળી જેવી બની ગઇ. તેનાં નેત્રોની પલક ઉડી ગઇ. તેના નિશ્વાસ પ્રશ્વાસનો અવાજ ઘણો ધીમો થઈ ગયો. તે આ બાળિકાની તરફ ટગર ટગર જોઇ રહી.

સંન્યાસિની બાળિકા ધીમે ધીમે સૌરભની પાસે આવી ઉભી રહી. પછી તે કાંઇ કહેવા જતી હતી એટલામાં સૌરભે એકાએક માલતીના કંઠમાં વળગી પડી તેના હૃદયમાં પોતાનું મ્હોં છુપાવી કહ્યું:— “ સખિ ! મ્હને પકડ પકડ, હું પેલું સ્વપ્ન હવે કેટલી વખત જોઈશ ? હું આ વિશાળ રાજ્યની મહારાણી થઇ શકીશ નહિ. આ સંન્યા-સિનીજ થશે ! ” આમ કહી સૌરભે ઉઠીને સંન્યાસિની બાળિકાના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યાં. પછી તેણે કહ્યું:—“ થાઓ—થાઓ દેવિ ! તમેજ આ બરવાણી રાજ્યનાં મહારાણી થાઓ—મહારાણી થવાની મ્હારી બિલકુલ ઇચ્છા નથી; પણ મ્હારા લલિતસિંહને મ્હારી પાસેથી લઈ જશો નહિ. તેને જો તમે મ્હારી પાસેથી લઇ જશો તો

હું એક પણ ક્ષણને માટે જીવી શકીશ નહિ. મ્હારા પર દયા રાખજો. "

સંન્યાસિની અને માલતિ સૌરભને સાંત્વના આપવા લાગ્યાં; પરંતુ તેમણે બન્નેએ જોયું કે, સૌરભ બેશુદ્ધ બની ગઇ છે.

બન્ને જણીઓએ સૌરભને ઉંચકીને શય્યામાં સુવાડી. માલતિ સૌરભનું સ્વપ્ન દૂર કરવાનો યત્ન કરવા લાગી. સંન્યાસિની પણ પોતાના કમંડળમાંથી જળ લઇને સૌરભના મ્હોં પર છાંટવા લાગી. માલતિ બીજી દાસીઓને બોલાવવા જતી હતી; પરંતુ સંન્યાસિનીએ તેને તેમ કરતી અટકાવીને કહ્યું:–" કોઇ પણ પ્રકારનો ભય નથી. તમે વ્યાકુળ બની જશો નહિ. હું હમણાંજ રાજકુમારીને શુદ્ધિમાં લાવું છું. "

બરાબર આ સમયેજ સૌરભે આંખો ઉઘાડી ચારે તરફ જોયું. આ વખતે સંન્યાસિનીએ મધુર કંઠે કહ્યું:–" રાજકુમારિ ! હું તમારા પતિને તમારી પાસેથી લઇ જવાને માટે આવી નથી. તમારૂં દ્રવ્ય તમનેજ આપવાને આવી છું. આજે યુવરાજ લલિતસિંહ એક મ્હોટા સંકટમાં સપડાયા છે. પાપાત્માઓએ આજે તેમના પ્રાણનો નાશ કરવાનો નિશ્ચય કર્યો છે. આજે કોઇ પણ પ્રકારે તેમનું સંરક્ષણ કરવાની જરૂર છે. "

આ વચનો સાંભળી વિશેષ વ્યાકુળ બની જઇ, પ્રેમથી સંન્યાસિનીના બન્ને હાથ પકડી ગદ્ગદ્ કંઠે સૌરભે કહ્યું:–" દેવિ ! શું થશે ? ચાલો, હું તેમનું રક્ષણ કરવા જઉંછું. "

સંન્યાસિની:–શું તમે એકલાં જઇને તેમનું સંરક્ષણ કરી શકશો?

સૌરભ:–ત્યારે શું થશે ? શું આજે મ્હારો સૌભાગ્યસૂર્ય સદાને માટે અસ્ત થઈ જશે ?

સંન્યાસિની:–આજે તેમને કોઈ પણ પ્રકારે જાલિમસિંહના મહેલમાંથી નસાડવા જોઇએ.

સૌરભ:—ત્યારે તો હું જ જઇને તેમને સાવધાન કરી આવું. તેઓ મ્હારૂં કહેલું સાંભળશે.

સંન્યાસિની:–તેઓ ક્ષત્રીય છે—આ વિશાળ રાજ્યના યુવરાજ છે. પોતાનું મૃત્યુ થવાનું છે એમ જાણવામાં આવશે તો પણ તેઓ ભીરૂ પુરૂષની માફક પલાયન કરશે નહિ. તેઓ આ સઘળા વિષયોમાં સ્ત્રીની સલાહને સ્વીકારશે નહિ.

સૌરભ માલતીને ગળે વળગીને રડી પડી. તેણે કહ્યું:—"અરેરે! હવે શું થશે?"

સંન્યાસિની:—આમ અધીરાં ન બની જાઓ. તમારે બદલે હું જ યુવરાજની પાસે જઈશ. તેઓ જલદીથી જાલિમસિંહના મહેલમાંથી નાસી છૂટે એવી વ્યવસ્થા હું જ કરીશ—પરંતુ હું તમારા તરફથી તેમની પાસે જઉં છું તેની ખાત્રી માટે એક ચિહ્નની જરૂર છે.

સૌરભ:—દયાળુ દેવિ! ચિહ્ન તરીકે તમે જે વસ્તુ માગો તે આપવાને હું તૈયાર છું.

સંન્યાસિની:—ત્યારે તમે તમારી સુવર્ણમુદ્રિકા મ્હને આપો. યુવરાજ તમારી મુદ્રિકાને તરતજ ઓળખી શકશે.

સૌરભે કાંઈ પણ બોલ્યા સિવાય વિના વિલંબે સંન્યાસિનીને મુદ્રિકા કાઢી આપી. તરતજ સંન્યાસિની મુદ્રિકા લઈ રાજમહાલયનો ત્યાગ કરી ચાલી નીકળી.

રાજમહાલયથી થોડે દૂર રસ્તાની એક બાજુએ અંધકારમાં એક મનુષ્ય ઉભું રહીને કોઇની રાહ જુએ છે. સંન્યાસિની બાળિકા એ મનુષ્યની પાસે જઇને ઉભી રહી. ઉભા રહેલા મનુષ્યે પૂછ્યું:—કેમ, કાર્ય થયું કે?"

સંન્યાસિની:—હા થયું છે, આ લ્યો.

"હજી પણ આપણું કાર્ય પૂર્ણ થયું નથી." ઉભા રહેલા

મનુષ્યે કહ્યું.

" પિતૃદેવ ! હવે મહારાણી થવાની મ્હારી બિલકુલ ઇચ્છા નથી. "

" કારણ ? "

" રાજકુમારી સૌરભને જોયા પછી મ્હેં મ્હારા અંતરની ઇચ્છાને દૂર કરી છે. અત્યાર સુધી મ્હેં આપની પ્રત્યેક આજ્ઞા મ્હારા શિર પર ચઢાવી છે; પરંતુ હવે હું લાચાર છું. "

" ત્યારે શું તું મ્હારી વીસ વર્ષની મહેનતને ધૂળધાણી કરી નાંખીશ ? બેટા ! આવું વર્તન તને ઉચિત છે ? "

" હું આપની સઘળી આજ્ઞાઓ પ્રમાણે વર્તવા તૈયાર છું; માત્ર સૌરભની પાસેથી હું તેના પતિને લઈ શકીશ નહિ. "

" પારકાને માટે, સ્વદેશને માટે, સુખને માટે—સઘળું કરવું જોઇએ. "

" પિતા ! વિના કારણ મ્હને લોભમાં ન નાંખો. સ્નેહ આગળ રાજ્યસુખની વૃત્તિ રહેતી નથી—ધર્મ કર્મની ચિંતા રહેતી નથી. તમારાથી શા માટે છૂપાવું ? ત્રણ વર્ષ પૂર્વે જ્યારે આપે રાજકુમાર લલિતસિંહને મ્હને પ્રથમ દેખાડીને કહ્યું હતું કે, " આ બરવાણી રાજ્યનો હમણાંનો યુવરાજ અને ભવિષ્યનો મહારાણો છે. " ત્યારથી અર્થાત્ ત્રણ વર્ષથી હું મ્હારા હૃદયમાં યુવરાજ લલિતસિંહની મૂર્ત્તિની પૂજા કરૂં છું. તે સમયે તમે મ્હને બરવાણી રાજ્યના ભવિષ્યની વાત કહી નહોતી. તે સમયે હું આ રાજ્યની મહારાણી થઇશ એમ જાણતી નહોતી. હું મ્હારા હૃદયને બાળી ભસ્મ કરી નાંખવાને તૈયાર છું— પરંતુ સૌરભ જેવી સ્નેહમયી સ્ત્રીને દુઃખી કરવા તૈયાર નથી. મ્હને ફરીથી દયા કરીને એવી આજ્ઞા કરશો નહિ. આ મુદ્રિકા લ્યો, અને મ્હારા કરતાં કોઈ વિશેષ યોગ્યતાવાળી બાળિકાને આ રાજ્યની મહારાણી બનાવવાનો યત્ન કરો. "

આ સ્થાને વાંચકવર્ગને જણાવવાની જરૂર રહે છે કે, આ સંન્યાસિની બાળિકા વનવાસિની છે અને જે તેની સાથે વાતચિત કરે છે તે પરમાનંદ સ્વામી છે.

પરમાનંદ સ્વામી મૌન ધારણ કરી ઉભા રહી વનવાસિનીનાં વચનો સાંભળી રહ્યા હતા. વનવાસિની પોતાના અંતરની હકીકત કહી રહી એટલે તેમણે કહ્યું:—"ત્હારી ઇચ્છા હોય તેમ કરજે; પરંતુ આજે તું લલિતસિંહનું સંરક્ષણ કર."

વનવાસિની:—એ વાત તો હું રાજકુમારી પાસે પણ કબૂલ કરી આવી છું.

પરમાનંદ:—ત્યારે હવે વિલંબ ન કર.

આટલી વાતચિત થયા પછી બંને જણાં જલદીથી જાલિમસિંહના મહેલ તરફ જવા લાગ્યાં.

* * * * *

જાલિમસિંહના મહેલમાં લલિતસિંહ ઉંઘી શકયો નથી. આજે તેના અંતરમાં અસંખ્ય ભયજનક વિચારો ઉપજે છે અને વિરામે છે. પોતાને શા માટે આમ થાય છે તેનું કારણ તે પોતે પણ કળી શકતો નથી. તેણે પોતાના શયનાલયમાં પ્રથમ ઘણા સમય સુધી ફર્યા પછી, સૂઇ રહેવાને માટે વસ્ત્રો બદલવા માંડયાં; પરંતુ એટલામાં તેના મનમાં કાંઇ વિચાર થઇ આવ્યો. આથી કરીને તે વસ્ત્રો બદલ્યા સિવાયજ શય્યામાં સૂઇ રહી આકાશ પાતાળના વિચારો કરવા લાગ્યો.

થોડા સમયમાંજ તેને તંદ્રા આવી; પરંતુ એકાએક બારી ઉઘાડ્યાનો અવાજ તેના સાંભળવામાં આવ્યાથી તેણે ચમકીને આંખો ઉઘાડી, તથા કૂદકો મારી શય્યામાંથી નીચે ઉતરી મ્યાનમાંથી પોતાની તેજસ્વી તલવાર બ્હાર ખેંચી કાઢી; પરંતુ ક્ષણ માત્રમાં કોઈ માણસે

આવી બળપૂર્વક લલિતસિંહનો હાથ પકડ્યો. તેનો હાથ પકડનાર વ્યક્તિ એટલી તો સુંદર હતી તેમજ એટલી તો મનોહર હતી કે, લલિતસિંહ આશ્ચર્ય પામીને તેના તરફ ટગર ટગર જોઇ રહ્યો.

આવનાર વ્યક્તિ એક બાળ યુવક છે. તેની ઉમ્મર તેર વર્ષથી વધારે નથી. તેના રૂપનું વર્ણન થઈ શકે તેમ નથી. તેના વેષની તુલના નથી. આવા સુંદર બાળકને જોવામાં આવતાં લલિતસિંહ પોતે ભય પામ્યો હતો એ માટે તે પોતાના મનમાં ને મનમાં ઘણો શરમાયો. બાળકે લલિતસિંહને કહ્યું:–" યુવરાજ ! તમારૂં ખૂન કરવાનું કારસ્થાન ચાલી રહ્યું છે. જો જીવવાની ઇચ્છા હોય તો હમણાં ને હમણાં અહીંથી નાસી છૂટો, નહિ તો યાદ રાખો કે આજે તમે જીવતા રહેનાર નથી—ભયંકર મૃત્યુના સપાટામાંથી બચનાર નથી. "

લલિતસિંહે પૂછ્યું:–" આપ કોણ છો ? આપને આ ભયંકર સમાચાર ક્યાંથી મળ્યા ? આપ જાણો છો કે, હું મ્હારા કાકાના મહેલમાં સૂઇ રહેલો છું. મ્હારા શયનાલયની બ્હાર પહેરેગીરો પહેરો ભર્યા કરે છે. આવી સ્થિતમાં મારૂં ખૂન કરવાની હિમ્મત કોણ કરી શકે તેમ છે ? હું એક અજ્ઞાન્ બાળક નથી, અબળા નથી, કે કોઈ સહેલાઇથી મારૂં ખૂન કરી શકે ! પ્રસંગ આવ્યે હું મ્હારા બળનો પરિચય ઘણી સારી રીતે આપી શકું તેમ છું. "

બાળક બોલ્યો:–" યુવરાજ ! તમે મ્હને એક સાથે અનેક પ્રશ્નો પૂછ્યા છે. હું એકે એકે તમારા પ્રશ્નોનો ઉત્તર આપું છું. મ્હારૂં નામ જુમેલિયા છે. હું રાજકુમારી સૌરભની આજ્ઞા મેળવીનેજ તેમની વાત આપને કહેવા આવ્યો છું. તેમને આ કારસ્થાનના સમાચાર ક્યાંથી મળ્યા છે તે હું જાણતો નથી. તે ઉપરાંત વિશેષમાં મારે એ કહેવાનું છે કે, આપના કાકા જાલિમસિંહ જાતેજ આજે તમારૂં ખૂન કરવાની ખટપટ કરે છે. તમે એક બાળક યા તો અબળા નથી

એ હું સારી રીતે સમજુ છું; પરંતુ જાલિમસિંહની સાથે યુદ્ધ થાય તો કોણ હારે કે કોણ જીતે તે આપનું બંનેનું યુદ્ધ જોયા સિવાય હું કહી શકું તેમ નથી."

લલિતસિંહે વિચાર્યું:–"જુમેલિયાનું નામ મ્હેં સાંભળ્યું છે. તે ભીલલોકોનો નેતા તેમજ વીર સેનાપતિ છે."

આમ વિચારી તેણે જુમેલિયાને કહ્યું:–"આપના રૂપનું જે વર્ણન સાંભળ્યું છે તે પરથી મ્હને ખાત્રી થાય છે કે આપ જુમેલિયાજ છો; પરંતુ આ કારસ્થાનના સમાચાર આપે રાજકુમારી સૌરભ પાસેથી સાંભળ્યા છે, તેની ખાત્રી શી?"

જુમેલિયાએ ઉત્તર આપ્યો:–"આવો પ્રશ્ન આપ કરશો એમ હું પ્રથમથીજ જાણતો હતો. એટલા માટે હું ચિહ્ન સુદ્ધાં લાવ્યો છું. જુઓ, આ મુદ્રિકાને તમે ઓળખી શકો છો?"

યુવરાજ લલિતસિંહ એ સુવર્ણમુદ્રિકા જોઇને ક્ષણ માત્રમાં સમજી ગયો કે, તે સૌરભની છે. એકાએક તેના મ્હોં પર ચિંતાની છાયા છવાઈ ગઈ. ભીલ જુમેલિયાની સાથે પોતાની પત્નીનો આટલો બધો પરિચય જોઇને તે વ્હેમે ભરાયો! દ્વેષમાં સારા ખોટાનું ભાન રહેતું નથી. ક્ષણ માત્રમાં જુમેલિયા યુવરાજના હૃદયનો ભાવ સમજી ગયો. તેણે કહ્યું:–"રાજકુમાર! મ્હારે તમને બીજી એક વાત કહેવાની છે. આ મુદ્રિકા મ્હને રાજકુમારીએ જાતે આપી નથી. રાજકુમારીની સખી માલતીને ઘણા સમયથી પિછાનું છું. અમે બંને સરખી ઉમરનાં હોવાથી અમારો એક બીજાના પ્રત્યે ઘણો પ્રેમ છે. માલતીએ રાત્રે મ્હારી પાસે આવીને મ્હને આ મુદ્રિકા આપી, કારસ્થાનની સઘળી હકીકત કહી સંભળાવી મ્હને આ કામ માટે મોકલ્યો છે. જાલિમસિંહના મહેલમાં આજે રાત્રે કોઇને પણ આવવાની આજ્ઞા નહિ હોવાથી માલતીએ આ કામ કરવાની મ્હને

વિનંતિ કરી, અને તેથીજ હું આપની પાસે આવ્યો છું. યુવરાજ ! મ્હારાં વચનો પર વિશ્વાસ બેસતો હોય, કાળના કરાળ પંઝામાંથી જીવનનું સંરક્ષણ કરવાની ઇચ્છા હોય તો જલદીથી નાસી છૂટો. લ્યો, હું વિદાય થાઉંછું. ”

લલિતસિંહે થોડા સમય સુધી કાંઈ વિચાર કર્યા પછી કહ્યું:– “ થોડો સમય ઉભા રહો. હું એક વખત મ્હારી પ્રેમમયી પત્નીના ના કહેવા છતાં અત્રે આનંદોત્સવમાં આવ્યો છું; પરંતુ મ્હારી એ ભયંકર ભૂલ માટે મ્હને ઘણો અનુતાપ થયો છે. ચાલો, હું આપની સાથેજ આવવા તૈયાર છું. સંકટ વખતે જીવનનું સંરક્ષણ કરવાને માટે જો કોઈ વીર પુરૂષ દુશ્મનના પંઝામાંથી નાસી છૂટે છે તો તેને કોઈ નામર્દ કહેવાનું સાહસ કરી શકતું નથી. ”

જુમેલિયાએ કહ્યું:–“ આપનું કહેવું ખરૂં છે. ચાલો, આ બારીમાં થઇનેજ આપણે આ મહેલમાંથી નાસી જઇએ. હું ભીલ-જાતિનો સેનાપતિ છું. વિશાળ મહેલની દિવાલ ઉપર ચઢવા ઉતરવાનો મ્હને અભ્યાસ છે. પધારો, હું આપને સહાયતા કરવા તૈયાર છું. ” પછીથી બન્ને જણા ઘણીજ સાવધાનતાથી તેમજ ચતુરાઇથી બારીમાં થઇને મહેલની નીચે ઉતરી પડચા.

જુમેલિયા તથા લલિતસિંહ જાલિમસિંહના મહેલમાંથી નાસી છૂટયા પછી ઉતાવળે પગલે કાંઈ પણ બોલ્યા ચાલ્યા સિવાય રાજ-મહેલ તરફ જવા લાગ્યા. રાજમહેલના દરવાજા પાસે જઈ પહોંચ્યા પછી લલિતસિંહે જુમેલિયાના મ્હોં તરફ જોઇને કહ્યું:–“ વીર બાળક ! આપે આજે મ્હારા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. આપના ઉપકારનો બદલો હું કાળાંતરે પણ વાળી શકું તેમ નથી. જો કદાચ કાંઈ જરૂર પડે તો બેલાશક મ્હારી પાસે આવજો. ”

જુમેલિયાએ સ્મિત હાસ્ય કરીને કહ્યું:–“ યુવરાજ ! મ્હેં માત્ર

મ્હારૂં કર્ત્તવ્ય બજાવ્યું છે. કોઈ પણ માણસને સંકટમાં સહાયતા કરવી એ મનુષ્યધર્મ છે. જરૂર પડયે હું આપની પાસે નહિ આવું તો બીજા કોની પાસે જઈશ ? લ્યો આ સુવર્ણમુદ્રિકા રાજકુમારીને યા તો માલતીને પાછી આપજો. "

આમ કહી જુમેલિયા વિદાય થયો; પરંતુ થોડે દૂર જતાં કાંઇ યાદ આવ્યાથી તેણે લલિતસિંહ તરફ ફરીને કહ્યું:–" યુવરાજ ! આપને પણ જો કાંઈ જરૂર પડે તો સેવકની શોધ કરજો. જુમેલિયા પ્રાણ પાથરીને તમારી સેવા કરવાને સદા તૈયાર છે. "

લલિતસિંહે પૂછયું–" આપ આપનું ઠેકાણું મ્હને જણાવશો ?"

જુમેલિયાએ ઉત્તર આપ્યો:– " ભીલરાજ્યમાં હું સર્વ સ્થળે છું; છતાં મ્હને શોધવાની માથાકુટ આપને ન કરવી પડે એ માટે હું આપને જણાવી રાખું છું કે, આ નગરની ઉત્તરે એક ન્હાનું મંદિર આવેલું છે. આજથી એ મંદિરમાં એક ભીલ બાળક પોતાની સાથે એક ઘોડો રાખીને હંમેશાં તમારી રાહ જોયા કરશે. આપની જ્યારે મ્હને મળવાની ઇચ્છા થાય ત્યારે આપ એ મંદિરમાં આવજો, એટલે એ ભીલ બાળક તમને મ્હારી પાસે લઇ આવશે."

આમ કહીને જુમેલિયા ભીષણ રાત્રિના ઘોર અંધકારમાં અદ્રશ્ય થઈ ગયો. લલિતસિંહ પણ રાજમહેલમાં પ્રવેશ કરી ચિંતાતુર ચિત્તે પત્નીની પાસે ગયો; આમ છતાં હજી પણ તેને કાને જાણે કે, જુમેલિયાનો મધુર કંઠસ્વર સંભળાતો હતો.

સૌરભ આજે રાત્રે એક ક્ષણને માટે પણ નિદ્રાધીન થઇ નથી. તે પતિનું દર્શન કરવાને વ્યાકુળ બની ગઇ છે. એકાએક કોઇનાં પગલાંનો અવાજ સંભળાતાં તે આનંદાવેશમાં આવી ગઇ. તેણે પતિ પાસે દોડી જઈ પતિના હૃદયમાં પોતાનું મ્હોં છૂપાવી દીધું–પછીથી અંતરના આવેગને અટકાવી નહિ શકાયાથી તે રડી પડી.

લલિતસિંહે તેને પ્રેમપૂર્વક આલિંગન ચુંબન કરી પલંગ પર બેસાડી. પછીથી કહ્યું:–" સૌરભ ! તું આટલી બધી અધીરી બની ગઇ છે ? આજે હું ભયંકર સંકટમાં સપડાયો હતો ખરો; પરંતુ જો, ત્હારે લીધેજ હું બચી શકયો છું. ત્હેં ત્હારી સુવર્ણમુદ્રિકા માલતીને આપી મ્હારે શિરે જે સંકટ આવી પડવાનું હતું તેની હકિકત તેને કહી સંભળાવી હતી. માલતીએ એ સુવર્ણમુદ્રિકા ભીલવીર જુમેલિયાને આપી સંકટની સઘળી હકીકત તેને કહી સંભળાવી હતી. જુમેલિયાએ પોતાના પ્રાણુની પરવાહ રાખ્યા સિવાય ઘણીજ સાહસિકતાથી ગ્હારી પાસે આવી પહોંચીને મ્હને સાવધાન કર્યો. તેથીજ હું સંકટમાં સપડાતાં બચી ગયો છું—નહિ તો આજે ત્હારા લલિતસિંહને તું ફરીથી જીવતો જોઈ શકત નહિ. આ જો, ત્હારી સુવર્ણમુદ્રિકા તને આપવાને જુમેલિયાએ મ્હને પછી આપી છે."

સૌરભ આશ્ચર્ય પામી બોલી ઉઠી:–" જુમેલિયા ! ના ના—એક સંન્યાસિની સિવાય મ્હેં બીજા કોઇને મ્હારી સુવર્ણમુદ્રિકા આપી નથી ! "

લલિતસિંહ:–સંન્યાસિની ! એ સંન્યાસિની કોણ હતી ?

સૌરભે સઘળી હકીકત સ્વામિને કહી સંભળાવી. એ હકીકત સાંભળી લલિતસિંહ મ્હોટા વિચારમાં પડી ગયો. તેણે પૂછ્યું:–" માલતિ આ હકીકત જાણે છે ? શું તેણે જુમેલિયાને સુવર્ણમુદ્રિકા આપી નહોતી ? "

સૌરભ:–સ્વામિન્ ! માલતિ જુમેલિયાને કેવી રીતે ઓળખે ? વળી મુદ્રિકા મ્હેં મ્હારે હાથેજ સંન્યાસિનીને આપી હતી. હં, પણ નાથ ! આ શું ?

લલિતસિંહ:–કેમ શું છે ?

સૌરભ:–ઘોડાની ખરીઓને અવાજ સંભળાય છે. જાણે કે

ચારે તરફ કોઇ પણ પ્રકારનો ખળભળાટ થઈ રહ્યો હોય એમ લાગે છે.

લલિતસિંહે થોડા સમય સુધી મૌન ધારણ કરી ખાત્રી કરી જોઇ તો કેટલાક ઘોડાઓની ખરીઓનો અવાજ તેના સાંભળવામાં આવ્યો. આ સમયે એક દાસીએ આવી પહોંચીને કહ્યું:—" યુવરાજ ! કુમાર રણવીરસિંહ આવ્યા છે. તેઓ કહે છે કે, એક જરૂરી રાજકાર્યને માટે તેઓ હમણાંને હમણાં તમને મળવાની ઇચ્છા રાખે છે. "

સામાન્ય કારણથી પણ આજે લલિતસિંહ ભય પામે છે. રણવીરસિંહના આગમનના સમાચાર સાંભળવામાં આવતાંજ તેનું હૃદય જોરથી ધડકવા લાગ્યું. તેણે ધ્રૂજતા સ્વરે કહ્યું:—" ઠીક, તેમને અહિં આવવા દે. "

દાસી ચાલી ગઈ. સૌરભ સ્વામિને ગળે વળગીને રડી પડી. તેણે નમ્ર સ્વરે કહ્યું—" નાથ ! મ્હને મૂકીને હવે કયાંય જશો નહિ, નહિ તો હું બચીશ નહિ. "

લલિતસિંહઃ—સૌરભ ! પ્રિયતમા ! તું નિર્ભય રહે.

સૌરભઃ—આજે કોણ જાણે કે કેમ, મ્હને ઘણીજ વેદના થાય છે !

લલિતસિંહઃ—સૌરભ ! ભયભીત શા માટે બની જાય છે ? જીંદગી તો સુખ દુઃખથીજ ભરેલી હોય છે.

સૌરભઃ—પરંતુ મ્હને મ્હારૂં મન એમ કહે છે કે, આજે કોઇ માઠો બનાવ બન્યા સિવાય રહેશે નહિ.

લલિતસિંહઃ—તું અધીરી ન બની જા. હમણાં પાસેના ઓરડામાં જઇને બેસ. હું રણવીરસિંહ સાથે વાતચિત કરી લઉં.

પ્રકરણ ૧૯ મું.

સ્વરાજ્યનો ત્યાગ.

" કિસ્મતકી કમનસિબીકો સૈયાદ કયા કરે ?
શિર પર ગિરા જો પહાડ તો ફિરિયાદ કયા કરે ? "

કુમાર રણવીરસિંહ લલિતસિંહનો પિત્રાઇ ભાઈ થાય છે. તેઓ બન્ને સરખી ઉંમરના છે—આથી કરીને બન્નેનો એક બીજા પ્રત્યે અપાર પ્રેમ છે. રણવીરસિંહ અને લલિતસિંહ હમ્મેશાં સાથેજ રહે છે. રાજા જાલિમસિંહના મહેલમાં જે ભયંકર બનાવ બન્યો તેના સમાચાર સહુથી પ્રથમ રણવીરસિંહના જાણવામાં આવ્યા. ગૌરવની સખિ ઉષા રણવીરસિંહને ચ્હાય છે. રણવીરસિંહ પણ ઉષાને ચ્હાય છે. બંનેની સાથે એક બીજાના વિવાહની વાત પણ ચાલી રહી છે. ગૌરવના શયનમંદિરની પાસેનાજ એક વિશાળ ઓરડામાં ઉષા સુઇ રહે છે. જાલિમસિંહ અને ગૌરવની વાતચિતના અવાજથી તેની નિદ્રાનો ભંગ થયો. આટલી રાત્રે પતિ પત્ની શી વાતચિત ચલાવી રહ્યાં છે તે જાણવાને માટે એ વ્યાકુળ બની ગઇ. તે દ્વાર પાસે જઇ કાન માંડીને જાલિમસિંહ તથા ગૌરવની વાતચિત સાંભળવા લાગી. આ પ્રસંગે તેણે જે હકીકત સાંભળી તેથી તે આત્મભાન ભૂલી ગઈ; પરંતુ થોડાજ સમયમાં શુદ્ધિમાં આવી તે જે ઠેકાણે રણવીરસિંહ સુઇ રહેતો હતો તે તરફ ગઇ. અતિ સાવધાનતાથી, અંધકારમાં છુપાતી છુપાતી તે રણવીરસિંહના શયનાલય પાસે જઇ પુહોંચી. સૌભાગ્યને લીધે તે સંધ્યા સમયે એક દાસીને પૂછી રણવીરસિંહ કયાં સૂઈ રહે છે તે જાણી શકી હતી; નહિ તો તે આજના મહા ભીષણ બનાવના સમાચાર રણવીરસિંહને કાને પહોંચાડી શકત નહિ.

રણવીરસિંહના શયનાલયનાં બારણાં બંધ હતાં. ઉષાએ ધીમેથી બારણાં ઉઘાડી શયનાલયમાં પ્રવેશ કર્યો. શયનાલયમાં હજી સુધી દીપક બળતો હતો. પલંગ પર રણવીરસિંહ નિશ્ચિંત ચિત્તે નિદ્રાધીન થઇ ગયો હતો. ઉષાએ ધીમે ધીમે પલંગ પાસે જઇ રણવીરસિંહનું માથું હલાવ્યું. એકાએક ચમકી ઉઠીને રણવીરસિંહે પોતાની આંખો ઉઘાડી. આવી મધ્યરાત્રે પોતાના શયનાલયમાં ઉષાને આવેલી જોઇને રણવીરસિંહ ચમકીને પલંગ પર બેઠો થયો અને તેણે પૂછ્યું:—
"ઉષા ! તું અત્યારે અહિં કયાંથી ?"

ઉષાએ ઉત્તર આપ્યો:—"રણવીરસિંહ ! હું વ્યભિચારિણી નથી. કર્તવ્યકર્મ બજાવવાને માટે લોકલાજની પરવાહ રાખ્યા સિવાય હું આવા સમયે આપની પાસે આવી છું. આજે એક ઘણો માઠો બનાવ બન્યો છે. જાલિમસિંહે વૃદ્ધ મહારાણાનું ખૂન કર્યું છે. હવે તે લલિતસિંહનું ખૂન કરવાની ખટપટ કરી રહ્યો છે. તમે હમણાંજ લલિતસિંહ પાસે જઈ તેમને મહેલમાંથી પલાયન કરી જવાનું કહો, અગર તો તેમના પ્રાણનું રક્ષણ કરવાનો બીજો જે કોઇ ઉપાય કરવો હોય તે જલદીથી કરો—એક ક્ષણનો પણ વિલંબ કરશો તો પછી શું થશે તે હું કાંઇ કહી શકતી નથી."

આટલું કહી ઉષા તરતજ રણવીરસિંહના શયનાલયમાંથી બ્હાર ચાલી ગઇ. રણવીરસિંહ પણ કૂદકો મારીને ઉઠયો, અને જોતજોતાંમાં વસ્ત્રો પહેરી લલિતસિંહ જે ઓરડામાં સૂઇ રહ્યો હતો તે ઓરડા તરફ ઉતાવળો ઉતાવળો જવા લાગ્યો. ત્યાં જતાંજ તેણે જોયું કે, ત્યાં એક પણ પહેરેગીર પહેરો ભરતો નથી. ચારે તરફ લોહીનાં ચિહ્નો જણાય છે ! તેણે એ ઓરડામાં પ્રવેશ કરતાં જે દેખાવ જોયો તેનું માત્ર શબ્દોથી વર્ણન કરી શકાય તેમ નથી. તેણે એ ઓરડામાંથી બ્હાર નીકળી તેની સાથેના બીજા ઓરડામાં પ્રવેશ

ફર્યો. આ બીજા ઓરડામાં લલિતસિંહ તેની નજરે પડયો નહિ. એ ઓરડામાં પણ સર્વત્ર લોહીનાં ચિહ્નો જોવામાં આવ્યાં. રણવીર પાછો ફરવા લાગ્યો એવામાં બારણા પાસે આવતાંજ તે સ્તંભિત થઈ ગયો. તેણે વિચાર્યું:–" જો હું અહિંથી બ્હાર ચાલ્યો જઇશ તો સહુ કોઇ એવો સંદેહ કરશે કે મ્હેંજ વૃદ્ધ મહારાણાનું ખૂન કર્યું છે; તેથી આ બારીમાં થઇનેજ હું આ મહેલની નીચે ઉતરી પડું. લલિતસિંહ પોતાના પર આવી પડનાર મહા ભયંકર સંકટના સમાચાર કોઇતી મારફત જાણવામાં આવ્યાથી કદાચ અત્રેથી રાજમહેલમાં પલાયન કરી ગયા હશે. હું હમણાંને હમણાં જઇને તેમને સઘળી હકીકતથી માહિતગાર કરૂં. વળી જેણે પોતાનાજ મહેલમાં આનંદોત્સવને દિવસે પિતાનું ખૂન કર્યું છે તે રાજમહાલયમાં જઇને લલિતસિંહનું ખૂન કરે તો એમાં શું આશ્ચર્ય ?"

રણવીરસિંહ વિશેષ વખત વ્યર્થ નહિ ગુમાવતાં જે બારીમાંથી થોડા સમય પૂર્વે જુમેલિયા અને લલિતસિંહ પલાયન કરી ગયા હતા તેજ બારીમાંથી મહેલની નીચે ઉતરી પડયો. પછીથી વિના વિલંબે એક ઘોડો લઈ આવી, તેના પર સ્વાર થઈ તે વાયુ વેગે રાજમહાલય તરફ જવા લાગ્યો. પછીથી જે કાંઇ બન્યું છે તેનું વર્ણન અમે ઉપર કરી ગયા છીએ.

મહારાણાનું ખૂન થયાના સમાચાર સાંભળીને લલિતસિંહ પ્રથમ એ વાત માની શકયો નહિ. તેણે કહ્યું:–" રણવીર ! ભાઇ ! એમ કદાપિ બને કે ? મ્હને તો લાગે છે કે તું ભૂલ કરે છે."

રણવીરે કહ્યું:–" એ સંબંધીની મ્હેં ચોક્કસ ખાત્રી કરી છે. યુવરાજ ! આજે આ વિશાળ મહારાજ્યના સર્વસ્વનો નાશ થયો છે— જ્યારે અશોચનીય સમાચાર સઘળાં પ્રજનોના જાણવામાં આવશે ત્યારે તેમના શોકની સીમા રહેશે નહિ !"

લલિતસિંહ ચિંતાતુર બની જઇ રડી પડ્યો. તેના મસ્તક પર જાણે કે, વજ્રઘાત થયો. રણવીરે તેને શાન્ત કરવાના ઉદ્દેશથી કહ્યું:– "લલિતસિંહ! ભાઇ! હમણાં વિલાપ કરવાનો વખત નથી. લલાટના લેખ કાળાંતરે પણ મિથ્યા થતા નથી. વળી હમણાં તો તમારે તમારા જીવનનું સંરક્ષણ કરવું જોઇએ. આ વિશાળ રાજ્યને સુખી કરવાને માટે તમારે તમારો જીવ બચાવવાનો યત્ન કરવો જોઇએ."

લલિતસિંહે સહજ શાન્ત થઇને પૂછ્યું:–"ત્યારે તું મ્હને શું કરવાની સલાહ આપે છે? હાય! કેવું કમભાગ્ય! "વિનાશકાળે વીપરીત બુદ્ધિ" તે આનુંજ નામ. જે કાકાના ઉપર મ્હને સંપૂર્ણ વિશ્વાસ હતો, જેના વીરત્વથી આખું હિંદુસ્થાન ધ્રૂજી ઉઠતું હતું તેજ કાકાએ આવી નીચતાથી પિતૃહત્યા કરી? વળી વિશેષમાં હજી તેઓ મ્હારૂં પણ લોહી પી પાપનો ઘડો પૂરો ભરવાની ઇચ્છા રાખે છે! ભાઇ રણવીર! થઇ રહ્યું. દુનિયામાંથી ધર્મ, સદાચરણ તેમજ નીતિનો નાશ થઇ ગયો છે. હવે મ્હને એમજ સમજાય છે કે, આ કળિયુગમાં ઘેર ઘેર આવાજ દગાબાજી ભરેલા બનાવો બને છે." આહ!

"છુરી ચલ રહી હય જીગરકે જીગર પર,
સિતમ હો રહા હય તેરે ઘરકે ઘર પર."

ભાઇ રણવીર! જો કાકાના આ નીચ કાર્યનો પ્રસંગ આવ્યે હું બદલો—કિન્નો ન લઉં તો એમજ સમજજે કે, હું જીવતો નહિ પણ મરેલો છું. જો હું એ દગાબાજ કાકાની દુર્દશા ન કરૂં તો મ્હારે માટે મખમલનાં બિછાનાં યા તો સ્મશાનમાં સૂઇ રહેવું સમાનજ છે.

"અય વાલિદે મરહુમ કાસએ તેરે સરકી કસમ,
વસ્લ નુત્ફેકી કસમ, હર શીર માદરકી કસમ;
તેગ બુરવાંકી કસમ, ખુમાર ખંજરકી કસમ,
ઉસકે પાનીકી કસમ, હય ઉસકે જોહરકી કસમ;

જીસ્તસ્ક પામાલ હય મ્હે ખાસ કૈફ હયવાનકી,
લાશ રોહેંગા ઝુંડી જાલિમ બેઇમાનકી. ”

રણુવીરઃ—લલિતસિંહ ! ભાઈ ! વેરની વસુલાત લેવાનો આ વખત નથી. કિન્નાની આગને સળગાવવાનો આ સુયોગ નથી. વખત આવ્યે જોઇ લેવાશે. દુશ્મનના જહરી ખંજરથી એક દિવસે તેનુંજ લોહી પીવાશે. હમણાં તો સાવધાન થઈ જાઓ અને તમારો જીવ બચાવવાનો ઉપાય અજમાવો.

લલિતસિંહઃ—ભાઈ ! આ સમયે તું મ્હને શી સલાહ આપે છે ?

રણુવીરઃ—જો તમે અત્રેજ રહેશો તો તમારૂં જીવન બચી શકશે નહિ. જે નરરાક્ષસે પિતૃહત્યા કરી છે તે તમારા જેવા ભત્રિજાનું ખૂન કરવાને કદાપિ સંકોચાશે નહિ.

લલિતસિંહઃ—ત્યારે શું હું એક નામર્દ નરની માફક નાસી છૂટું ?

રણુવીરઃ—યુવરાજ ! તમે જાણો છો કે, જુલ્મી જાલિમસિંહ સેનાપતિ હોવાથી સઘળું સૈન્ય તેની સત્તામાં છે. તમે થોડા દિવસોને માટે કોઇ સુરક્ષિત તેમજ એકાંત સ્થળે જઇને છુપાઈ રહો. પ્રજાનો તેમજ સૈન્યનો મનોભાવ જાણુવામાં આવ્યા પછી હું ભવિષ્યમાં આપણે શું કરવું તે તમને જણાવીશ.

લલિતસિંહઃ—હું ક્યાં જાઉં ? બરાબર, ઠીક યાદ આવ્યું. ભીલ-જાતિના સેનાપતિ જુમેલિયાને મળીને હું ભીલ લોકો ભેગોજ રહીશ. તું મ્હને અહિંની નવાજૂનીના સમાચાર ત્યાંજ પહોંચાડજે.

રણુવીરઃ—લલિતસિંહ ! આજથીજ તમે આ અભવાગી રાજ્યના મહારાણા થયા છો. તમારી ગેરહાજરીમાં આ રાજ્યની વ્યવસ્થા કોણ કરે તે એક વખત જણાવી દ્યો.

લલિતસિંહઃ—ભાઈ રણુવીર ! તને હું મહારાણીના રક્ષકનું અને આ રાજ્યના મુખ્ય પ્રધાનનું જોખમદારી ભરેલું કામ સોંપું છું.

આજથી મ્હારી આજ્ઞાનુસાર અજયસિંહને તું આ રાજ્યનો સેનાપતિ બનાવજે. જો કદાચ વૃદ્ધ ચતુરસિંહ પ્રધાનપદ પર રહેવાને નારાજ હોય તો તેમના પુત્ર માનસિંહને એ જગ્યાનો અધિકાર આપજે. કુમારસિંહને ખજાનચીના કામ પર કાયમ રાખજે. મ્હારી ગેરહાજરીમાં તમે સહુ સલાહ–સંપથી રાજ્યવ્યવસ્થા ચલાવજો. મ્હારી આ વ્યવસ્થા તું આવતી કાલે સહુને જણાવજે.

રણવીરઃ–યુવરાજ! એ માટે આપ નિશ્ચિંત રહો.

લલિતસિંહઃ–હમ્મેશાં મ્હને અહિંની નવાજૂનીના સમાચાર જણાવજે. સૈનિકો તેમજ સરદારો કદાપિ આપણા પક્ષનો ત્યાગ કરી જાલિમસિંહને મળી જશે નહિ. આપણા પક્ષમાં ધર્મ છે અને જ્યાં ધર્મ છે ત્યાંજ વિજય છે.

રણવીરઃ–હું પણ સહુની પ્રીતિ સંપાદન કરી સહુ કોઇને આપણા પક્ષમાં લાવવાની ખટપટ કરીશ—અને વફાદારીથી રાજ્યની સેવા કરીશ. મ્હારો જીવ જશે તો પણ હું કદાપિ બેવફા નહિ થાઉં, સાંભળો—

“ ઉલટી જમાનો જાય તો પરવા નથી મ્હને,
ખંજર કહો કે કેદનો કંઈ ભય નથી મ્હને;
દુઃખ કે સંકટ તણો હિસાબ નહિ નિધાહમાં,
જો રાખ થાઉં તો ભલે વફાના રાહમાં. ”

લલિતસિંહઃ–ભાઈ! મ્હને ત્હારા પર સંપૂર્ણ વિશ્વાસ છે. તું મ્હારી સ્નેહમયી સૌરભની સંપૂર્ણ સંભાળ રાખજે. હજી એને કોઇ પણ પ્રસંગે દુઃખ ભોગવવું પડ્યું નથી—માટે તેને શોકમાં સાંત્વના આપજે.

રણવીરઃ—ભાઈ! હું મ્હારા પ્રાણની પણ પરવાહ રાખ્યા સિવાય એમનું સંરક્ષણ કરીશ.

લલિતસિંહઃ—ત્યારે હું જાઉં છું.

રણવીરઃ—ઠીક, હવે વિશેષ વિલંબ કરશો નહિ.

લલિતસિંહઃ—ના નહિ કરૂં. એક વખત સૌરભને મળીને હું વિદાય થઈશ.

બીજા ઓરડામાં ઉભી રહીને સૌરભ લલિતસિંહ તેમજ રણવીરસિંહની વાતચિત સાંભળી રહી હતી. આ સમયે તેના હૃદયની જે સ્થિતિ થઈ તેનું વર્ણન થવું અશક્ય છે. તેનાં બન્ને નેત્રોમાંથી જળધારાઓ વહે છે, હૃદય વિદિર્ણ થઇને તેનો જીવ જાણે કે ચાલ્યો જાય છે; પરંતુ પ્રાણાધિક પતિને શિરે મહાન્ સંકટ આવેલું હોવાથી જો આ સમયે પોતે ગભરાઈ જશે તો પતિ વિશેષ દુઃખી થશે વિચારી તેણે ધૈર્ય ધારણ કર્યું. પતિને માટે તે સહુ કાંઈ કરી શકે તેમ છે. પતિને માટે તે પોતાના પ્રાણનું બળિદાન આપવાને તૈયાર છે.

લલિતસિંહને પોતાના તરફ આવતો જોઇને તેણે જલદીથી આંખોમાંનાં આંસુ સાફ કરી નાંખ્યાં, અને કહ્યું:—“ નાથ ! હવે વિલંબ કરશો નહિ. હમણાંને હમણાં આ પાપિષ્ઠ રાજ્યનો પરિત્યાગ કરી ચાલ્યા જાઓ. ”

સૌરભના શબ્દો સાંભળી લલિતસિંહ આશ્ચર્યમાં પડી ગયો. તેણે સ્વપ્ને પણ આવી આશા રાખી નથી. કોણ જાણે કે સૌરભ કેટલું બધું આક્રંદ કરશે ! તેને સમજાવતાં કેટલું બધું કષ્ટ પડશે એ વિચારથી તે અસ્થિર બની ગયો હતો. આ સમયે પોતાના વિચારથી ઉલટોજ ભાવ જોઇ તેણે આશ્ચર્ય પામીને કહ્યું:—“ સૌરભ ! તહેં સઘળી હકીકત સાંભળી છે કે ? ”

સૌરભઃ—હા સાંભળી છે. તમે બિલકુલ વિલંબ ન કરો. ક્ષણે ક્ષણે પાપાત્માનો ભય રહે છે. જુઓ, લક્ષ્યપૂર્વક સાંભળો, ઘોડાઓની ખરીઓનો અવાજ સંભળાય છે.

લલિતસિંહ:—પ્રિયે ! હું જલદીથી પાછો આવી પ્હોંચીશ. તું બિલકુલ ગભરાઇશ નહિ. મ્હારા શિર પરનું સંકટ શ્રીનારાયણ અલ્પ કાળમાંજ દૂર કરશે.

સૌરભઃ—સ્વામિન્ ! હું બિલકુલ ગભરાતી નથી. તમે મ્હારે માટે બિલકુલ બેફિકર રહેજો. દયાળ દીનાનાથ તમારૂં કલ્યાણ કરશે.

લલિતસિંહઃ—તું ઘણી સાવધાનતાથી રહેજે. હું ત્હારી સંભાળ રાખવાનું કામ આ મ્હારા વિશ્વાસપાત્ર બંધુ રણવીરસિંહને સોંપતો જાઉં છું. રાજ્યમાં તેના જેટલો વિશ્વાસપાત્ર મ્હારો બીજો કોઈ પણ બંધુ નથી.

સૌરભઃ—ઠીક, પ્રભુ ! હવે સત્વર આ સ્થાનેથી વિદાય થાઓ. જુઓ, પાછો ઘોડાની ખરીઓનો અવાજ સંભળાય છે.

લલિતસિંહઃ—ના ના; તું ભયને લીધે ભ્રમમાં પડી ગઈ છે. હવે હું જાઉં છું. કેમ, મ્હને રજા આપે છેને ?

સૌરભ ઘણા સમયથી અંતરના પ્રચંડ શોકાવેગને અટકાવી રહી હતી; પરંતુ હવે તે નિરૂપાય બની ગઈ. તેણે પોતાના ચક્ષુજળને રોકી રાખ્યું ખરૂં; પણ તેનો કંઠ રૂંધાઈ જવાથી તેનાથી એક પણ અક્ષર ઉચ્ચારી શકાયો નહિ. લલિતસિંહ આ પ્રકાર સમજી શકયો. વિશેષ વખત ગુમાવવો વ્યાજબી નથી વિચારી તે પ્રેમપૂર્વક પત્નીને ચુંબન કરી પત્ની પાસેથી વિદાય થયો.

તે દરવાજા સુધી ગયો હશે એટલામાં ઉન્માદિની બની ગયેલી સૌરભે આવીને તેનો હાથ પકડ્યો. તેણે કહ્યું:—“ નાથ ! મ્હારે તમને એક વાત કહેવાની છે. હું જાણું છું કે, હું હવે કદાપિ તમારાં દર્શન કરી શકવાને ભાગ્યશાળી થવાની નથી. હું કદાપિ મહારાણી પણ થઇ શકવાની નથી. પેલી સ્વરૂપવતી સંન્યાસિનીજ આ વિશાળ રાજ્યની મહારાણી થવાની છે. તેનાજ હાથમાં મ્હેં મ્હારી સુવર્ણમુદ્રિકા આપી



પ્રિયે ! હું જલદીથી પાછો આવી પહોંચીશ. તું બિલકુલ ગભરાઈશ નહિ

હતી. તેથી મ્હને કોઇ પણ પ્રકારનું દુઃખ નથી. તો પણ નાથ...”

સૌરભથી વિશેષ બોલી શકાયું નહિ. લલિતસિંહની આંખોમાં પણ આંસુ ભરાઈ આવ્યાં. તેનું ગળું રૂંધાઇ ગયું. મહા મુશિબતે તેણે કહ્યું:—“ પ્રિયતમે સૌરભ ! કહે કહે—ત્હારે જે કાંઈ કહેવું હોય તે બેલાશક કહે. તું જાણે છે કે ત્હારી આગળ આ વિશાળ રાજ્ય, સિંહાસન તેમજ મ્હારો પ્રાણ પણ તુચ્છ છે. ”

સૌરભે આ સમયે ગદ્દગદ્દ કંઠે કહ્યું:—“ નાથ ! તમે ગમે તેને મહારાણી કરશો તેથી મ્હને દુઃખ ઉપજવાનું નથી; પરંતુ મ્હારે પેટે જે બાળક—”

સૌરભનું વાક્ય બંધ થઇ ગયેલું જોઇ લલિતસિંહે તેને ચુંબન કરીને કહ્યું:—“ જીવનમોહિનિ ! ત્હારી એજ ઇચ્છા છેને કે ત્હારે પેટે જે બાળક જન્મે—પછી તે પુત્ર હોય યા કન્યા હોય—તેજ આ રાજ્યના સિંહાસન ઉપર બિરાજે. ભગવાનને હૃદયમાં રાખીને, સૂર્ય-ચંદ્રને સાક્ષી રાખીને હું પ્રતિજ્ઞા કરૂં છું કે, ત્હારે પેટે જે સંતાન જન્મશે તેજ આ રાજ્યના સિંહાસન પર બિરાજશે. જો હું અનેક વિવાહ કરીશ તો પણ તુંજ મ્હારી મહારાણી કહેવાઈશ. ”

પતિની આ પ્રતિજ્ઞા સાંભળી પ્રેમના આવેગથી સૌરભ રડી પડી. તેણે કરૂણાજનક કંઠે કહ્યું:—“ જાઓ—જાઓ—સ્વામિન્ જલદી જાઓ. આ સાંભળો, ચારે તરફ કોલાહલ થઈ રહ્યો હોય એમ લાગે છે—પિશાચ અહિં તમને પોતાના પંઝામાં સપડાવા આવતો હોય એવો ભાસ થાય છે ! ”

લલિતસિંહ:—“ પ્રાણાધિકે ! તું નિર્ભય રહે. હું હવે પાપીના પંઝામાં સપડાવાનો નથી—છૂટેલો સિંહ પાછો પિંજરામાં પૂરાનારો નથી. તેમના આવતા પહેલાં તો હું અહિંથી ચાલ્યો જઇશ.

આ સમયે રણવીરસિંહે લલિતસિંહ પાસે આવીને કહ્યું:—

"બંધુ ! હવે ક્ષણુનો પણુ વિલંબ ન કરો—સત્વર અહિંથી પલાયન કરો. પળે પળે દુશ્મનોનો ડર રહે છે."

તરતજ લલિતસિંહ રણુવીરસિંહની સાથે બ્હાર નીકળ્યો, અને તેઓ બન્ને જલદીથી રાજમહેલની બ્હાર નીકળી પડયા. રાજમહાલયના દરવાજા પાસે ઘોડો તૈયાર હતો. લલિતસિંહ તરતજ ઘોડેસ્વાર થયો, અને રણુવીરસિંહ પાસેથી વિદાય લઇ તેણે જુમેલિયાએ કહેલા મંદિર તરફ પોતાના પ્રિય અશ્વને તીર વેગે દોડાવ્યો.

સૌરભની સખીઓએ સૌરભ પાસે જઇને જોયું તો તે મુર્ચ્છિતા થઈ ગઇ હતી. સખીઓએ અનેક યત્નો કર્યા; પરંતુ તેઓ સૌરભને શુદ્ધિમાં લાવી શકી નહિ. સઘળી સખીઓ તેની આસપાસ બેસીને આક્રંદ કરવા લાગી. વૈદ્યરાજને બોલાવવાને માટે માણુસ દોડાવ્યો. કોઇ સખી સૌરભને વાયુ ઢોળવા લાગી તો કોઈ ગુલાબજળ છાંટવા લાગી.

પ્રકરણુ ૨૦ મું.

છંછેડાયલી નાગણુ !

"વિકાળ છું હું કાળી નાગણુ તને દંશ દેવાને,
રાક્ષસી બની છું હું સત્તા સર્વ લેવાને;
હૃદય ચીરૂં, કરૂં બસ ખૂન, હું તલવાર બેધારી,
પલકમાં પ્રાણુ લઉં ત્હારો, મારી તીક્ષ્ણુ કટારી."

યુવરાજ લલિતસિંહના શયનાલયના દ્વાર ઉપર જે બે પહેરેગીરો પહેરો ભરતા હતા, તેમની રાત્રિ પૂરી થતી નહોતી. આવી ભયંકર રાત્રિ તેમણે કદિ જોઈ નથી. ચારે તરફ એટલો બધો અંધકાર ફેલાઇ ગયો છે કે, કોઇ પણુ વસ્તુ જોવામાં આવતી નથી. અંધકારે જાણે કે એકત્ર થઇને ભયંકર રૂપ ધારણુ કર્યું છે.

આવી નિસ્તબ્ધતા પણ કદિ જોવામાં આવી નથી. આખી પૃથિવીનું અસ્તિત્વ જાણે કે વિલુપ્ત થયું છે. ચારે દિશાએથી આ નિસ્તબ્ધતામાંથી જાણે કે પિશાચો હાથ પગ પહોળા કરીને ખાઇ જવાને માટે આગળ આવે છે. વચ્ચે વચ્ચે ઘુવડ બોલે છે તથા શીયાળવાંઓ બૂમો પાડે છે.

ચારે તરફ ભય જણાય છે. ચારે દિશાએ જાણે કે એક પ્રકારની ભીષણ છાયા છવાઇ ગઈ છે. બન્ને પહેરેગીરો એક બીજાની સાથે વાતચિત કરતાં પણ ડરે છે, નિશ્વાસ મૂકતાં શંકાતુર બની જાય છે. તેઓ બન્ને લાકડાના પૂતળાની માફક ઉભા રહ્યા છે. બન્ને એક બીજાની તરફ વ્યાકુળ દૃષ્ટિથી જુએ છે; બન્ને જણા વારંવાર ગગનમંડળમાં પૂર્વ દિશા તરફ દૃષ્ટિ ફેંકે છે—પરંતુ તેમની આજની અંધકારમયી ભીષણ રાત્રિ પૂર્ણ થતી નથી!

આ સમયે તેમણે જોયું કે, એક ભય તેમજ રોમાંચ ઉપજાવે એવી રાક્ષસી મૂર્ત્તિ તેમની તરફ આવે છે. અંધકારમાં એ મૂર્ત્તિ સ્પષ્ટ દેખાતી નથી તો પણ તેનાં નેત્રો સળગતા અંગારાની માફક ચમકી રહ્યાં છે. તેના શ્વાસ પ્રશ્વાસમાંથી અગ્નિ ઝરે છે. તે પગલું ભરે છે એટલે જાણે કે આખો મહેલ ધ્રૂજી ઉઠે છે.

પહેરેગીરો એ મૂર્ત્તિનું રાક્ષસી સ્વરૂપ વધારે સમય સુધી જોઇ શકયા નહિ. તેમણે આખી રાત્રિમાં અનેક પ્રકારનો ભય જોયો છે; પરંતુ એ સઘળો ભય તેમણે માત્ર હૃદયની દુર્બળતાને લીધેજ જોયો છે. આ સમયે એક રાક્ષસી મૂર્ત્તિને જોઇને તેઓ જીવ બચાવવાના હેતુથી ત્યાંથી પલાયન કરી ગયા, તથા ક્ષણ માત્રમાં રાત્રિના ઘોર અંધકારમાં અદ્રશ્ય થઇ ગયા.

આવનાર મૂર્ત્તિ પિશાચ યા તો રાક્ષસ નથી. તે પિશાચીની તેમજ રાક્ષસી કરતાં વિશેષ ભયંકર ગૌરવ છે. લલિતસિંહનું લોહી

પીવાને માટે ઉન્મત્ત બની જઇને તે લલિતસિંહના શયનાલય તરફ પિશાચિનીના જેવું સ્વરૂપ ધારણ કરીને આવે છે ! એક વખત જેણે લોહી રેડાયેલું જોયું છે—એક વખત જેના મગજમાં લોહી ચઢી ગયું છે તે વિશેષ લોહી પીવાને વ્યાકુળ બની જાય એમાં આશ્ચર્ય કે નવાઈ પામવા જેવું કાંઈ નથી. ગૌરવનું પણ તેમજ થયું છે. ગૌરવ હિતાહિત જ્ઞાનને ભૂલી ગઈ છે—પાપકાર્યને પિછાની શકવાની શક્તિ દૂર થઇ ગઈ છે—ગૌરવ મહારાણી બનવાને માટે મહાન્ જુલ્મ ગુજારવાને તૈયાર થઇ છે.

પહેરેગીરો પલાયન કરી ગયા છે—બારણા આગળ હવે કોઇ નથી. ગૌરવે દ્વાર ખખડાવી જોયું તો દ્વાર અંદરથી બંધ છે. લલિતસિંહ અંદરથી દ્વાર બંધ કરીને સૂઈ રહ્યો હતો. આ સિવાય બીજું માત્ર એકજ દ્વાર છે. એ દ્વારમાંથી જવાને માટે પ્રથમ મહારાણા જે ઓરડામાં સૂઇ રહ્યા હતા તે ઓરડામાં જવું પડે છે.

મહારાણાના લોહીથી ભીંજાઇ ગયેલા ઓરડામાં પ્રવેશ કરતાં. તે રાક્ષસી હોવા છતાં પણ થોડા સમયને માટે ગભરાઈ ગઇ; પરંતુ તેનું હૃદય પત્થર કરતાં પણ વિશેષ કઠિન છે. ગૌરવ પોતાની દુર્બળતા ઉપર હસીને પિશાચિનીની માફક લલિતસિંહ જે ઓરડામાં સૂતો હતો તે ઓરડામાં પેઠી; પરંતુ તે પાછી દૃષ્ટિ ફેરવીને માત્ર એક વખતને માટે પણ મહારાજાના મૃતદેહ તરફ જોવાનું સાહસ કરી શકી નહિ.

ગૌરવે લલિતસિંહના ઓરડામાં પ્રવેશ કર્યો; પરંતુ પંખી પિંજરમાંથી ઉડી ગયું છે—હાથમાંનો શિકાર છટકી ગયો છે. એ ઓરડામાં લલિતસિંહ નજરે જોવામાં નહિ આવ્યાથી ગૌરવનું મસ્તક પણ ભમી ગયું. ત્યાર પછી તેના મુખમંડળે એવો વિચિત્ર ભાવ ધારણ કર્યો કે, તે તરફ ભાગ્યેજ જોઇ શકાય. તેને ચારે તરફ—

સર્વત્ર અંધકાર જણાવા લાગ્યો. ધીમે ધીમે તે તદ્દન ઉન્માદિની બની ગઈ. વિશેષ મદ્યપાન કરવાથી મનુષ્યની જેવી સ્થિતિ થઇ જાય તેવીજ સ્થિતિ આ સમયે ગરવિણી ગૌરવની થઇ ગઈ.

પરંતુ જલદી તે સાવધ થઇ. તેણે સ્વગત કહ્યું:–" જે થવાનું હતું તે થઈ ગયું. આજનું કારસ્થાન લલિતસિંહના જાણવામાં આવ્યું હોવું જોઇએ, અને તેથીજ તે જીવ બચાવવાના હેતુથી પલાયન કરી ગયો હશે. એ ભીરૂ છે—તે અવશ્ય આ રાજધાનીનો ત્યાગ કરી અન્ય કોઇ સ્થળે ચાલ્યો જશે. હવે અનાયાસેજ તેના ઉપર વૃદ્ધ મહારાણાના ખૂનનો આરોપ મૂકી શકાશે. હા–હા—બરાબર છે, હું આ બિછાનામાં પણ લોહી છાંટતી જાઉં—આ કટાર પણ લલિતસિંહના બિછાનામાં મૂકી રાખતી જાઉં એટલે આવતી કાલે સહુ કોઇ એમજ ધારશે કે, લલિતસિંહજ વૃદ્ધ મહારાણાનું ખૂન કરી નાસી ગયો છે. એમ થશે એટલે મ્હારૂં ધાર્યું પાર પડશે—હુંજ આવતી કાલથી આ વિશાળ બરવાણી રાજ્યની મહારાણી થઇશ. "

આમ બોલીને ગૌરવ પાછી મહારાણાના ઓરડામાં આવી. મહારાણાનો મૃતદેહ લોહીથી તરબોળ બની ગયો છે. સઘળું બિછાનું લોહીથી રંગાઈ ગયું છે. મહારાણાનાં નેત્રો ખુલ્લાં છે; પરંતુ એ નેત્રોમાં પ્રકાશ નથી. મ્હોંમાં ફીણ ભરાઇ આવ્યું છે. એ દેખાવ જોતાં પત્થર જેવું કઠિન કાળજું પણ કંપી ઉઠે તેમ છે.

ધીમે ધીમે ગૌરવ મહારાણાના બિછાના પાસે ગઇ. પછીથી તેણે પોતાના વસ્ત્રનો પાલવ લોહીથી ભીંજાવી નાંખ્યો; અને તેણે એ ઓરડામાંથી લલિતસિંહ જે ઓરડામાં સૂઈ રહ્યો હતો તે ઠેકાણે જઈ–ત્યાં લોહી છાંટયું. લલિતસિંહના બિછાનામાં પણ લોહીના ડાઘા પડયા. અંતે તે એ બિછાનામાં પોતાના હાથમાંની કલંકિત કટારને મૂકી છંછેડાયલી નાગણ જેવી જણાતી ગૌરવ ત્યાંથી ચાલી ગઈ.

પ્રકરણ ૨૧ મું.

પાપી હૃદયની દુર્બળતા.

ગૌરવ જ્યારે પોતાના શયનમંદિરમાં આવી પહોંચી ત્યારે તેણે જાલિમસિંહને હાથ ધોતો જોયો. તે એક કલાકથી પોતાના હાથ ધુએ છે; પણ લોહીના ડાઘા દૂર થતા નથી. એકાએક શયનમંદિરમાં ગૌરવને આવતી જોઇને ભયની ભાવનાથી ચમકી ઉઠી, કૂદકો મારીને તે ઉભો રહ્યો. તેનો આવો ભાવ જોઇને ગૌરવે હસીને કહ્યું:— "આવાજ સાહસથી યુદ્ધ કરશો કે ?"

જાલિમસિંહે એ વાત પ્રત્યે લક્ષ્ય નહિ આપતાં કહ્યું:— "ગૌરવ ! કપડાં બદલીને જલદીથી હાથ ધોઇ નાંખ—એક ક્ષણનો પણ વિલંબ ન કર. હું હવે આવો દેખાવ જોઇ શકતો નથી."

ગૌરવઃ—ના જોઇ શકતા હો તો આંખો બંધ કરી દ્યો.

જાલિમસિંહઃ—ના ના—ત્હારો આવો દેખાવ જોતાંજ હું ગાંડો બની જાઉં છું.

ગૌરવઃ—હું એમ જાણુતી હતી કે, તમારા હૃદયમાં સાહસ છે, ગમે તેમ હોય, હું હમણાંજ હાથ ધોઇ નાંખુંછું. એટલે પછી તો તમે સ્વસ્થ રહેશોને ? પછી તો ભય પામશો નહિને ?

જાલિમસિંહઃ—ગૌરવ ! મ્હારો હાથ તું લક્ષ્યપૂર્વક જો જોઇએ. હવે મ્હારા હાથ ઉપર લોહીના ડાઘા તો નથીને ?

ગૌરવઃ—ના ના—એક પણ ડાઘ દેખાતો નથી.

જાલિમસિંહઃ—તને નથી દેખાતો; પરંતુ મ્હને તો અનેક ડાઘ દેખાય છે ! વારંવાર હાથ ધોઉં છું તો પણ હાથ સાફ થતા નથી. દીવો પાસે લાવીને બરાબર જો જોઇએ.

ગૌરવઃ—તમે ઘણાજ ભીરૂ પુરૂષ છો; મ્હને તમારા ઉપર ઘણો

ક્રોધ ભરાય છે. તમે સ્વસ્થ થઇને સૂઇ જાઓ. થોડો સમય ઉંઘ લેશો એટલે ચિત્ત સ્વસ્થ થઇ જશે.

આમ કહીને ગૌરવ પોતાના હાથ ધોવા ગઈ. હાથ બરાબર ધોઇ નાંખ્યા પછી તેણે પોતાનાં વસ્ત્રો બદલી નાંખ્યાં. પછીથી એ લોહીથી ભીંજાયલાં વસ્ત્રો તેણે અગ્નિ સળગાવી તેમાં નાંખ્યાં. એકાએક અગ્નિનો ભડકો થવાથી જાલિમસિંહ ભય પામીને કૂદકો મારી ઉભો થયો. આ પ્રકાર જોવામાં આવતાં ગૌરવે હસીને કહ્યું:—" મ્હને લાગે છે કે, જો આજે કોઇ ઉંદર સહજ ખડખડાટ કરશે તો પણ તમે ભય પામશો! તમે કેવી રીતે આ વિશાળ રાજ્ય ઉપર સત્તા ચલાવી શકશો? તમે કેવી રીતે શત્રુવર્ગથી આ રાજ્યનું સંરક્ષણ કરી શકશો?"

જાલિમસિંહ કાંઈ પણ બોલ્યા સિવાય અસ્વસ્થ ચિત્તે ઉભો રહ્યો. અંતે ગૌરવ તેની પાસે જઇને બેઠી. જાલિમસિંહને ભયનો માર્યો પાછો થોડે દૂર ખસી ગયેલો જોઇને ગૌરવે તિરસ્કારસૂચક સ્વરે કહ્યું:—" જુઓ, મુર્છાધીન ન થઈ જતા! તમારી સ્થિતિ જોતાં એમ સ્પષ્ટ માલૂમ પડી આવે છે કે, તમારી બુદ્ધિ શુદ્ધિ ઉડી ગઇ છે. હવેથી તમારે મ્હારી સલાહને અનુસરીનેજ ચાલવું પડશે. જો પ્રથમથીજ એ પ્રમાણે ચાલ્યા હોત તો આજ સુધીમાં તમે ક્યારનાય આ વિશાળ રાજ્યના મહારાણા થઈ શક્યા હોત!

જાલિમસિંહ શાન્ત રહ્યો. હવે તેના કંઠમાં એક પણ શબ્દનો ઉચ્ચાર કરવાની શક્તિ રહી નથી. ગૌરવે ફરીથી કહ્યું:—" હવે મહારાણા આલોકમાં નથી. લલિતસિંહ પણ જીવ બચાવવાના ઉદ્દેશથી પલાયન કરી ગયો છે, તે આપણા ભયને લીધે કદાપિ રાજધાનીમાં રહેશે નહિ—એ માટે તમે નિશ્ચિંત રહો. જે કટારથી વૃદ્ધ મહારાણાનું લોહી રેડાયું છે, તે લોહીથી રંગાયલી કટાર હું લલિતસિંહના બિછાનામાં મૂકી આવી છું; તદુપરાંત તેના બિછાનામાં પણ લોહી

ગાંડી આવી છું. કાલે આપણે એમજ જાહિર કરીશું કે, લલિતસિંહજ વૃદ્ધ મહારાણાનું ખૂન કરી પલાયન કરી ગયો છે. સહુ કોઇ આ વાત સત્ય માનશે. એમ થશે એટલે કાલેજ તમે આ રાજ્યના મહારાણા થશો અને હું મહારાણી થઇશ. ”

જાલિમસિંહઃ—ગૌરવ ! તું કહે છે કે, એ કટાર તું લલિતસિંહના બિછાનામાં મૂકી આવી છે; પરંતુ એ કટારને હું મ્હારી પાસેજ જોઈ શકું છું.

ગૌરવઃ—અહિં ક્યાં છે એ કટાર ? તમે તદ્દન ભીરૂ પુરૂષ છો. વ્હાલા ! તમારા આવા વ્યવહારથી મ્હને શરમ ઉપજે છે.

જાલિમસિંહઃ—જો જો ! એ કટાર હું સ્પષ્ટ જોઇ શકું છું— તેને જોતાંજ મ્હારૂં કાળજું કંપી ઉઠે છે. ગૌરવ મ્હારા હાથ પરથી હજી પણ લોહીના ડાઘ ગયા નથી. તું આ લાલ ડાઘને જોઇ શકતી નથી ? લાવ લાવ—પાણી લાવ ને મ્હારા હાથ ધોઈ નાંખ.

ગૌરવઃ—નાથ ! મ્હને લાગે છે કે, તમેજ સઘળું કાર્ય જાહિર કરી દેશો. લોકોની હાજરીમાં તમે આવી રીતે ભવિષ્યની ચિંતા રાખ્યા સિવાય બક્યા કરશો તો આપણી કેવી દુર્દશા થશે તેનો તમને કાંઇ ખ્યાલ છે ? સઘળી ખરી હકીકત જાહિર થઈ જશે તો આ રાજ્યના સરદારો તમારો શિરચ્છેદ કર્યા સિવાય રહેશે કે ? ”

જાલિમસિંહ મૌન ધારણ કરી વિચાર કરવા લાગ્યો. ત્યાર પછી એકાએક બોલી ઉઠયો:—“ ગૌરવ ! પેલી ગાંડી છોકરી તો હવે નથી ને ? ”

આ પ્રશ્ન સાંભળી ગૌરવે વિચાર્યું કે, જો તે એમ કહેશે કે, એ ગાંડી છોકરી હજી સુધી જીવતી છે તો જાલિમસિંહના ભયનો પાર રહેશે નહિ; તેથી તેણે કહ્યું:—“ ગાંડી તો ક્યારનીય મરણને શરણ થઇ ગઇ છે. ”

આ ઉત્તર સાંભળી જાલિમસિંહ ઉઠી ઉભો થઇ ગયો. તેણે કહ્યું:—"બસ બસ—હવે આપણી ઉન્નતિના માર્ગમાં એક પણ કંટક રહ્યો નથી. એ ગાંડી—દીવાની છોકરીથી હું ઘણો ભય પામતો હતો; પરંતુ તેનું લોહી રેડાયાથી મ્હારો સઘળો ભય દૂર થયો છે. ગૌરવ ! કાલે સ્હવારેજ તું જોઇ શકીશ કે, જાલિમસિંહના સાહસ તેમજ હિમ્મતમાં કેટલો બધો વધારો થયો છે. આજથીજ હું આ રાજ્યનો મહારાણો થયો છું ! સાંભળ:—

"મ્હારી રાજસત્તાના દિશામાં નાદ ગાજે છે,
ઘડીમાં જોઇ લેને કોણે ગાદી પર બિરાજે છે;
પડ્યો જે હાથ પાછો છે, અરે તે આજ લાજે છે,
ચઢીને ખૂનને ચરખે નવું બળ વીર્ય છાજે છે."

ગૌરવ:—હું પણ જાણુંછું કે, તમે આ રાજ્યના મહારાણા થવાને સર્વાંશે યોગ્ય છો.

પછીથી બન્ને જણાં નિશ્ચિંત ચિત્તે સુઇ ગયાં; પરંતુ તેમને એકાએક નિદ્રા આવી નહિ. કાલે મહારાણા મહારાણી થઇને શાં શાં કાર્યો કરવાં તેનાજ વિચારો તેઓ બન્ને કરવા લાગ્યાં.

પ્રકરણ ૨૨ મું.

જાહિર દરબાર.

બરવાણીની રાજધાનીમાં ગઇ કાલે જેટલો આનંદ હતો તેથી સહસ્ત્રધા અધિક આજે શોક જોવામાં આવે છે. નગરવાસીઓના મુખ પર હાસ્ય નથી, વાત નથી, શબ્દ નથી. સમસ્ત રાજધાનીમાં મહા શોક ફેલાઇ ગયો છે. રાજપુરૂષો ચિંતાતુર ચિત્તે તેમજ વ્યાકુળ હૃદયે આમ તેમ જતા આવતા જણાય છે. દુકાનદારોએ દુકાનો

ઉઘાડી નથી. રાજધાનીનાં સઘળાં મકાનો ઉપર અને રાજમહાલય ઉપર કાળા વાવટા શોક પ્રદર્શિત કરતા ઉડતા જણાય છે. સહુ કોઇ ભયભીત, વિસ્મિત તેમજ ચમકિત જોવામાં આવે છે.

મહારાણાનું ખૂન થયાની હકીકત પ્રભાતકાળથીજ સર્વત્ર જાહેર થઇ ગઇ છે. યુવરાજ લલિતસિંહ રાજધાનીનો ત્યાગ કરી પલાયન કરી ગયો છે એ વાત પણ કોઇથી અજાણી રહી નથી.

સૈનિકો ન્હાની ન્હાની ટોળીઓમાં બેસી અરસ્પરસમાં વાતચિત કરી રહ્યા છે. કોણે આવું મહા ભીષણ કાર્ય કર્યું? લોકો અનેક વિચારો કરે છે; પરંતુ તેઓ કોઇ પણ પ્રકારના નિર્ણય ઉપર આવી શકતા નથી. જાલિમસિંહને સહુ કોઇ વિશેષ ચ્હાય છે. તેના ગુણથી સહુ કોઇ મુગ્ધ બની ગયેલા હોવાથી તે પોતાને હાથે પિતૃહત્યા કરેજ નહિ એવી સહુ કોઇને ખાત્રી છે. આવો વિચાર કોઇના અંતરમાં એક ક્ષણને માટે પણ ઉપજ્યો નથી. યુવરાજ લલિતસિંહ સ્વરાજ્યનો ત્યાગ કરી શા માટે પલાયન કરી ગયો? તેની અને જાલિમસિંહની વચ્ચે અપાર પ્રેમ છે. થોડા દિવસ પૂર્વે જાહિર દરબારમાં જાલિમસિંહે લલિતસિંહને ભવિષ્યના મહારાણાના સંબોધનથી સંબોધ્યો છે; તેથી વૃદ્ધ મહારાણાનું મૃત્યુ થયા પછી તેજ મહારાણો થયેલો હોવા છતાં તે શા માટે ગુપચુપ પલાયન કરી ગયો? નગરવાસીઓ કોઇ પણ પ્રકારનો નિશ્ચય કરી શકતા નથી. તેઓ સ્થાને સ્થાને એકત્ર થઇને આ ખૂની મામલાનીજ ચર્ચા ચલાવી રહ્યા છે.

પ્રભાતકાળથીજ અસંખ્ય ઘોડેસ્વારો ચોતરફ દોડાદોડ કરી રહ્યા છે. રાજા જાલિમસિંહના મહાલયમાંથી કેટલાક ઘોડેસ્વારો દુર્ગ તરફ દોડતા જાય છે તો કેટલાક બરવાણી રાજ્યના સરદારો પાસે દોડતા જતા જોવામાં આવે છે. મહારાણાનું ખૂન થયાથી તેમજ

યુવરાજ લલિતસિંહનો પત્તો નહિ હોવાથી શું કરવું તેનો વિચાર કરવા જાલિમસિંહે આજે એક જાહિર દરબાર ભર્યો.

બપોર પછી દરબારમાં સઘળા માનનીય રાજકીય પુરૂષો એકત્ર થઈ ગયા. આજે દરબાર–મંડપમાં લોકો સમાતા નથી. ઘણાખરા નગરવાસીઓ આજે દરબારમાં આવી પહોંચ્યા છે. દરબાર–મંડપની બ્હાર વિશાળ મયદાનમાં આજે વીસ હજાર સૈનિકો શોકવસ્ત્રો પહેરી ઉભા રહ્યા છે. સઘળા સૈનિકો યુદ્ધસજ્જાથી સજ્જિત થઈ રહેલા જોવામાં આવે છે.

એકાએક બ્હાર સૈનિકોએ જયધ્વનિ કરી ગગનમંડળને ગજાવી મૂક્યું. રાજા જાલિમસિંહ દરબારમાં આવે છે. તે ઘણાજ સૈનિકો તેમજ અંગરક્ષકોની વચ્ચે ઘોડેસ્વાર થઈને દરબાર–મંડપ પાસે આવી પહોંચ્યો. તેના મ્હોં પર ચિંતાની છાયા છવાઈ રહેલી છે. એકજ રાત્રિમાં જાણે કે, તેની ઉંમરમાં બીજાં દશ વર્ષનો વધારો થઈ ગયો છે. લોકોએ તેના વદનમંડળ તરફ જોઈને વિચાર્યું કે, પિતૃશોકથી રાજા જાલિમસિંહના હૃદય પર સખ્ત આઘાત થયો છે.

જાલિમસિંહ સૈનિકોની સમીપ આવી પહોંચી ઘોડા પરથી નીચે ઉતર્યો. પછીથી તેણે પ્રત્યેક સૈનિકની સાથે સ્નેહથી વાતચિત કરી. જાલિમસિંહનો પોતાના પ્રત્યેનો આજનો આવો અપાર પ્રેમ તેમજ ઘણોજ નમ્ર વ્યવહાર પૂર્વે તેમણે કદાપિ જોયો નથી. તેઓ સહુ જાલિમસિંહને ચ્હાય છે. આજે તો તેઓ તેના વ્યવહારથી ઘણા મુગ્ધ થઇ ગયા છે. તેઓ વારંવાર જયધ્વનિ કરીને ચારે દિશાને ગજાવવા લાગ્યા.

પછીથી રાજા જાલિમસિંહે દરબાર–મંડપમાં પ્રવેશ કર્યો; પરંતુ ત્યાં તેણે સૈનિકોની સાથે જેવું પ્રેમપૂર્ણ વર્તન ચલાવ્યું હતું તેવું વર્તન ચલાવ્યું નહિ. કોઈ કોઈ તેનો જયધ્વનિ કરવાનો યત્ન કરતા

લાગ્યો; પરંતુ પ્રત્યેક માણસના મુખમાંથી તેના નામનો જયધ્વનિ થયો નહિ. આ પ્રકાર નિમેષ માત્રમાં જાલિમસિંહ સમજી ગયો. તેના વદનમંડળ પરની ચિંતા વધી પડી; પરંતુ ક્ષણ માત્રમાં તે પોતાના મનોભાવને છુપાવી દઇ ધીમેથી પગલાં ભરતો ભરતો સિંહાસન પાસે જઇને ઉભો રહ્યો. તે શું બોલશે એ સાંભળવાને માટે પ્રત્યેક માણસ આતુર બની ગયો. પ્રથમ ચારે તરફ થોડો કોલાહલ થયો; પરંતુ જાલિમસિંહે બોલવાની શરૂઆત કરી તેથી આખા દરબાર-મંડપમાં ગંભીર શાન્તિ ફેલાઇ ગઇ.

જાલિમસિંહ કહેવા લાગ્યો:–" દરબારીઓ, સરદારો, અને પ્રિય નગરવાસીઓ ! આજે મ્હેં તમને સહુને એક મહા ભયંકર સમાચાર નિવેદન કરવાને માટે આજના જાહિર દરબારમાં બોલાવ્યા છે. પરમાત્માએ મ્હારા ભાગ્યમાં આવું અપાર દુઃખ લખેલું હશે એમ હું જાણતો નહોતો." આટલું બોલતાંમાં તો જાલિમસિંહનું ગળું રૂંધાઇ ગયું. તેનાં નેત્રોમાંથી આંસુ ઉભરાઇ જવા લાગ્યાં. આ દેખાવ જોઇ દરબાર-મંડપમાં બેઠેલા સઘળા માણસોનાં નેત્રોમાં આંસુ ભરાઇ આવ્યાં. ગદ્‌ગદ્ કંઠે જાલિમસિંહ પાછો કહેવા લાગ્યો:–" આ વિશાળ રાજ્યના મહારાણા હવે આલોકમાં નથી—કોઇ જુલ્મી દગાબાજ રાજ્યદ્રોહી ખૂનીએ તેમનું ખૂન કર્યું છે. અફસોસની વાત એ છે કે, આનંદોત્સવને દિવસેજ આ રાજ્યના સર્વસ્વનો નાશ થયો છે ! "

જાલિમસિંહથી વિશેષ બોલી શકાયું નહિ. દરબારમાં ચારે તરફથી શોકના પોકાર થવા લાગ્યા. કોઇ કોઇ સરદારે તો ક્રોધાવેશમાં આવી જઇ કમર પર લટકતી સમશેરને મ્યાનમાંથી બ્હાર ખેંચી કાઢી. કોઇ સરદાર બોલી ઉઠયો:–" જાલિમસિંહ ! માત્ર આપજ એકલા પિતૃહીન નથી. " વળી બીજો કોઇ સરદાર આવેશમાંજ બોલી ઉઠયો:–" સેનાપતિ ! ખૂની ક્યાં છે ? બતાવો એટલે પછી તેનું લોહી પીને અમે અમારા હૃદય-દુઃખને દૂર કરીએ. "

જાલિમસિંહે પુનઃ કહ્યું:—"હું શું કહું? કહેતાં મ્હારૂં હૃદય ફાટી જાય છે—મસ્તક ભમી જાય છે—ચોતરફ અંધકાર દેખાય છે. એ હકીકત જાહિર કરતા પહેલાં મ્હારૂંજ મૃત્યુ કેમ નથી નિપજતું? નગરવાસીઓ! જો બીજા કોઇએ વૃદ્ધ મહારાણાનું ખૂન કર્યું હોત તો તેનો ક્યારનોય અત્યાર પહેલાં શિરચ્છેદ કરવામાં આવ્યો હોત—પરંતુ—"

જાલિમસિંહથી આગળ બોલી શકાયું નહિ. તે રૂમાલમાં મ્હો છુપાવી રડવા લાગ્યો. અનેક સભાસદો પણ રડી પડ્યા. અંતે જાલિમસિંહે કહ્યું:—"લલિતસિંહને આજ સુધી હું ઘણા સારા સ્વભાવનો સમજતો હતો. તેના મનમાં આવો વિચાર હશે એવી મ્હને સ્વપ્નમાં પણ કલ્પના થઇ નહોતી; પરંતુ અરેરે! તેને જલદીથી મહારાણા થવાની ઇચ્છા થઇ આવી. બંધુઓ! વૃદ્ધ મહારાણાનું ખૂન કોણે કર્યું છે તે તમે મ્હારા મહેલમાં જઇને તમારી નજરે જોઇ આવો. આટલા માટે આજે મ્હારા મહેલમાં સહુ કોઇને પ્રવેશ કરવાની રજા છે. જાઓ—તમે સહુ જઇને જુઓ કે, પામર લલિતસિંહજ વૃદ્ધ મહારાણાનું ખૂન કરીને ભયને લીધે સ્વરાજ્યનો પરિત્યાગ કરી પલાયન કરી ગયો છે!"

સઘળા માણસો ભયભીત, સ્તંભિત તેમજ આશ્ચર્યચકિત બની ગયા. કોઇથી એક પણ અક્ષર ઉચ્ચારી શકાયો નહિ. જાલિમસિંહે ફરીથી કહ્યું:—"પિતાનો મૃતદેહ હજુ સુધી એની એજ સ્થિતિમાં છે. એ શયનાલયમાંથી લલિતસિંહના શયનાલય સુધી તેમજ તેના બિછાનામાં લોહીના ડાઘ કેવી રીતે પડ્યા છે, તથા કલંકિત કટાર ક્યાં પડી રહેલી છે તે તમે સહુ જોઇ આવો. માત્ર આટલુંજ નહિ પરંતુ મહારાણાના શયનાલયના દ્વાર પાસે જે બે પહેરેગીરો પહેરો ભર્યા કરતા હતા તેમના લલિતસિંહે હાથ પગ બાંધી દઇને વૃદ્ધ મહારાણાનું કેવી રીતે ખૂન કર્યું છે એ હકીકત એ પહેરેગીરોને પૂછી જુઓ."

સહુ કોઇ શાન્ત છે. જાલિમસિંહે કહ્યું:—" હવે તમારો સહુનો શો મત છે તે તમે કૃપા કરીને જાહિર કરો. હું તો તમારો સહુનો દાસાનુદાસ છું—તમારી આજ્ઞા હું પાળી શકીશ એટલે મ્હારૂં જીવન સાર્થક થયું સમજીશ. "

લગભગ દશ મિનિટ સુધી કોઈ કાંઈ બોલ્યું નહિ. પછીથી કુમાર રણવીરસિંહ ઉઠી ઉભો થયો. તે શું કહે છે એ સાંભળવાને સહુ આતુર બની ગયા. સહુ કોઇ જાણતા હતા કે, કુમાર રણવીરસિંહ લલિતસિંહનો આત્મીય બંધુ છે. રણવીરસિંહે ઉભા થઈને સહુ માણસો સાંભળી શકે એવા ઉચ્ચ સ્વરે કહ્યું:—" સભાસદ બંધુઓ ! યુવરાજની ગેરહાજરીમાં તેમના સંબંધી બે શબ્દો કહેવાની મ્હને જરૂર પડે છે. તમે સહુ જાણો છો કે, હું યુવરાજનો બંધુ છું. યુવરાજે પોતાના જીવનમાં એવું એક પણ કાર્ય નથી કર્યું કે, જે મ્હારાથી અજાણ્યું હોય. હું તમને ખાત્રીપૂર્વક કહું છું કે, વૃદ્ધ મહારાણાનું ખૂન યુવરાજ લલિતસિંહે કર્યું નથી. આ ખૂનના સમાચાર મ્હેંજ પ્રથમ તેમને જણાવ્યા હતા. તેથી પોતાનું જીવન પણ ભયમાં છે એમ વિચારી તેઓ સ્વરાજ્યનો ત્યાગ કરી ચાલ્યા ગયા છે. "

આટલું કહીને રણવીરસિંહ શાન્ત રહ્યો. એટલે પછી કોઈ કોઈ તેને પૂછવા લાગ્યા:—" આ સમાચાર આપને ક્યાંથી કેવી રીતે મળ્યા હતા ? એ સમયે યુવરાજ ક્યાં કેવી સ્થિતિમાં હતા ? "

રણવીરસિંહ આ પ્રશ્નોમાંના એક પણ પ્રશ્નનો ઉત્તર આપી શકયો નહિ. એ પ્રશ્નોનો ઉત્તર આપવા જતાં તેને ઉષાનું નામ જાહિર કરવું પડે તેમ હતું. તેમ કરવા જતાં તો તેને એમ કહેવું પડે કે, આ સમાચાર યુવરાજને મળતાં તેઓ જાલિમસિંહના મહેલમાંથી નીકળીને પોતાના મહેલમાં ગયા હતા. આ હકીકત કહેવા જતાં યુવરાજ ઉપર સંશય વધી પડે તેમ હતું. ક્ષણ માત્રમાં રણવીરસિંહના મનમાં આ સઘળા વિચારો આવી ગયા. તેણે કહ્યું:—" હમણાં

હું સઘળા પ્રશ્નોના ઉત્તર આપી શકું તેમ નથી—તો પણ યુવરાજે ખૂન કર્યું નથી એ વાતની સત્યતાને ખાતર હું મ્હારો પ્રાણ સુદ્ધાં આપવાને તૈયાર છું. વિશેષમાં તેઓજ હવે આ રાજ્યના મહારાણા છે. રાજધાનીમાંથી ચાલ્યા જતી વખતે તેમણે રાજ્ય કેવી રીતે ચલાવવું તે સંબંધની સલાહ પણ મ્હને આપી છે. તેમણે એમ જણાવ્યું છે કે, જો કદાચ વૃદ્ધ પ્રધાનથી રાજકાર્ય બરાબર કરી શકાય તેમ ન હોય તો એ અધિકાર તેમના પુત્રને અર્પણ કરવો. અજયસિંહને સેનાધિપતિ બનાવ્યા છે, અને ખજાનચીના હોદ્દા પર નિમ્યા છે. મ્હને તેઓ મહારાણીનો રક્ષક અને રાજ્યનો મુખ્ય પ્રધાન બનાવી ગયા છે. ”

રણવીરસિંહનાં આ વચનોનો ઉપયોગ ઉલટો યુવરાજ લલિતસિંહના ગેરલાભમાં થયો. અનેક પુરૂષો પોતાને કોઇ પણ પ્રકારનો રાજ્યાધિકાર પ્રાપ્ત નહિ થયાથી મનમાં ને મનમાં ક્રોધે ભરાયા. રણવીરસિંહ ઉપર ઘણા પુરૂષોને દ્વેષ ઉપજ્યો. સભામાં એક પ્રકારનો કોલાહલ થઇ રહ્યો. સહુ કોઇ જાણે કે, અરસ્પરસમાં કાંઇ વાતચિત કરવા લાગ્યા; પરંતુ તેમની વાતચિત કોઇના સાંભળવામાં આવી નહિ.

લગભગ અડધા કલાક પછી દરબાર-મંડપનો કોલાહલ શાન્ત થયો. અંતે વૃદ્ધ પ્રધાને ઉભા થઇને કહ્યું:—“ આ રાજ્યના સરદારો આ રાજ્યના સ્તંભસ્વરૂપ છે. તેમનાજ અભિપ્રાય અનુસાર આ રાજ્યનું તંત્ર આજ સુધી ચાલતું આવ્યું છે. આ સંબંધમાં પણ હવે તેમનો અભિપ્રાય જાણવાની જરૂર છે. ”

તરતજ સરદારો એક બીજાની સાથે સલાહ કરવા લાગ્યા. ત્યાર પછી વૃદ્ધ સરદાર લક્ષ્મણસિંહે ઉભા થઇને કહ્યું:—“ આ સંબંધીના નિર્ણય માટે સઘળા સરદારોને એક દિવસનો અવકાશ આપવાની જરૂર છે; માટે આજનો દરબાર અત્યારે ભલે બરખાસ્ત થાય. અમે સહુ જાતે જઇને જે સ્થાને ખૂન થયું છે તે સ્થાન જોઇ આવીશું;

પછી કાલના દરબારમાં અમે અમારો અભિપ્રાય જાહિર કરીશું."

આજનો દરબાર આટલેથીજ બરખાસ્ત થયો. પછીથી સરદારો, પ્રજાજનો વગેરેનાં ટોળાં ને ટોળાં રાજા જાલિમસિંહના મહેલમાં થયેલો ખૂનનો બનાવ જોવાને ગયાં ! ઉપર દર્શાવેલા બન્ને પહેરેગીરોએ એમ જણાવ્યું કે, તેમણે લલિતસિંહને મહારાણાનું ખૂન કરતો પોતાની નજરે જોયો છે. તેઓ માત્ર બે જણાજ હતા; પરંતુ લલિતસિંહની સાથે બીજા ચાર પાંચ માણસો હતા. એ ચાર પાંચ માણસો કોણ હના તેનો કશો ખુલાસો પહેરેગીરો કરી શક્યા નહિ. સહુએ લલિતસિંહની શય્યા તેમજ શયનાલયને લોહીથી અનેક સ્થળોએ રંગાયલાં જોયાં. એક લોહીથી રંગાયલી તીક્ષ્ણ કટાર પણ લલિતસિંહની શય્યામાં પડી રહેલી જોવામાં આવી. આ સઘળો દેખાવ જોવામાં આવતાં ઘણાખરાની એવી ખાત્રી થઇ ગઇ કે, આ ખૂન લલિતસિંહેજ કર્યું છે. તે ઉપરાંત રાજા જાલિમસિંહે પણ પુષ્કળ દ્રવ્ય ખરચીને અનેક માણસોને હસ્તગત કર્યા. કોઇને તેણે રાજ્યમાં સારો હોદ્દો આપવાને કબૂલ કર્યું, કોઇને ઘણુંજ દ્રવ્ય તેમજ જાગીર આપવાને જણાવ્યું તો કોઇને ખુશામદથી તેમજ મિષ્ટ વચનોથી પ્રસન્ન કર્યા. શામ, દામ, ભેદ, અર્થ તથા દંડ એ પ્રત્યેકનો તેણે આ સમયે ઉપયોગ કરીને પોતાના પક્ષને સબળ બનાવ્યો. જો લલિતસિંહ પલાયન કરી ગયો ન હોત તો કેટલાક તેની આંખની શરમને લીધે જાલિમસિંહના પક્ષમાં મળી જતાં સંકોચાત; પણ લલિતસિંહ પલાયન કરી ગયેલો હોવાથી તેઓ નિર્ભયતાથી જાલિમસિંહના પક્ષમાં મળી ગયા. આ દિવસે રણવીરસિંહે રાજ્યના સરદારો પાસે જઇને તેમને ઘણુંય સમજાવ્યા; પરંતુ રણવીરનો સકળ પરિશ્રમ નિરૂપયોગી થઇ પડયો. કોઇ પણ સરદારે તેનાં વચનો પર વિશ્વાસ મૂક્યો નહિ.

પ્રકરણ ૨૩ મું.

જાહિર દરબારમાં વીર જુમેલિયા.

બીજે દિવસે યથા સમયે દરબાર ભરાયો. ગઇ કાલે દરબારમાં જેટલી ગિર્દી થઇ હતી તેથી આજે વિશેષ ગિર્દી થઇ. આજે અસંખ્ય લોકો દરબાર–મંડપમાં આવી હાજર થઇ ગયા છે. દરબાર–મંડપમાં બેસવાની જગ્યા નહિ મળવાથી અનેક લોકો બ્હાર ઉભા રહ્યા છે. સૈનિકોની વચ્ચે સેનાપતિઓ પણ એક પછી એક આવતા જોવામાં આવે છે. સઘળા રાજ્યાધિકારીઓ આજે ચિંતાતુર ચિત્તે દરબાર–મંડપમાં પ્રવેશ કરતા જણાય છે.

ધીમે ધીમે સઘળા સરદારો, સેનાપતિઓ તથા દરબારીઓ દરબાર–મંડપમાં આવી પહોંચ્યા. પરંતુ હજી સુધી જાલિમસિંહ આવ્યો નથી. તે હવે સત્વર આવી પહોંચશે. આ સમયે એકાએક બ્હાર ગગનમંડળને ભેદી નાંખે—દિશાઓને ડોલાવી દે એવો જયધ્વનિ થયો. સહુ સમજી ગયા કે, જાલિમસિંહ દરબારમાં આવે છે. જાલિમસિંહજ આ વિશાળ રાજ્યનો મહારાણો થશે એવી સહુની ખાત્રી થઇ ગઇ છે. આવી ખાત્રી સહુની થયેલી હોવાથીજ આજે જાલિમસિંહે દરબાર–મંડપમાં પ્રવેશ કર્યો એટલે સહુએ ઉભા થઇ જઇને તેને નમન કર્યું. આવો પ્રકાર જોવામાં આવ્યાથી જાલિમસિંહના વદનમંડળ ઉપર અલ્પકાળને માટે આનંદની છાયા છવાઈ ગઇ; પરંતુ એ ભાવને ક્ષણ માત્રમાં છુપાવી દઇ તે પિતૃહીન વ્યક્તિની માફક ચિંતાતુર મુખે સિંહાસન પાસે જઇને ઉભો રહ્યો.

સર્વત્ર ગંભીર શાન્તિ છવાઈ ગઇ. અંતે લક્ષ્મણસિંહે આસન પરથી ઉભા થઇને કહ્યું:–" અમારી સહુની એવી ખાત્રી થઇ છે કે

ગમે તે કારણને લીધે લલિતસિંહ વૃદ્ધ મહારાણાનું ખૂન કરી, પોતાની જાતને કલંકિત કરી આ રાજ્યના સર્વસ્વનો નાશ કરી, વીર રાજા જાલિમસિંહને પિતૃહીન બનાવ્યા છે. આથી કરીને અમે કોઇ પણ રીતે યુવરાજ લલિતસિંહને તેમના ભયંકર અપરાધની ક્ષમા આપી શકતા નથી. તેમને સિંહાસન ઉપર બેસવા દઈ અમે આ રાજ્યના સિંહાસનને કાળાંતરે પણ કલંકિત થવા દઇશું નહિ. અમે સહુ આજથી રાજા જાલિમસિંહનેજ આ રાજ્યના મહારાણા સમજીશું !"

ચારે દિશાએથી સહુ લોકોએ નવીન મહારાણા જાલિમસિંહના નામનો જયજયકાર કર્યો. રાજ્યાધિકારીઓએ અનેક યત્નોને અંતે એ લોકોને શાન્ત કર્યા. ત્યાર પછી દરબાર-મંડપના ખુણામાંથી એક વીર તેમજ અસાધારણ તેજસ્વી બાળક ઉભો થયો. તેનો વેષ વિચિત્ર છે. તેના સૌંદર્યનો પાર નથી. જાણે કે આ કળિકાળમાં તે કામદેવનું સ્વરૂપ લઇનેજ પૃથિવી ઉપર કેમ આવ્યો ન હોય ! દરબાર-મંડપમાં બેઠેલા સઘળા લોકોની નજર તેના તરફ આકર્ષાઈ. એ બાળક ભીલ જાતિનો વીર સેનાપતિ જુમેલિયા છે.

જુમેલિયાએ ઉભા થઇને આકર્ષક સ્વરે કહ્યું:—" દરબારમાં બિરાજેલા બંધુઓ ! આપ સહુ જાણોજ છો કે, ભીલજાતિ હમ્મેશાં આ રાજ્યના આશ્રયમાં છે. તેમજ પ્રસંગાનુસાર તેણે આ રાજ્યને સર્વ પ્રકારે સહાયતા સુદ્ધાં કરી છે. આ રાજ્યના સરદારોની માફક અત્રેના રાજ્યતંત્રમાં કોઇ પણ વાત કહેવાનો અમારી ભીલજાતિને અધિકાર નથી, કિન્તુ આવા મહાન્ વિષયમાં તમે અમારો અભિપ્રાય કૃપા કરીને સાંભળશો તો આપનો અમારા ઉપર મહદુપકાર થયો અમે માનીશું "

રાજા જાલિમસિંહે આસન પરથી ઉભા થઇને કહ્યું:—" ભીલ લોકો અમારા પરમ બંધુઓ છે. અમે અતિ આનંદથી તેમનો

અભિપ્રાય જાણવાની ઇચ્છા રાખીએ છીએ. તેમણે આ રાજ્યને અનેક પ્રસંગે સહાયતા કરી છે, અને ભવિષ્યમાં પણ કરશેજ એવી અમે આશા રાખીએ છીએ." આમ કહી દરબાર–મંડપમાં ચારે તરફ દૃષ્ટિ ફેરવી જાલિમસિંહે પુનઃ કહ્યું–"સેનાપતિ જુમેલિયા ! તમે બેધાશક તમારો અભિપ્રાય પ્રદર્શિત કરો."

આ વાક્ય સાંભળતાંજ જુમેલિયાએ કહ્યું:–"રાજા જાલિમસિંહ ! સઘળી ભીલજાતિએ મ્હારા ઉપર કૃપા કરીને મ્હને પોતાનો સેનાપતિ બનાવ્યો છે એ તમે જાણો છો. તેમના કહેવાથીજ હું આજના દરબારમાં આવ્યો છું. હું જે કાંઇ કહું તે સઘળા ભીલ લોકોનો અભિપ્રાય છે એમજ આપને સમજવાનું છે."

જાલિમસિંહ ઉભો રહ્યો હતો તે ધીમે ધીમે આસન ઉપર બેસી ગયો. વૃદ્ધ લક્ષ્મણસિંહે કહ્યું:–"વીર જુમેલિયા ! તમે નિસ્સંકોચે તમારો અભિપ્રાય પ્રદર્શિત કરો."

જુમેલિયાએ કહ્યું:–"લલિતસિંહેજ વૃદ્ધ મહારાણાનું ખૂન કર્યું છે કે કેમ તે અમે જાણતા નથી. જો તેમણેજ આ નીચ કાર્ય કર્યું હશે તો તેમને તેમના અપરાધની શિક્ષા થશે; પરંતુ તેમની ગેરહાજરીમાં મહારાણી સૌરભદેવીને પેટે જે સંતાન જન્મે તેજ ન્યાયાનુસાર આ રાજ્યના સિંહાસન પર બિરાજવું જોઇએ. તેનેજ ખરી રીતે આ રાજ્યનું અધીશ્વર ગણી શકાય. અમે ભીલજાતિ એ બાળકનેજ મહારાણો ગણીશું—અમે બીજા કોઇને કાળાંતરે પણ મહારાણા ગણી શકીશું નહિ."

જુમેલિયાનાં તેજઃપૂર્ણ વચનો સાંભળી દરબારના સઘળા લોકો વિસ્મિત બની ગયા. દૂર બેઠેલા લોકોએ કોલાહલ કરી મૂકયો. પાસે બેઠેલા લોકો જુમેલિયાના તેજસ્વી વદનમંડળ તરફ ટગર ટગર જોઇ રહ્યા. આવો પ્રકાર જોવામાં આવતાંજ રાજા જાલિમસિંહે પોતાની

પાસે બેઠેલા કેટલાક સરદારોને નેત્રસંકેતથી સમજાવી દીધા. તેઓ જાલિમસિંહની અનુમતિ મળતાંજ ઉઠીને જુમેલિયાને કેદ કરવા માટે અગ્રેસર થયા. આ પ્રકારથી ચારે તરફ ખળભળાટ થઇ રહ્યો. બન્ને તરફથી લોકોએ આવીને દરબાર–મંડપમાં વિશેષ ગિર્દી કરી નાંખી. અનેક લોકોએ કમ્મર પર લટકતી સમશેરને મ્યાનમાંથી બ્હાર ખેંચી કાઢી. અનેક લોકો શું થાય છે અને શું થશે તે સમજવામાં નહિ આવ્યાથી શમશેર હાથમાં પકડી આત્મરક્ષણુ કરવાને તૈયાર થઇ ગયા. સરદારોએ આ ખળભળાટને શાન્ત કરવા જતાં ઉલટો વધારી દીધો.

અંતે ખળભળાટ શાન્ત થયો એટલે જાલિમસિંહ કોઇની પણ અનુમત્તિ લીધા સિવાય રાજ્ય–સિંહાસન ઉપર બિરાજ્યો. દરબારમાં બેઠેલા ઘણાખરા લોકોએ તેના નામનો જયધ્વનિ કર્યો. બ્હાર ઉભેલા સૈનિકો પણ નવીન મહારાણાનો વારંવાર જયધ્વનિ કરવા લાગ્યા.

જાલિમસિંહે સિંહાસન પરથી ઉઠી ઉભા થઇને સહુને સંબોધીને કહ્યું:—“ મહારાણાના મૃત્યુના શોકચિહ્ન તરીકે એક માસ સુધી આ સમસ્ત રાજ્યમાં આનંદ-વિનોદ બંધ રહેશે. એક માસ પછી મ્હારી સિંહાસન ઉપર બેસવાની અભિષેકક્રિયા થશે. આજથી સઘળી પ્રજાનો એક વર્ષનો કર માફ કરવામાં આવે છે. સઘળા સૈનિકોને રાજ્યના ખજાનામાંથી ત્રણ માસનો પગાર અગાઉથી મળશે. મ્હારી બિલકુલ ઇચ્છા નહિ હોવા છતાં મ્હારે મ્હારૂં કર્ત્તવ્ય કાર્ય કરવું જોઇએ; અર્થાત્ યુવરાજ લલિતસિંહને તેના આ નીચ કાર્યની શિક્ષા કરવી જોઇએ; માટે જે કોઇ તેને જીવતો યા મરેલો લાવી હાજર કરશે તેને રાજ્યના ખજાનામાંથી પાંચસો સોનામહોરો ઇનામ આપવામાં આવશે. રણવીરસિંહે જાહિર દરબારમાં રાજદ્રોહ કરેલો હોવાથી તેમજ ખૂનાને તેના નીચ કાર્યમાં સહાયતા કરેલી હોવાથી તેને હમણાં

કેદ કરવામાં આવશે, તથા તેના અપરાધનો ન્યાય કરવામાં આવશે. જે બીલ સેનાપતિએ દરબારમાં ઉભા થઇ મ્હને મહારાણા તરીકે માન્ય રાખવાની નારાજી દર્શાવી છે તેને પણ પહેરેગીરો હમણાંજ કેદ કરશે. બંધુઓ ! હવે તમે દરબારમાંથી બેલાશક વિદાય થઇ શકો તેમ છો; કેમકે આજના દરબારનું કાર્ય પૂર્ણ થયું છે. હું પણ હવે અહિંથી વિદાય થઇશ; કારણ કે, આજે મ્હારે રાજ્યાસન સંબંધી ઘણો નવીન બંદોબસ્ત કરવાનો છે. ”

દરબાર બરખાસ્ત થયો. પહેરેગીરોએ રાજાજ્ઞાને અનુસરીને કુમાર રણવીરસિંહને કેદ કર્યો; પરંતુ જુમેલિયાની શોધ કરતાં તે જે સમયે દરબાર–મંડપમાં કોલાહલ તેમજ ખળભળાટ થયો હતો તે સમયે સુયોગનો લાભ લઇ ત્યાંથી સત્વર ચાલ્યો ગયો હતો દરબાર–મંડપમાં તે, પછીથી કોઇના પણ જોવામાં આવ્યો નહિ. પહેરેગીરોએ તેની ઘણી શોધ કરી; પરંતુ અંતે પહેરેગીરોને નિરાશ થવું પડયું.

એકાએક દરબાર–મંડપમાંના એક ખુણામાં કોઇ ખડખડાટ હસવા લાગ્યું. એ હાસ્ય અટકયુંજ નહિ ! દરબારમાં બેઠેલા લોકોએ એ હાસ્ય તરફ દષ્ટિ કરી; કિન્તુ પ્રથમ તેઓ કોઇને જોઇ શકયા નહિ. માત્ર તેઓ ખડખડાટ હસતું સાંભળવા લાગ્યા. અંતે ચારે તરફ ‘ વનવાસિની ! ’ નામનો ઉચ્ચાર થયો. આ નામ જાલિમસિંહના સાંભળવામાં પણ આવ્યું. આ નામ સાંભળવામાં આવતાંજ તેના વદનમંડળ પર ચિંતાની ગાઢ છાયા છવાઇ ગઇ. તેનું હૃદય ઘણા જોરથી ધબકવા લાગ્યું.

મહા કષ્ટે તેણે પોતાનો હૃદયભાવ છુપાવી રાખ્યો હતો. તે એમજ સમજતો હતો કે, તેની ઉન્નતિના માર્ગમાં કંટક સ્વરૂપ થઇ પડેલી—તેના ભયંકર મૃત્યુની વિકાળ સહચરી એ દીવાની વનવાસિની હવે આલોકમાં નથી; કિન્તુ એકાએક તેનેજ પાછી પોતાના જાહિર

દરબારમાં હાજર થયેલી જોઇને જાલિમસિંહ ગભરાઈ ગયો. તેનું સઘળું હૃદયબળ અલ્પકાળમાંજ અદૃશ્ય થઇ ગયું. તે ભયની ભાવનાથી દરબાર–મંડપનો પરિત્યાગ કરી પલાયન કરી જવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેના ભાવમાં આવો વિચિત્ર ફેરફાર થયેલો જોઇને સઘળા લોકો આમ ગભરાઇ જવાનું શું કારણ છે તે તેને પૂછી જોવા માટે તેના તરફ અગ્રેસર થયા. આથી પાછો આખા દરબાર–મંડપમાં ખળભળાટ થઇ રહ્યો—ચારે તરફ ઠેલાઠેલી થવા લાગી.

આ ખળભળાટમાં અનેક લોકોને ધક્કા મારતી, ખડખડાટ હસતી હસતી વનવાસિની અગ્રેસર થવા લાગી. જાણે કે, તેના અંતરનો આનંદ સમાતો નથી. તે હસતી હસતી સિંહાસન પાસે આવવા લાગી, અને વચ્ચે વચ્ચે ઉચ્ચ સ્વરે બોલવા લાગીઃ–" હું આ રાજ્યની મહારાણી છું. મ્હને તમે પિછાની શકશો નહિ ! "

દરબાર–મંડપના મધ્ય ભાગમાં આવ્યા પછી વનવાસિની એકાએક મ્હોટેથી રડી પડી, અને બૂમો મારતી કહેવા લાગીઃ–" ના–ના—રાક્ષસ—રાક્ષસ—રાક્ષસ ! " આમ કહેતી કહેતી તે પાછી ફરીને તીરવેગે દરબાર–મંડપનો ત્યાગ કરી ચાલી ગઈ.

આ સઘળું કાર્ય એટલી તો ઝડપથી થઇ ગયું કે, એ સમય દરમ્યાન જાલિમસિંહ, પોતે શું કરવું તેનો કાંઇ નિર્ણય કરી શક્યો નહિ. જ્યારે દીવાની વનવાસિની દરબાર–મંડપનો ત્યાગ કરી ચાલી ગઇ ત્યારે પાછું તેના હૃદયમાં પૂર્વબળ અને સાહસ આવ્યું. તરતજ તેણે પોતાના સરદારોને કહ્યુંઃ–" મ્હારા શૂરવીર સરદારો ! જુમેલિયા પલાયન કરી ગયો છે. તે ઉપરાંત આ દીવાની વનવાસિનીએ આવીને આજના દરબારમાં ઘણી હરકત કરી છે. મ્હને લાગે છે કે, એ છોકરી ખરેખરી ગાંડી નથી—માત્ર ગાંડી હોવાનો તે ડોળ કરે છે ! તમે કોઈ પણ પ્રકારે એ દીવાની વનવાસિનીને પકડી લાવીને કેદ

કરો. જે કોઇ આ કાર્ય કરવામાં વિજયી નિવડશે તેને હું સારૂં ઇનામ આપીશ."

પછીથી દરબાર બરખાસ્ત થયો. લોકોનાં ટોળાં ને ટોળાં ક્વચિત્ દીવાની વનવાસિનીની, ક્વચિત્ જુમેલિયાની તો ક્વચિત્ યુવરાજ લલિતસિંહની વાતો કરતાં કરતાં પોતપોતાના મકાન તરફ જવા લાગ્યાં.

પ્રકરણ ૨૪ મું.

શયતાનના સપાટામાં સપડાયલી સુંદરી.

"વગર તું હાર હૈયાના, બધો સંસાર ખારો છે;
મગર દિલદાર! ત્હારી તો મઝાનો બ્હાર ન્યારો છે!
અમારા દર્દની લેજત, શું જાણે કોઇ બેદર્દી?
ઘવાયો જે પૂરો તેને દરદનો પ્યાર ન્યારો છે!
ગમે નહિ ખાનપાનો કંઈ, અમે કંઇ ભાન વાનો નહિ;
મિઠી શી વેદના ભારે. અજબ વ્યવહાર ત્હારો છે!"

—દેરાસરી.

બીજા લગભગ આઠ દિવસ પસાર થઈ ગયા છે. કુમાર રણવીરસિંહ કેદખાનામાં પડ્યો છે. લલિતસિંહને રાજ્યની ઉથલપાથલના સમાચાર પહોંચાડનાર કોઇ વિશ્વાસપાત્ર માણસ સૌરભને મળી આવતું નથી. ઉષાવતી રણવીરસિંહના વિયોગથી વ્યાકુળ બની ગઇ છે. ખાનપાન પરથી તેનું મન ઉઠી ગયું છે. તે રાત્રિ દિવસ રણવીરસિંહનુંજ સ્મરણ કરી એકાંતમાં આંસુઓ સારે છે. જો આ સઘળા ભયંકર બનાવો બની ન ગયા હોત તો થોડા સમયમાંજ ઉષાનું લગ્ન રણવીરસિંહ સાથે થાત; પરંતુ ભાગ્યચક્રની ગતિને કોઈ અટકાવી શક્યું છે? ઇશની અકળકળાને કોઈ કળી શક્યું છે?

સંધ્યાકાળનો સમય છે. ઉષા ચિંતાતુર ચિત્તે આકાશ પાતાળના વિચારો કરતી શયનમંદિરમાં બેઠી છે. તેનો છૂટો કેશકલાપ વાયુની સાથે ક્રીડા કરી રહ્યો છે.

ઉષાએ સ્વગત કહ્યું:—" હે હરિ ! હે નારાયણ ! શું મ્હારા ભાગ્યમાં પ્રેમસુખ નિર્માણ થયું નથી. શું આ ખિલતું યૌવન મ્હારા ભાગ્યશાળી ભોક્તા વિના અકાળેજ કરમાઇ જશે ? જંગલમાં અકાળે કેટલાં બધાં પુષ્પો ખિલી કોઈ પણ પ્રકારના ઉપયોગમાં આવ્યા સિવાય કરમાઈ જાય છે ? શું મ્હારી પણ તેવીજ સ્થિતિ થશે કે ? શું મ્હારા મનના અભિલાષ પરિતૃપ્ત નહિજ થાય ? હા, રાત્રિ દિવસ મ્હને મ્હારા પ્રાણાધિક રણવીરનુંજ સ્મરણ થયા કરે છે. આવ આવ ! હૈયાના હાર ! મ્હારી આંખોના તેજ, આવ, એક વખત આવી આ કોમળાંગીને આલિંગન ચુંબન કરી જા—ત્હારાં મધુર વચનોની અમિવૃષ્ટિ વરસાવી જા.

વળી થોડો સમય શાન્ત રહી પાછી કહેવા લાગી:—" હું ભ્રમમાં ભૂલું છું. દુષ્ટાત્મા જાલિમસિંહના પંઝામાંથી છૂટીને તેઓ મ્હારી પાસે કેવી રીતે આવી શકશે ? ઓ જુલ્મી જાલિમ ! ત્હેં મ્હારા સર્વસ્વ સુખનો વિનાશ કર્યો છે."

આ સમયે બ્હારથી કોઇનાં પગલાંનો અવાજ થયો. ક્ષણ માત્રમાં તો જાલિમસિંહે ઉષાના શયનમંદિરમાં પ્રવેશ કર્યો, અને તેણે એક આસન ઉપર બેસીને કહ્યું:—" કેમ ઉષા, કેમ છે ? શાના વિચારો કરે છે ? "

ઉષા:—આપના જુલ્મનાજ.

જાલિમસિંહ:—મ્હારો જુલ્મ ! ઓ અભાગિની અબળા ! કાંઈ વિચાર કરીને બોલ; ત્હારી સમજ ઠેકાણે છે કે હવામાં ઉડી ગઇ છે ?

ઉષા:—જાલિમસિંહ ! ત્હારી સમજ પર પત્થર પડ્યા છે.

જાલિમસિંહઃ-ભલે ગમે તેમ હોય; પરંતુ હું તારા પ્યારની માગણી કરૂં છું.

ઉષાઃ-હું તમારી માગણીનો સાફ ઇન્કાર કરૂં છું.

જાલિમસિંહઃ-સુંદરિ ! વિચાર કરી જો. એક તરફ મહા વૈભવ છે, અને બીજી તરફ ભયંકર કેદખાનું છે. એ બેમાંથી તું શું પસંદ કરે છે ?

ઉષાઃ-જો સતીત્વ ધર્મને કલંકિત કર્યાથી આ સમસ્ત ત્રિભુવનનું ઐશ્વર્ય મળતું હોય, કુબેરનો રત્નભંડાર મળતો હોય તો પણ તે મ્હારે મન તુચ્છ છે. હું કેદખાનુંજ વિશેષ પસંદ કરૂં છું.

" ગરીબીની મઝા મીઠી, તવંગર શી રીતે જાણે ?
ભર્યો જ્યાં પાપના અંબાર, કયાંથી સત્ય પિછાને ?
તમારા વૈભવો કરતાં, મ્હને છે ઝુંપડી પ્યારી;
ભલે આવે ગરીબી લાખ, લાગે તે મ્હને સારી. "

જાલિમસિંહઃ-ઉષા ! હું તને મ્હારા જીગરથી ચ્હાઉં છું. ત્હારી પ્રેમમયી પ્રતિમાનું હું મ્હારા હૃદયમંદિરમાં રાત્રિ દિવસ પૂજન કરૂં છું. જો ત્હારે મ્હારા પ્રેમની પરીક્ષા કરવી હોય તો લે આ તીક્ષ્ણ કટારથી મ્હારી છાતી વિંધી નાંખ, અને જો કે મ્હારી નસેનસમાં ત્હારા પ્રેમનુંજ લોહી વહે છે. લે લે, એક તરફ કટાર છે અને બીજી તરફ હું છું. એક તરફ મૃત્યુ છે અને બીજી તરફ પ્યાર છે.

આમ કહી જાલિમસિંહ ઉષાને આલિંગન કરવા આસન ઉપરથી ઉઠી આગળ ધસ્યો. ઉષા બોલી ઉઠીઃ-" ખબરદાર ! મ્હારા શરીર પર ત્હારા ખૂની કલંકી હાથને ન લગાડ. મ્હારે ત્હારૂં મૃત્યુ નથી કરવું—ત્હારૂં હૃદય નથી તપાસવું તેમજ ત્હારો પ્યાર નથી જોઇતો. મ્હારે માત્ર એકજ વસ્તુ જોઇએ છીએ. "

જાલિમસિંહઃ-શી વસ્તુ ?

ઉષાઃ—મ્હારો પ્રિયતમ ! ઓ જાલિમસિંહ ! મ્હારા પર દયા લાવી તું તેને કેદખાનામાંથી મુક્ત કર.

જાલિમસિંહઃ—કોણ છે ત્હારો પ્રિયતમ ?

ઉષાઃ—પ્રાણાધિક રણવીર.

જાલિમસિંહઃ—રણવીર ! શું રણવીર ત્હારો પ્રિયતમ છે ? સુંદરિ ! તેના જેવા કમનસીબને પ્રિયતમ તરીકે પસંદ કરીને તું પસ્તાઈશ. તેના કરતાં હું હજાર દરજ્જે ચઢતો છું. રણવીર મ્હારો શિકાર છે હું તેનો સરદાર છું.

ઉષાઃ—ત્યારે શું તું તેને મુક્ત નહિજ કરી શકે ?

જાલિમસિંહઃ—કરી શકું; પણ માત્ર એક શરતથી.

ઉષાઃ—શી શરત ?

જાલિમસિંહઃ—શરત એજ કે, એક વખત તું મ્હારા પ્યારને સ્વીકાર—એક વખત તું મ્હને મ્હારી મદનજ્વાળા શાંત કરવા દે; એટલે પછી હું ત્હારા પ્રિયતમને કેદખાનામાંથી મુક્ત કરીશ.

ઉષાઃ—હા હા—ત્હારી ઈચ્છા આ આસ્માન તૂટી પડે, પૃથિવી રસાતળમાં પહોંચી જાય, સૂર્ય ચંદ્ર પ્રકાશતા બંધ થઈ જાય ત્યારેજ પૂરી થાય તેમ છે.

જાલિમસિંહઃ—ઉષા ! સમજ ! હજી પણ હું તને કહું છું કે, તેનો વિચાર ત્હારા અંતરમાંથી દૂર કર—મ્હને ત્હારા પ્રિયતમ તરીકે પસંદ કર.

ઉષાઃ—સિંહણ ભૂખે મરી જશે તો પણ ઘાસ કદિ નહિ ચરે, સુખડને અગ્નિમાં બાળવામાં આવશે તો પણ તે કદાપિ પોતાની સુગંધ નહિજ તજે.

જાલિમસિંહઃ—ત્યારે શું તું મ્હારી માગણી નહિજ કબૂલ કરે ?

ઉષાઃ—કાળાંતરે પણ નહિ નહિને નહિજ.

જાલિમસિંહઃ-હું બળાત્કાર કરીને—જુલ્મ ગુજારીને પણ ત્હારા અંતરમાંથી તેનો વિચાર દૂર કરીશ.

ઉષાઃ—તેમ કરવાને સાક્ષાત નારાયણ પણ અશક્તિમાન્ છે, બસ રણવીર મ્હારો પ્રાણ છે, તેને માટે આ જીંદગી પણ કુરબાન છે.

" દિલ આપ્યું જે દિલદારને, તે પ્રાણ મ્હારો છે;
હું થઈ ચુકી જે પ્રેમીની, તે પ્રેમી પ્યારો છે.
દિલ એક, ઉત્તર એક, બસ એ એક મારો પ્રાણ છે;
આલોક કે પરલોકમાં, રણવીર મારો જાન છે. "

જાલિમસિંહઃ—ઉષા ! સમજ, નાદાની ન કર. હજી પણ કહું છું કે, અંતે તું પસ્તાઇશ.

" દુઃખો હજારો આવતાં, હિંમત કદિ તૂટી જશે;
પત્થર તણા વર્ષાદથી, કિસ્મત કદી ફૂટી જશે.
સમજે કદાપિ જીગરમાં, ખંજર કદિ ઉતરી જશે;
પણ પાપનો ત્હારો ઘડો તો પૂર્ણ એજ ભરી જશે.
ઇન્સાફ ત્હારાં પાપનો, આલોકને અંતે થશે;
અનુતાપ તો એ દિવસથી, ત્હારા જીગરને બહુ થશે. "

જાલિમસિંહઃ—ઓ કમનસીબ કામિની ! પરલોકને હું પિછાનતો નથી. પશ્ચાતાપ કરવાનું સમજતો નથી. એક ભિખારીની સાથે પ્રેમ બાંધતાં વિચાર કર—મ્હારી શિખામણ અંતર ધર. આજકાલ વિલાસ–વૈભવજ સૃષ્ટિનો સાર છે—તે સિવાય સઘળું અસાર છે.

ઉષાઃ—ઓ પાપી ! હું ત્હારા તુચ્છ વૈભવને ઇચ્છતી નથી. મ્હને મ્હારી ગરીબી ત્હારી તવંગરી કરતાં—ત્હારા વૈભવ–વિલાસ કરતાં લાખ દરજ્જે સારી છે.

જાલિમસિંહઃ—ઓ હઠીલી બાળા ! હઠ ન કર—મોતને નિમંત્રણ ન કર. તું જાણે છે કે હું કોણ છું ? મ્હારા પગના અવાજથી

પૃથિવી ધ્રૂજી ઉઠે તેમ છે,–મ્હારા નેત્રના સંકેતથી દુનિયાના લોકો કંપી ઉઠે છે, મ્હારા શ્વાસમાંથી હું અગ્નિ વર્ષાવું છું. તું યાદ રાખ કે, જો તું મ્હારી માગણી નહિ કબૂલ કરે તો હું ત્હારા પ્રિયતમ રણવીરનો પ્રાણ લઇશ—અંતે તું મ્હારી દાસીની દાસી થઇશ.

ઉષાઃ–ઓ જાલિમસિંહ ! આ દુઃખિણી અબળાને ન સતાવ—મ્હારા પ્રિયતમ પર દયા લાવ. એમ કરવાથી પરમકૃપાળુ પરમાત્મા ત્હારૂં કલ્યાણ કરશે.

જાલિમસિંહઃ–પરમાત્મા છેજ ક્યાં ? હુ પરમાત્માને પિછાનતો નથી—તેની સત્તાને માનતો નથી. બસ મોજમજા એજ જીંદગીનો સાર છે.

ઉષાઃ–ઓ પાપાત્મા ! પાપનો ઘડો ઓછો ભર–જગન્નિયંતા નારાયણનું અપમાન ન કર; પણ બરાબર છે, પાપી મનુષ્યો પરમાત્માને પિછાની શકતાં નથી. અરેરે ! જેણે સૂર્ય, ચંદ્ર, પૃથિવી, આસ્માન તેમજ ત્રિભુવનનું સૌંદર્ય બનાવ્યું છે એવા મહાન્ પિતાને પણ તું પિછાની શકતો નથી—તેમનું અપમાન કરતાં સહજ પણ સંકોચાતો નથી ?

જાલિમસિંહઃ–ત્હારા દયાળુ દીનાનાથનું અપમાન થાય છે ? ત્યારે શું મ્હારી માગણી હવામાંજ ઉડી જાય છે ? સમજ, ઓ અજ્ઞાની સુંદરિ ! કે ત્હારા પ્રાણ રણવીરનો જાન અલ્પકાળમાંજ આ જાલિમસિંહને હાથે દૂર થાય છે.

ઉષાઃ–ત્યારે શું ત્હારા દિલમાં દયા નથી ઉપજતી ? એક અબળા ઉપર જુલ્મ ગુજારવા જતાં ત્હારી આંતરડી નથીજ કકળતી ?

જાલિમસિંહઃ–દયા કેમ કરવી તે હું શિખ્યો નથી. માત્ર જુલ્મ, ખૂન, સીતમ કરવોજ હું શિખ્યો છું. બસ હું આજ્ઞા કરૂં છું કે, તું મ્હારો પ્યાર સ્વીકાર.

ઉષા;—ત્હારો પ્યાર ? ખૂનીનો પ્યાર મ્હારાથી કાળાંતરે પણ સ્વીકારાશે નહિ—ત્હારો પાપી વિચાર પાર પડશે નહિ—મ્હારો આપેલો ઉત્તર કાળાંતરે પણ ફરશે નહિ. ખૂની ! હું મૃત્યુથી ડરતી નથી.

ભ્રાંતિમાં ભૂલી અરે ! તું પાપ માર્ગે ધાય છે,
દેહ દુર્લભ માનવીનો, વ્યર્થ ચાલ્યો જાય છે;
જીવન છે સ્વપ્નું ક્ષણિક, પળમાં ઉડી એ જાય છે,
પુણ્ય ને બસ પાપનો સંગાથ સાથે થાય છે.

ઓ ખૂની ! આ મનુષ્યદેહ વારંવાર નહિ મળે માટે આવો પાપી વિચાર છોડી દઇ—કલંકિત જીવનને વિશેષ કલંકિત કરવું મૂકી દઇ પુણ્યમાર્ગે આગળ ધા. કેમકે જીવન એ તો પરમાત્માની કસોટી છે, પરોપકાર કરવાનું ઈશ્વરે આપેલું સર્વોત્તમ સાધન છે.

પર ઉપકારે જીવન અર્પે, વીર તે કહેવાય છે;
કોઈની કદાપિ તુલના, ના તેની સાથે થાય છે.
જુવાની આ જશે ચાલી, જશે આ પાપ ને માયા,
પડશે માટી માંહી આ, તમારી તો કનક કાયા.

જાલિમસિંહઃ—ઓ ચબાવલી છોકરી ! શું તું મ્હને શિખામણ આપે છે ? નહિ નહિ, ત્હારાં વચનો મૂર્ખાઈ ભરેલાં છે—નહિ તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે ત્યારે તું મ્હોં ધોવા ન જાય. ચાલ, જલદી મ્હારી આજ્ઞા શિર પર ચઢાવ—મ્હારા પ્યારને એકદમ કબૂલ કર.

હૃદય મારૂં સ્થિર નથી, હું પ્રેમથી ઘેલો થયો;
ઉત્તર છતાંયે પ્રેમદા, બસ, કેમ ના ત્હારો ફર્યો ?

ઉષાઃ—જ્યાં સુધી મ્હારા જીવમાં જીવ છે ત્યાં સુધી હું ત્હારી પાપવાસના પૂર્ણ થવા દેનાર નથી—મૃત્યુથી હું ડરનાર નથી. લે લે, નામર્દ ! જલદી ત્હારી કટારથી મ્હારી ગરદન કાપી નાંખ.

જાલિમસિંહઃ—નહિ નહિ, ઉષા ! હું ત્હારો જીવ લઈ મ્હારી આશાને જમીનદોસ્ત કરવાની ઇચ્છા રાખતો નથી. પ્રથમ હું ત્હારા પ્રાણાધિક રણવીરને ત્હારી હાજરીમાં બોલાવી, હું તેનો જીવ લઇશ; અને પછી મ્હારો વિચાર પાર પાડીશ.

આમ કહી જાલિમસિંહ ઉષાના ઓરડામાંથી બ્હાર નીકળ્યો અને તેણે બે સશસ્ત્ર પહેરેગીરોને કેદખાનામાંથી રણવીરને લઈ આવવા માટે રવાના કર્યા. પહેરેગીરો થોડાજ સમયમાં રણવીરસિંહને સાથે લઈ આવી જાલિમસિંહ પાસે હાજર થયા.

રણવીરસિંહના હાથ પગમાં લોઢાની બેડીઓ પડેલી છે. તેના મ્હોં ઉપર ચિંતાની ભીષણ છાયા છવાઈ રહી છે. આજે જાલિમસિંહે પોતાને શા હેતુથી બોલાવ્યો છે તેનો તે કશો નિર્ણય કરી શકતો નથી. તેને એમજ લાગે છે કે, આજે ઘણી શોચનીય રીતે પાપાત્મા જાલિમસિંહ તેનો જીવ લેશે.

જાલિમસિંહ રણવીરસિંહને સાથે લઇ પુનઃ ઉષાના શયન-મંદિરમાં ગયો. ઉષા નિરાશાથી, પ્રાણાધિક રણવીરનો જીવ જવાની આશંકાથી અસ્થિર બની જઇ, જળવિયોગી માછલીની માફક આકુળ વ્યાકુળ થઇ જઈ શયનમંદિરમાં બેસી રહેલી હતી. જાલિમસિંહે તેના શયનમંદિરમાં પ્રવેશ કરીને કહ્યું:—" કેમ ઉષા હવે મ્હને શો ઉત્તર છે ? "

ઉષાઃ—ઉત્તર ! ઉત્તર હું તને આપી ચુકી છું. ઓ પાષાણ હૃદયના—નિષ્ઠુર જાલિમ ! એક અબળાનો શ્રાપ પામી તું સુખી નહિ થાય. વિચાર, વિચાર—સતીને સંતાપી કોણ સુખી થયું છે ? દ્રૌપદીને દુઃખ દઇ દુર્યોધને શો સાર કાઢયો છે ? સતી સીતાને હરી જઇ રાવણે શો સાર કાઢયો છે ? માટે કહું છું કે, હજી પણ વિચાર કરી જો, પાછળથી તું ત્હારાં પાપકાર્યો માટે ઘણો પસ્તાઇશ.

જાલિમસિંહઃ–કમઅક્કલ સુંદરી ! હું ત્હારી પાસે જ્ઞાનોપદેશ સાંભળવા આવ્યો નથી. સતી સીતા અને દ્રૌપદી આ પૃથિવી ઉપર થઇજ નહોતી. એ બધી જુના જમાનાની ધર્મભીરૂ હિંદુઓની હવાઈ કલ્પનાઓ છે, કલ્પનાઓ.

ઉષા નિરૂપાયે ચુપ રહી. જાલિમસિંહે રણવીરને ઉદ્દેશીને કહ્યું:— "રણવીર ! ત્હારે કેદખાનામાંથી મુક્ત થવું છે ? ત્હારો જીવ બચાવવાની ત્હારી ઇચ્છા છે ?"

રણવીરઃ–જીવ બચાવવાની ઇચ્છા કોને ન હોય ? જો તમે મુક્ત કરશો તો હું તમારો આભારી થઇશ.

જાલિમસિંહઃ–હું તને મુક્ત કરૂં; પરંતુ ત્હારે મ્હારી એક શરત કબૂલ કરવી પડશે.

રણવીરઃ–શી શરત ?

જાલિમસિંહઃ–શરત એજ કે, ઉષાનો પ્યાર તું છોડી દે–ઉષાનો હાથ મ્હારા હાથ સાથે જોડી દે.

રણવીરઃ–કારણ ?

જાલિમસિંહઃ–તું મ્હારો નોકર છે, હું ત્હારો માલિક—આ વિશાળ બરવાણી રાજ્યનો મહારાણો છું.

રણવીરઃ–ત્યારે શું પ્રેમની ઉપર પણ અધિકારની છાપ લાગેલી છે ? સાંભળોઃ—

"ઇજારો ત્હેં નથી લીધો, અરે, ત્હેં પ્રેમ રસ્તાનો;
પછી જો ચ્હાય કોઈ કોઇને તો તે ગુન્હો શાનો ?
ટિકીટ એ લોટરીની સહુ, ચ્હાયે તે ભરી શકતા;
જેને લાગતો નંબર તે માલિક એ રૂપિયાનો.

—દીવાનો.

જાલિમસિંહઃ–ત્યારે શું તું મ્હારા કરતાં વિશેષ બળવાન્ છે ?

રણવીરઃ–તેનો જવાબ સમશેર આપશે.

જાલિમસિંહઃ–શું તું મ્હારા કરતાં વિશેષ ખુબસુરત છે ?

રણવીરઃ–તેનો ઉત્તર આયનો આપશે.

જાલિમસિંહઃ–શું તું ઉષાને મેળવવા મ્હારા કરતાં વિશેષ હક્કદાર છે ?

રણવીરઃ–તેનો ઉત્તર ઉષા પોતેજ આપશે.

જાલિમસિંહઃ–રણવીર ! હાથમાં બેડીઓ પડી છે છતાં આવા ઉત્તરો આપતાં તને ભય નથી લાગતો ? તું કોની સ્હામે બાથ ભીડે છે તેનો તને કાંઇ ખ્યાલ છે ?

રણવીરઃ–હા, હું સારી રીતે જાણું છું કે, હું એક પિતૃદ્રોહી તેમજ ભત્રેજાનું ખુન કરવાને તરસ્યા થયેલા મહા પાપીની સ્હામે બાથ ભીડું છું; પરંતુ જાલિમ ! યાદ રાખજે કે, અંતે 'ધર્મનો જય અને પાપનો ક્ષય ' છે.

જાલિમસિંહઃ–શું તું મ્હને ખૂની કહે છે ? ! અફસોસ, હવે હું મ્હારા ક્રોધને સમાવી શકતો નથી. ઓ કાળા નાગ ! મ્હારી લોહી પીવાને તલપી રહેલી તલવારથી હમણાંજ હું ત્હારો જીવ લઉં છું.

આમ કહીને જેવો જાલિમસિંહ મ્યાનમાંથી સમશેર બ્હાર ખેંચી કાઢી રણવીરસિંહના અંગ ઉપર ધરે છે કે, તરતજ દીવાની વનવાસિની ભયંકર કાળમૂર્ત્તિનું સ્વરૂપ ધારણ કરી, હાથમાં એક ચમકતી કટાર લઇ જાલિમસિંહની સ્હામે આવી ઉભી રહી.

જાલિમસિંહ વનવાસિનીને જોતાંજ ભયભીત બની જઈ ધ્રૂજવા લાગ્યો. તેના હાથમાંની તલવાર નીચે પડી ગઈ. ઉષા અને રણવીરને સાથે લઇ વનવાસિની અલ્પકાળમાંજ ત્યાંથી ચાલી ગઈ. જાલિમસિંહ છૂટકારાનો એક શ્વાસ મૂકી બોલ્યોઃ–" એજ—એજ મ્હારૂં ભયંકર ભવિષ્ય ભાખનારી બાળિકા. અરેરે ! હજી સુધી તે જીવતી છે. તે



પરંતુ જાલમ! યાદ રાખજે કે, અંતે 'ધર્મનો જય અને પાપ
નો ક્ષય' છે.

મ્હારા દરેક કાર્યમાં આડે આવે છે. તેને હાથેજ મ્હારો જીવ જશે કે શું ?"

આમ બોલી તે ઉષાના શયનમંદિરમાં આંટા મારતો મારતો, હાવાની વનવાસિનીનાજ વિચારો કરવા લાગ્યો. અંતે તેણે વનવાસિની, રણવીરસિંહ અને ઉષાને પકડી લાવવા માટે કેટલાક ઘોડેસ્વાર સૈનિકોને દોડાવ્યા; પરંતુ તેઓ સહુ ઘણે સ્થળે શોધ કરી અંતે નિરાશ થઇને જાલિમસિંહ પાસે પાછા આવ્યા.

પ્રકરણ ૨૫ મું.

જાલિમસિંહનો અપાર જુલ્મ !

ત્રણ માસ પસાર થઈ ગયા છે. વિશાળ બરવાણી રાજ્યનું શું થયું, યુવરાજ લલિતસિંહનું શું થયું, અને રાજકુમારી સૌરભની શી દશા છે એ વગેરે પ્રકારોથી જાલિમસિંહ તદ્દન અજાણ્યો રહ્યો છે.

સૌરભ સ્વામીની વિરહ વેદનાથી રાત્રિ દિવસ આંસુની ધારાઓ વહેવડાવે છે. લલિતસિંહે તેને પોતાના સમાચાર વારંવાર પહોંચાડવાનું આશ્વાસન આપેલું છે; પરંતુ ત્રણ માસ પસાર થઈ ગયા છતાં તેના તરફથી હજી સુધી તે બિચારીને કશા સમાચાર મળ્યા નથી. હવે તે બરવાણી રાજ્યની રાજધાનીમાં નથી. પાછી તે જો રાજધાનીમાં રહે અને પ્રજાજનોની તેમજ રાજકીય અધિકારીઓની તેના પ્રત્યે સ્હાનુભૂતિ ઉપજે એવા ભયથી, ગૌરવની સલાહથી જાલિમસિંહે સૌરભને થોડે દૂર આવેલા એક કિલ્લામાં કેદ કરી છે. ત્યાં તે માત્ર પોતાની સખી માલતીની સાથે રહે છે. જે સૌરભ વિશાળ બરવાણી રાજ્યની ન્યાયાનુસાર મહારાણી છે તે સૌરભ આજે એક કિલ્લામાં કેદ પડેલી છે. જેણે દુ:ખ કેવું હોય તેનો સહજ પણ અનુભવ મેળ-

બો નથી, તે આજે દુઃખના ભયંકર સમુદ્રમાં ડૂબી ગઇ છે. તેના દુઃખનો પાર નથી—વેદનાની સીમા નથી. ભાગ્યચક્રના ક્રૂર ચક્ર નીચે તે ચગદાઈ ગઈ છે; તો પણ પોતે દુઃખમાં પડી છે એ માટે તેનો જીવ બળતો નથી—માત્ર પતિદેવનું પુનઃ દર્શન નહિ થાય એજ વિચારથી તેનું અંતર બળીને ખાક થઇ જાય છે! એકાંતમાં બિચારી સૌરભ પતિને માટે રૂદન કર્યા કરે છે. તેના આવા દુઃખદ પ્રસંગે સઘળાં સગાં વ્હાલાંઓએ તેનો ત્યાગ કર્યો છે; પરંતુ એક માત્ર માલતિ નામની વફાદાર તેમજ પ્રેમમયી સખીએ તેનો ત્યાગ કર્યો નથી. તે સૌરભને અનેક પ્રકારે સાંત્વના આપે છે—જૂદી જૂદી વાતો કરી તેનું વિરહ દુઃખ ભૂલાવવાનો યત્ન કરે છે; પરંતુ સૌરભ કોઈ પણ રીતે પોતાના હૃદયને સમજાવી શકતી નથી. તેના અંતરમાં ચિંતાની મહા ભયંકર ચિતા સળગી રહી છે.

આ એકાંત કિલ્લામાં સૌરભને એક પુત્ર થયો છે. જેના જન્મોત્સવને પ્રસંગે કેટલો બધો આનંદ-વિનોદ થાત, તેના જન્મના સમાચાર સુદ્ધાં કોઈ પણ જાણતું નથી—કોઈ જાણવાનો યત્ન સુદ્ધાં કરતું નથી. સૌરભ પ્રેમપૂર્વક પોતાના રત્ન સમાન પુત્રને ખોળામાં લઇ તેના ગુલેગુલાબી અધરોષ્ઠ પર ચુંબનોની વૃષ્ટિ વર્ષાવે છે, અને રડી રડીને પુત્રરત્નનું સમસ્ત અંગ ભીંજવી નાંખે છે. તેના જીવનમાં હવે બીજું કાંઈ કામ નથી—બીજી કોઇ આશા નથી—બાળક સિવાય તેના જીવનનો બીજો એક પણ આધાર નથી.

માલતિ જ્યારે સૌરભના બન્ને હાથ પકડી તેનું અશ્રુજળ સાફ કરી નાંખીને કહે છે કેઃ—" સખિ! હમ્મેશાં સુખ દુઃખ કાયમ રહેતું નથી. સુખ દુઃખનું ચક્ર હમ્મેશાં ફર્યાજ કરે છે. જુઓ સાંભળોઃ—

સુખની પાછળ દુઃખ તણો જ્યમ છાંય તડકો થાય છે,
નસીબની લીલા તણા આ રંગ બહુ બદલાય છે.

માટે તમે વિના કારણ દુઃખ શા માટે માનો છો? યુવરાજ લલિતસિંહ થોડા સમયમાંજ તમને આવી મળશે—તમારૂં સઘળું દુઃખ દૂર કરશે. તેઓ જરૂર વિશાળ બરવાણી રાજ્યના મહારાણા થશે, તથા તમને સંપૂર્ણ સુખ—વૈભવમાં રાખશે.”

સૌરભ માલતીનાં આવાં વચનોનો કાંઇ ઉત્તર આપતી નથી. માત્ર તેની બન્ને આંખોમાંથી જળધારા વહે છે, અને તે વારંવાર એવોજ ઉત્તર આપે છે કેઃ—“સખિ! એ આશા હવે પ્રાણહારક મૃગજળ જેવી, અર્થાત્ નિરાશાજ છે. મ્હને રાત્રિ દિવસ એમજ લાગે છે કે, હું મ્હારા પ્રાણાધિક પ્રિયતમનું પુનઃ દર્શન કરી શકીશ નહિ—મ્હારાં નેત્રોને તેમના સહવાસ સુખથી ઠારી શકીશ નહિ. અરેરે! તેમના સમાચાર જાણવાને માટે મ્હારો જીવ તલસે છે—અંતરમાં લાહ્ય વર્ષે છે. સખિ! એ મ્હારી આંખોનું તેજ, હૃદયનું લોહી તેમજ જીવનનું સર્વસ્વ છે. મ્હારી ભક્તિમાં સાક્ષાત શ્રીકૃષ્ણ, મ્હારા દુઃખનો વિસામો તેમજ કંઠના અલંકાર છે. તેમના વિયોગનું દુઃખ હું જીવતાં સુધી ભૂલી શકું તેમ નથી—અહા! પ્રિયતમની સ્મૃતિને દૂર કરી શકું તેમ નથી.”

* * * * *

ગૌરવના સુખની સીમા નથી—વૈભવનો પાર નથી. તેની સઘળી આશાઓ પૂર્ણ થઇ છે—તેના અંતરની વેદના આસ્માનમાં ઉડી ગઈ છે. તે વિશાળ બરવાણી રાજ્યની મહારાણી થઈ છે. તેની દાસ-દાસીઓ તેમજ સખીઓની સંખ્યા ઘણી વધી ગઈ છે. હવે પ્રથમના જેવી તે ગંભીર જણાતી નથી. તેના મ્હોં પર રાત્રિ દિવસ હર્ષની છાયા છવાઈ રહેલી જોવામાં આવે છે. તેની વિલાસિતાનું વર્ણન અમારાથી વર્ણવી શકાય તેમ નથી. મોજમજા તેમજ વિલાસ—વૈભવનો તે ઉપભોગ ભોગવ્યા કરે છે. બ્હેનને કિલ્લામાં કેદ કરી તે હર્ષથી

મલકાય છે. વાસ્તવિક રીતે જોવા જતાં તે જાલિમસિંહને એક પુતળાની માફક પોતાની ઇચ્છાનુસાર નચાવ્યા કરે છે. સ્વ૦ સાક્ષર ગોવર્દ્ધનરામભાઈના શબ્દોમાં કહીએ તો,

" કહાવે અબળા ને નરને નચાવે,
ગોરી ગુમાન ભરી પછી રાચે;
નરના દુ:ખની મશ્કરી કરતી,
નારી પ્રીતિ ખરી નવ ધરતી.
પ્રીતિ નામે સળગાવી આગ,
નારી નરને કરે છે ખાખ. "

આ વચનો તેને માટે યોગ્ય થઇ પડ્યાં છે. તે પોતાની બ્હેન સૌરભના અપાર દુ:ખને તદ્દન ભૂલી જઈ મોજમજા ઉડાવવામાં તથા વિલાસવાસના પરિતૃપ્ત કરવામાં મસ્ત બની છે. વિલાસવૃત્તિજ પાપના ખાડામાં મનુષ્યને ઉતારી દે છે. વિલાસવૃત્તિથીજ અનેક પ્રભાવશાળી સાહસિક દેશોનું સત્યનાશ વળી ગયું છે ત્યારે પછી એક અભાગિની અબળા વિલાસવૃત્તિને લીધે પોતાની ભગિનીને ભૂલી જાય એમાં શી નવાઇ? સૌરભ નામની આ જગત્માં કોઇ સ્ત્રી છે એમ સુદ્ધાં તે સમજતી નથી. દુ:ખિણી બ્હેન કિલ્લામાં આંસુની નદીઓ વહેવડાવે છે, તેની તેને સહજ પણ ચિંતા નથી. તેના મહાલયમાં તો રાત્રિ દિવસ આનંદ–વિનોદ ચાલી રહ્યો છે.

જાલિમસિંહના મહારાણા થયા પછી પ્રજાજનો પોતાની ભૂલ થોડે ઘણે અંશે સમજી શક્યા છે. પ્રથમ તેઓ જાલિમસિંહના મ્હોં તરફ જેવા આનંદથી જોતા હતા તેવા આનંદથી હવે જોતા નથી. પ્રથમની માફક હર્ષથી તેની સાથે વાતચિત કરતા નથી. પ્રબળ પરાક્રમથી જાલિમસિંહ પ્રજા પર પોતાની સત્તા ચલાવે છે. તેણે ગરીબ બિચારા પ્રજાજનો ઉપર જુલ્મ ગુજારવા માંડ્યો છે. પ્રથમ સિંહાસન

ઉપર બિરાજતી વખતે જાલિમસિંહ સહુ કોઇના પ્રત્યે જે પ્રેમ દર્શાવતો હતો તે પ્રેમને સ્થાને હવે ક્રૂરતા આવી છે. હવે તે કોઇને પણ પ્રસન્ન રાખવાની પરવાહ કરતો નથી. પ્રજાજનો તેના ત્રાસથી ત્રાહ ત્રાહ પોકારી રહ્યા છે.

જાલિમસિંહના હૃદયમાં રાત્રિ દિવસ પ્રચંડ અગ્નિ સળગી રહ્યો છે. એ અગ્નિથી તેનું હૃદય બળીને ભસ્મ થઈ જાય છે; પરંતુ અંતરની વેદના તે કોઇને જણાવી શકે તેમ નથી. એકાંતમાં તેને આ અસહ્ય દુઃખ સહન કરવું પડે છે. અપાર દુઃખશોકને દૂર કરવાના હેતુથી તે સુરાપાન કરતાં શિખ્યો છે. તે રાત્રિ દિવસ સુરાપાન કરી, રાજ્ય કાર્ય પ્રત્યે દુર્લક્ષ્ય કરી પડ્યો રહે છે. ઘણોખરો વખત તે નૃત્ય ગીત કરાવે છે. અનેક વિલાસિની વારાંગનાઓને દેશવિદેશથી બોલાવવામાં આવે છે.

હવે જાલિમસિંહનું રાજ્યકાર્ય ચલાવવા પ્રત્યે લક્ષ્ય નથી. રાજ્યના નોકરો પોતાના મહારાણાની બેદરકારીનો લાભ લઇ બન્ને હાથે રાજ્યનો ખજાનો લૂંટવા લાગ્યા છે. વૃદ્ધ પ્રધાને દુઃખ તેમજ ચિંતાને દૂર કરવાના હેતુથી પોતાનો અધિકાર છોડી દીધો છે. રાજ્યમાં એક પણ જુનો નોકર જોવામાં આવતો નથી. તેમના હોદ્દાઓ પર નીચ, ઉદ્ધત, અજ્ઞાની તેમજ ખુશામદીઆ નોકરો પ્રતિષ્ઠિત થયા છે. દિવસે દિવસે દ્રવ્યની જરૂરિયાત વધતીજ જાય છે. તે સાથે પ્રજાજનોનું લોહી ચુસાતું જાય છે. તેઓ એકાંતમાં યુવરાજ લલિતસિંહને માટે વિલાપ કરે છે; પરંતુ ઉપાય નથી. જાલિમસિંહની વિરૂદ્ધ એક અક્ષર પણ ઉચ્ચારવાનું સાહસ કોઇથી થઈ શકે તેમ નથી.

સુરાપાન કરી, નૃત્યગીતમાં નિમગ્ન થઈ, તેમજ વિલાસસાગરમાં તણાઇને પણ જાલિમસિંહ નિશ્ચિંત થઇ શકતો નથી. તેનું હૃદય રાત્રિ દિવસ બળી જાય છે. વારંવાર વૃદ્ધ મહારાણા તેની દૃષ્ટિ સમક્ષ ખડા

થઇને તેને પોતાનું લોહીવાળું હૃદય બતાવીને કાંઈ કહે છે. રાત્રિ દિવસ જાલિમસિંહ આવો ભય જોયા કરે છે. જાલિમસિંહના હૃદયમાં અપાર બળ છે—વારંવાર પિશાચિની—રાક્ષસી ગૌરવ તેને ઉત્તેજિત બનાવી દે છે. જો તેમ ન હોત તો અત્યાર સુધીમાં તો જાલિમસિંહ ક્યારનોય ગાંડો બની ગયો હોત.

માત્ર આટલુંજ નહિ; પરંતુ જાલિમસિંહે મરાઠાઓનો પરાજય કરવાને ગયેલા પોતાના સૈનિકો પાસે જતાં તે રાત્રે જે ભયંકર સ્વપ્ન તેણે જોયું હતું તે સ્વપ્ન હજી પણ વારંવાર તેના જોવામાં આવે છે. સદા સર્વદા એ ભયંકર ભવિષ્યવાણી ભાખનારી વનવાસિની તેની આસપાસ કટાર લઇને ફર્યા કરે છે—જાલિમસિંહનાં નેત્રો ઉપર જાણે કે મૃત્યુ નાચી રહ્યું છે!

જાલિમસિંહની આજ્ઞાથી દેશના સઘળા દીવાનાઓ—ગાંડાઓને પકડી કેદ કરવામાં આવ્યા છે. અનેક નિરપરાધિની અભાગિની બાળિકાઓ વનવાસિનીને બદલે મરણને શરણ થઈ છે; પરંતુ વનવાસિનીને પકડી શકાતી નથી—તે જોવામાં પણ આવતી નથી!

વનવાસિનીને માટે જાલિમસિંહે ભીલલોકોની સાથે પણ ઝઘડો કર્યો છે. લુમેલિયાને પકડી લાવવા માટે તેણે પોતાના અનેક સૈનિકોને મોકલી ભીલલોકોના ઉપર જુલ્મ ગુજાર્યો છે. સમસ્ત ભીલજાત માત્ર આ ચાર માસના ટૂંક સમયમાં જાલિમસિંહની શત્રુ બની ગઇ છે.

આટલું કરીને પણ જાલિમસિંહ શાન્ત થયો નહિ. તેણે કાળિકાદેવીના મંદિરના પેલા સંન્યાસીની શોધ કરાવવા માંડી. સમસ્ત રાજ્યમાં તેની આજ્ઞા જાહિર કરવામાં આવી. સમસ્ત રાજ્યના સંન્યાસીઓને રાજધાનીમાં પકડી લાવવામાં આવ્યા. તેમના ઉપર ઘણોજ અત્યાચાર કરવામાં આવ્યો—ઘણા સંન્યાસીઓને કેદખાનામાં પૂરી

દેવામાં આવ્યા. આ સઘળા પાપી પ્રકારોથી સર્વત્ર ઘણીજ અશાંતિ થઇ ગઇ. સંન્યાસી, બ્રાહ્મણ તેમજ ધર્મપરાયણ મનુષ્યો ઉપર જુલ્મ થતો જોઇને સઘળા પ્રજાજનો જાલિમસિંહના ઉપર અપાર ક્રોધે ભરાયા—પરંતુ લાચાર! તેમના રક્ષણનો એક પણ ઉપાય નથી—યુવરાજ લલિતસિંહના કોઇ પણ પ્રકારના સમાચાર તેમના જાણવામાં આવતા નથી.

પ્રકરણ ૧૦ મું.

ભવિષ્યવેત્તા સંન્યાસી.

એક દિવસે સમય મળતાંજ કેદખાનાના રક્ષકે જાલિમસિંહ પાસે આવીને કહ્યું:—" મહારાજ! આપની આજ્ઞાનુસાર અનેક સંન્યાસીઓને કેદ કરી રાખેલા છે. એક વખત આપ તેમને સહુને જોઈ લેશો? આપ કયા સંન્યાસીને મળવા માગો છો તે જ્યાં સુધી આપ જાતે ન જુઓ ત્યાં સુધી કેવી રીતે માલૂમ પડી શકે?"

જાલિમસિંહ હમ્મેશાં આનંદ-વિનોદમાં, સુરાપાનમાં તેમજ ગાનતાનમાં ગુલતાન રહે છે. તેથી હજી સુધી તેણે કેદ કરી રખાવેલા સંન્યાસીઓની તે મુલાકાત લઈ શકયો નથી. હમણાં આ વાત કારાગારના રક્ષકે યાદ આપ્યાથી તે સઘળા સંન્યાસીઓને જોવાને માટે કેદખાનામાં ગયો.

કેદખાનામાં લગભગ ત્રણસો સંન્યાસીઓને કેદ કરી રાખવામાં આવ્યા છે. એકે એકે મહારાણાએ સઘળા સંન્યાસીઓને લક્ષ્યપૂર્વક જોયા પછીથી એકાએક તેની દૃષ્ટિ એક સંન્યાસીના મુખ ઉપર પડી, અને થોડા સમય સુધી પાછી નજ ફરી. તે એ સંન્યાસીને ઓળખી ગયો. તેણે જેલરને કહ્યું:—" મ્હારે માત્ર આ સંન્યાસીનુંજ કામ છે—

બીજા બધા સંન્યાસીઓને હમણુાંજ છોડી દ્યો. હવે આજથી બીજા સંન્યાસીઓને પકડી લાવવાનું કામ બંધ કરો. "

માત્ર એક સંન્યાસી સિવાય બીજા બધા કેદખાનામાંથી મુક્ત થઇ ત્યાંથી ચાલ્યા ગયા. પછીથી જાલિમસિંહે જેલરના કાનમાં કહ્યું:– " હું હવે રાજમહાલયમાં જાઉં છું. આ સંન્યાસીને તમે ત્યાં તેડી લાવો. "

આમ કહી જાલિમસિંહ ચાલ્યો ગયો. પછીથી જેલરે સંન્યાસીને કહ્યું:–" મહારાજ ! તમે મ્હારી સાથે રાજમહાલયમાં ચાલો. મહારાજાની પાસે તમને લઇ જવાના છે. "

સંન્યાસી:–હું રંડી નથી ! મહારાજા પાસે આવીને હું શું કરીશ ?

જેલર:–વિચાર કરીને બોલો, નહિ તો બ્રાહ્મણુનો જીવ લેતાં પણ મહારાણા સંકોચાય તેમ નથી. ચાલો, જલદીથી મ્હારી સાથે ચાલો.

સંન્યાસી મહાત્મા ઉભા થઇ જેલરની પાછળ પાછળ જવા લાગ્યા. મહારાણા પાસે જઇ પહોંચ્યા પછી મહારાણાએ જેલરને ત્યાંથી ચાલ્યા જવાનું કહ્યું. જેલરના ગયા પછી મહારાણા જાલિમસિંહે સંન્યાસી મહાત્માને પૂછ્યું:–" તમે મ્હને પિછાની શકો છો ? "

સંન્યાસી:–ઘણી સારી રીતે. આપ આ વિશાળ બરવાણી રાજ્યના મહારાણા છો.

જાલિમસિંહ:–આપે જે ભવિષ્યવાણિ કહી હતી તે ફળી છે.

સંન્યાસી:–અવશ્ય ફળવીજ જોઇએ. જ્યોતિષશાસ્ત્ર કદાપિ ખોટું નિવડતું નથી.

જાલિમસિંહ:–તમે કેટલા દિવસથી કેદખાનામાં હતા ?

સંન્યાસી:–જેટલા દિવસથી તમારા પહેરેગીરો મ્હને કેદ કરી લાવ્યા હતા તેટલા દિવસથી.

જાલિમસિંહઃ—આપને હવે કેદખાનામાં રાખવામાં આવશે નહિ. આપને હું મ્હારી રાજસભામાંજ રાખીશ.

સંન્યાસીઃ—આપની મ્હોટી કૃપા.

જાલિમસિંહઃ—આપને મ્હારે કેટલાક પ્રશ્નો પૂછવાના છે.

સંન્યાસીઃ—આપને જે પ્રશ્નો પૂછવાના હોય તે બેલાશક પૂછો. હું તેના યોગ્ય ઉત્તરો આપવાને તૈયાર છું.

જાલિમસિંહઃ—આપના મંદિરમાં મ્હેં એક બાળિકાને જોઇ હતી.

સંન્યાસીઃ—કોને ? વનવાસિનીને કે ?

જાલિમસિંહઃ—હા, વનવાસિનીજ. એ આપની કન્યા છે કે શું ?

સંન્યાસીઃ—એ મ્હારી કન્યા નથી; પરંતુ ન્હાનપણથી મ્હારી પાસેજ ઉછરીને મ્હોટી થઇ છે.

જાલિમસિંહઃ—તેણે પણ એક ભવિષ્યવાણિ કહી છે તે ફળશે કે ?

સંન્યાસીઃ—એ દીવાની છે.

જાલિમસિંહઃ—મહાત્મન્ ! આપને મ્હારે માટે થોડું દુઃખ ભોગવવું પડશે. આપે જ્યોતિષશાસ્ત્રની ગણનાથીજ જાણ્યું હતું કે, હું આ વિશાળ રાજ્યનો મહારાણો થઇશ—તે પ્રમાણે હું મહારાણો થયો છું. હવે મ્હારૂં મૃત્યુ કેવી રીતે થશે તે ગણના કરીને મ્હને કહો.

સંન્યાસીઃ—જો એ હકીકત હું તમને ન કહું તો ?

જાલિમસિંહઃ—તો શું ? તમે આ જુલ્મી જાલિમસિંહના પંઝામાંથી મુક્ત નહિ થઇ શકો. તમારે જીવનપર્યંત કેદખાનામાં રહેવું પડશે.

સંન્યાસીઃ—ત્યારે મ્હને થોડા સમયનો અવકાશ આપો, એટલે હું ગણના કરી જોઈ આપના પ્રશ્નનો ઉત્તર આપીશ.

જાલિમસિંહે સંમતિ દર્શાવી એટલે સંન્યાસી મહાત્માએ એક ન્હાના પત્થરવડે કાંઇ આંકવા તેમજ લખવા માંડયું. ઘણા સમય

પછી તેમણે કહ્યું:–" મહારાજ ! કોઇ સ્ત્રીજાતિને હાથે આપનું મૃત્યુ નિપજનાર નથી."

જાલિમસિંહ:–ત્યારે ?

સંન્યાસી:–કોઇ પુરૂષને હાથે પણ આપનું મૃત્યુ થવાનું નથી.

જાલિમસિંહ:—ત્યારે બિમારીથીજ મ્હારૂં મૃત્યુ થશે કે શું ?

સંન્યાસી:—એમ પણ બને. દ્વંદ્વયુદ્ધ સિવાય કોઇ આપનું ખૂન કરી શકે તેમ નથી.

જાલિમસિંહ:—એટલે હવે ભયભીત રહેવાનું એક પણ કારણ નથી, કેમ ?

સંન્યાસી:—ના.

જાલિમસિંહ:–મ્હારૂં મૃત્યુ કેટલા સમયમાં થશે ?

સંન્યાસી:—એક વર્ષમાં થાય, અગીઆર વર્ષમાં થાય; એકવીસ વર્ષમાં પણ થાય; તો પણ આજથી એકતાળીસ વર્ષમાં આપનું મૃત્યુ અવશ્ય થશે.

જાલિમસિંહ:—કોઇ સ્ત્રી મ્હારૂં ખૂન નહિ કરે એમ તો આપ ચોક્કસ કહી શકો છોને ?

સંન્યાસી:—હા, વળી કોઇ પુરૂષને હાથે આપનું મૃત્યુ નહિ થાય એ પણ ચોક્કસ છે.

જાલિમસિંહ:—મહાત્મન્ ! આપના ઉત્તરથી હું અતિ પ્રસન્ન થયો છું. આપને જે કાંઇ જોઇતું હોય તે ફરમાવો—હું આપની ઇચ્છા પૂર્ણ કરવા તૈયાર છું.

સંન્યાસી:—મહારાજ ! હું જે ઇચ્છું યા તો જે માગું તે આપ મ્હને આપી શકશો ?

જાલિમસિંહ:—બનતા સુધી અવશ્ય આપીશ.

સંન્યાસી:—આપના હાથ પર ઘણી સુવર્ણમુદ્રિકાઓ છે, તેમાંની

એક મ્હને આપો.

જાલિમસિંહે તરતજ આંગળી પરથી એક સુવર્ણમુદ્રિકા કાઢી આપી. એ મુદ્રિકા લઇ સંન્યાસી મહાત્મા તરતજ રાજમહાલયની બ્હાર નીકળી રાજધાનીનો ત્યાગ કરી ચાલ્યા ગયા.

જાલિમસિંહ આ આનંદજનક વર્તમાન ગૌરવને વિદિત કરવા માટે સત્વર અંતઃપુરમાં ગયો, અને તેણે ગૌરવને સઘળી હકીકત કહી સંભળાવી. એ હકીકત સાંભળતાં ગૌરવના આનંદનો પાર રહ્યો નહિ.

એકાએક જાલિમસિંહના હાથ ઉપર ગૌરવની દૃષ્ટિ પડી. તેણે ચમકી ઉઠીને પૂછ્યું:—"તમારી આ આંગળી પરની એક સુવર્ણ-મુદ્રિકા ક્યાં ગઇ ? ?

જાલિમસિંહે ઉત્તર આપ્યો:—"મ્હેં એ મુદ્રિકા એ ભવિષ્યવેત્તા સંન્યાસીને આપી છે."

ગૌરવે કહ્યું:—"તમારી બુદ્ધિ શુદ્ધિ હવામાં ઉડી ગઇ છે. શું તમે જાણતા નથી કે, એ મુદ્રિકા જોતાંજ બરવાણી રાજ્યના બીજા સરદારો, બરવાણી રાજ્યના સિંહાસન પર સંકટ આવેલું સમજી સૈન્યસહ આવી પહોંચશે ? તમે આપણઃ સર્વસ્વનો વિનાશ કર્યો છે."

જાલિમસિંહનું મસ્તક ભમવા લાગ્યું. તે પોતાની ચારે તરફ ભયંકર અંધકાર જોવા લાગ્યો. ઘણા સમયથી આ રાજ્યના રાજાઓ તેમજ સરદારો આ સુવર્ણમુદ્રિકાનેજ પોતાના મહારાણાના ચિહ્ન તરીકે સમજે છે. જ્યાં સુધી જેના હાથમાં આ મુદ્રિકા રહે છે ત્યાં સુધી તે તેનીજ આજ્ઞા શિરે ચઢાવે છે. એ મુદ્રિકા જોતાંજ સ્વરાજ્ય પર સંકટ આવેલું સમજી તેઓ સૈન્યસહ તૈયાર થઇ જાય છે. ક્ષણ માત્રમાં આ સઘળી વાત જાલિમસિંહને યાદ આવી. તેણે તરતજ એ સંન્યાસીને પાછો કેદ પકડી લાવવાને માટે ચો તરફ સ્વારો દોડાવ્યા; પરંતુ સંન્યાસીનો પત્તો નજ લાગ્યો !

ગામે ગામમાં તપાસ કરાવવામાં આવી. આખા રાજ્યમાં ઘણી શોધ ચલાવવામાં આવી. પાછા રાજ્યના સઘળા સંન્યાસીઓને પકડી લાવી કેદખાનામાં પૂરવા માંડ્યા. પાછો સંન્યાસી મહાત્માઓ ઉપર મહા જુલ્મ ગુજરવા લાગ્યો. ફરીથી ગરીબ તેમજ ધર્મપરાયણ સંન્યાસીઓને દુઃખી થતા જોઈ પ્રજાજનો ઘણા ક્રોધે ભરાયા; પરંતુ જુલ્મી જાલિમસિંહ આગળ તેમનું શું ચાલી શકે ?

પ્રકરણ ૨૭ મું.

અબળાનો આત્મા.

" રડી રડી આંસુડાં ખૂટયાં! સદાયે છે છતાં રોવું !
નસીબે આ લખાવેલું—હૃદયને છે રીબાવાનું !
દિસે બંધાય કિલ્લા કંઈ દિવાલો તૂટતી તેની !
જતાં ઉડી મીઠી આશા—હૃદયને છે રીબાવાનું !
બધે વરસાદ આવે છે; અને તૃપ્તિ થતી સૌને !
તૃષાથી તોય ચાતકના હૃદયને છે રીબાવાનું ! "

—કુંજ.

પાછી ભીલજાતિના વીર સેનાપતિ જુમેલિયાની બંસી વાગવા માંડી છે. ગામે ગામના ભીલો એ બંસીનો સુમધુર સુર સાંભળી શકે છે. સઘળી ભીલજાતિમાં પાછો ખળભળાટ થઈ રહ્યો છે. સઘળા ભીલલોકો અસ્ત્રશસ્ત્રથી સુસજ્જિત થઈને કાળિકાદેવીના મંદિર તરફ આવે છે. ચારે તરફ જયગર્જનાઓ થાય છે.

ભીલલોકોનાં ટોળાં ને ટોળાં દેવીમંદિર તરફ આવતાં જણાય છે. આ પ્રસંગે યુદ્ધ થશે વિચારી સઘળા ભીલ લોકો અનંત ઉત્સાહથી દેવીમંદિર પાસે છાવણી નાંખવાને માટે આવતા જણાય છે.

જે ભીલ લોકો હમ્મેશાં યુદ્ધમાં ઉતરવાને આતુર રહે છે, જે લોકો અરસ્પરસમાં પણ લોહી વહેવડાવીને આનંદિત થાય છે તેઓ યુદ્ધનો પ્રસંગ પાસે આવી પહોંચેલો વિચારી ઘણોજ આનંદ પામ્યા છે. જુમેલિયા તેમનો સેનાપતિ થયો છે ત્યારથી તેમને કદાપિ યુદ્ધમાં ઉતરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી; તેથી આ પ્રસંગે તેમના આનંદનો પાર રહ્યો નથી.

આ સમયે યુદ્ધ અવશ્ય થનાર છે. જુમેલિયા જેવા વીર સેનાપતિના હાથ નીચે રહીને પોતાને યુદ્ધ કરવાનું છે એમ વિચારી તેઓ આહ્લાદિત થઇ ગયા છે.

આમ છતાં કોની સાથે ક્યાં યુદ્ધ થશે તેનો કોઇ નિર્ણય કરી શકતું નથી. તો પણ જુમેલિયા તેમનો સેનાપતિ છે—નેતા છે—અધીશ્વર છે. જુમેલિયાજ તેમનો સેનાપતિ યા તો દેવતા છે. જુમેલિયાની બંસી વાગે છે તેથીજ તેઓ મંદિર તરફ આવતા જણાય છે. જો જુમેલિયા તેમને ભીષણ અગ્નિમાં કૂદકો મારવાનું કહે તો તેમ કરવાને પણ તેઓ તૈયાર છે.

હજી સુધી એક પણ ભીલ દેવીમંદિર પાસે આવી પહોંચ્યો નથી. હજી પણ ઘણીજ ગંભીરતા ધારણ કરી વિશાળ વન–જંગલમાં દેવીમંદિર ઉભું રહેલું જણાય છે—કોઈ પણ સ્થળે એકે માણસ જોવામાં આવતું નથી. માત્ર એ દેવીમંદિરના દ્વાર પાસે એક પરમ લાવણ્યમયી બાળિકા વીણા વગાડે છે. એ વીણાનો મધુર સુર સમસ્ત વન–જંગલમાં મધુરતાની વૃષ્ટિ કરે છે. આવો મિષ્ટ, આવો સુંદર તેમજ આવો મધુર સુર કદાપિ સાંભળવામાં આવતો નથી.

બાળિકા એકલી બેસી રહીને વીણા વગાડે છે. તે પોતે વીણા વગાડવામાં તન્મય બની ગઇ છે. થોડા સમય પછી એક સંન્યાસી મહાત્મા ધીમે ધીમે તેની પાસે આવી પહોંચી, તેની પાછળ ઉભા

રહ્યા. તેઓ બાળિકાને બોલાવી તેના ધ્યાનનો ભંગ કરવાનું સાહસ કરી શકયા નહિ. તેઓ પણ વીણાનો મધુર સુર સાંભળી મુગ્ધ બની જઇ થોડા સમય સુધી શાન્તિથી ઉભા રહ્યા. પછીથી તેમણે કહ્યું:– " વનવાસિની ! "

વનવાસિનીએ ચમકીને સંન્યાસી મહાત્મા તરફ જોયું. પછીથી તેણે પૂછયું:–" આપ અત્ર કયારે પધાર્યા ? "

સંન્યાસી:–હમણાંજ—ખરેખર, આજે તું ઘણીજ મધુર વીણા વગાડે છે.

વનવાસિની:–જ્યારે મન સ્વસ્થ નથી હોતું ત્યારે વીણા બજાવું છું. તે સિવાય બીજું શું કરૂં ?

સંન્યાસી:–હવે એ વાત જવા દે, અને જરૂરની વાત થવા દે. તું જે કરે છે તે વ્યાજબી કરે છે કે ?

વનવાસિની:–મ્હેં આપને અનેક વખત કહ્યું છે કે, એ કામ મ્હારાથી થઇ શકશે નહિ. સૌરભની આગળ હું તે પ્રમાણે કબૂલ થઈ છું. વળી મ્હારા હૃદયમાં હવે એ ભાવ નથી.

સંન્યાસી:–લલિતસિંહને માટે, બરવાણી રાજ્યને માટે તેમજ સાધ્વી સૌરભને માટે ત્હારે એ કામ કરવું પડશે. તું સહાયતા નહિ કરે તો લલિતસિંહનું રાજ્ય પુનઃ પ્રાપ્ત થાય એવી આશા નથી.

વનવાસિની:–એ કામ કરવા જતાં મ્હારે બરવાણી રાજ્યની મહારાણી થવું પડે તેમ છે.

સંન્યાસી:–વિધાતાની પણ એવીજ ઇચ્છા છે.

વનવાસિની:–વિધાતાની ઇચ્છા ભલે તેવી હોય; પરંતુ મ્હારી ઇચ્છા નથી.

સંન્યાસીએ થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યો. પછીથી તેમણે કહ્યું:–" ત્યારે તું શું કરીશ ? "

વનવાસિનીએ ઉત્તર આપ્યોઃ—" હમ્મેશાં સંન્યાસિની—વનવાસિનીજ રહીને ઇચ્છામાં આવે ત્યાં ફર્યા કરીશ. કોઈના પર જુલ્મ ગુજારી હું ઇચ્છિત સુખ પ્રાપ્ત કરવાની અભિલાષા રાખતી નથી. રાજકુમારી સૌરભ પ્રત્યે મ્હારા અંતરમાં અપાર સ્નેહ ઉપજ્યો છે.

સંન્યાસીઃ—ત્યારે તું લલિતસિંહને ચ્હાય છે?

વનવાસિનીઃ—પિતઃ! ક્ષમા કરજો. આપનાથી ખરી વાત છૂપાવવાની કાંઇ જરૂર નથી. હું લલિતસિંહને કેટલા સ્નેહથી ચ્હાઉં છું તે માત્ર મ્હારો પ્રાણજ સમજે છે. મ્હારા અંગ પ્રત્યંગની પ્રત્યેક નસમાં લલિતસિંહના સ્નેહનુંજ રૂધીર વહે છે. સ્નેહને શબ્દોથી સમજાવી શકાતો નથી. લલિતસિંહના કલ્યાણાર્થે જો મ્હારો આ તુચ્છ પ્રાણ આપવો પડે તો તે પણ આપવાને હું તૈયાર છું.

સંન્યાસીઃ—જ્યારે લલિતસિંહને પ્રાપ્ત કરવાની આશા નહોતી ત્યારે તું એકાંતમાં બેસીને રડ્યા કરતી હતી; હવે લલિતસિંહની પ્રાપ્તિ થયા છતાં તું તેને સ્વીકારવાની શા માટે ના પાડે છે?

વનવાસિનીઃ—એ સમયે મ્હેં સૌરભને જોઇ નહોતી. મ્હારા કરતાં વધારે યા તો મ્હારી માફક કોઇ બીજું લલિતસિંહને ચ્હાય છે એમ હું જાણતી નહોતી, અને વધારામાં તેઓ પણ મ્હને ચ્હાઈ શકે તેમ નથી. પિતઃ! આપ મ્હને શું એટલી બધી દુર્બળ ધારો છો? મ્હેં મ્હારા હૃદયમાં બળ મેળવ્યું છે. હું આત્મસંયમી થઇ શકી છું. હવે મ્હને પ્રલોભિત કરશો નહિ.

સંન્યાસીઃ—સૌરભ તેમજ યુવરાજ લલિતસિંહ—બન્નેને—તું ચ્હાય છે! તું માત્ર નજીવી મહેનત કરે તો પણ તેમનું દુઃખ દૂર થાય તેમ છે. શું એવી નજીવી મહેનત તું નહિ કરી શકે?

વનવાસિનીએ આ પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ. સંન્યાસીએ પુનઃ કહ્યુંઃ—" જો ત્હારી મહારાણી થવાની ઇચ્છા ન હોય તો ભલે.

યુદ્ધ થઇ ગયા પછી તું લલિતસિંહને મળીશ નહિ. તું કોઈ નિર્જન પર્વતની ગુફામાં જઇને યોગની સાધના કરજે."

આ શબ્દોનો પણ વનવાસિનીએ કાંઇ ઉત્તર આપ્યો નહિ. સંન્યાસીએ પૂછ્યું:-"કેમ કાંઈ ઉત્તર આપતી નથી? ત્હારો શું કરવાનો વિચાર છે તે મ્હને કહી સંભળાવ."

વનવાસિનીએ કહ્યું:-"આપ મ્હને જ્યારે જે કાર્ય કરવાની આજ્ઞા કરો છો તે આજ્ઞા હું તરતજ પાળું છું. હું દીવાની બનીને રાજધાનીમાં જઇ આવી છું. દીવાનીના સ્વરૂપે જુલ્મી જાલિમસિંહ પાસે જઇ મ્હેં તેને ભય દર્શાવી એક બાળિકાના સતીત્વધનનું તથા તેના પ્રિયતમનું સંરક્ષણ કર્યું છે. લલિતસિંહ સાથે રહેવાથી મ્હારે વિષપાન કરવું પડે છે એમ હું સમજું છું: છતાં વિષને અમૃત સમજી પીઉં છું. પિતઃ! હવે હું સહન કરી શકતી નથી. હું પણ સ્ત્રીજાત છું! મ્હારા હૃદયમાં અદ્યાપિ જોઇએ એટલું બળ નથી. એમ છતાં હું જાતે બળી મરવા તૈયાર છું—હું પારકા હૃદયનું સર્વસ્વ કદાપિ હરી શકીશ નહિ. આપ નારીનું હૃદય સમજતા નથી. સમજો પણ કેવી રીતે? જો સ્ત્રી થયા હોત તો સમજી શકત—પ્રાણ કરતાં પણ કોઇને પ્રિય સમજીને તેને ચ્હાતાં શિખ્યા હોત તો સમજી શકત. જો હું બીજી સ્ત્રીઓની માફક વિલાસ—વૈભવ પ્રાપ્ત કરવાની અભિલાષા રાખતી હોત તો આવા સુયોગને વ્યર્થ જવા દેત નહિ; પરંતુ હું આપના શિક્ષણની કીંમત સારી રીતે સમજી શકું છું."

વનવાસિની રડી પડી; પરંતુ તરતજ તેણે પોતાનું ચક્ષુજળ સાફ કરી નાંખીને કહ્યું:-"જ્યારે આપે આ પ્રમાણે કરવાનો વિચાર રાખ્યો હતો તો પછી મ્હને શા માટે સૌરભ પાસે મોકલી હતી? જો મ્હેં તેને જોઈ ન હોત તો હું આપની આજ્ઞા અવશ્ય સ્વીકારત—તેમજ મ્હારી ઇચ્છા પણ ફળિભૂત થાત!"

સંન્યાસી:-બેટા ! એ બધી ભાગ્યનીજ અકળ કળા છે. હવે યુવરાજ લલિતસિંહ તેમજ સૌરભના કલ્યાણાર્થે મ્હારી આજ્ઞા પ્રમાણે વર્તવું એ ત્હારૂં કર્ત્તવ્ય છે.

વનવાસિની શાન્ત-રૂદન કરવા લાગી. સંન્યાસીએ કહ્યું:- "ત્હારી સાથે તું લલિતસિંહનો વિવાહ થવા દે. પછીથી ત્હારે બરવાણી રાજ્યની મહારાણી ન થવું હોય તો ન થઇશ. યુદ્ધ થયા પછી ઇચ્છામાં આવે ત્યાં ચાલી જજે."

વનવાસિની:-પ્રભુ ! મ્હારાથી એમ બની શકશે ? શું મ્હારા હૃદયમાં એટલું બળ ઉત્પન્ન થશે ?

સંન્યાસી:-ઉત્પન્ન થવુંજ જોઇએ. નહિ તો પછી મ્હારી આટલા દિવસની મહેનત, શિક્ષણ—સઘળું નિરર્થક થશે.

વનવાસિની:-તેમની સાથે વિવાહ કરવાની શી જરૂર છે ?

સંન્યાસી:-વિવાહ કરવાની જરૂર છે. ભીલ લોકો જુમેલિયાની આજ્ઞા થતાંજ પ્રાણ અર્પણ કરવાને પણ તૈયાર થાય તેમ છે; પરંતુ બરવાણીના અસંખ્ય સૈન્ય સ્હામે તેઓ કેવી રીતે ટકી શકશે ? એક વખત યુદ્ધમાં પરાજય થતાં પુનઃ યુદ્ધમાં ઉતરતાં તેમને ભય ઉપજશે. પુનઃ યુદ્ધ કરવાનો પ્રસંગ આવતાં કદાચ તેઓ જુમેલિયાની આજ્ઞા ન પણ પાળે !

વનવાસિની:-પણ વિવાહ કરવાથી શો લાભ છે ?

સંન્યાસી:-ભીલ લોકો તને પોતાની કાળિકાદેવીનોજ અવતાર સમજે છે; ત્હારી સાથે લલિતસિંહનો વિવાહ થશે એટલે લલિત પણ ભીલ થયેલો ગણાશે. એટલે પછી ત્હારે માટે લલિતસિંહના યુદ્ધમાં તેઓ પોતાનો પ્રાણ આપતાં પણ પાછી પ્હાની નહિ કરે.

વનવાસિની:-ગુરૂદેવ ! તમે ત્યારે મ્હને મહારાણી બનાવ્યા સિવાય સ્વસ્થ નહિજ થાઓ કે ?

સંન્યાસીઃ—બેટા ! તેમાં હું શું કરૂં ? જેવા લલાટના લેખ !

વનવાસિનીઃ—હવે છેલ્લી વખત દેવી આગળ પ્રતિજ્ઞા કરો કે મ્હને બીજી કોઈ આજ્ઞા નહિ કરો.

સંન્યાસીઃ—કદાપિ હવે બીજી આજ્ઞા નહિ કરૂં.

વનવાસિનીઃ—ઠીક, ત્યારે હું વિવાહ કરવા કબૂલ થાઉં છું.

પછીથી બન્ને જણાંએ મંદિરમાં પ્રવેશ કરી મંદિરનાં દ્વાર બંધ કરી દીધાં.

પ્રકરણ ૨૮ મું.

વિરહ–સ્મરણ.

" જૂદાં થાતાં, મુજ તુજ હતું ગ્લાનિ પૂરે છવાયું,
સ્વપ્નામાં એ નિરખું છબી તો આંસુડાં ઢાળતો હું;
હૈયામાં એ ચિતરી કદિ હું હાસ્ય ત્હારૂં શક્યો ના,
રોતો હું ને રડતી પ્રિય તું એજ ચિત્રો હતાં ત્યાં. "

—કલાપી.

કાળિકાદેવીના મંદિરથી થોડે દૂર એક સરોવર આવેલું છે. એ સરોવરના કિનારા પર લલિતસિંહ એકલો બેઠો બેઠો આકાશ પાતાળના વિચારો કર્યા કરે છે. એક વર્ષ વીતી ગયું છે; છતાં હજી સુધી પ્રેમમયી પત્ની સૌરભના સમાચાર તેને મળ્યા નથી. આ એક વર્ષ તેણે વન–જંગલમાં, વાઘના જુલ્મથી પલાયન કરી જતી હરિણીની માફક પ્રાણભયથી રખડવામાંજ પસાર કર્યું છે. જાલિમસિંહે તેને પકડી લાવવા માટે સૈનિકોની ટુકડીઓ ને ટુકડીઓ મોકલી હતી. તેની હત્યા કરવાના હેતુથી ગુપ્તઘાતક હમ્મેશાં તેની શોધ કરતા ફર્યા કરે છે; આથી કરીને યુવરાજ લલિતસિંહ આજે એક ઠેકાણે

હોય છે તો આવતી કાલે બીજે સ્થાને હોય છે—કોઈ પણ સ્થાને સ્થિરતાથી રહી શકતો નથી.

જે રાત્રે લલિતસિંહે રાજધાનીનો પરિત્યાગ કરી પલાયન કર્યું તેજ રાત્રે નગરથી થોડે દૂર આવેલા દેવી—મંદિરમાં જુમેલિયાની સાથે તેની મુલાકાત થઇ. તરતજ તેઓ બન્ને ત્યાંથી ઘોડેસ્વાર થઇ ભીલરાજ્યમાં જવા લાગ્યા. ત્યારથીજ અર્થાત્ એક વર્ષથી તેઓ બન્ને સાથેજ રહે છે. લલિતસિંહનું રાજ્ય પુનઃ પ્રાપ્ત થાય એવી આશા નથી.

જુમેલિયાના વ્યવહારથી લલિતસિંહ કેટલીક વખત મ્હોટા વિચારમાં પડી જાય છે. કેટલીક વખત જુમેલિયા લલિતસિંહ પાસેથી અદ્રશ્ય થઇ જાય છે તે પાછો ચૌદ પંદર દિવસ સુધી જોવામાંજ આવતો નથી. આટલા દિવસ સુધી જુમેલિયા કયાં અદ્રશ્ય થઇ જાય છે તે યુવરાજ લલિતસિંહ સમજી શકતો નથી. આજે જુમેલિયા તેને એક ગામમાં લઇ જાય છે તો બીજે દિવસે વીસ પચીસ ગાઉ દૂર આવેલા બીજા ગામમાં લઈ જાય છે. જુમેલિયા પોતાને માટે શું કરે છે એ પણ તે સમજી શકતો નથી.

લલિતસિંહજ જ્યારે જુમેલિયાને આ સંબંધી પ્રશ્નો કરે છે ત્યારે જુમેલિયા વીણા વગાડી, સુમધુર કંઠથી ગાન લલકારી લલિતસિંહની વાત ઉડાવી દે છે. લલિતસિંહ તેની વીણા વગાડવાની છટા જોઇને તેમજ તેના મધુર કંઠથી ગવાતું સંગીત સાંભળીને મુગ્ધ બની જાય છે. એ મધુર સંગીત સાંભળવામાં આવતાંજ તે રાજ્યની હકીકત, સૌરભની હકીકત તેમજ પોતાના કમનસીબ ભાગ્યની હકીકત ભૂલી જાય છે.

આવી રીતે એક વર્ષ પસાર થઇ ગયું છે. હમ્મેશાં તેના મનમાં પોતાના જીવનનું સંરક્ષણ કરવાની ફિકર રહે છે. પોતે શું કરવું અને કયાં જવું તેનો કશો નિર્ણય કરી શકતો નથી. સૌરભના સમાચાર

જાણવાને માટે તે વ્યાકુળ બની ગયો છે. લલિતસિંહના સૌરભ પ્રત્યેના સ્નેહની સીમા નથી—અંત નથી ! સૌરભ ભોળા સ્વભાવની સરળ બાળિકા છે. કોણ જાણે કે જાલિમ શત્રુ તેના ઉપર કેટલો બધો જુલ્મ ગુજારતો હશે ! તેને કેટલું બધું દુઃખ દેતો હશે ! યુવરાજ લલિતસિંહ સ્વગત કહેવા લાગ્યોઃ-“ અરરે ! સૌરભ ! તું કેવી સ્થિતિમાં છે ? મ્હારો જુલ્મી કાકો તને કેટલું બધું દુઃખ દેતો હશે ? રણુવીરસિંહ કેદખાનામાંથી છૂટી આવ્યો ખરો; પરંતુ તેની મારફત રાજ્યની યા તો સૌરભની કશી હકીકત જાણવામાં આવી નથી. રણુવીરસિંહની પ્રણયિની ઉષાદેવી પર પણ દુષ્ટ કાકાએ જુલ્મ ગુજારવામાં બાકી રાખી નથી. મ્હેં એમ સાંભળ્યું છે કે, જુમેલિયાએ ઉષાદેવીને કોઇ નિર્ભય સ્થાને રાખી છે. હવે આવી સ્થિતિમાં મ્હને સ્નેહમયી સૌરભના સમાચાર કોણ પહોંચાડી શકે ? હે દયાળુ દીનાનાથ ! તમે મ્હારી પ્રાણાધિકા સૌરભનું સંરક્ષણ કરજે. ”

જ્યારે લલિતસિંહ જુમેલિયાને સૌરભના સમાચાર પૂછે છે ત્યારે તે માત્ર એટલોજ ઉત્તર આપે છે કે, “ સૌરભ સારી સ્થિતિમાં છે ! ” પરંતુ આટલા ઉત્તરથી લલિતસિંહને સંતોષ થાય ખરો કે ?

સરોવર પર બેઠો બેઠો લલિતસિંહ આવા વિચારો કર્યા કરે છે. તેના વિચારોનો અંત નથી. એકાએક કોઇ તેની પાછળ આવીને ઉભું રહ્યું. તરતજ આવનાર માણુસની છાયા સરોવરના જળમાં પડી. લલિતસિંહે ચમકીને જોયું તો તેની નજરે જુમેલિયા પડ્યો.

જુમેલિયાને જેતાંજ લલિતસિંહે કહ્યું:—“ જુમેલિયા ! આજે તમે મ્હને સૌરભના સમાચાર કહેવાનું જણાવ્યું હતું. કહો કહો, હું મ્હારી પ્રાણાધિક પત્નીના સમાચાર સાંભળવાને અતિ આતુર બની ગયો છું. ”

જુમેલિયાઃ—યુવરાજ ! સૌરભદેવી સારી સ્થિતિમાં છે.

લલિતસિંહઃ—આ વાક્ય તો તમે મ્હને અનેક વખતે કહો છો માત્ર આટલાજ સમાચારથી મ્હને સંતોષ થતો નથી !

જુમેલિયાઃ—આપને એક પુત્ર થયો છે.

લલિતસિંહઃ—સૌરભને કાંઇ દુઃખ તો નથી પડ્યુંને ?

જુમેલિયાઃ—ના દુઃખ તો નથી પડ્યું; પરંતુ તેઓ સુખમાં નથી. તેઓ રાજધાનીથી થોડે દૂર આવેલા એક કિલ્લામાં કેદી તરીકે પોતાના દુઃખમય દિવસો પસાર કરે છે.

લલિતસિંહ ઘણા સમય સુધી શાન્ત રહ્યો. સૌરભને પોતાના જુલ્મી, દગાબાજ કાકાએ કેદી બનાવી છે એ હકીકત સાંભળવામાં આવતાંજ તેનું ગળું રૂંધાઈ ગયું. તેનાથી થોડા સમય સુધી એક પણ અક્ષર ઉચ્ચારી શકાયો નહિ. ઘણા સમય પછી મૌનનો ભંગ કરી તેણે કહ્યુંઃ—“ જુમેલિયા ! આ સમસ્ત ત્રિભુવનમાં ત્હારા સિવાય મ્હારો કોઇ બંધુ નથી. રાજ્યપ્રાપ્તિની મ્હને બિલકુલ આશા નથી. હવે તો આવું દુઃખ ભોગવી ભોગવીને હું તદ્દન કંટાળી ગયો છું. સૌરભનો વિયોગ હવે માત્ર એક ક્ષણને માટે પણ હું વેઠી શકતો નથી. અરેરે ! જે સૌરભ મ્હને એક ક્ષણને માટે પોતાની દૃષ્ટિથી દૂર કરતાં દુઃખી થતી હતી તે આજે મ્હારા ચિરવિયોગથી કેટલી બધી દુઃખી થતી હશે ? ”

જુમેલિયાએ કહ્યુંઃ—“ યુવરાજ ! શાન્ત થાઓ. સુખ દુઃખનું ચક્ર હમ્મેશાં ફર્યાજ કરે છે. વળી હું કાંઈ શાન્તિ ધારણ કરીને બેસી રહ્યો નથી. આપ આપનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરી શકો તેવીજ હું ખટપટ કર્યા કરૂં છું. ”

લલિતસિંહ આ વાકયોનો કાંઇ પણ ઉત્તર નહિ આપતાં જુમેલિયાને ગળે વળગી પડીને રડી ઉઠ્યો. તેણે ગદ્‌ગદ્ કંઠે કહ્યુંઃ— “ સખે ! તુંજ મ્હારા સંકટનો સાથી યા તો દુઃખનો દોસ્ત છે.

ત્હારા સિવાય મ્હને બીજું કોઈ સહાયતા કરે તેમ નથી. જુમેલિયા! રાજપાટની મ્હને પરવાહ નથી. સિંહાસન પર બિરાજવાની મ્હને ઇચ્છા નથી. સૌરભનું દુઃખ દૂર કરી તું તેને મ્હારી પાસે લઈ આવ. આ વિશાળ વન-જંગલમાં એક ઝુંપડીમાં રહી અમે બન્ને રાજ-મહેલના વિલાસ-વૈભવ કરતાં પણ વિશેષ સુખ મેળવી શકીશું."

જુમેલિયાનાં નેત્રામાં અશ્રુજળ ભરાઇ આવ્યું; પરંતુ તેણે મહા મહેનતે પોતાના અશ્રુજળને અટકાવી રાખીને કહ્યું:-"યુદ્ધ થયા સિવાય સૌરભદેવીને અત્રે લાવી શકાય તેમ નથી. તમે માત્ર થોડા દિવસને માટે શાન્તિ ધારણ કરો. હું યુદ્ધ સંબંધીની સઘળી ખટપટ કરૂં છું. જુઓ, તમે આ સુવર્ણમુદ્રિકા પિછાની શકો છો?"

સ્વરાજ્યના ચિહ્ન સ્વરૂપ સુવર્ણમુદ્રિકા જુમેલિયાના હાથમાં જોઇને લલિતસિંહ આનંદથી અધીરો બની ગયો. તેણે જલદીથી એ સુવર્ણમુદ્રિકા જુમેલિયાના હાથમાંથી ઉંચકી લઈ પોતાની આંગળી ઉપર પહેરી. પછીથી તેણે કહ્યું:-"હવે ભય નથી. આ મુદ્રિકા જેની આંગળી ઉપર હોય તેનેજ મહારાણો ગણી શકાય છે. આ મુદ્રિકા જોવામાં આવતાંજ સઘળા રાજાઓ આપણને સહાયતા કરશે, અને તેથી હવે થોડા સમયમાંજ મ્હારૂં ભાગ્યચક્ર ફરશે. જુમેલિયા! હવે હું કોઈ પણ રીતે મ્હારા રાજ્યના સામંત-સરદારો તેમજ બીજા કેટલાક ખંડીઆ રાજાઓની મુલાકાત લેવાને ચ્હાઉં છું."

જુમેલિયાઃ-તમે નિર્ભય રહો. હું સઘળી વ્યવસ્થા કરૂં છું. માત્ર એક બે દિવસમાં આ મંદિરમાં લગભગ ત્રીસ હજાર ભીલો યુદ્ધ-સજ્જાથી સજ્જિત થઇને આવી પહોંચશે; પરંતુ—

લલિતસિંહઃ-પરંતુ શું? જલદી કહે; એક પળનો વિલંબ પણ હું વેઠી શકતો નથી.

જુમેલિયાઃ-ભીલજાતિમાં એક ગાંડી—દીવાની બાળિકા છે.

લલિતસિંહઃ—વનવાસિની કે ?

જુમેલિયાઃ—હા, સઘળા ભીલ લોકો તેને પોતાની દેવી સમાન સમજે છે. તમારે એ વનવાસિનીની સાથે વિવાહ કરવો પડશે.

લલિતસિંહઃ—કારણ ?

જુમેલિયાઃ—તમે તેની સાથે વિવાહ કરશો એટલે સઘળા ભીલ-લોકો તમારે માટે પોતાનો પ્રાણ સુદ્ધાં આપશે, અને યુદ્ધમાં શૌર્ય દર્શાવી શત્રુઓનાં શિર કાપશે.

લલિતસિંહઃ—હું ગાંડી સાથે વિવાહ કરૂં ? ભલે માત્ર નામનો વિવાહ કરવાને માટે હું તૈયાર છું. સૌરભને માટે હું તું કહે તે કાર્ય કરવાને તૈયાર છું. વનવાસિનીની સાથે વિવાહ કરવાને હું કબૂલ થાઉં છું.

જુમેલિયાઃ—યુવરાજ ! સૌરભદેવી પ્રત્યેનો તમારો સ્નેહ જોઈ હું વિમુગ્ધ બની જઉં છું. તમારો સ્નેહ દૈવી છે.

લલિતસિંહઃ—જુમેલિયા ! જો તું કોઇના ઉપર સ્નેહ રાખતો હોત તો મ્હારા સ્નેહને સર્વાંશે સમજી શકત.

એકાએક જુમેલિયાનાં નયનયુગલમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. તેનું સમસ્ત અંગ ધ્રુજી ઉઠયું. આવો પ્રકાર જોઇ લલિતસિંહે પ્રેમપૂર્વક કહ્યું:—" જુમેલિયા ! આ શું ? તું રડે છે કે ? "

જુમેલિયાઃ—ના–મ્હારી આંખમાં કાંઈ પડયું હતું તેથી જળ ભરાઇ આવ્યું છે !

આવો ઉત્તર આપીને લલિતસિંહને કાંઇ પણ કહ્યા સિવાય જુમેલિયા જલદીથી ત્યાંથી ચાલ્યો ગયો. આશ્ચર્ય પામીને લલિતસિંહ તેના તરફ જોઇ રહ્યો. પછીથી કહ્યું:—" જુમેલિયા ! ત્હારા હૃદયને હું ઉકેલી શકતો નથી ! "

પ્રકરણ ૨૯ મું.

વનવાસિનીનો વિવાહ.

લગભગ ત્રીસ હજાર ભીલો યુદ્ધસજ્જાથી સુસજ્જિત થઈને મંદિરની ચારે તરફ છાવણી નાંખીને પડ્યા છે. મંદિરની ચારે તરફ એક નગરના જેવો રમણીય દેખાવ જોવામાં આવે છે. આ સમયે ભીલોની છાવણીમાં ત્રીસ ચાળીસ હાથી પણ જોવામાં આવે છે. લગભગ પાંચ હજાર ઘોડાઓ નજરે પડે છે. એક માસ સુધી ચાલી શકે એટલો ખોરાક તેઓ પોતાની સાથે લાવ્યા છે—એક મહિના સુધી તેમને કશી ચિંતા નથી.

આ સમયે તેઓ મંદિર પાસે આવીને વનવાસિનીને જોઈ શક્યા નહિ. તેમણે ઘણી શોધ ખોળ કરી; કિન્તુ વનવાસિનીનો પત્તો લાગ્યો નહિ. જ્યારે વનવાસિની અદ્રશ્ય થઈ ગઈ છે ત્યારે આ પ્રસંગે જુમેલિયા હાજર થયો છે. આ વખતે તે જાતેજ હાજર રહી ભીલોની છાવણીની વ્યવસ્થા કરે છે. જે ભીલલોકો યુદ્ધકળામાં સંપૂર્ણ નિપુણ નથી તેમને તે યુદ્ધ સંબંધીનું શિક્ષણ આપે છે. મંદિરની પાછળ આવેલી એક ગુપ્ત ઓરડીમાં તેણે ઘણાં હથિયારો એકઠાં કરીને રાખી મૂક્યાં છે.

અસભ્ય, જંગલી ભીલ લોકો યુદ્ધ સંબંધી કાંઈ જાણતા નથી. યુદ્ધવિદ્યા કોને કહે છે તે સમજતા નથી; તો પણ તેઓ સાહસિક, બળવાન્, તેમજ હિમ્મતવાળા છે. યુદ્ધ કરતાં તેઓ ગભરાઈ જાય એવા નથી. આટલા બધા ભીલો પૂર્વે કદાપિ એકત્ર થયા નથી. હમણાંના જેવાં અસ્ત્રશસ્ત્રો પણ પૂર્વે તેમણે જોયાં નથી. જુમેલિયા જેવા વીર સેનાપતિના શિક્ષણથી, પરિશ્રમથી તેઓ હવે અસભ્યને બદલે સુશિક્ષિત જાતિના જેવા થાય છે. યુદ્ધકળામાં નિપુણ

થાય છે. જેને જે કાર્ય શિખવાડવાની જરૂર જણાય છે તેને આજે તે કાર્ય જુમેલિયા શિખવાડે છે. સઘળા ભીલોને મંદિર પાસે આવ્યાં પહોંચ્યાને લગભગ એક અઠવાડીઉં થયું છે. આ એક અઠવાડીઆમાં જુમેલિયાએ રાત્રિ દિવસ મહેનત કરીને તેમને સર્વ પ્રકારનું શિક્ષણ આપ્યું. અપાર ઉમંગથી ભીલો પોતાના બહાદુર સેનાપતિ પાસેથી યુદ્ધવિદ્યાનું શિક્ષણ મેળવવા લાગ્યા.

આમ છતાં હજી ક્યાં જવાનું છે, કોની સાથે યુદ્ધ કરવાનું છે, શા માટે યુદ્ધ કરવાનું છે તેની તેમને બિલકુલ માહિતી નથી. તેમનામાંના કેટલાક ચતુર પુરૂષો માત્ર એટલી ધારણા કરી શક્યા છે કે, તેમને બરવાણી રાજ્યના સૈન્ય સાથે યુદ્ધ કરી, જાલિમસિંહને સિંહાસનચ્યુત કરી, લલિતસિંહને એ સિંહાસન પર બેસાડવાનો છે. આ પ્રકારની ધારણાથી તેમને આનંદ ઉપજ્યો છે; કારણ કે જાલિમસિંહનું જુલ્મી સૈન્ય ભીલજાતિના પહાડી પ્રદેશમાં પ્રવેશ કરી અનેક ગામોમાં લૂંટફાટ કરતું હતું, અનેક ગામોને અગ્નિથી બાળી ભસ્મ કરી નાંખતું હતું. નિરપરાધી દુર્બળ બાળક બાળિકાઓનો તથા અબળાઓનો સંહાર કરતું હતું. તેના જુલ્મનો પાર નહોતો. સઘળા ભીલ લોકો આ જુલ્મમાંથી ઉદ્ધાર પામવાને માટે માત્ર જુમેલિયાના વદનમંડળ તરફ જોઇ રહી, મહા કષ્ટે વખત વીતાડતા હતા. હવે બરવાણી રાજ્યના મહારાણા જાલિમસિંહની તેમજ તેના સૈન્યની સાથે યુદ્ધ કરીને પોતાની વેરની વસુલાત લઇ શકાશે એમ વિચારી તેઓમાંના ઘણાખરાના આનંદનો પાર રહ્યો નથી.

મંદિરમાંથી ચિરપરિચિત બંસીનો સુર સંભળાવા લાગ્યો. જુમેલિયાની બંસીનો—યમુનાના કિનારા પર ફરતા શ્રીકૃષ્ણની બંસીનો—મધુર સુર સાંભળીને સઘળા ભીલલોકો પોતપોતાના કામકાજને કરવું મૂકી દઇને મંદિર પાસે આવી પહોંચવા લાગ્યા. ભીલોની છાવણીએ

અપૂર્વ દેખાવ ધારણ કર્યો છે. ભીલલોકોનાં ટોળાંને ટોળાં આવીને છાવણીમાં મુકામ કરે છે. ભીલલોકો પોતાના સરદારની આજ્ઞા પ્રમાણે વર્તે છે.

મંદિરનાં દ્વાર ઉઘડ્યાં. એ ભીલબાળકો એક ન્હાની ધ્વજા હાથમાં પકડીને બ્હાર આવી સઘળા ભીલ લોકો સ્હામે ઉભા રહ્યા. સઘળું ભીલ સૈન્ય તેમની સ્હામે ઉભું રહ્યું. ભીલ સૈનિકો જુમેલિયાની ધ્વજાને પિછાની જઇ વારંવાર જયધ્વનિ કરવા લાગ્યા. તેમનો એ જયધ્વનિ વિશાળ વન—જંગલની નિસ્તબ્ધતાનો નાશ કરી ઘણે દૂર સુધી જઈ પહોંચી, પ્રતિધ્વનિત થઇ-આકાશમાં મળી જવા લાગ્યો. તરતજ જુમેલિયા, યુવરાજ લલિતસિંહનો હાથ પકડી મંદિરની બ્હાર નીકળ્યો. તરતજ સઘળા ભીલલોકોએ ગગનને ગજવી નાંખે એવી વિજયગર્જના કરી.

મંદિરનાં પગથિયાં ઉપર ઉભા રહીને વીર જુમેલિયાએ સઘળા ભીલ લોકોને સંબોધીને કહ્યું:—" બંધુઓ ! આજે એક વર્ષને અંતરે મ્હેં પાછા તમને અત્રે એકત્ર કર્યા છે. બરવાણીના વિશાળ રાજ્યમાં મ્હોટી ઉથલપાથલ થઇ રહી છે. રાજ્યના વૃદ્ધ મહારાણાનું ભયંકર રીતે ખૂન કરી જુલ્મી જાલિમસિંહ રાજસિંહાસન પર બિરાજી કેવો અત્યાચાર તેમજ અનાચાર ચલાવે છે તે તમે સહુ જાણો છો. એ વિશાળ રાજ્યના ખરા મહારાણા લલિતસિંહ આજે અત્રે મ્હારી પાસે ઉભા છે."

સઘળા ભીલ સૈનિકોએ " મહારાણા લલિતસિંહનો જય." કહીને ગગનને ગજવી મૂકયું. તેમનો આ જયધ્વનિ ગગનમાં મળી ગયો. જુમેલિયાએ વિશેષમાં કહ્યું:—" વાસ્તવિક રીતે જેઓ બરવાણી રાજ્યના ખરા મહારાણા છે તેઓ અત્યારે એક ભિખારીના જેવી સ્થિતિમાં આ તરફ ભટકયા કરે છે. તેઓ હમણાં તમારી સહાયતા

ચ્છિ છે. આવા સમયે મ્હારા બહાદુર સૈનિકો ! તમે મહારાણા લલિતસિંહને સહાયતા નહિ કરો કે ?"

ચારે તરફથી એવા શબ્દોનો ઉચ્ચાર થયો કે, "અમે પ્રાણ અર્પવા તૈયાર છીએ. મહારાણા લલિતસિંહને માટે અમે અમારો પ્રાણ અર્પવા તૈયાર છીએ. મહારાણા લલિતસિંહને માટે અમે અમારો પ્રાણ આપવામાં કદાપિ પાછી પ્હાની નહિજ કરીએ."

જુમેલિયાએ કહ્યું:–"મ્હારા બહાદુર સૈનિકો ! ચાલો, આપણે જઇને બરવાણી રાજ્યના કલંકને સાફ કરી નાંખીએ. ચાલો, આપણે સઘળા મળીને, જુલ્મી જાલિમસિંહને સિંહાસન ઉપરથી ઉઠાડી મૂકી લલિતસિંહને સિંહાસન ઉપર બેસાડીએ."

"સેનાપતિ ! સત્વર ચાલો; વિલંબ કરવાની કાંઇ જરૂર નથી. આપણે આજેજ આ મહાન્ કાર્ય કરવાને માટે અત્રેથી કૂચ કરીએ." આવાજ શબ્દો ચારે તરફથી સંભળાવા લાગ્યા.

જુમેલિયાએ પુનઃ કહ્યું:–"યુવરાજ લલિતસિંહ આપણી સાથેના—ભીલજાતિ સાથેના પોતાના સંબંધને સુદૃઢ કરવાના હેતુથી ગુરૂદેવ પરમાનંદ સ્વામીની આજ્ઞાથી દીવાની–વનવાસિની સાથે વિવાહ કરવાને કબૂલ થયા છે. એમ થયાથી આપણી વનવાસિનીજ વિશાળ બરવાણી રાજ્યની મહારાણી થશે."

"વનવાસિની માની જય" ની ગર્જના વારંવાર થવા લાગી. એ ગર્જના ઘણા સમય સુધી અટકીજ નહિ. ઘણા કાળ પછી થોડી શાન્તિ ફેલાઇ એટલે જુમેલિયાએ કહ્યું:–"આવતી કાલેજ ગુરૂદેવ પરમાનંદ સ્વામી વનવાસિની સાથે આ મંદિરમાં આવી પહોંચશે. કાલે તમારી સહુની સમક્ષ યુવરાજ લલિતસિંહનો વનવાસિનીની સાથે વિવાહ થશે. આ આનંદજનક કાર્ય થઇ ગયા પછી આપણે સહુ કાળિકા માતાની પૂજા કરીશું, અને ત્યાર પછી યુદ્ધમાં ઉતરવાને

માટે અત્રેથી આગળ વધીશું. હવે મ્હારે તમને બીજું કાંઇ કહેવાનું નથી. આજ સુધીમાં મ્હેં તમને જે શિક્ષણ આપ્યું છે એ શિક્ષણ. જો તમે જુલ્મી જાલિમસિંહને પરાજીત કરશો તો સાર્થક થયું છે એમ હું સમજીશ. આજથી હવે હું તમારો સેનાપતિ નથી—આજથી યુવરાજ લલિતસિંહજ તમારા મહારાણા અને સેનાપતિ છે. આજથી હું પણ તેમનો દાસાનુદાસ છું. મ્હને ખાત્રી છે કે, યુવરાજ લલિતસિંહના કલ્યાણાર્થે તમે તમારા પ્રાણનો પણ પરવાહ નહિ રાખતાં ભીલજાતિના ગૌરવને તેજસ્વી કરશો. હું આજેજ અત્રેથી બીજાં કેટલાંક મહત્વનાં કાર્ય કરવાને માટે બરવાણી રાજ્યમાં જઇશ. તમે સહુ યુવરાજ લલિતસિંહની સરદારી નીચે બે દિવસ પછી અત્રેથી આગળ વધજો. હવે મ્હારે તમને બીજું કાંઇ કહેવાનું નથી.

તરતજ ત્રીસ હજાર ભીલ સૈનિકો ઘુંટણીએ પડ્યા અને એક સાથે બોલી ઉઠ્યા:—" હે કાળિકા માતા ! આજે અમે તમારૂં નામ લઇને પ્રતિજ્ઞા કરીએ છીએ કે, યુદ્ધમાં અમે વિજય મેળવીશું, અને જો કદાચ અમારો પરાજ્ય થશે તો અમારામાંનો એક પણ સૈનિક યુદ્ધભૂમિમાંથી પાછો નહિ ફરે. "

આવી પ્રતિજ્ઞા લઇને સઘળા ભીલ સૈનિકો પાછા ઉભા થઇ ગયા. આ સમયે લલિતસિંહે કહ્યું:—" હે પ્રાણાધિક ભીલબંધુઓ ! હું તમારો ઉપકાર કાળાંતરે પણ ભૂલી જઇશ નહિ. જો પ્રસંગ પ્રાપ્ત થશે તો તમારા પ્રત્યે હું મ્હારી અંતરની કૃતજ્ઞતા અવશ્ય દર્શાવીશ."

" મહારાણા લલિતસિંહનો જય " કહીને સઘળા ભીલ સૈનિકોએ પાછી ધરાને ધ્રૂજાવી દીધી.

એ દિવસે રાત્રે જુમેલિયા એકલો મંદિરનો ત્યાગ કરી બરવાણી રાજ્યની રાજધાની તરફ ચાલ્યો ગયો. આ પ્રસંગે યુવરાજ લલિતસિંહે બરવાણી રાજ્યના સામંત—સરદારોને પોતાની સત્તામાં

લેવાના હેતુથી પેલું રાજચિહ્ન—સુવર્ણમુદ્રિકા જુમેલિયાને આપી. પછીથી જુમેલિયા યુવરાજ લલિતસિંહ પાસેથી વિદાય લઇ ચાલ્યો ગયો. આ સમયે વીર જુમેલિયાને લલિતસિંહે કહ્યું:—" બંધુ! જતાંની સાથેજ પ્રથમ સૌરભની સંભાળ લેવાને ભૂલીશ નહિ."

જુમેલિયાએ ઉત્તર આપ્યો:—" યુવરાજ! મ્હને ભલામણ કરવાની કાંઇ જરૂર નથી. એ માટે તમે નિશ્ચિંત રહો."

બીજે દિવસે પ્રભાતકાળે પરમાનંદ સ્વામી વનવાસિનીને સાથે લઇને કાળિકાદેવીના મંદિરમાં આવી પહોંચ્યા. ઘણા કાળને અંતરે ગુરૂદેવનું દર્શન થવાથી ભીલલોકો વારંવાર આનંદધ્વનિ કરવા લાગ્યા.

એ દિવસે સઘળા ભીલલોકોની સમક્ષ યુવરાજ લલિતસિંહનો વનવાસિની સાથે વિવાહ થઇ ગયો. દીવાની વનવાસિનીએ વિવાહ પ્રસંગે પોતાના મુખમાંથી એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહિ. વિવાહ થઈ ગયા પછી તે ભીલોની છાવણીમાં નાચવા તેમજ કૂદવા લાગી. આ વિવાહના ઉત્સવ પ્રસંગે સઘળા ભીલોએ અનેક પ્રકારનો આનંદ-વિનોદ કર્યો.

બીજે દિવસે ઘણીજ ધામધૂમથી પરમાનંદ સ્વામીએ કાળિકા-દેવીની પૂજા કરી. પાડા, બકરા વગેરે પ્રાણીઓનું દેવીને બળિદાન આપી ભીલલોકોએ કાળિકામાતાની પૂજા કરી. ત્યાર પછી સહુએ સુરાપાન કરી તે દિવસની રાત્રિ અપાર આનંદથી નાચવા કૂદવામાં પસાર કરી. બીજે દિવસે પ્રભાતકાળે સઘળા ભીલસૈનિકો છાવણી ઉઠાવી બરવાણી રાજ્ય તરફ અગ્રેસર થયા. વનવાસિની એ વિશાળ વન-જંગલમાંજ રહી.

વિદાય થતી વખતે યુવરાજ લલિતસિંહ, પરમાનંદ સ્વામીને પ્રણામ કરવાને આવ્યો. ગુરૂદેવે તેને આશીર્વાદ આપીને કહ્યું:—" જા, વત્સ! યુદ્ધમાં વિજયી થા. વનવાસિની હમણાં મ્હારી પાસેજ રહેશે.

તેને જ્યારે મહારાણી બનાવવાની હ્હારી ઈચ્છા થાય ત્યારે આવીને તેડી જજે. ”

લલિતસિંહ શાન્તિથી ગુરૂદેવને પ્રણામ કરી ત્યાંથી સઘળાં ભીલસૈનિકો સાથે વિદાય થયો.

પ્રકરણ ૩૦ મું.

પુરૂષ કે પિશાચ ?

“ ઘનઘોર ઘટા કયા છાઇ હય ? રૂત બદલી આજ જમાનેકી;
પી ઔર પીલાતા જા સાકી, હો ખયર તેરે મયખાનેકી.
નરગીસકે ઈશારે હોતે હય, ફુલોંકા રંગ બદલાતા હય;
ગુન્ચેકી સુરાહી ઢલતી હય, લાલીકા પ્યાલા ચલતા હય. ”

—એક ઉર્દુ શાયર.

સંન્યાસી મહાત્માની બીજી વખતની ભવિષ્યવાણી સાંભળીને જાલિમસિંહ ઘણો નિશ્ચિન્ત થયો છે. વનવાસિનીનો ભય તેના અંતઃરમાંથી દૂર થયો છે. વનવાસિનીને હાથે પોતાનું મૃત્યુ નિપજશે એવો વિચાર સુદ્ધાં હવે તેના મનમાં આવતો નથી. હવે તે પ્રથમના જેવું ભયંકર સ્વપ્ન પણ જોતો નથી; કિન્તુ પિતાનું ખૂન કરનાર ખૂનીને માટે આ સૃષ્ટિમાં શાન્તિ ક્યાંથી હોઇ શકે ? પિતૃહત્યા કરનાર ખૂનીના મહાપાપી હૃદયમાં રાત્રિ દિવસ જે અગ્નિ બળ્યા કરે તેને શાન્ત કરવાનું જળ આ સંસારમાં મળી આવતું નથી. જાલિમસિંહ વિલાસ-વૈભવમાં નિમગ્ન રહી એ ભયંકર મર્મભેદક દુઃખને ભૂલી જવાનો યત્ન કરે છે, સુરાપાન કરી જ્ઞાન તેમજ ચૈતન્યનો નાશ કરી એ અસહ્ય દુઃખને ભૂલી જવાની ઈચ્છા કરે છે; પરંતુ એ દુઃખ કદાપિ ભૂલી શકાય ખરૂં કે ?

મહારાણી થયા પછી ગૌરવ સઘળું દુઃખ ભૂલી ગઇ છે. વિલાસ-સાગરમાં તણાઇને તે આત્મભાન ભૂલી ગઈ છે. આ જગતમાં દુઃખ છે એમ તે સમજતીજ નથી. તે પોતાના મનમાં ને મનમાં વાસનાનું પોષણ કરતી આવી છે—હમણાં તેની વાસના—મહત્વાકાંક્ષા ફળિભૂત થઇ છે. માત્ર નામથીજ તે મહારાણી નથી. જાલિમસિંહ રાજકીય કાર્યો બરાબર તપાસતો નથી. તે નવી નવી રંડીઓનાં ગાન તાન સાંભળવામાં—નાચ જોવામાં—સુરાપાન કરી મસ્ત થવામાં પોતાનો સઘળો સમય પસાર કરે છે. ખરી રીતે જોવા જઇએ તે સઘળાં રાજકીય કાર્યો ગૌરવજ કરે છે. બીજાંઓના ઉપર સત્તા ચલાવવામાં કેટલું સુખ છે તે માત્ર ગૌરવજ સમજી શકી છે. તેના સુખની સીમા નથી—તુલના નથી.

પરંતુ સુખ ઘણું ચંચળ છે. એકાએક ગૌરવના સુખના આકાશમાં દુઃખના વાદળે દેખાવ દીધો; ગૌરવના શાંતિપૂર્ણ હૃદયમાં ઘણી અશાન્તિ ઉત્પન્ન થઇ. ગૌરવે એવા સમાચાર સાંભળ્યા કે, સૌરભને એક પુત્ર જન્મ્યો છે. ગૌરવને પુત્ર ન થયો—સૌરભને થયો ! પોતાનું જે નથી તે પારકાનું થશે, એ ગૌરવથી સહન કરી શકાયું નહિ. જો બીજા કોઇને પુત્ર થયો હોત તો તે સહન કરી શકત; પરંતુ સૌરભને પુત્ર થયો છે એ સમાચાર સાંભળવામાં આવતાંજ તેના દ્વેષાગ્નિએ પ્રચંડ સ્વરૂપ ધારણ કર્યું !

આનંદ-પ્રવાહમાં તણાતાં તણાતાં ગૌરવ પોતાની દુઃખિયારી ભગિનીની વાત છેકજ ભૂલી ગઇ હતી. ભગિનીને પુત્ર થયાના સમાચાર સાંભળવામાં આવતાંજ તે ચમકી ઉઠી. તેણે પોતાના મનમાં ને મનમાં કહ્યું:—“ એ હજી પણ જીવે છે—ને જ્યાં સુધી જીવશે ત્યાં સુધી મ્હને સંપૂર્ણ સુખ મળી શકનાર નથી—મ્હારા અંતરની ચિંતા સર્વાંશે દૂર થનાર નથી. ”

પિશાચિની ગૌરવની આ કેવી ગેરસમજ ? ! સૌરભ કદાપિ મ્હોટી બ્હેનના સુખના માર્ગમાં કંટક સ્વરૂપ થઈ પડી નથી, બીજાને કેવી રીતે દુઃખ દેવું એ તે સમજતી નથી, તેણે કદાપિ કોઇને સહજ પણ દુઃખ દીધું નથી, આમ છતાં ગૌરવ તેને પોતાના માર્ગનો કંટક તેમજ સુખનું સંકટ કેમ સમજે છે ?

જે દિવસે સૌરભને પુત્ર થયાના સમાચાર ગૌરવના સાંભળવામાં આવ્યા તે દિવસથી તેની સઘળી માનસિક શક્તિ અંતર્હિત થઈ. તેના અંતરમાં ભયંકર ચિંતાગ્નિ સળગી ઉઠયો. એ અગ્નિમાં તેનું સમસ્ત અંગ બળી જવા લાગ્યું. તેણે વિચાર્યું:—"શું મ્હેં આજ સુધી જે મહેનત કરી છે તે સઘળી ધૂળધાણી થઇ જશે ? મ્હારી સુખ મેળવવાની આશા નિરાશાના રૂપમાં ફેરવાઇ જશે ? હવે મ્હને એક પુત્ર થાય તો પણ શું ? સૌરભને મ્હારાથી વ્હેલો પુત્ર થયો છે તેથી તે પુત્ર ભવિષ્યમાં આ રાજ્યનો મહારાણો થશે, અને સૌરભ મહારાણાની મા—મહારાણીની પણ મહારાણી થશે. એમ થશે એટલે મ્હારી સ્થિતિ એક દાસીના જેવી અધમ થઈ જશે. નહિ નહિ, હું કાળી નાગણ છું—વિકાળ વાઘણ છું.

"શ્વાસથી આગ જે વર્ષાવે તે અજગર છું હું,
છંદમાં તુફાન તો ગુસ્સામાં સમંદર છું હું;
હું મારીશ, ઉડાવીશ, ડૂબાવીશ બાળીશ તને,
ફરી ગયેલા ત્હારા ભાગ્યનું ચક્કર છું હું."

સૌરભ ! હું તને તેમજ ત્હારા પ્રાણાધિક પુત્રને સત્વર યમસદનમાં પહોંચાડી દઇશ—મ્હારા સુખનો માર્ગ સ્વચ્છ બનાવીશ. જો કે રમણીજાતિમાં મુખ્યત્વે કરીને દયા, માયા, પ્રીતિ તેમજ નીતિનો નિવાસ હોય છે; પરંતુ હું રમણી નથી રાક્ષસી છું—હું પિશાચિની પ્રબળા છું. આહ ! જ્યારે ત્હારૂં લોહી પૃથ્વી પર રેડાશે ત્યારેજ

મ્હારા અંતરની આગ બુઝાશે."

ગૌરવ હવે પૂર્વેના જેવી નથી. એક વર્ષ ઉપર તે જે પ્રમાણે ચિંતાતુર જણાતી હતી તે પ્રમાણે હવે તે ચિંતાતુર જણાય છે. તેના વદનમંડળ પર વિષણ્ણતા જણાય છે. જે મ્હોં પર સદા સર્વદા હાસ્ય જણાતું હતું તે મ્હોં ઘણુંજ ગંભીર બની ગયું છે. પ્રથમની શોભા, સૌંદર્ય તેમજ લાવણ્ય દૂર થઇ ગયું છે.

ભયનાં માર્યા દાસદાસીઓ હવે ગૌરવ પાસે આવી શક્તાં નથી. સખીઓ તેને એક પણ પ્રશ્ન પૂછવાનું સાહસ કરી શકતી નથી. હવે પ્રથમના જેવો આનંદ-વિનોદ નથી—ઠઠ્ઠા મશ્કરી નથી—ગાનતાન નથી! ગૌરવ એકાંતમાં બેસી રહીને આકાશ પાતાળના વિચારો કર્યા કરે છે. તેને જેતાંજ સહુ કોઈ ધ્રૂજી ઉઠે છે. કોઇ પણ તેની પાસે આવવાની હિંમત કરી શકતું નથી.

હમણાં હમણાં ગૌરવની મહારાણા જાલિમસિંહ સાથે મુલાકાત થતી નથી. જાલિમસિંહ તો રંડીઓનાં નાચતાન જેવામાં પોતાનો કાળ પસાર કરે છે. સુરાપાન કરી મસ્ત થઇ રાત્રિ દિવસ ઘેનમાં ને ઘેનમાં વિલાસ-સાગરનાં પ્રચંડ મોજાંઓ ઉપર તે તણાતો જાય છે. તે વિલાસભુવન નામના જૂદાજ મહેલમાં રહે છે. આ વિલાસમહેલની શોભા અવર્ણનીય છે. મહેલના પ્રત્યેક ઓરડામાં ઉત્તમ પ્રકારનું કોતર કામ જેવામાં આવે છે. વિશાળ આયનાઓ તેમજ મદનને ઉત્તેજિત કરે એવાં અસંખ્ય ચિત્રો દિવાલ પર જેવામાં આવે છે. સુગંધિત ફુવારાઓમાંથી રાત્રિ દિવસ ગુલાબજળની ધારાઓ ઉડી રહે છે. અનેક પુષ્પમાળાઓ સ્થળે સ્થળે ઝૂલી રહેલી જેવામાં આવે છે. અસંખ્ય વિરામાસનો તથા સુસજ્જિત શય્યાઓ નજરે પડે છે. આવા વિલાસમહેલમાંજ જાલિમસિંહ પોતાના દિવસો બોજશોક તેમજ વિલાસવૈભવ ભોગવવામાં પસાર કરે છે.

ગૌરવે પતિને ત્રણ ચાર વખત પોતાની પાસે આવી જવાના સમાચાર પહોંચાડ્યા; પરંતુ જાલિમસિંહે તે તરફ લક્ષ્ય આપ્યું નહિ. આ પ્રસંગે ગૌરવને પતિની સલાહ લેવાની ખાસ જરૂર પડી છે. સાધારણ વિષયોમાં તે પતિની સલાહ લેવાની માથાકૂટ કરતી નહિ; પરંતુ હમણાં તેણે પોતાની માનસિક અશાન્તિને દૂર કરવાને માટે પતિની સલાહ લેવાનો નિશ્ચય કર્યો છે. તેણે જાલિમસિંહને બોલાવી લાવવા માટે માણસ ઉપર માણસ મોકલ્યું; પરંતુ જાલિમસિંહ મોજ-શોકમાં મસ્ત બનેલો હોવાથી મહારાણીની મુલાકાતે તે આવ્યો નહિ.

આથી કરીને ગૌરવે ક્રોધે ભરાયલી સિંહણના જેવું ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. તે જાતેજ વિલાસમહેલમાં જવાને તૈયાર થઈ. મહારાણી વિલાસમહેલમાં આવનાર છે એવા સમાચાર જાણવામાં આવતાંજ મહારાણાના કેટલાક ખુશામદીઆ, તેમજ 'ખમા બાપુને' કહેનારા સરદારો ભયભીત થઇને વિલાસમહેલનો ત્યાગ કરી ચાલ્યા ગયા. નાચનારી નાજનીનો અને બુલબુલના જેવા મધુર કંઠથી ગાનારી નાયિકાઓ છૂપાઈ ગઇ. દાસીઓ વાયુથી ધ્રૂજતી લતાઓની માફક ધ્રૂજવા લાગી. આ સંસારમાં કોઇ, કોઇનો પણ આટલો ભય રાખતું નથી !

ગૌરવે વિલાસમહેલમાં આવીને જોયું કે, સઘળું પિશાચમંડળ છૂપાઇ ગયું છે. મહારાણો જાલિમસિંહ સુરાની ઉત્તેજનાથી અર્દ્ધમૃત અવસ્થામાં એક આસન ઉપર આડો પડ્યો છે. તેનામાં શુદ્ધિ નથી એમ કહીએ તો પણ કાંઇ ખોટું નથી. આવો પ્રકાર જોઇ ગરવિણી ગૌરવ તિરસ્કારથી, અભિમાનથી, તેમજ ક્રોધથી ઘણીજ ઉન્મત્ત બની ગઈ. તે પતિ પાસે જઇને, પતિને જોરથી ઢંઢોળવા લાગી. મહા કષ્ટે જાલિમસિંહે આંખો ઉઘાડીને કહ્યું:—"બીબીજાન ! ગાન-તાન થવા દો !"

આ વાક્ય સાંભળી ગૌરવ પોતાના ક્રોધને અટકાવી શકી નહિ. તેણે કહ્યું:–" જાલિમસિંહ ! તમારી આટલી બધી ખરાબી થઈ છે ? આ વિશાળ રાજ્યના મહારાણાની આવી શોચનિય સ્થિતિ ? ! "

ગૌરવનો આ સમયનો સ્વર શીતળ ઝાકળનાં બિંદુઓ પ્રમાણે જાલિમસિંહના હૃદયમાં પ્રવેશ્યો. ક્ષણ માત્રમાંજ ભય તેમજ ત્રાસથી તેની સુરાની ઉન્મત્તતા દૂર થઈ ગઇ. તેણે ઉઠી બેઠા થઇને ગૌરવના મ્હોં તરફ જોયું. ગૌરવે કહ્યું:–" આટલા માટેજ પિતાનું ખૂન કરી વૃદ્ધ મહારાણાના લોહીથી હાથને કલંકિત કરી તમે સિંહાસન ઉપર બેઠા છો કે ? "

ભયની ભાવનાથી ધ્રૂજતાં ધ્રુજતાં જાલિમસિંહે કહ્યું:–" ગૌરવ ! ચૂપ, ચૂપ—કોઈ સાંભળશે તો સત્યાનાશ વળી જશે ! "

" હજી પણ વધારે ચક્રમ્ બની પશુની માફક પડ્યા રહો એટલે તમારૂં કલ્યાણ થશે. પછીથી હું આ રાજ્યમાં સર્વત્ર જાહિર કરી દઈશ કે, જે પામરે પિતાનું લોહી રેડી રાજ્ય મેળવ્યું છે તેની શી દશા થઇ છે—તેના પાપનું કેવું ભયંકર પ્રાયશ્ચિત થાય છે તે સહુ કોઈ આવીને જોઇ જાઓ. " ગૌરવે કહ્યું.

જાલિમસિંહ:–ગૌરવ ! હું ત્હારે પગે પડું છું—તું શાન્ત થા.

ગૌરવ:–શા માટે શાન્ત થઉં ? તમારા જેવા માણસોને વાગ્બાણોથી વીંધી નાંખ્યા સિવાય જ્ઞાન ઉપજતું નથી.

જાલિમસિંહ:–તુ મ્હને જે કાર્ય કરવાને કહે તે કરવાને હું હમણાં ને હમણાં તૈયાર છું. કહે, કહે—હું શું કરૂં ? હું શું કરૂં તો તને શાન્તિ થાય તેમ છે ? "

ગૌરવ:–ઉભા રહો. આટલામાં કોઇ છે કે કેમ તેની મ્હને ચોક્કસ તપાસ કરવા દો.

આમ કહીને ગૌરવ ચારે તરફ ફરીને ચોક્કસ તપાસ કરી આવી.

પછીથી તેણે એ ઓરડાનાં સઘળાં બારી બારણાં બંધ કરી દીધાં. અંતે તેણે પતિ પાસે આવીને કહ્યું:—"સૌરભને એક પુત્ર થયો છે એ વાત તમે સાંભળી છે?"

જાલિમસિંહે આશ્ચર્ય પામીને પૂછયું:—"કોને?"

ગૌરવઃ—કોને તે સાંભળતા નથી? સૌરભને.

જાલિમસિંહઃ—ઠીક થયું છે!

ગૌરવઃ—શું ઠીક થયું છે? તમારા જેવો મૂર્ખ માણસ આ પૃથિવી પર ભાગ્યેજ બીજો કોઇ હશે.

જાલિમસિંહઃ—કેમ ગૌરવ! વળી પાછો મ્હારો કાંઇ ગુન્હો થયો છે કે?

ગૌરવઃ—તમે જાણો છો કે, જો સૌરભનો પુત્ર મ્હોટો થશે તો તેજ ભવિષ્યમાં આ રાજ્યનો મહારાણો થશે. પછીથી આપણી બન્નેની કેવી દુર્દશા થશે તેનો કાંઇ વિચાર છે? પોતાના દુશ્મનને ઉગતોજ દાબી દેવો એ ખરી રાજનીતિ છે.

જાલિમસિંહે પાસે પડેલા સુરાપાત્ર તરફ હાથ લંબાવ્યો. ગૌરવના જોવામાં આ પ્રકાર આવ્યો નહિ. તેણે કહ્યું:—"આવું ભયંકર કાર્ય કરી સિંહાસન મેળવ્યું તો પણ આપણે સુખે બેસવાનો સમય જોયો નહિ. હવે કદાચ જો મ્હને છોકરો થાય તો પણ ખરી રીતે જોવા જતાં સૌરભનોજ છોકરો મહારાણો થશે."

જાલિમસિંહે સુરાપાત્ર મ્હોં પાસે લીધું. આ પ્રકાર આ સમયે ગૌરવના જોવામાં આવ્યાથી તેણે કહ્યું:—"પાછું એ ઝેર પીવા માંડયું કે?"

જાલિમસિંહઃ—થોડું પીવા દે, મ્હારા હૃદયનું સઘળું બળ ધીમે ધીમે દૂર થઇ જાય છે. થોડું પીવાથી સ્ફુર્તિ આવશે—દિલની બેચેની દૂર થશે.

ગૌરવ:—હવે સ્ફુર્તિ તેમજ હૃદયબળની કાંઇ જરૂર નથી. મ્હેં તમારા બળનો સંપૂર્ણ પરિચય મેળવ્યો છે !

જાલિમસિંહ:— ! ગૌરવ ! તું જે કહેવા માગે છે તે હું સમજી શક્યો છું. હજી મ્હારી બુદ્ધિ શુદ્ધિ ઠેકાણે છે.

ગૌરવ:—ત્યારે કહો જોઇએ કે, હું શું કહેવા માગું છું ?

જાલિમસિંહ:—એજ કે, સૌરભના પુત્રને મારી નાંખવો જોઇએ.

ગૌરવ:—બરાબર છે, હું હવે સમજી કે, તમારામાં સાહસ નથી; પરંતુ બુદ્ધિ છે. આ કાર્ય આપણે પાર ઉતારવુંજ જોઇએ—સૌરભના પુત્રને મારી નાંખવોજ જોઇએ.

જાલિમસિંહ:—એમાં મ્હને શું કહેવાનું છે ? તુંજ આ રાજ્યની મહારાણી છે. તું આ કાર્યનો યોગ્ય બંદોબસ્ત કર.

ગૌરવ:—અવશ્ય કરીશ !

થોડા સમય સુધી પાછાં બન્ને જણાં શાન્ત રહ્યાં. પછીથી એકાએક શાન્તિનો ભંગ કરી જાલિમસિંહ ધ્રુજતા સ્વરે બોલી ઉઠ્યો:—" ઓ ગાંડી ! મ્હને માફ કર. મ્હારો ભયંકર ગુન્હો ભૂલી જા. ગૌરવ ! મ્હને પકડ—પકડ. આ જો ! પેલી ગાંડી હાથમાં ચમકતી કટાર લઇ મ્હારી છાતી વીંધી નાંખવાને આવે છે ! કોણ છે મ્હારી પાસે ? મ્હને સમશેર આપો. મરવું પડશે તો હું યુદ્ધ કરીને મરીશ. "

તિરસ્કારથી નાક સંકોચીને ગૌરવે પતિના મ્હોંમાં થોડો મદિરા રેડ્યો. ગરમ મદિરા પેટમાં પડતાંજ જાલિમસિંહ કાંઇક સ્વસ્થ થયો. તેણે વ્યાકુળતાથી ચારે તરફ દૃષ્ટિ ફેરવી જોઇ. ત્યાર પછી કહ્યું:— " કોણ ગૌરવ ! તું મ્હારી પાસે છે કે ? આજે પાછું પેલું ભયંકર સ્વપ્ન મ્હારા જોવામાં આવ્યું છે ! "

ગૌરવ:—તમે હવે કોઇ મુખ્ય રાજકાર્ય કરી શકો એવી મ્હને આશા નથી. તમે અહિંજ સુરાપાન કરી નરકના ઉંડા સમુદ્રમાં

ડૂબતા જાઓ. હું તમને શું વધારે કહું ?

આમ કહીને ગૌરવ ક્રોધથી એ ઓરડાનાં બારણું ઉઘાડી બ્હાર ચાલી ગઇ. જાલિમસિંહ પત્નીને પાછી બોલાવવાનું સાહસ કરી શકયો નહિ. મહારાણી ગૌરવનાં પગલાંનો અવાજ વાયુમાં મળી ગયો એટલે જાલિમસિંહે પાછા પોતાના ખુશામદીઆ સહચરોને બોલાવ્યા. પાછો સુરાનો પ્રવાહ છૂટયો, સંગીતના તરંગો ઉછળવા લાગ્યા, નાચતાન થવા લાગ્યું; પરંતુ હૃદયમાં સળગી રહેલો અશાન્તિનો પ્રચંડ અગ્નિ શાન્ત નજ થયો.

એ પ્રચંડ અગ્નિ શાન્ત થાય એવો નથી. જે ત્રિશાળ બરવાણી રાજ્યનો વિજયી સેનાપતિ હતો, જેના બળથી આખું હિંદુસ્થાન ધ્રૂજી ઉઠતું હતુ, જેનું નામ સાંભળવામાં આવતાં વીર મરાઠાઓ કંપતા હતા તેજ આજે એક બાળકથી અધમ બની ગયો છે. એક સ્ત્રીના હાથમાં લાકડાનું પૂતળું બની ગયો છે. ભયંકર અગ્નિમાં તેના હૃદયનું સઘળું બળ, તેજ તેમજ સાહસ ભસ્મીભૂત થઈ ગયું છે.

નાચ કરનારી નવયૌવનાએ પણ મદિરાદેવીની પ્રસાદી લીધેલી હોવાથી તેનું વદનમંડળ લાલચોળ બની ગયું છે. તે બિભત્સ હાવભાવ તેમજ ચાળા ચસ્કા કરીને મધુર સુરથી ગાવા લાગી કેઃ—

" યૌવનવેલી રસિક નવેલી, પ્રેમ પ્રભાવે ખીલી છે;
અંગ પુષ્પદળ પરાગ ઝરતુ, મદન રંગ રંગીલી છેઃ-યૌવન
ભ્રમર ભોગી ગુંજારવ કરતો, ક્રોધ તણા બંધનથી ડરતો;
નજીક ન આવે, રસ સુકાવે, રતિ મતિ કાંઇ ઘેલી છેઃ-યૌવન."

—ઇન્દ્રાવતી નાટક

આવી રીતે એક ઉપર એક ગાન ગવાવા લાગ્યાં. નવયૌવનાં ગાયિકા વારંવાર ' વાહ વાહ પ્યારીજાન ' ' શાહબાશ-શાહબાશ ' ના અવાજ સાંભળી વધારે ઉત્સાહમાં આવી જઇને ગાવા લાગી, અને આવી રીતે પિશાચમંડળની પિશાચલીલા પાછી ચાલવા લાગી.

પ્રકરણ ૩૧ મું.

લોભ પાપનું મૂળ છે.

રાજમહાલયમાં પાછા ગયા પછી મહારાણી ગૌરવે વિજયસિંહ નામના સરદારને પોતાની પાસે બોલાવ્યો. મહારાણીએ પોતાની સખીઓ તેમજ દાસીઓને વિદાય કરી દઇને કહ્યું:–" વિજયસિંહ ! તમારા કામકાજથી તેમજ તમારી ચતુરાઇથી હું તમારા પર ઘણીજ પ્રસન્ન થઈ છું. તમારૂં કલ્યાણ કેમ થાય તેનોજ હું હરનિશ વિચાર કર્યા કરૂં છું."

વિજયસિંહે નમન કરી નમ્રતાથી ઉત્તર આપ્યો:–" મ્હારા પ્રત્યેની મહારાણીની આવી મમતા જોઇને હું ઘણોજ આનંદિત થાઉં છું. હમણાં આ દાસને અત્રે શા માટે બોલાવ્યો છે ? જે આજ્ઞા હોય તે ફરમાવો. મહારાણીની આજ્ઞા હું શિર ઝુકાવીને પાળવા તૈયાર છું."

મહારાણી:–વિજયસિંહ ! તમેજ આ વિશાળ બરવાણી રાજ્યના મહારાણા થવાને યોગ્ય છો. તમારૂં અતુલ સાહસ, અપાર બળ તેમજ અસાધારણ ચતુરાઇ વગેરે કાંઇ મ્હારાથી અજાણ્યું નથી.

આ શબ્દો સાંભળી વિજયસિંહ મ્હોટા વિચારમાં પડી ગયો. ગૌરવ ! ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયેલી ગૌરવ આજે આ શું બોલે છે ? શું તું વિજયસિંહને મહારાણો બનાવવાની ઇચ્છા રાખે છે ? પોતે જાલિમસિંહનો ત્યાગ કરી તેની મહારાણી થઇને રહેવાનું પસંદ કરે છે ? થઇ રહ્યું ! પાપનો અંત આવી ગયો.

વિજયસિંહ:–મહારાણી ! આપની કૃપા માટે આપનો જેટલો ઉપકાર માનું તેટલો થોડો છે; પરંતુ જ્યાં સુધી જાલિમસિંહ મહારાણા હયાત છે ત્યાં સુધી તમે મ્હને કેવી રીતે આ રાજ્યનો મહારાણો બનાવી શકશો ?

ગૌરવઃ—વિજયસિંહ ! આ સંસારમાં એવું એક પણ કાર્ય નથી કે, જે મનુષ્યજાતિથી ન થઇ શકે. અભિમસિંહ મોજશોક, વિલાસ-વૈભવ તથા રંડીબાજીમાં મસ્ત બની રાજકાર્ય પ્રત્યે બિલકુલ લક્ષ્ય આપતા નથી. સુરાપાનથી તેમનાં બળબુદ્ધિનો નાશ થયો છે. હવે તેમનામાં પ્રથમના જેવું બળ, સાહસ, બુદ્ધિ, વીરત્વ—કાંઇજ નથી. તેઓ અવનતિના ઉંડા કૂવામાં દિન પ્રતિદિન વિશેષ ઉંડા ઉતરતા જાય છે. બીજી બાજુએ મ્હારો એક મ્હોટો દુશ્મન પયદા થયો છે. જ્યાં સુધી તે જીવતો છે ત્યાં સુધી હું મહારાણી થઇને પણ સુખ મેળવી શકું તેમ નથી. વિજયસિંહ તમે મ્હારા એ દુસ્મનનો નાશ કરો એટલે પછી આ વિશાળ રાજ્યનું સિંહાસન તમારૂં થશે, અને આ ગૌરવ તમારી દાસી થઈ રહેશે. યાદ રાખજો કે, આવો પ્રસંગ વારંવાર મળનાર નથી—લક્ષ્મી ચાંલ્લો કરવા વારંવાર આવનાર નથી. માટે તૈયાર થાઓ; મ્હારા ઉગતા દુશ્મનને જડમૂળથી ઉખેડી નાંખો—તેની માટીની કાયાને માટીમાં મેળવી દો.

વિજયસિંહઃ—મહારાણી ! હું આપની આજ્ઞા પાળવા તૈયાર છું. હું પણ તન મનથી તમને ચ્હાઉં છું. આહ ! હું એમજ સમજી શકું છું કે, આજે મ્હારા ભાગ્યનો ભાનુ મ્હારા સુખના આકાશમાં સંપૂર્ણ તેજથી પ્રકાશિત થયો છે. કહો કહો, એ દુસ્મનનું નામ નિશાની મ્હને કહો. હું સત્વર જઇને તેનો જાન લઇશ—ક્ષણ માત્રમાં તેની હયાતીનો આલોકમાંથી નાશ કરીશ.

ગૌરવઃ—તમે જાણો છો કે, સૌરભને એક પુત્ર થયો છે ! જો એ છોકરો જીવતો રહેશે તો આ સિંહાસન ઉપર ભવિષ્યમાં તેજ બિરાજશે. એ છોકરાને જેમ બને તેમ જલદીથી મારી નાંખવાનો છે. આ કાર્ય તમારા જેવા મ્હારા પ્રેમપાત્ર સિવાય હું બીજા કોઇને સોંપી શકું તેમ નથી.

વિજયસિંહ:—હું આજેજ આ કાર્ય કરવાને માટે અત્રેથી વિદાય થઈશ. આપની આજ્ઞા પાળીને વહેલો પાછો ફરીશ; પરંતુ જો જો હોં, પાછાં મ્હને તેમજ મ્હારા કાર્યને ભૂલી ન જશો !

ગૌરવ:—એ માટે તમે નિશ્ચિંત રહો. તમે યુક્તિ પ્રયુક્તિથી સૌરભના પુત્રનો વિનાશ કરી આવો. પછીથી જાલિમસિંહનું ખૂન કરવામાં આપણને ઝાઝી મહેનત ઉઠાવવી નહિ પડે. તેનું કાસળ કાઢી નાંખીશું એટલે આપણું ધાર્યું પાર ઉતરશે—તમને આ મહારાણી ગૌરવનો પ્યાર મળશે.

વિજયસિંહ:—આજ સુધી મ્હેં કોઇનું ખૂન કર્યું નથી, તેથી મ્હને સોંપવામાં આવેલું કાર્ય મ્હારે કેવી રીતે પાર ઉતારવું તેની મ્હને સમજણ પાડશો ?

ગૌરવ:—તમે કિલ્લામાં જઇને એ છોકરાને કોઈ પણ રીતે તેની માતા પાસેથી ઉપાડી બીજે કોઇ સ્થળે લઇ જજો. પછીથી એક કોમળ કટારથી તેની છાતી વીંધી નાંખજો, એટલે આપણી ફત્તેહ થઈ છે એમ સમજી રાખજો. વળી જો તેની છાતીમાં કટાર મારવાની હિંમત ન ચાલે તો તેનું ગળું દબાવીને તેનો જાન લઈ નાંખજો. દયા શી ચીજ છે એ જાણે કે જાણતાજ નથી તેવી રીતે અંતરને પત્થરના જેવું કઠિન રાખજો; કેમકે, એક મ્હોટા પુરૂષનું ખૂન કરવા જતાં જેટલી દયા નથી ઉપજતી તેથી વધારે દયા એક બાળકનું ખૂન કરવા જતાં ઉપજે છે; પરંતુ રાજનીતિ પ્રમાણે વર્તવામાં દયા રાખવી એ કાયર તેમજ નામર્દ મનુષ્યનું કામ છે.

વિજયસિંહ:—ઠીક ત્યારે હું જઉં છું—કાર્ય પાર ઉતારી સત્વર પાછો આવું છું.

આમ કહીને વિજયસિંહ માથું નમાવી ત્યાંથી ચાલ્યો ગયો. એ સમયે જો કોઇએ વિજયસિંહનું મ્હોં જોયું હોત તો તેને એમજ

લાગત કે, તે કોઈ ભયંકર દેખાવ જોતો જોતો ધ્રૂજતો ધ્રૂજતો ચાલ્યો જાય છે.

આખો દિવસ વિજયસિંહે આકાશ પાતાળના વિચારો કર્યા. એક તરફ વિશાળ બરવાણી રાજ્યના મહારાણા થવાનો લોભ છે ત્યારે બીજી તરફ એક બાળકનું ખૂન કરવાનું કામ છે. આ દુનિયામાં મનુષ્ય લોભને યા તો સ્વાર્થને આધીન થઇનેજ પાપ કાર્ય કરવા અગ્રેસર થાય છે; પરંતુ વિજયસિંહે વિચાર્યું:—" શું હું આ કાર્ય કરી આવીશ તો મહારાણો થઈ શકીશ ? હજી સુધી યુવરાજ લલિતસિંહનો પત્તો નથી. હું કદાચ લલિતસિંહના પુત્રનું ખૂન કરી આવું, તેમજ ગૌરવની સહાયતાથી રાક્ષસ જાલિમસિંહનું પણ ખૂન કરૂં તો તેથી ધારો કે, હું કદાચ મહારાણો થઇ શકું; પરંતુ તેમ થયા પછી કદાચ યુવરાજ લલિતસિંહ રાજધાનીમાં આવી ચઢે તો મ્હારી કેવી દુર્દશા થાય ? મ્હારા પાપનું મ્હારે કેવું ભયંકર પ્રાયશ્ચિત ભોગવવું પડે ? જાલિમસિંહ પિતૃહત્યા કરીને આ રાજ્યનો મહારાણો થયો ખરો; કિન્તુ મહારાણા થઇને તેણે શું સુખ મેળવ્યું? ઉલટો દિવસે ને દિવસે તે નર્કનો અધિકારી થતો જાય છે. હવે જો હું આ પાપકાર્ય કરવા નથી જતો તો મ્હારે મહારાણી ગૌરવના ક્રોધનો ભોગ થવું પડે તેમ છે. આહ ! મ્હારી સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઇ છે."

વિજયસિંહની આશાઓ ઘણી ઉંચી છે. ધીમે ધીમે તેના હૃદયમાં ઉચ્ચ આશાએ પ્રવેશ કર્યો. અંતે તેણે વિચાર્યું:—" આજકાલ કરતાં યુવરાજ લલિતસિંહનો એક વર્ષથી પત્તો નથી. તેથી તે જીવતો છે કે કેમ તેની પણ શંકા રહે છે, અને જો તે મ્હારા સૌભાગ્યવશાતઃ મૃત્યુજ પામ્યો હોય તો હું મહારાણો થઇને અપૂર્વ સુખનો ઉપભોગ ભોગવી શકું તેમ છું—મહારાણી ગૌરવના યૌવનમાં

આસ્વાદ ચાખી શકું તેમ છું. આવી મ્હોટી આશામાં હાથે કરીને જ નિરાશ થવું એ કમઅક્કલ મનુષ્યનું કામ છે. સાધારણ માયા અને દયાને વશ થઇ આવો અનાયાસે મળી આવતો લાભ હું વ્યર્થ નહિ જવા દઉં. મ્હને આ કાર્ય કરવા જતાં માત્ર એકજ પ્રકારનો ભય રહે છે; તે એ છે કે, મ્હારે હાથે યુવરાજ લલિતસિંહના પુત્રનું ખૂન થયું છે, એમ રાજધાનીના વફાદાર સરદારોના જાણવામાં આવશે તો તેઓ મ્હારો શિરચ્છેદ કર્યા સિવાય રહેશે નહિ. મ્હારાથી કોઈ પણ મનુષ્યને મ્હારૂં મ્હોં બતાવી શકાશે નહિ—મહારાણા થવાની મ્હારી ઇચ્છા નથી."

ગમે તેમ પરંતુ વિજયસિંહે આખી રાત્રિ વિચાર કરવામાં પસાર કરી; તો પણ તે કોઇ પણ નિર્ણય ઉપર આવી શક્યો નહિ. આખી રાત્રિમાં તે અલ્પકાળને માટે પણ પોતાનાં નેત્રો મીંચી શક્યો નહિ. સમસ્ત જીવનમાં તેણે આજના જેવા વિચારો કદાપિ કર્યા નથી.

મહારાણા થવાનો લોભ કાંઇ સાધારણ લોભ ગણાય નહિ. એ લોભ તેના હૃદયને પાપકાર્ય તરફ ખેંચી જાય છે; ત્યારે પછી બાળકની હત્યાની વાત સ્મરણમાં આવતાંજ તેનું સર્વાંગ ધ્રૂજી ઉઠે છે.

બીજે દિવસે પ્રભાતકાળમાં ઉઠીને વિજયસિંહ એકલો રાજધાનીનો પરિત્યાગ કરી કોઈ સ્થળે ચાલ્યો ગયો. એકાએક તેને નગરમાંથી ગૂમ થયેલો જોઇ ઘણાં મનુષ્યો આશ્ચર્યમાં પડી ગયાં; પરંતુ આ સ્થળે અમારે જણાવવું જોઇએ કે, પાપ અને પુણ્યના યુદ્ધમાં—લોભ તેમજ હત્યાના યુદ્ધમાં પાપ તથા લોભનો જય થયો છે. વિજયસિંહ એકલો સૌરભ જે કિલ્લામાં રહે છે તે કિલ્લા તરફ ચાલ્યો ગયો છે. જતી વખતે તેણે એમ વિચાર્યું છે કે, "યુદ્ધક્ષેત્રમાં મ્હેં અસંખ્ય માણસોની હત્યા કરી છે—વન-જંગલમાં પણ ઘણાં મનુષ્યોનું લોહી રેડયું છે તો શું હું એક બાળકની હત્યા કરી શકીશ

નહિ ? વળી આ કાર્ય હું એટલી ચાલાકીથી કરીશ કે, એ બાળકની હત્યા મ્હેં કરી છે એમ કોઈ જાણી શકશે નહિ. ”

પાપી મનુષ્ય હમ્મેશાં આવાજ વિચારો કરે છે; પરંતુ પાપ કદાપિ છૂપાઇ રહેતું નથી. કેટલાં બધાં મનુષ્યો પાપકાર્ય કરતી વખતે પોતાના મનને આવી રીતે સમજાવે છે ? મનની અંદરથી જે સ્વર નીકળીને મનુષ્યને પાપકાર્ય નહિ કરવાનો ઉપદેશ આપે છે એ સ્વરને કેટલાં બધાં મનુષ્યો સાંભળ્યા છતાં સાંભળતાં નથી—હિત વચન સાંભળ્યા છતાં સમજતાં નથી ? !

પ્રકરણ ૩૨ મું.

પાષાણ હૃદયમાં દયાનો આવિર્ભાવ !

“ હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે !
પાપી તેમાં ડૂબકી દઇને પુણ્યશાળી બને છે !
ઓહો કેવું સ્મરણ મધુરૂં પાપનું એ ધરે છે !
મારી પાપ્યું કુદરત કને એમ માની ગળે છે. ”

—કલાપી.

વિજયસિંહ કિલ્લા પાસે જઈ પ્હોંચીને એકાએક રાજકુમારી સૌરભદેવીની મુલાકાત કરવાનું સાહસ કરી શક્યો નહિ. તેણે પ્રથમ સૌરભના સમાચાર લેવાની શરૂઆત કરી. તેણે સાંભળ્યું કે, સૌરભ કોઇ પણ પ્રકારના આમોદ-પ્રમોદમાં ભાગ લેતી નથી, કોઇની સાથે વાતચિત કરતી નથી. ભાગ્યેજ તે પોતાના શયન-મંદિરની બ્હાર નીકળે છે. નિરૂપાયે તે નજીવો આહાર કરે છે. તેના મ્હોં તરફ જોતાં હૃદય ફાટી જાય છે—તેનાં નેત્રયુગલમાંથી અવિરલ અશ્રુધારા વહે જાય છે. દાસ દાસી સુદ્ધાં તેની પાસે આવી શકતાં નથી. એટલે

સુધી કે નિષ્ઠુર પહેરેગીરો પણ સૌરભદેવીની આવી દયાજનક સ્થિતિ જોઈને એકાંતમાં બેસી રૂદન કર્યા કરે છે. માલતિ સુદ્ધાં હવે સૌરભની સાથે વિશેષ વાર્તચિત કરી શકતી નથી. કયી વાત કહેવા જતાં તેના હૃદયની કયી તંત્રી વાગી ઉઠશે—શાથી સૌરભના હૃદયને આઘાત લાગશે તે સમજી શકવાનો ઉપાય નથી. યુવરાજ લલિતસિંહની, બરવાણી રાજ્યના સિંહાસનની યા તો કમનસીબ બાળકની વાત નીકળતાંજ સૌરભદેવીના શોકનો પાર રહેતો નથી—તે રાત્રિ દિવસ વિલાપ કરે છે. તે એટલું તો શાન્ત રૂદન કરે છે કે, જેથી કરીને તેનું દુઃખ જાહિર થતું નથી. એ દુઃખનો વિકાસ નથી—માત્ર અસ્તિત્વ છે. તેથીજ તેને જોતાં હૃદય ભેદાઈ જાય તેમ છે; તેથીજ તેનું દુઃખ જોઈ શકાતું નથી.

આ સઘળી હકીકત વિજયસિંહના સાંભળવામાં આવી. તેણે એ હકીકત પણ સાંભળી કે, સૌરભ રાત્રિ દિવસમાં એક ક્ષણને માટે પણ પોતાના પુત્રને અન્ય કોઈના હાથમાં આપતી નથી. માલતીના ખોળામાં સુદ્ધાં તે પોતાના પુત્રને આપતી નથી. આ સંસારમાં તેનું વિશ્વાસપાત્ર એક પણ મનુષ્ય નથી. અભાગિની અબળા ખોળામાં પોતાના પ્રાણાધિક પુત્રને બેસાડી રાખી રડયા કરે છે—તેનાં નેત્રોમાંથી રાત્રિ દિવસ અવિરલ અશ્રુધારા વહ્યે જાય છે.

તેનો પુત્રજ તેના જીવનનું અવલંબન છે. પુત્રને એક ક્ષણને માટે પણ તે પોતાની દૃષ્ટિથી દૂર કરતી નથી. પુત્રનું પ્રતિપાલન કરતાં દિવસે દિવસે તેની પોતાની શારીરિક સ્થિતિ બગડતી જાય છે. સૌરભ હવે પ્રથમના જેવી રૂપવતી નથી, સૌંદર્યમયી નથી તેમજ અલૌકિક લાવણ્યમયી નથી. જે પૂર્વે આનંદ તેમજ સુખની જીવતી પ્રતિમા હતી તે હમણાં દુઃખ તેમજ શોકની પ્રતિમૂર્ત્તિ બની ગઈ છે.

આ સમાચાર સાંભળી વિજયસિંહ ચિંતાતુર બની ગયો. તેણે

વિચાર્યું:—" હું કેવી રીતે સૌરભદેવી પાસેથી તેના પ્રિય પુત્રને મ્હારી પાસે લઇ શકીશ? કેવી રીતે એ અભાગિનીને વિશેષ અભાગિની કરી શકીશ? તેના દુઃખ તેમજ શોકની સીમા નથી. તેનાથી હવે વિશેષ દુઃખ વેઠી શકાશે નહિ. પોતાના પ્રાણાધિક બાળકના પર ખંજર ઝઝુમી રહ્યું છે એમ જ્યારે તે જાણશે ત્યારે તે પોતે મરી જશે, અને તેથી મ્હને બાળહત્યા તેમજ સ્ત્રીહત્યાનું પાપ લાગશે. ના ના—મ્હારથી આવું મહા ભયંકર કાર્ય કરી શકાશે નહિ."

આવો વિચાર કરી તે સૌરભની મુલાકાત કર્યા સિવાય પાછો રાજધાની તરફ ચાલ્યો જવાને તૈયાર થયો; પરંતુ રાક્ષસી ગૌરવનું સ્મરણ થતાંજ તે ગભરાયો. તેને એમ લાગ્યું કે, જો તે પોતે પોતાને સોંપવામાં આવેલું કાર્ય નહિ કરે તો ગૌરવ તેને હમ્મેશાંને માટે કેદ કરી રાખશે યા તો તેનો જીવ લેશે.

વિજયસિંહે પોતાના હૃદયને બની શકે ત્યાં સુધી કઠિન કરીને વિવિધ પ્રકારના વિચારો કર્યા. પછી સૌરભની મુલાકાત કરવાની ઇચ્છા કરી, તેણે વિચાર્યું:—" જો કોઇ પણ યુક્તિથી હું સૌરભદેવીના પુત્રને તેની પાસેથી બીજે સ્થાને લઇ જઇશ તો મ્હારૂં કાર્ય સિદ્ધ થશે. પછીથી હું બાળહત્યા નહિ કરૂં તો પણ ચાલી શકશે. તેને ઉછેરવાનું કામ કોઇને સોંપી હું મહારાણી ગૌરવને એમ કહીશ કે, સૌરભદેવીનો પુત્ર મરી ગયો છે એટલે મ્હારૂં ધાર્યું થશે—ત્હારા સઘળા મનોરથ ફળશે. હવે સૌરભદેવી પાસેથી તેના પુત્રને કેવી રીતે બીજે સ્થળે લઇ જવો? પ્રપંચજાળ પાથરીને તો હું આ કાર્ય કરી શકીશ નહિ."

આવા વિચારો કરી વિજયસિંહ કિલ્લામાં ગયો, અને તેણે એક દાસીને કહ્યું કે:—" હું એક અગત્યના કામ માટે રાજકુમારી સૌરભદેવીને મળવાની ઇચ્છા રાખું છું."

દાસીએ તરતજ સૌરભદેવી પાસે જઇને કહ્યું:—" રાજકુમારિ!

રાજધાનીમાંથી વિજયસિંહ નામના એક સરદાર આવેલા છે. તેઓ એક અગત્યના કામ માટે તમને મળવાને ચ્હાય છે. ”

સૌરભ દાસીનું કહેવું બરાબર સમજી શકી નહિ. તે વ્યાકુળ દૃષ્ટિથી થોડા સમય સુધી દાસીના મ્હોં તરફ જોઇ રહી. દાસી સાહસ કરીને તેને કાંઇ કહી શકી નહિ. આથી કરીને માલતીએ સૌરભને સંબોધીને કહ્યું:—“ બ્હેન ! સ્થિર થાઓ વિશેષ અધીરાં ન બની જાઓ. તમારી આવી સ્થિતિ જોવામાં આવતાં લોકો શું કહેશે ? શું તમે ભૂલી ગયાં છો કે, જ્યાં સુધી યુવરાજ લલિતસિંહ સ્વદેશમાં પાછા નહિ આવે ત્યાં સુધી તમેજ વિશાળ બરવાણી રાજ્યનાં મહારાણી છો. ”

મહારાણી શબ્દનો ઉચ્ચાર જ્યારે જ્યારે સૌરભદેવીના સાંભળવામાં આવે છે ત્યારે તે માત્ર પોતાનું મસ્તક હલાવે છે—કાંઇ પણ બોલતી નથી. આ વખતે પણ તેણે તેમજ કર્યું. વિશેષમાં આ વખતે તેણે પોતાના પુત્રને પોતાની પાસે ખેંચી લઇ છાતી સાથે દબાવી દીધો. તેનું મન જાણે કે તેને એમ કહેવા લાગ્યું કે, કોઇ તેના પ્રાણાધિક પુત્રને લઇ જવાને માટે આવ્યું છે ! સૌરભને શાન્ત જોઇને માલતીએ પૂછ્યું:—“ ત્યારે વિજયસિંહને અત્રે બોલાવું કે ? ”

આ વખતે સૌરભે પૂછ્યું:—“ વિજયસિંહ કોણ છે ? ”

માલતિઃ—તેઓ એક મ્હોટા સરદાર છે. કોઇ મુખ્ય રાજકીય કાર્યને માટે તમને મળવાને આવેલા છે. યુવરાજની ગેરહાજરીમાં તમેજ વિશાળ બરવાણી રાજ્યનાં મહારાણી છો, એ વાત કેમ ભૂલી જાઓ છો ? ”

સૌરભે થોડા સમય સુધી શાન્ત રહ્યા પછી કહ્યું:—“ સખિ ! હું અભાગિની છું, મ્હારી સાથે રાજકીય કાર્યનો શો સંબંધ છે ? તું સમજી શકતી નથી; કિન્તુ મારૂં મન મ્હને એમ કહે છે કે, એ

સરદાર મ્હારા પ્રાણપ્રિય પુત્રને મ્હારી પાસેથી લઇ જવાને માટે આવ્યો છે ! "

માલતીએ કહ્યું:–" બ્હેન ! તમે તમારા અંતરના ભયને દૂર કરતાંજ નથી. આ સંસારમાં એટલું બધું નિષ્ઠુર કોણ છે કે, જે તમારી આંતરડી કકળાવી તમારા પ્રાણપ્રિય પુત્રને તમારી પાસેથી લઈ જાય ? ! "

સૌરભે પાછી શાન્તિ ધારણ કરી. થોડા સમય સુધી તેણે કાંઇ વિચાર કર્યો. ત્યાર પછી તેણે કહ્યું:–" ઠીક, ત્યારે એ સરદારને અહિં આવવા દે. "

આ વાક્ય સાંભળી દાસી તુરતજ વિજયસિંહને બોલાવી લાવવા માટે ચાલી ગઇ.

અલ્પકાળમાંજ વિજયસિંહ સાધ્વી સૌરભદેવી પાસે આવી પહોંચ્યો. આવતાંની સાથેજ તેણે સૌરભને એવી સ્થિતિમાં જોઇ કે, જેથી તેનું હૃદય ફાટી જવા લાગ્યું. તેનું અંગ પ્રત્યંગ ધ્રૂજી ઉઠયું. તેણે મનમાં ને મનમાં જે વિચારો કર્યા હતા—સૌરભનું દર્શન કરવામાં આવતાં તે સમજી શક્યો કે, તેણે સૌરભના શોક તેમજ દુઃખની મનમાં ને મનમાં જે કલ્પના કરી હતી તે કરતાં સૌરભનો શોક તેમજ દુઃખ હજાર ઘણું વધારે છે. તે પોતાની સ્હામે દુઃખ તેમજ શોકની મૂર્તિને જોઇને લાકડાના પૂતળાની માફક સ્થિર ઉભો રહ્યો. પછીથી તેણે વિચાર્યું કેઃ–" શું હું મહા પાપી છું—નરાધમ છું કે, આ અપાર દુઃખિની સૌરભદેવી પાસેથી તેના હૈયાના હાર સમાન પુત્રને લઇ જાઉં ? મહારાણા થવાનો મારો વિચાર નથી—ગૌરવનો સ્નેહ પ્રાપ્ત કરવાની મ્હને અભિલાષા નથી. જે રંડા આજે પોતાના પતિનું ખુન કરી મ્હને બરવાણી રાજ્યનો મહારાણો બનાવી મ્હારી પાસેથી રતિરસનો આસ્વાદ લેવાની ઇચ્છા રાખે છે તેજ

દુષ્ટા તેમજ પ્રપંચી પિશાચિની કાળક્રમે મ્હારૂં પણ ખૂન કરી બીજા કોઈ પુરૂષ સાથે પ્યાર કરવા જતાં સંકોચ પામે ખરી કે ? નહિ નહિ, મ્હને જો આ સમસ્ત જગતનો વૈભવવિલાસ પ્રાપ્ત થાય તેમ હોય તો પણ હું આવું મહા પાપ કરી શકું તેમ નથી. અરેરે ! હું કેવો મહા પાપી છું કે ચાર દિવસની ચાંદની જેવા ક્ષણભંગુર મોહને આધીન થઈ એક નિર્દોષ બાળકનું ખૂન કરવાને આવ્યો છું ? ”

આવા વિચારો કરતાં કરતાં વિજયસિંહનું હૃદય ભરાઇ આવ્યું. પછીથી સાધ્વી સૌરભદેવીના ચરણોમાં નમી પડી, આંખોમાંથી આંસુઓ વર્ષાવતાં તેણે કહ્યું:–“ દેવિ ! મહારાણિ ! હું અત્રે એક મહા ભયંકર કાર્ય કરવા આવ્યો હતો; પરંતુ દયાળુ દીનાનાથે મ્હને સદ્‌બુદ્ધિ આપી પાપમાર્ગે જતો અટકાવ્યો છે. દેવિ ! આજથી આ વિજયસિંહ આપનો દાસાનુદાસ છે. મ્હને તમે યુવરાજ લલિતસિંહનું ઠેકાણું કહો. હું વિના વિલંબે તેમની પાસે જઈ તેમને મ્હારાથી બની શકશે તેટલી સહાયતા કરીશ. મ્હને ખાત્રી છે કે, પરમકૃપાળુ પરમાત્મા તમારા આ દુઃખને સત્વર દૂર કરશે—તમારૂં આ કમનશીબ ભાગ્યચક્ર ફરશે. ”

સૌરભ તેમજ માલતી વિજયસિંહનાં વચનો સાંભળી આશ્ચર્યમાં પડી ગયાં. તેઓ કાંઇ પણ સમજમાં નહિ આવ્યાથી સરદાર વિજયસિંહ તરફ ટગર ટગર જોઈ રહ્યાં. આવો પ્રકાર જોઇ વિજયસિંહે કહ્યું:–“ મહારાણિ ! મ્હને યુવરાજ લલિતસિંહનું ઠેકાણું કહો એટલે હું અત્રેથી વિદાય થઉં. વળી તમને બીજી એક મુખ્ય વાત કહેવાની એ છે કે, રાજકુમારની ઘણીજ સંભાળ રાખજો. રાજકુમારની હત્યા કરવાનું કારસ્થાન ચાલી રહ્યું છે. ”

સૌરભે ભયની ભાવનાથી પોતાના નયનમણિ સુકુમાર પુત્રને પોતાની છાતી સરસો દબાવી દીધો. પછીથી તેણે માલતીના મ્હોં

સ્હામું જોઇને કહ્યું:—" સખિ ! જો સાંભળ, મ્હેં કહ્યું હતું તે સાચું ઠર્યું ને ? આહ ! આ નિર્દોષ બાળકે એવો તે શો ગુન્હો કર્યો છે કે, તેને મારી નાંખવાનું કારસ્થાન ચાલી રહ્યું છે ? જ્યાં સુધી મ્હારા જીવમાં જીવ છે—મ્હારી નસેનસમાં ગરમ લોહી વહે છે ત્યાં સુધી તો કોઈ મ્હારી આ આંખોના તેજને—મ્હારા જીવનના આધારને મ્હારી દૃષ્ટિથી દૂર કરી શકનાર નથી. કોઇનું કારસ્થાન અત્રે ચાલી શકનાર નથી. જેનું રક્ષણ કરનાર કોઈ નથી તેનું રક્ષણ ત્રિભુવનપતિ કૃષ્ણ પરમાત્મા કરશે. "

વિજયસિંહે મસ્તક નમાવી સૌરભને કહ્યું:—" દેવિ ! મ્હને હવે સત્વર યુવરાજનું ઠેકાણું કહો. વિશેષમાં તમારે કોઇ પણ પ્રકારના સમાચાર યુવરાજને કહેવા હોય તો બેલાશક મ્હને કહો. "

સૌરભે ઘણા સમય સુધી વિચારમગ્ન સ્થિતિમાં શાન્ત રહ્યા પછી કહ્યું:—" તેમને તમે મળો એટલે કહેજો કે, સૌરભ હવે વધારે દિવસોને માટે જીવતી રહેનાર નથી. બસ, આ સિવાય મ્હારે તેમને બીજું કાંઈ કહેવડાવવાનું નથી. તેઓ સુખી રહે એટલે સૌરભ સુખીજ છે—તો પણ તેમના પુત્ર—"

સૌરભથી આગળ બોલી શકાયું નહિ. માલતીના ગળામાં વળગી પડી તેના ખભા ઉપર મ્હોં રાખી તે રડવા લાગી. માલતિ પણ સખીના કંઠને વળગીને રડવા લાગી. થોડા સમય પછી માલતીએ શાન્ત થઇને, વિજયસિંહને યુવરાજ લલિતસિંહનું ઠેકાણું જણાવ્યું. વિજયસિંહ આ દયાજનક તેમજ હૃદયવિદારક દેખાવ વિશેષ વખત સુધી જોઈ શકયો નહિ. તે સત્વર આ સ્થાનનો ત્યાગ કરી ચાલ્યો ગયો.

* * * * *

ઉપરનો બનાવ બની ગયા પછી થોડા દિવસને અંતરે બરવાણી રાજ્યની રાજધાનીમાં એવી વાત જાહિર થઈ કે, રાજધાનીનો એક

મ્હોટો વિજયસિંહ નામનો સરદાર પાંચ હજાર ઘોડેસ્વારોને સાથે લઇ રાજધાનીમાંથી ગૂમ થઇ ગયો છે. યુવરાજ લલિતસિંહને મળી જવાને માટેજ તે આવી રીતે રાજધાનીમાંથી ચાલ્યો ગયો છે. જોત-જોતાંમાં આ હકીકત સર્વત્ર જાહિર થઇ ગઈ. આ હકીકત જાહિર થતાંજ આખી રાજધાનીમાં ઘણો કોલાહલ થઈ રહ્યો. સઘળી પ્રજા મહારાણા જાલિમસિંહના જુલ્મથી વ્યાકુળ બની ગઇ હતી; કિન્તુ અત્યાર સુધી કોઇ યુવરાજ લલિતસિંહને સહાયતા કરવા જવાનું આવા પ્રકારનું સાહસ કરી શક્યું નહોતું. વિજયસિંહનું આવું સાહસિક કાર્ય જાણવામાં આવતાંજ સહુ કોઇના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

મહારાણી ગૌરવના જાણવામાં પણ આ હકીકત આવી. આથી તે ક્રોધથી, અભિમાનથી તેમજ ભયની ભાવનાથી દીવાની જેવી બની ગઇ.

વિલાસમહેલમાં મહારાણા જાલિમસિંહે પણ આ હકીકત જાણી. એક ખુશામદીઆ સહચરે કહ્યું:—" મહારાજ ! સરદાર વિજયસિંહ પાંચ હજાર ઘોડેસ્વાર સૈનિકો સાથે યુવરાજ લલિતસિંહને સહાયતા કરવાને માટે રાજધાનીનો પરિત્યાગ કરી ચાલ્યા ગયા છે. "

જાલિમસિંહે આ વક્ય તરફ લક્ષ્ય નહિ આપતાં કહ્યું:—" કુછ ફિકર નહિ. ગાનતાન હોને દો. લાલીકા પ્યાલા ચલને દો ! "

પ્રકરણ ૬૩ મું.

ગાયિકાને આમંત્રણ.

કોઇ એક અજાણ્યા સ્થળેથી એક કોકિલકંઠથી ગાનારી ગાયિકા બરવાણી રાજ્યની રાજધાનીમાં આવી છે. ઇન્દ્રલોકની અપ્સરા, બિહસ્તની હુરી યા તો સ્વર્ગની પરી કરતાં પણ તે વિશેષ મોહક તેમજ આકર્ષક કંઠે ગાઇ શકે છે. સમસ્ત રાજ્યમાં આ ગાયિકાનું નામ

વિખ્યાત થઇ ગયું છે. સઘળાં મનુષ્યો આ ગાયિકાનું ગાન સાંભળ-વાને ઘણાં આતુર બની ગયેલાં છે; પરંતુ તેમની આ આતુરતા સહેલાઇથી તૃપ્ત થાય તેમ નથી ! એક લાખ રૂપિયા મળ્યા સિવાય આ ગાયિકા કોઇને ત્યાં મુજરો કરવા જતી નથી.

ગાયિકાનું રૂપસૌંદર્ય અદ્વિતીય છે. તેના જેવી સ્વરૂપવતી સુંદરી સમસ્ત બરવાણી રાજ્યમાં બીજી એક પણ નથી. તેના રૂપ તરફ દૃષ્ટિ કરતાં એ રૂપમાં ડૂબી જવાની ઇચ્છા થાય છે. જે કોઈ એક વખત તેના રૂપ તરફ દૃષ્ટિ કરે તે તરતજ વિમોહિત થઇ જાય તેમ છે. એ વદનમાંથી જાણે કે પ્રત્યેક પળે અમૃત ઝર્યા કરે છે. જે કોઇ એ અતુલનીય વદન તરફ જુએ છે તેના હૃદયમાં જાણે કે અગ્નિની ધારા વહે છે. લોકો આ ગાયિકાને જોવાને દીવાના બની ગયા છે; પરંતુ તેને કોઇ જોઈ શકતું નથી. તે રાજમાર્ગ ઉપર બ્હાર નીકળતી નથી, પોતાના મહેલમાં કોઇને પ્રવેશ કરવા દેતી નથી, તથા તે કોઇના મહેલમાં જતી પણ નથી.

તેની પ્રશંસા તેમજ ગાનની કીર્તિ ઘેરે ઘેર ગવાય છે; કિન્તુ હજી સુધી કોઇ પણ માણસે તેને જોઈ નથી—કોઇએ તેનું ગાન સાંભળ્યું નથી. તે વચ્ચે વચ્ચે પોતાના મહેલમાં એકલી બેસી રહીને પંચમ સુરથી ગાન ગાય છે, તથા વીણા વગાડે છે. તેથી કેટલાંક માણસોએ રસ્તા પરથી જતાં આવતાં તેનું સુમધુર ગાન સાંભળ્યું છે. તાત્પર્ય એજ છે કે, ગાયિકા હજી જાહિર મુજરામાં ગઈ નથી તો પણ સમસ્ત બરવાણી રાજ્યમાં તેનું નામ પ્રસિદ્ધ થઇ ગયું છે.

બરવાણી રાજ્યના દિવસો હમણાં બદલાઇ ગયા છે. હવે પૂર્વના જેવો આનંદ–વિનોદ થતો નથી, ઘેર ઘેર ગાન તાન થતાં નથી. રાજ-ધાનીમાં ભયંકર ભયનુંજ રાજ્ય થઇ રહ્યું છે. મહારાણો જાલમસિંહ જાતે રાજકાર્ય તપાસતો નથી તો પણ મહારાણી ગૌરવ પ્રબળ

પરાક્રમથી રાજ્યશાસન કરે છે. તે અંતઃપુરમાં રહે છે તો પણ તેનું તેજ પ્રત્યેક વ્યક્તિ સારી રીતે જાણે છે. સઘળા રાજ્યાધિકારીઓ તેની મુઠીમાં દબાએલા છે. સઘળા સૈનિકો તથા સરદારો તેના આજ્ઞાધારક દાસ બની ગયા છે. મ્હોટા હોદ્દેદાર સજકીય નોકરો પણ મહારાણી ગૌરવના ભયથી રાત્રિ દિવસ ધ્રૂજ્યા કરે છે. હમ્મેશાં મહારાણીના ગુપ્તચરો ચારે દિશાએ ફર્યા કરે છે. કોઈ પણ મનુષ્યનો કાંઇ અપરાધ થયેલો માલૂમ પડતાં, તથા કોઈ રાજદ્રોહી થવાનું સાહસ કરે છે એમ જાણવામાં આવતાંજ મહારાણી ગૌરવ ગુન્હેગારને ઘણી સખ્ત શિક્ષા કરે છે. બીજાઓને ભય દેખાડવાને માટે–સહુ કોઇના અંતરમાં ભીતિનો સંચાર કરવાના હેતુથી તે સાધારણ ગુન્હાની પણ સખ્ત શિક્ષા કરે છે. આવી રીતે અનેક રાજ્યાધિકારીઓ કેદમાં પડ્યા છે. અસંખ્ય પ્રજાજનોનો જીવ લેવામાં આવ્યો છે. એક બે સેનાપતિઓને, અપમાન કરી રાજ્યની સરહદ બ્હાર હાંકી કાઢવામાં આવ્યા છે; એટલુંજ નહિ પણ મહારાણીએ એક મ્હોટા સરદારનો જાહિર રીતે શિરચ્છેદ પણ કર્યો છે. મહારાણી તરફના ગુપ્તઘાતકો છુપી રીતે પોતાનો ઉદ્દેશ પાર પાડવાના હેતુથી ફરતા જોવામાં આવે છે. મહારાણીના ક્રોધનો ભોગ થઇ પડી અનેક જીવ અકાળે મરણને શરણ થયા છે.

આવાં અનેક કારણોને લીધે રાજધાનીમાં હવે પ્રથમના જેવો આનંદ–વિનોદ નથી. જ્યાં જોઇએ ત્યાં માત્ર ભયજ જોવામાં આવે છે. લોકો એટલા બધા ભયભીત બની ગયા છે કે, તેઓ રાજ્ય સંબંધીની યા તો રાજસંસાર સંબંધીની વાત સુદ્ધાં કરવાનું સાહસ કરી શકતા નથી. જુલ્મની હદ આવી રહી છે; પરંતુ ઉપાય નથી. એ જુલ્મનો વિચાર કરતાં પણ ભય ઉપજે છે.

આવી રીતે પ્રબળ પરાક્રમથી મહારાણી ગૌરવ રાજ્ય ઉપર

સત્તા ચલાવે છે. રાજધાનીની સ્થિતિ એટલી બધી શોચનીય થઇ ગઇ છે કે, કોઇ પણ સ્થળે આનંદ-વિનોદ જણાતો નથી, ગાન તાનનો પંચમ સુર સંભળાતો નથી. રાજધાનીની આવી સ્થિતિ છે. એવામાં કોઈ અજાણ્યા સ્થળેથી એક અદ્વિતીય રૂપવતી ગાયિકા રાજધાનીમાં આવી પહોંચી. તેનું નામ ઘેરે ઘેરે પ્રસિદ્ધ થઇ ગયેલું હોવા છતાં તેણે કોઇને ત્યાં હજી સુધી મુજરો કર્યો નથી; કેમકે હવે કોઇની આનંદ-વિનોદ કરવાની ઇચ્છા નથી. કોઈના હૃદયમાં ગાન તાન સાંભળવાનો ઉત્સાહ નથી ! મહારાણા હમ્મેશાં સુરાપાન કરીને વિલાસ-મહેલમાં પોતાનો વખત પસાર કરે છે. તેઓ અનેક ગુલ-બદન ખુબસુરતોની સાથે ઇશ્કના લહજ્જત ઉડાવે છે. જો કદાચ આ નવી આવેલી ગાયિકાનું નામ મહારાણાના સાંભળવામાં આવે તો તે તેને બોલાવે અને તેથી પોતાના લાભને નુકશાન પહોંચે એવા વિચારથી કોઈ મહારાણાને એ ગાયિકાના આગમનની વાત કહેતું નથી. રમણીની માયાજાળમાં ફસાયાથી શું શું નથી થતું ? ગાયિકાના આગમનના સમાચાર માત્ર મહારાણા જાલિમસિંહ સિવાય સહુ કોઈ જાણે છે.

રાજધાનીમાં રહેતા કેટલાક શ્રીમંતો ગાયિકાનું ગાન સાંભળવાને ઘણા વ્યાકુળ બની ગયા છે; પરંતુ મહારાણીના ભયથી કોઇનાથી ગાયિકાને પોતાને ત્યાં આમંત્રણ કરી શકાતું નથી. અંતે અપાર સાહસિકતાને હૃદયમાં સ્થાન આપીને સરદાર શૈલેન્દ્રસિંહે ગાયિકાને પોતાને ત્યાં નિમંત્રણ કર્યું. શૈલેન્દ્રસિંહ યુવક છે. હજી તેની ઉમ્મર માત્ર ત્રેવીસ ચોવીસ વર્ષની છે. તે હમણાં મ્હોટો સરદાર છે, તેની સત્તા નીચે ઘણું સૈન્ય છે. મહારાણીના ભયને લીધે હજી સુધી તે કોઈ પણ પ્રકારનો આનંદ-વિનોદ કરી શક્યો નથી; પરંતુ આ નવી આવેલી ગાયિકાની પ્રશંસા સાંભળીને તે સ્થિર રહી શક્યો નહિ. તેણે વિચાર્યું:-" હું મ્હારા મકાનમાં આનંદોત્સવ કરૂં તેમાં

મહારાણીને શું ? હું એક ગાયિકાનું ગાન સાંભળું એથી રાજ્યને શું નુકશાન છે ? વળી મ્હારા જેવા સરદારને પણ આટલી સ્વતંત્રતા ન હોય તો આ રાજ્યમાં રહેવાની કાંઇ જરૂર નથી ! ”

આવો વિચાર કરી શૈલેન્દ્રસિંહે ગાયિકાને પોતાને ત્યાં આમંત્રણ કર્યું. તે પોતેજ તેને આમંત્રણ કરવાને માટે તેના મહેલમાં ગયો. શૈલેન્દ્રસિંહે ત્યાં જતાંજ જોયું કે, ગાયિકાની ઉંમર લગભગ પંદર સોળ વર્ષથી વધારે નથી. તે કોઈ સુપ્રસિદ્ધ શહેરની રંડી નથી; પરંતુ સંન્યાસિની છે; કિન્તુ તેના જેવું રૂપ, તેના જેવું લાવણ્ય, તેના જેવું મધુરતાપૂર્ણ સૌંદર્ય આ સંસારમાં ભાગ્યેજ જોવામાં આવે છે. શૈલેન્દ્રસિંહ આ ગાયિકાને જોતાંજ વિમુગ્ધ બની ગયો. તેણે કહ્યું:–“ આપને જેટલા રૂપિયા જોઇતા હોય તેટલા આપવાને હું તૈયાર છું. તમારે એક દિવસ મ્હારે ત્યાં ગાવા આવવું પડશે. ”

ગાયિકાએ કહ્યું:–“ મહાશય ! ગાવા જવું એ તો મ્હારો વ્યવસાયજ છે. હું આપને ત્યાં શા માટે ગાવા ન આવું ? ”

શૈલેન્દ્રસિંહઃ–તમારે કેટલી રકમ જોઇએ છીએ તે મ્હને જણાવો.

ગાયિકાઃ–હું મ્હોટી આશા રાખીને અત્રે આવી હતી. મ્હેં વિચાર્યું હતું કે, અત્રેથી હું ઘણી સારી રકમ મેળવી શકીશ; પરંતુ આ એક માસમાં મ્હારો એક પણ મુજરો થયો નથી.

શૈલેન્દ્રસિંહઃ–આ રાજ્યની સ્થિતિ હમણાં ઘણી બદલાઇ ગઇ છે. જો પ્રથમના જેવી સ્થિતિ હોત તો તમારો એક પણ દિવસ મુજરા સિવાય ખાલી જાત નહિ.

ગાયિકાઃ–તેથીજ મ્હેં અત્રેથી વિદાય થવાનો વિચાર કર્યો છે.

શૈલેન્દ્રસિંહઃ–પરંતુ માત્ર એક દિવસને માટે પણ તમારે મ્હારે ત્યાં મુજરો કરવા આવવું પડશે. શું તમે મ્હારા પર આટલી કૃપા નહિ કરી શકો ?

ગાયિકાઃ—આ દાસીના ઉપર આપની કૃપા છે. દેશમાં આટલા બધા શ્રીમંતો, સરદારો તેમજ સેનાપતિઓ રહે છે, છતાં કોઇએ આપના જેટલી કૃપા આ દાસી ઉપર કરી નથી. ઝવેરીજ રત્નની પરીક્ષા કરી જાણે છે એ નિયમાનુસાર આપ આ દાસીની કદર કરી શક્યા છો. આથી હું આપને ત્યાં એક દિવસ ગાવા આવીશ તે બદલ આપની પાસેથી હું એક પણ પૈસો લઇશ નહિ; પરંતુ તમને મ્હારે એક વિનંતિ કરવાની છે.

શૈલેન્દ્રસિંહઃ—જે વિનંતી કરવાની હોય તે બેલાશક કરો. તમારા કહેવા પ્રમાણે વર્તવાને હું તન મન તેમજ ધનથી તૈયાર છું.

ગાયિકાઃ—જે દિવસે હું આપને ત્યાં મુજરો કરવા આવું તે દિવસે આપ કૃપા કરીને રાજધાનીના સઘળા શ્રીમંતો, સરદારો તેમજ સેનાપતિઓને નિમંત્રણ કરજો. માત્ર નિમંત્રણજ નહિ; પરંતુ તેઓ સઘળા મુજરામાં હાજર થઇ શકે એવો ચોક્કસ બંદોબસ્ત કરજો. આવો બંદોબસ્ત નહિ કરી શકો તો હું આપને ત્યાં મુજરો કરવા આવી શકીશ નહિ—તમે મ્હને આ રાજ્યનું સઘળું દ્રવ્ય લાવી આપશો તો પણ હું ગાવા આવી શકીશ નહિ.

શૈલેન્દ્રસિંહઃ—હું તમારા કહેવા પ્રમાણે સહુને નિમંત્રણ કરીશ: પરંતુ તેઓ સહુ આવી શકશે કે કેમ તે હમણાં હું તમને કેવી રીતે કહી શકું ?

ગાયિકાઃ—હું બીજું કાંઇ ન જાણું. તેમણે સહુએ આવવુંજ જોઇએ. નહિ તો પછી મ્હારાથી ગાવાને માટે આવી શકાશે નહિ.

શૈલેન્દ્રસિંહ ચિંતા કરવા લાગ્યો. થોડા સમય સુધી વિચાર કર્યા પછી તેણે કહ્યું:—" ભલે, હું તમારા કહેવા પ્રમાણે બંદોબસ્ત કરવા કબૂલ થાઉં છું."

પ્રકરણ ૩૪ મું.

ચતુર ગાયિકા કે યુવરાજનો દૂત ? !

ઘણુાજ ઠાઠમાઠમાં શૈલેન્દ્રસિંહના મકાનમાં ગાયિકાનો મુજરો થયો. શૈલેન્દ્રસિંહે આ પ્રસંગે ઘણી વ્યવસ્થા કરી હતી. રાજધાની તેમજ દેશનો એવો કોઇ માનનીય માણુસ રહી ગયો નહોતો કે જેને નિમંત્રણુ ન કરવામાં આવ્યું હોય. સઘળા રાજકીય નોકરો પ્રથમ તો મહારાણીના ભયથી મુજરામાં આવવાની ના પાડતા હતા; પરંતુ શૈલેન્દ્રસિંહે તેમને દરેકને ઘેર જઇ તેમને ઘણુા સમજાવ્યા, તથા કહ્યું:-" જો આટલી સ્વાધીનતા પણુ આપણુને ન હોય તો પછી આ રાજ્યમાં નોકરી કરવાથી શો લાભ ? " આ વાત સહુ કોઇને વ્યાજબી જણુાઇ. તે ઉપરાંત સહુ કોઇ પ્રથમથીજ ગાયિકાનું ગાન સાંભળવાને અતિ આતુર બની ગયા હતા. મહારાણી ગૌરવ ક્રોધે ભરાશે એવો ભય હોવા છતાં તેઓ સહુ શૈલેન્દ્રસિંહના મકાનમાં મુજરાને દિવસે હાજર થયા હતા. એ દિવસ મહા સમારોહથી અપાર આનંદમાં પસાર થઇ ગયો.

મુજરામાં સહુ કોઇ આવ્યા હતા, માત્ર એકલો વિજયસિંહ આવી શક્યો નહોતો. તે ક્યાં ગયો છે તેની પણુ કોઇને માહિતી નહોતી. તે રાજધાનીમાં નથી એ હકીકત પણુ કાંઇ ઘણાં માણુસો જાણુતાં નહોતાં. શૈલેન્દ્રસિંહને ત્યાં તેને ગેરહાજર જોઇને સહુ કોઇ એક બીજાને તેની ગેરહાજરીનું કારણુ પૂછવા લાગ્યા. તે ગેરહાજર છે એમ સહુ કોઇના જાણુવામાં આવ્યું. વિજયસિંહ એકાએક રાજધાનીનો ત્યાગ કરી ક્યાં ચાલ્યો ગયો છે એ જાણુવાને માટે સહુ ઉત્સુક બની ગયા.

ગાન શુરૂ થતાંજ સહુ એક બીજાના મ્હોં સ્હામું જોવા લાગ્યા;

પરંતુ કોઇ પોતાનો વિચાર અન્યને પ્રદર્શિત કરવાનું સાહસ કરી શકયો નહિ. સહુ એમ જાણતા હતા કે, વિજયસિંહ મહારાણી ગૌરવનો વિશ્વાસપાત્ર તેમજ પ્રિય સરદાર છે. તે જ્યારે આજે ગેરહાજર છે ત્યારે મહારાણી ગૌરવેજ તેને આવવા દીધો નહિ હોય. આથી જેઓ આવ્યા છે તેમના ઉપર મહારાણી વિશેષ ક્રોધે ભરાશે. કોણ જાણે કે કાલે મહારાણી કોનો જીવ લેશે ? કોણ કહી શકે તેમ છે કે, કાલે કોના સર્વસ્વનો નાશ થશે ? વિજયસિંહને ગેરહાજર જોઇ ઘણા સરદારો શૈલેન્દ્રસિંહના મકાનમાંથી પાછા ચાલ્યા જવાનો વિચાર કરવા લાગ્યા; પરંતુ તેમ કરવાથી શૈલેન્દ્રસિંહને પોતાનું અપમાન થયેલું લાગશે એમ વિચારી તેઓ નિરૂપાયે જ્યાં બેઠા હતા ત્યાંજ બેસી રહ્યા.

ગાન શુરૂ થયું. ગાયિકા અમૃત વર્ષાવતી પંચમકંઠથી લલકારવા લાગી કેઃ—

ઓ યશોદા ત્હારો કહાન કુંવર વ્રજવાસી !
છબ ઠમ પ્યારી, ગોપિકાનો પ્યાસી—ઓ યશોદા.
માથે મુકુટ સોહે, હાથે લકુટ સોહે;
મુરલી મધુર મોહે, જ્ઞાન, ધ્યાન, મન—ઓ યશોદા.

(સાખી.)

લડી હય મોતિયોંકી ખુશનુમા કાનોંકે બાલોમે;
પડી હય ચાંદનીકી જ્યોત, સોનેકે પીયાલેમેં.

સહુ કોઇના મ્હોં પરની ચિંતા ઉડી ગઇ. પ્રત્યેકના વદનમંડળ પર આનંદ છવાઇ ગયો. ગાયિકાએ બીજું ગાન ગાવાની શુરૂઆત કરીઃ—

(ગઝલ.)

અગર હમ બાગમા હોતે, તો ગુલશન કો લુંટા દેતે,
પકડ કર હસ્ત બુલબુલકો, ચમનસે હમ ઉઠા દેતે;

ખુશીસે બોલ લે બુલબુલસે, ફિર એ દિન કહાં હોગે,
અગર વે દિલ પતંગ હોતા, ઉડાતે ગમકી ડોરી સે.
મુકાબીલ આનાકર પહોંચે, હમ ઉસકો કઠા દેતે,
અગર ફરિયાદ લાયા ફિર, કોઈ જો હમ ગરીબોંકી;
કસમ ગુન્હેકી ભી ખા કર, ફિર ઉસકો હમ છુટા દેતે,
કદર બુલબુલકે રોનેકી, અરે સૈયાદ કયા જાને;
જો આશિક હો વહી જાને, ફિર ઉસ્કો હમ બીઠા દેતે.

આવી રીતે એક ઉપર એક ગાન ગવાવા લાગ્યાં. સહુ ગાયિકાના ગાનની ઘણીજ પ્રશંસા કરવા લાગ્યા. ગાયિકાએ હિન્દી, ઉર્દુ, ગુજરાતી વગેરે ભાષાનાં સંગીતોનો સ્વાદ હાજર થયેલા પુરૂષોને ચખાડયો. છેવટનું ગાન ગાતી વખતે ગાયિકાએ પ્રત્યેક સરદાર, સેનાપતિ તેમજ શ્રીમંત ગૃહસ્થ પાસે જઇ પોતાની આંગળીમાં પહેરેલી સુવર્ણમુદ્રિકા સહુ કોઇને બતાવી. સહુ ચમકી ઉઠયા. આ શો ચમત્કાર ! ? સહુ આશ્ચર્ય પામીને એક બીજાના મ્હોં સ્હામું જોવા લાગ્યા. સહુનાં હૃદય જોરથી ધબકવા લાગ્યાં.

ગાયન પૂર્ણ થયું એટલે વૃદ્ધ લક્ષ્મણસિંહે ઉઠી ઉભા થઇને કહ્યું:–" ગાયિકા ! છેવટના ગાયનમાં ત્હેં એમ જણાવ્યું કે, શ્રીકૃષ્ણ ગોપની સાથે બંસી વગાડતા વગાડતા આવે છે એ શું સત્ય છે ? "

ગાયિકાએ ઉત્તર આપ્યો:–" હા, ખરી વાત છે. "

આવો ઉત્તર આપી ગાયિકા ચાલી ગઇ. એક પછી એક માણસ વિદાય થવા લાગ્યું; પરંતુ સઘળા રાજકીય નોકરો શૈલેન્દ્રસિંહના મકાનનો ત્યાગ કરી ચાલ્યા ગયા નહિ. જ્યારે બીજા બધા લોકો વિદાય થઇ ગયા ત્યારે વૃદ્ધ લક્ષ્મણસિંહે ચારે તરફનાં બારી બારણાં પોતાની જાતે બંધ કરી દીધાં. પછીથી તેમણે કહ્યું:–" બંધુઓ ! યુવરાજ લલિતસિંહ હજી સુધી અવશ્ય જીવતા છે. તેમણેજ આ

ચાલાક ગાયિકાને દૂત તરીકે આપણી પાસે મોકલી છે. તેઓ બીજા સૈન્યસહ રાજા જાલિમસિંહની વિરૂદ્ધ યુદ્ધ કરવાને આવે છે. તેમણે આપણને પણ આ પ્રસંગે આ ગાયિકાને દૂત તરીકે મોકલી ચતુરાઇથી નિમંત્રણ કર્યું છે. જેની પાસે આ બરવાણી રાજ્યના સિંહાસનની સુવર્ણમુદ્રિકા હોય છે તેનાજ વાસ્તવિક રીતે આપણે દાસ છીએ. આપણે એમ સમજતા હતા કે, એ સુવર્ણમુદ્રિકા મહારાણા જાલિમસિંહની પાસેજ છે; પરંતુ આપણી સમજ ભૂલ ભરેલી હતી એમ આજે આપણે સહુ જાણી શક્યા છીએ. ખરી રીતે જોવા જતાં એ સુવર્ણમુદ્રિકા યુવરાજ લલિતસિંહ પાસે છે. હવે જાલિમસિંહનો આપણા ઉપર કોઇ પણ પ્રકારનો અધિકાર નથી. હવે આપણે લલિતસિંહની આજ્ઞા પાળવાને માટે બંધાયલા છીએ. બંધુઓ! આ સંબંધી તમારો સહુનો શો અભિપ્રાય છે?"

એક સરદાર બોલી ઉઠ્યો:—"લક્ષ્મણસિંહજી! આપનું કહેવું ખરૂં છે. નહિ તો એ સુવર્ણમુદ્રિકા ગાયિકાની આંગળીમાં ક્યાંથી હોઇ શકે?"

બીજા એક સરદારે પૂછ્યું:—"જો એ બાળિકા યુવરાજના દૂત તરીકેજ રાજધાનીમાં આવી હોય તો આવા વેષમાં તે અહિં શા હેતુથી આવી છે?"

વૃદ્ધ લક્ષ્મણસિંહે કહ્યું:—"જો એ બાળિકા અત્રે ગાયિકાના વેષમાં ન આવી હોત તો આપણે સઘળા આજની માફક એકત્ર થઇને યુવરાજ લલિતસિંહનો સંદેશો કેવી રીતે જાણી શકત? આપણી દરેકની જૂદી જૂદી મુલાકાત લેવામાં તેને ઘણી મુદત અત્રે રોકાવું પડત. તે ઉપરાંત કદાચ આપણે આવી રીતે એકત્ર થઇને વિચાર ચલાવવાનો સુયોગ પણ મેળવી શકત નહિ. આ બાળિકાએ ખરા રાજનૈતિક તેમજ બુદ્ધિશાળી દૂતના જેવું કાર્ય કર્યું છે!"

એક બીજો સરદાર બોલી ઉઠયોઃ–" પરંતુ જો યુવરાજ લલિતસિંહેજ વૃદ્ધ મહારાણાનું ખૂન કર્યું હોય તો આપણે કેવી રીતે તેમના પક્ષનું સમર્થન કરી શકીશું ? "

વૃદ્ધ લક્ષ્મણસિંહે ફરીથી કહ્યું:–" પ્રથમ મ્હેંજ લલિતસિંહને ગુન્હેગાર સમજીને તેનો પક્ષ સ્વીકાર્યો નહોતો, અને રાજા જાલિમસિંહને સિંહાસન ઉપર બેસાડવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી; પરંતુ આજે હુંજ પાછો યુવરાજ લલિતસિંહનો પક્ષ સ્વીકારી તમને સહુને, તેમને સહાયતા કરવાની વિનંતિ કરૂં છું. બંધુઓ વૃદ્ધ મહારાણાનું ખૂન કરી કોણે પોતાના હાથ કલંકિત કર્યા છે એ જાણવું હજી બાકી રહ્યું છે કે શું ? "

ઘણા સમય સુધી આ બાબતની ચર્ચા ચાલી. ત્યાર પછી સઘળા સરદારોએ યુદ્ધની તૈયારી કરવી એવો નિર્ણય થયો. પ્રસંગ મળ્યે સહુએ યુવરાજ લલિતસિંહને સહાયતા કરવાનો વિચાર કર્યો. પછીથી લલિતસિંહ સંબંધીના વિશેષ સમાચાર જાણવાના ઉદ્દેશ તેમજ આવશ્યકતાથી વૃદ્ધ લક્ષ્મણસિંહે એક વખત ગાયિકાની મુલાકાત કરવાનું કામ પોતાના શિરપર ઉઠાવી લીધું.

મધ્યરાત્રિ વીતી ગયા પછી સઘળા સરદારો તેમજ સેનાપતિઓ સાવધાનતાથી એકે એકે પોતપોતાના મુકામે ચાલ્યા ગયા. બીજે દિવસે સ્હવારેજ તેમણે એમ સાંભળ્યું કે, પાંચ હજાર ઘોડેસ્વાર સૈનિકોની સાથે વિજયસિંહ યુવરાજ લલિતસિંહને સહાયતા કરવાના હેતુથી રાજધાનીમાંથી ગુપચુપ ચાલ્યો ગયો છે.

આ સમાચાર જાણવામાં આવતાંજ તેમના સહુનાં હૃદય વિશેષ ચંચળ બની ગયાં. તેઓ સહુ સમજી ગયા કે, યુદ્ધ થવાને હવે વધારે વિલંબ નથી.

પ્રકરણ ૩૫ મું.

સૌરભની શોકજનક સ્થિતિ.

ગારવ ક્રોધાગ્નિથી સળગી જઇ રાક્ષસી બની છે. તેનો અતિ પ્રિય, વિશ્વાસુ તથા ઘણો કાર્યદક્ષ સરદાર વિજયસિંહ રાજધાનીનો ત્યાગ કરી શત્રુને સહાયતા કરવાને ચાલ્યો ગયો છે. આ ઉપરાંત પોતાની રજા લીધા સિવાય શૈલેન્દ્રસિંહ સરદારે પોતાને ત્યાં ગાયિકાનો નાચ કરાવ્યો છે. એ નાચમાં પોતાની રજા લીધા સિવાય સઘળા રાજકીય નોકરોએ હાજરી આપી છે. તેની રજા લીધા સિવાય જેઓ પોતાનું નિત્યનું કાર્ય કરવાનું પણ સાહસ કરી શકતા નહોતા તેઓ સહુએ આજે તેની સંપૂર્ણ ઉપેક્ષા કરીને આનંદોત્સવ કરવાનું સાહસ કર્યું છે! આટલુંજ નહિ; પરંતુ તે ઉપરાંત ગૌરવના જાણવામાં એમ પણ આવ્યું છે કે, નાચ તેમજ ગાનતાન વગેરે થઇ રહ્યા પછી—ગાયિકાના વિદાય થઇ ગયા પછી સઘળા સરદારો તેમજ સેનાપતિએ એકાંતમાં બેસી કોઇ પણ પ્રકારની છુપી મસલત કરી છે—મધ્યરાત્રિ વીતી ગઇ ત્યાં સુધી તેઓ સહુ સરદાર શૈલેન્દ્રસિંહના મકાનમાંજ હતા; પછીથી ઘણીજ સાવધાનતાથી એક પછી એક તેઓ પોતાના મુકામે ચાલ્યા ગયા હતા.

સિંહણ જાળમાં સપડાયા પછી ક્રોધે ભરાઇને જેવી રીતે પોતાના શરીરનેજ દંશ દઇને છિન્ન વિચ્છિન્ન કરે તેવીજ રીતે ગૌરવ પોતાની જાત ઉપરજ નિરૂપાયે સઘળો ક્રોધ ઉતારવાનો યત્ન કરે છે. કોઇ સાહસ કરીને તેની પાસે આવી શકતું નથી. ઘણા ભયંકર ભાવથી ભયભીત થઇને જાણે કે આખો મહેલ પણ ધ્રૂજે છે! સહુ એવો વિચાર કર્યા કરે છે કે, કોણ જાણે કે, આજે કેવું ભયાનક કાર્ય થશે!

ગૌરવ ક્રોધાવેશથી આત્મભાન ભૂલી ગઇ છે. શું કરવું તેનો તે

કશો નિર્ણય કરી શકતી નથી. સઘળાં પ્રજાજનોનો જાન લેવાથી પણ જાણે કે તેનો ક્રોધ શાન્ત થાય તેમ નથી. જો તેનામાં તાકાત હોત તો તે આજે સમસ્ત રાજ્યને બાળીને ભસ્મીભૂત કરી નાંખત. વિજયસિંહ ઉપર તેને ઘણોજ ક્રોધ ઉપજ્યો છે; પરંતુ વિજયસિંહને સજા કરવાનો ઉપાય તો હવે તેના હાથમાં રહ્યો નથી! શૈલેન્દ્રસિંહ ઉપર ઉપજેલા ક્રોધને પરિણામે તેણે પ્રભાતકાળેજ શૈલેન્દ્રસિંહને કેદમાં નાંખવાનું ફરમાન કાઢ્યું છે. આ સિવાય ગૌરવ બીજા બધા રાજકીય નોકરો ઉપર પણ ક્રોધે ભરાઇ છે; કિન્તુ સઘળા સરદારોને એક સાથે તે કેવી રીતે સજા કરી શકે? સૌરભ ઉપર પણ ગૌરવને ઘણો ગુસ્સો ઉપજ્યો છે. તે તેનું મસ્તક કાપી નાંખે તો પણ તેનો ક્રોધ શાન્ત થાય તેમ નથી. હવે ગૌરવને સહુના કરતાં પોતાના પતિ જાલિમસિંહ ઉપર ઘણો ક્રોધ ઉપજ્યો છે. જો જાલિમસિંહનામાં મનુષ્યત્વ રહ્યું હોત તો સરદારો કયા સાહસથી આટલા બધા સ્વતંત્ર થઇ શકત? કયા સાહસથી તેઓ મધ્યરાત્રે એક બીજાની સાથે છુપી મસલત ચલાવી શકત? કયા સાહસથી તેઓ આવી રીતે રાજદ્રોહ કરી શકત? કયા સાહસથી વિજયસિંહ શત્રુને સહાયતા કરવા જઈ શકત? પોતે શું કરવું તેનો કશો નિર્ણય ગૌરવ કરી શકતી નથી. તેના હૃદયમાં અસંખ્ય ભાવ ઉભરાઇ જાય છે; તેનું વર્ણન આ નિર્જીવ લેખિનીથી આલેખી શકાય તેમ નથી.

સંધ્યા સમયે તે માત્ર કેટલાક અંગરક્ષકોને સાથે લઇને જે કિલ્લામાં સૌરભને કેદ કરી રાખવામાં આવી હતી તે કિલ્લા તરફ ગઈ. એક પણ સખીને તેણે પોતાની સાથે લીધી નહિ. સઘળી સખીઓને તેણે એમ જણાવ્યું કે, "આજે મ્હારૂં મન અસ્થિર બની ગયું છે તેથી હું એક વખત સૌરભને મળવા જઉછું. તેને અત્રે લઇ આવીને મ્હારી સાથે થોડા દિવસ રાખીશ."

સખીઓએ ગૌરવનાં આ વચનો ઉપર વિશ્વાસ મૂકયો કે કેમ તે અમે જાણુતા નથી; કિન્તુ તેઓમાંની કોઇ પણ સખી એક અક્ષર મુદ્દાં ઉચ્ચારવાનું સાહસ કરી શકી નહિ. ગૌરવ માત્ર કેટલાક અંગરક્ષકોને સાથે લઇ કિલ્લા તરફ ચાલી ગઇ.

આજે ગૌરવ ઘણા દિવસ પછી પોતાની ભગિનીને મળવા જાય છે.

*   *   *   *   *

કિલ્લામાં સૌરભ માલતીને ગળે વળગી પડીને રૂદન કર્યા કરતી હતી. માલતિ તેને સાંત્વના આપવાને માટે અનેક વચનો કહેતી હતી; પરંતુ સૌરભનું હૃદય કોઈ પણ રીતે શાન્ત થતું નહોતું! સૌરભે રૂદન કરતાં કરતાં સખીને કહ્યું:–"સખિ! હું હવે બચી શકીશ નહિ. પતિદેવનું પુનઃ દર્શન કરવાને હું ભાગ્યશાળી થઇશ નહિ. મ્હારા પ્રાણાધિક પુત્રને—"

માલતીનાં નયનયુગલમાંથી પણ આંસુઓ સરી પડતાં હતાં. તેણે કહ્યું:–"સખિ! બ્હેન! તમને હું હવે કેવી રીતે સમજાવું? શાન્ત થાઓ. સબુરીનાં ફળ મિઠાં છે. સંકટ સમયે વિજ્ઞ મનુષ્યે ગભરાઇ જવું જોઇએ નહિ. દ્રૌપદી, સીતા, સાવિત્રી તેમજ અહલ્યા જેવી સતી સાધ્વી સ્ત્રીઓ ઉપર પણ કાંઇ ઓછું દુઃખ પડ્યું હતું કે? માટે ધૈર્ય ધરો—અંતરની ચિંતાને દૂર કરો. શાન્ત થાઓ. તમારો સુખસૂર્ય પાછો પૂર્ણ તેજથી પ્રકાશી નીકળશે—તમારૂં સઘળું દુઃખ દૂર થશે.

સૌરભઃ–માલતિ! હું મ્હારા મનને ઘણુંય સમજાવું છું; કિન્તુ તે સમજતુંજ નથી. જો સાંભળ,

ભાગ્યના પાસા બધા ઉલટા કદી જો થાય છે,
સુખ તથા આશા તણો પ્રાસાદ તુટી જાય છે.

બ્હેન ! મ્હારા સુખનો મહેલ જમીનદોસ્ત થઈ ગયો છે. મ્હારી સઘળી આશાઓ નિરાશાના રૂપમાં બદલાઇ ગઇ છે. મ્હને એમ લાગે છે કે, મૃત્યુ દિન પ્રતિદિન મ્હારી પાસે આવતું જાય છે.

માલતિઃ—બ્હેન ! તમે શા માટે આટલાં બધાં અધીરાં બની જાઓ છો ?

સૌરભઃ—માલતિ ! હું જે કહું છું તે સાચુંજ કહું છું. તું મ્હારા પુત્રની સંભાળ રાખજે.

માલતિઃ—બ્હેન ! ધૈર્ય ધારણ કરો.

સૌરભના હાવભાવ જોઇને માલતિ ઘણો ભય પામી. હવે સૌરભને મ્હોટેથી રડવાનું મન થાય છે તો પણ તે રડી શકતી નથી. આજે વારંવાર તે બેશુદ્ધ બની જાય છે; પરંતુ બેશુદ્ધાવસ્થામાં પણ તે પોતાના પ્રાણાધિક પુત્રને એટલો દબાવી રાખે છે કે, માલતિ અસંખ્ય યત્નો કરીને તેની પાસેથી પુત્રને પોતાની પાસે લઇ શકતી નથી. પાછો પુત્ર જ્યારે રડવા માંડે છે ત્યારે સૌરભ શુદ્ધિમાં આવે છે. તે વ્યાકુળતાથી ચારે તરફ દૃષ્ટિ ફેરવીને પુત્રને રડતો છાનો રાખે છે. સૌરભનું શરીર ક્ષીણ થઇ ગયું છે. તેના શરીરમાં હવે જાણે કે લોહીજ નથી એમ લાગે છે. તેની ચંપકના જેવી ગૌરકાન્તિ પાંડુ રંગની તેમજ નિસ્તેજ બની ગઇ છે. તેના શરીરનું આવું પરિવર્તન જોઇને માલતિ ઘણી ભયભીત થઇ ગઇ; પરંતુ તે શું કરે ? કોને જઇને આ વાત કહે ? !

બીજે દિવસે માલતિ અને સૌરભ બંને જણાં બેસીને બાળકની રમત જોઇ રહ્યાં છે—કોઈ કાંઇ બોલતું નથી. આજે સૌરભ રડતી નથી—તે પુત્રને ખોળામાં બેસાડી તેની સાથે રમત કર્યા કરે છે. ન્હાનો રાજકુમાર લાવણ્યસિંહ વારંવાર માતાના મ્હોં સ્હામે જોઇને હસે છે, કૂદે છે તેમજ નાચે છે. તે પોતાની માતાના હૃદયનું દુઃખ

ક્યાંથી સમજે ! આવો દેખાવ જોઇ આજે માલતિ પણ અપાર આનંદિત થાય છે. સૌરભને આજના જેવી આનંદી, માલતીએ કદાપિ જોઇ નથી.

એકાએક પાછળ કોઈનાં પગલાંનો અવાજ થયો. સૌરભ તેમજ માલતીએ આશ્ચર્ય પામીને તે તરફ જોયું તો તેમણે પોતાની પાસે રાક્ષસી ગૌરવને આવી પહોંચેલી જોઇ. ક્ષણ માત્રમાંજ સૌરભે પુત્રને છાતી સાથે ચાંપી ભગિનીના તરફ જોઇને ગદ્‌ગદ્ કંઠે કહ્યું:–" બ્હેન ! હું હવે બચવાની નથી ! બ્હેન ! આ સંસારમાં તમારા સિવાય મ્હારા પ્રાણાધિક પુત્રની સંભાળ લે એવું કોણ છે ? લ્યો બ્હેન ! મ્હારા નયનમણિને લ્યો. એણે કાંઇ પણ ગુન્હો કર્યો નથી. તેને ઉછેરીને મ્હોટો કરજો. આ સંસારમાં તમારા સિવાય હું બીજા કોને મ્હારૂં સર્વસ્વ સોંપી જાઉં ? "

સૌરભ કદાપિ એક સાથે આટલાં વચનો ઉચ્ચારી શકતી નહિ. આટલાં વચનો ઉચ્ચાર્યા પછી તેનો શ્વાસ બંધ થઇ જવા આવ્યો. માલતીએ જોયું કે, સૌરભ ધીમે ધીમે બેશુદ્ધ બનતી જાય છે. તે જાણે કે જમીન ઉપર પડું પડું થઇ રહી છે. માલતીએ તેની પાસે જઇને તેને તેમજ તેના પુત્રને પકડી રાખ્યો.

ગૌરવનું સમસ્ત અંગ વાયુથી ધ્રૂજતી લતાની માફક ધ્રૂજયા કરે છે. ગૌરવ લાકડાના પુતળાની માફક ઉભી રહી છે. તેના શરીર-માંથી જાણે કે ક્ષણ માત્રમાં પ્રાણ ચાલ્યો ગયો. એકાએક જાણે કે તેના મસ્તકમાં પ્રચંડ અગ્નિ સળગી ઉઠયો. માલતીએ જોયું કે, ગૌરવ થર થર કંપે છે. તેના વદનમંડળે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું છે.

એકાએક ગૌરવ બાળિકાની માફક બૂમો પાડી મ્હોટેથી રડવા લાગી. ત્યાર પછી ગાંડીની માફક તે આ સ્થાનનો ત્યાગ કરી ચાલી ગઇ. તેનો રૂદનધ્વનિ સૌરભના સાંભળવામાં આવ્યો. તેણે આંખો



—લ્યો બ્હેન ! મ્હારા નયનમણિને લ્યો. એણે કાંઈ પણ ગુન્હો કર્યો નથી. તેને ઉછેરીને મ્હોટો કરજો.

U. RAY & SONS CALCUTTA

ઉચ્ચાડી વ્યાકુળતાથી કહ્યું:–" ક્યાં છે મ્હારો લાવણ્ય ? ક્યાં છે મ્હારૂં સર્વસ્વ ધન ? ક્યાં છે મ્હારી આલોક તેમજ પરલોકની આશા ? લાવો લાવો, મ્હારા નયનમણિને મ્હારી પાસે લાવો. "

માલતીએ તરતજ લાવણ્યસિંહને સૌરભના ખોળામાં આપીને કહ્યું:" બ્હેન ! આમ અધીરાં કેમ થઇ જાઓ છો ? આ રહ્યો લાવણ્ય ! "

સૌરભે ભયપૂર્ણ વદને ચારે તરફ દૃષ્ટિ ફેરવી. પછીથી તેણે પુત્રને છાતી સરસો ચાંપી તેના ગુલેગુલાબી ગાલ તેમજ અધરોષ્ઠ ઉપર અનેક ચુંબનો કર્યાં. પછી તેણે માલતીને કહ્યું:–" સખિ ! પાછું મ્હેં પેલું ભયંકર સ્વપ્ન જોયું છે ! જાણે કે મ્હોટી બ્હેન મ્હારા નયનમણિ લાવણ્યસિંહને બળાત્કારે મ્હારી પાસેથી લઇ જવાને અત્રે આવ્યાં છે ! સખિ ! એ શું સાચી વાત હશે ? "

સૌરભનાં વચનો સાંભળવામાં આવતાં માલતીનું હૃદય પણ ફાટી જવા લાગ્યું. માલતિ સાહસ કરીને કાંઇ પણ બોલી શકી નહિ. સૌરભે ગૌરવને સંબોધીને ઉપર જે વચનો ઉચ્ચાર્યાં હતાં તે તેણે બેશુદ્ધાવસ્થામાં ઉચ્ચાર્યાં હતાં. તે એમ ખાત્રીપૂર્વક જાણી શકી નથી કે, ગૌરવ પોતાની પાસે આવી છે. આ વાત માલતીનાથી પણ સૌરભને કહી શકાઇ નહિ. માલતીએ ગદ્‌ગદ કંઠે કહ્યું:–" બ્હેન ! નિર્ભય રહો. સ્વપ્ન કદાપિ સાચું ઠરે ખરૂં કે ! "

સૌરભ કાંઇ બોલી નહિ. ઘણા સમય સુધી તે માલતીના મ્હોં તરફ ટગર ટગર જોઇ રહી. ત્યાર પછી તેનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. તે પાછી માલતીને ગળે વળગીને રડી પડી.

પ્રકરણ ૩૬ મું.

સાધ્વી સૌરભનું સ્વર્ગગમન !

कस्यै कान्तं सुखमुगतं दुःख मेकान्ततोवा ।
नीचै र्गच्छत्युपरी च दशा चक्रनेमिक्रमेण ॥

मेघदूत.

ગૌરવને તેના અત્યાર સુધીના જીવનમાં આજના જેવી અસાધારણ વેદના થઇ નથી. તે આજે ખરેખર સૌરભના હૃદયરત્ન—પ્રાણાધિક લાવણ્યસિંહને તેની પાસેથી લઈ જવાને આવી હતી. ન્હાના લાવણ્યસિંહનું ખૂન કરી તેણે મહારાણાની જનની થવાનો પ્રયાસ કર્યો હતો; પરં્તુ તે રાક્ષસી હોવા છતાં પણ રમણી છે ! સૌરભની સરળતા, સૌરભનું વાત્સલ્ય, સૌરભનો વિશ્વાસ તેમજ સૌરભનો સ્નેહ તેના હૃદયમાં સેંકડો કટારીઓની માફક તીવ્ર વેદના કરવા લાગ્યો. તે જે કાર્ય કરવાને માટે આવી હતી તે કાર્ય તેનાથી થઇ શકયું નહિ. સૌરભની ફરીથી મુલાકાત કરવાનું સાહસ પણ તે કરી શકી નહિ. તેણે તેજ વખતે કિલ્લાનો ત્યાગ કર્યો.

આમ છતાં તે તેના અંતરમાંથી તેની રાક્ષસી મહત્વાકાંક્ષાને દૂર કરી શકી નહિ. એ પાષાણ હૃદયના પહેરેગીરોને પોતાની પાસે બોલાવી, તેણે તેમને આજ્ઞા કરી કે, “જો તમે સૌરભના પુત્ર લાવણ્યસિંહની હત્યા કરી શકશો તો હું તમને મ્હોટો રાજ્યાધિકાર આપી તમારા ભાગ્યના ભાનુને પૂર્ણ તેજથી પ્રકાશિત કરીશ. તે ઉપરાંત આ કાર્ય કરવાના બદલામાં હું તમને એક લાખ રૂપિયા ઇનામ તરીકે આપીશ. હમણાં હું આ કંઠહાર તમને આપું છું.”

કિંમતી કંઠહારની પ્રાપ્તિ થતાં પહેરેગીરોના આનંદનો પાર રહ્યો નહિ. વળી પોતાને દર્શાવવામાં આવેલું કાર્ય કરવામાં આવતાં

તેમને એક લાખ રૂપિયા મળે તેમ હતા ! તે ઉપરાંત ઉંચો રાજ્યાધિકાર પ્રાપ્ત થાય તેમ હતું ! આટલા દિવસને અંતરે પોતાના ભાગ્યને પોતાના પર પ્રસન્ન થયેલું વિચારીને તેઓ અતિ આનંદિત થયા. આટલું સુખ તેમજ આનંદ તેમણે તેમના જીવનમાં કદાપિ અનુભવ્યો. નથી. બીજી તરફથી ગૌરવ પણ સત્વર પહેરેગીરોને આ કાર્ય સોંપી રાજધાની તરફ વિદાય થઈ. ફાંસીની આજ્ઞા આપી ન્યાયાધીશ જેવી રીતે ફાંસીના લાકડા પાસેથી પલાયન કરી જાય છે તેવી રીતે ગૌરવ પણ આ બન્ને પહેરેગીરોને મહા ભયંકર આજ્ઞા કરી, એ ભયંકર દેખાવનું દર્શન કરવાની પોતાનામાં હિમ્મત નહિ હોવાથી રાજધાની તરફ ચાલી ગઇ.

બન્ને પહેરેગીરોએ સુરાપાન કરવાની શુરૂઆત કરી. તેઓ નિષ્ઠુર હોવા છતાં મનુષ્ય છે. શુદ્ધિમાં રહીને એક હતભાગિની અબળાની પાસેથી તેના હૃદયરત્નને ઝુંટાવી લાવવા જેટલું સાહસ તેમનામાં નથી. આથી કરીને પોતાની શુદ્ધિને થોડે ઘણે અંશે દૂર કરવાના હેતુથી તેમણે સુરાપાન કરવાની શુરૂઆત કરી. સુરાથી ઉન્મત્ત બની જઇને આ નૃશંસ કાર્ય કરવાનો તેમણે નિશ્ચય કર્યો—તે સિવાય તેમનાથી આ મહા ભયંકર કાર્ય કરી શકાય તેમ નથી.

પરંતુ આજે તેમણે એક ઉપર એક મદિરાપાત્રને પોતાના કંઠમાં રેડી દીધા છતાં તેમની શુદ્ધિ દૂર થતી નથી—તેમનું મન તેમજ હૃદય ઉત્તેજિત બની જતું નથી—તેઓ જોઇએ એટલા સાહસનો સંચય કરી શકતા નથી. આથી કરીને એક પહેરેગીરે પોતાનો સાથીદારને કહ્યું:—" ના ભાઇ ! ના, આ કાર્ય આપણાથી તો થઇ શકશે નહિ. હું જીવનપર્યંત ગરીબ રહીશ તો તેની મ્હને ચિંતા નથી; પણ આવું ભયંકર કાર્ય કરી ઠાઠમાઠ તેમજ વિલાસ-વૈભવ પ્રાપ્ત કરવાની મ્હને ઇચ્છા નથી ! "

બીજાએ કહ્યું:-" વાહરે ! એમ કરવાથી સહુ કોઇ તને નામર્દ કહેશે ! "

પહેલો:-ભલે કહે. તેથી મ્હને શું નુકશાન છે ?

બીજો:-જો આ કાર્ય આપણે નહિ કરીએ તો મહારાણીજી આપણો જીવ લેશે.

આ વચન સાંભળી પહેલા પહેરેગીરે ભયભીત બની જઇને કહ્યું:-" હા, ભાઇ ! ત્હારૂં કહેવું બરાબર છે. સુડી વચ્ચે સોપારી જેવી આપણી સ્થિતિ છે. "

બીજા પહેરેગીરે કહ્યું:-" જેમ જેમ આપણે વધારે વિચારો કરીશું તેમ તેમ આપણો નિશ્ચય ફરતો જશે; માટે આ કાર્ય સત્વર કરી નાંખીએ તો સારૂં—**शुभस्य शीघ्रं.** "

પહેલો:-ત્યારે હવે ગાંજાની એક બે ચલમ ફુંકીએ તો બરાબર રંગ જામશે. સુરાપાન ઉપર ગાંજો ઘણી આબાદ અસર કરશે, અને આપણું કાર્ય ઘણી સહેલાઇથી પાર ઉતરશે.

બીજો:-ખરૂં છે; ચાલ, હું વિના વિલંબે ચલમ તૈયાર કરૂં છું.

આ પ્રમાણે કહી બીજા પહેરેગીરે થોડાજ સમયમાં ગાંજાની ચલમ તૈયાર કરી. બે ત્રણ ચલમનો ધુમાડો કાઢ્યા પછી તેઓ બન્ને સૌરભ જે ઓરડામાં હતી તે ઓરડા તરફ ગયા. જતાં જતાં એક જણે બીજાને કહ્યું:-" આ કાર્ય કર્યા પછી મહારાણી આપણને મહારાણા બનાવી દે તો કેવું સારૂં ? રોજ પીપનાં પીપ ભરીને શરાબ પીવાનો મળે, અને આપણું દરિદ્રતાનું દુ:ખ ટળે. "

ગાંજાની તેમજ મદિરાની ઉત્તેજનાથી તેમનું બન્નેનું મસ્તક ફરવા લાગ્યું છે. તેમનાં નેત્રો લાલચોળ બની ગયાં છે. સઘળા શરીરમાં જાણે કે રાક્ષસી બળ આવ્યું છે. આવી સ્થિતિમાં તેઓ સૌરભના ઓરડા તરફ જતા હતા; એટલામાં માલતિ તેમને સ્હામી

મળી. માલતિ સૌરભનું ભોજનપાત્ર હાથમાં લઇને સૌરભ પાસે જતી હતી.

હરિણી જોવામાં આવતાંજ ભૂખ્યો વાઘ જે પ્રમાણે કૂદકો મારીને તેના ઉપર હુમલો કરે તેજ પ્રમાણે આ બંને નરાધમ રાક્ષસોએ માલતીના ઉપર હુમલો કર્યો. એક જણે તેનું ગળું દબાવ્યું, અને બીજાએ તેની છાતીમાં ચમકતી કટાર ખોસી દીધી. માલતિ બૂમ પાડી ઉઠી. તેના કંઠમાંથી માત્ર એટલાજ શબ્દનો ઉચ્ચાર થયો કે, " સખિ ! " ત્યાર પછી તે પૃથિવી પર પટકાઇ પડી. તેના હૃદયમાંથી તીરવેગે લોહી વહેવા લાગ્યું. એ લોહીથી એ સ્થાનની સઘળી જમીન ભીંજાઇ ગઇ. બંને નરાધમ રાક્ષસો તેને ત્યાંજ પડી રહેવા દઇ સૌરભના શયનમંદિર તરફ આગળ ધસ્યા.

એક વખત એક ખૂન કર્યાં પછી જેવી રીતે બીજું ખૂન કરવાને માટે મનુષ્ય ઉન્મત્ત થાય તેવીજ રીતે આ બંને પિશાચો માલતીનું ખૂન કરી, વિશેષ ખૂન કરવાને માટે વ્યાકુળ બની ગયા.

સૌરભ એકલી લાવણ્યસિંહની સાથે રમત કર્યા કરતી હતી. લાવણ્યસિંહ મમતાથી માતાના ખોળામાં બેસીને હાસ્યવિનોદ કર્યા કરતો હતો. આવે સમયે એકાએક પગલાંનો અવાજ સાંભળીને કહ્યું:—" સખિ ! આજે આટલો બધો વિલંબ કેમ થયો ? "

આમ કહી સૌરભે દ્વાર તરફ દૃષ્ટિ કરી. દૃષ્ટિ કરતાંની સાથેજ તેણે બે નરરાક્ષસોને લોહીથી ભીંજાઇ ગયેલા શરીરે પોતાના શયનમંદિરમાં આવીને ઉભેલા જોયા. આવો અણધાર્યો મહા ભયંકર દેખાવ જોવામાં આવતાંજ તેનું હૃદય, હૃદયમાં બેસી ગયું. તે પુત્રને પોતાના હૃદયમાં છુપાવી આ બંને નરરાક્ષસોના વિકાળ વદન તરફ વ્યાકુળતાથી જોઈ રહી. તરતજ તેનાં બંને નેત્રોમાં ગરમ અશ્રુજળ ભરાઇ આવ્યું; કિન્તુ તેનાથી એક અક્ષર ઉચ્ચારી શકાયો નહિં.

બંને નરરાક્ષસો પોતાની સ્હામે ચિંતામગ્ન તેમજ ભયભીત બની ગયેલી અબળાને જોઇ સ્તંભિત થઇ જઇને ઉભા રહ્યા હતા. એકાએક કોઇએ જાણે કે તેમના જીવને પત્થર જેવો કઠિન બનાવી દીધો હતો. એકાએક કોઇ જાણે કે તેમના હૃદયમાં પ્રવેશ કરી બળાત્કારથી આઘાત કરતું હતું. તેઓ વિશેષ આગળ વધી શકયા નહિ.

પરંતુ ધીમે ધીમે તેઓ શુદ્ધિમાં આવ્યા. પછીથી બીજા પહેરેગીરે પહેલાને હડસેલો મારીને કહ્યું:–"ચાલ, જલદીથી પાર લાવને." પહેલાએ ક્રોધે ભરાઇને બીજાને કહ્યું:–"તુંજ આ કામનો પાર લાવને!"

બીજો બોલી ઉઠયો:–"દોસ્ત! મ્હારાથી ન બની શકે એવું એક પણ કામ આ દુનિયામાં નથી! હું કાંઈ ત્હારા જેવો નામર્દ યા તો બાયલો નથી!!"

આમ કહી તેણે આગળ વધી સૌરભની પાસેથી લાવણ્યસિંહને પકડયો. સૌરભ પણ પ્રાણાધિક પુત્રને, છાતી સાથે ચાંપી દૃઢતાથી પકડી રહી. પછીથી તે ગગનને ગજાવી મૂકે એવી રીતે મ્હોટેથી બૂમો મારવા લાગી. તેની એ બૂમોનો વારંવાર પડઘો પડવા લાગ્યો. એ પડઘાએ જાણે કે વાયુમાં મળી જઇ સમસ્ત પૃથિવીને શોકપૂર્ણ બનાવી દીધી.

આ સમયે બીજા પહેરેગીરે પહેલાને કહ્યું:–"તું આવીને મ્હને મદદ કરને—હું એકલો આ બાળકને તેની માતા પાસેથી છોડાવી શકતો નથી. જો તું મ્હને મદદ નહિ કરે તો મહારાણીજી આગળ ત્હારી ફરિયાદ કરીશ."

પોતાની તદ્દન નામરજી હોવા છતાં મહારાણીના ક્રોધનો ભોગ થઇ પડવાના ભયથી તેણે પણ જઈ બાળક લાવણ્યસિંહને પકડયો. સૌરભ ગદ્‌ગદ કંઠે બોલી ઉઠી:–"ઓ ભાઇઓ! હું તમારે

પગે પડું છું. તમારે જો મ્હારો જીવ લેવો હોય તો બેલાશક લ્યો; પરંતુ મ્હારા આ નિરપરાધી કોમળ કુસુમ પર તમે જુલ્મ ન ગુજારો. તમારા દિલમાં દયા લાવો. હું તમારી દયા, તથા તમારો ઉપકાર જીવનપર્યંત કદાપિ ભૂલી જઇશ નહિ. "

એક પહેરેગીર બોલી ઉઠયોઃ– ઓ અભાગિની અબળા ! તું દયા પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરે છે ! નહિ નહિ, મહારાણી ગૌરવે અમને જે કાર્ય સોંપ્યું છે તે અમે કરીશું અને લાખ રૂપિયાની બક્ષિસ ઉપરાંત ઘણો સારો હોદ્દો મેળવીશું. સ્વાર્થ આગળ દયા હોતી નથી. અમે આજે ત્હારા આ છોકરાને જીવતો રહેવા દેનાર નથી— ત્હારા કાલાવાલા પ્રત્યે લક્ષ્ય આપનાર નથી. "

સૌરભે પુનઃ જોરથી લાવણ્યસિંહને પકડી રાખી નમ્ર સ્વરે કહ્યું:– " શું મહારાણી ગૌરવે તમને મ્હારા હૃદયરત્નનું ખૂન કરવા મોકલ્યા છે ? આહ ! આજે હું આ શું સાંભળું છું ? હે પ્રભુ ! કળિકાળનું મહાત્મય દર્શાવવાને, કળિકાળનાં સગાં સંબંધીઓનો સ્નેહ દર્શાવવાને માટેજ તમે મ્હારા ઉપર આજે આવો દુઃખનો ડુંગર નાંખ્યો છે કે શું ? શું માબાપ પોતાનાં બચ્ચાંનું ખૂન કરાવશે ? પ્રભુ ! તમે સહાય કરો—આ નિર્દોષી પર થતા અધર્મને અટકાવો. ઓ ભાઇઓ ! મ્હારા પર પ્રભુને ખાતર દયા લાવો. પરમાત્મા તમારૂં કલ્યાણ કરશે— તમારા સઘળા મનોરથ પાર ઉતારશે. "

બીજો પહેરેગીર બોલી ઉઠયોઃ–" નહિ નહિ, જ્યાં સુધી અમારા જીવમાં જીવ છે ત્યાં સુધી એમ બનનાર નથી—અમારો નિશ્ચય ફરનાર નથી—અમે પરમાત્માનો ભય ધરનાર નથી. ચાલ તું જલદીથી ત્હારા બાળકને અમારે સ્વાધીન કર; નહિ તો તને પણ આજે અમે યમસદનમાં પહોંચાડી દઇશું. "

સૌરભ સમજી ગઇ કે, તે પોતે ગમે તેટલા કાલાવાલા કરશે

તો પણ પાપાત્માનાં પત્થર જેવાં ક્રૂર હૃદય પીગળનાર નથી—તેના પ્રાણાધિક હૃદયરત્ન લાવણ્યસિંહનું રક્ષણ થનાર નથી. આમ વિચારીને તેણે દૃઢતાથી લાવણ્યસિંહને પકડી રાખ્યો. અત્યારે સૌરભના શરીરમાં પણ દૈવી બળ આવ્યું છે !

આવી રીતે ઘણા સમય સુધી ખેંચતાણ ચાલ્યા કરી. અંતે સૌરભનું શરીર નિર્બળ થવા લાગ્યું. એ દુષ્ટ રાક્ષસોના પૈશાચિક બળ સ્હામે તે કેટલા સમય સુધી ટક્કર ઝીલી શકે ? આમ છતાં તે લાવણ્યસિંહને છોડતી નથી. આથી એક પહેરેગીરે બીજા પહેરેગીરને કહ્યું:-" ત્હારી કટાર આ અબળાના અંગમાં ખોસી દે એટલે તે નિરૂપાયે છોકરાને છોડી દેશે. "

બીજાએ કહ્યું:-" એને મારીને શું કામ છે ? એને મારવાનો હુકમ નથી. "

પહેલા પહેરેગીરે ક્રોધથી ઉન્મત્ત બની જઇને ઘણાજ બળપૂર્વક બાળક લાવણ્યસિંહને ખેંચ્યો. લાવણ્યસિંહ મ્હોટે અવાજે રડી પડ્યો. સૌરભ આ સમયે રડતાં રડતાં કરૂણાપૂર્વક કંઠે બોલી ઉઠી:-" નાથ ! સ્વામિન્ ! લલિત ! હવે હું નિરૂપાય છું—તમે આવીને તમારા લાવણ્યનું રક્ષણ કરો. પ્રભુ–પ્રભુ–! "

લતા ઉપરથી ખરી પડતા પુષ્પની માફક, બાણથી વિંધાયલી હરિણીની માફક અવસન્ન બની જઇને સૌરભ પૃથિવી ઉપર પટકાઇ પડી. બન્ને નરરાક્ષસો પણ લાવણ્યસિંહને ઉંચકી લઇ ઉભા રહ્યા. પછીથી તેઓ બન્ને એક બીજાના મ્હોં સ્હામું જોવા લાગ્યા. તેઓ બન્નેમાંના એક જણે કહ્યું:-" હવે વિલંબ શા માટે કરે છે ? "

બીજો બોલી ઉઠ્યો:-" ના વિલંબ કરતો નથી. જો જો, સ્વાર્થસિદ્ધિ કરવાને માટે, મ્હારી આ તેજસ્વી કટાર બાળકનું લોહી પીવાને તલપી રહી છે. "

આમ કહીને તેણે લાવણ્યસિંહની કોમળ છાતી ચીરી નાંખવા લક્ષ્યપૂર્વક પોતાની કટાર ઉંચી કરી.

બરાબર આ સમયેજ એક તીર આવી, બીજા પહેરેગીરે જે હાથમાં કટાર ઉંચકી હતી તે હાથમાં આબાદ વાગ્યું. તીર વાગતાંની સાથેજ એ પહેરેગીર વિકટ બૂમ મારીને જમીન પર પછડાયો. લાવણ્યસિંહ તેના હાથમાંથી નીચે પડ્યો; તેથી તે હૃદયભેદક સ્વરે રડવા લાગ્યો. પહેલો પહેરેગીર પોતાના સાથીદારની દુર્દશા થયેલી જોઇને દૂર ખસી જઇને ઉભો રહ્યો. એકાએક આ સમયે એક જણે આવીને લાવણ્યસિંહને ઉંચકી લીધો. પછીથી તેણે કમર પર લટકતી સમશેરને મ્યાનની બહાર ખેંચી કાઢી જમીન પર પડી રહેલા પહેરેગીરને લાત મારી દૂર હડસેલી મૂક્યો.

આ આવનાર માણસ જુમેલિયા છે. એક પહેરેગીર જુમેલિયાના તીરનો ભોગ થઇ પડીને પંચત્વ પામ્યો. બીજો પહેરેગીર જીવ બચાવવાના ઉદ્દેશથી ભયભીત બની જઇને ત્યાંથી સત્વર પલાયન કરી ગયો.

જુમેલિયા લાવણ્યસિંહને શાન્ત કરીને સૌરભ પાસે ગયો; પરંતુ અરેરે ! સૌરભ હવે આલોકમાં નથી ! સૌરભ પુષ્પ કરમાઇ ગયું છે ! તેના હૃદય ઉપર સખ્ત આઘાત લાગવાથી તે સ્વર્ગગમન કરી ગઇ છે. દેવિ ! જા જા, ત્હારા માટે સ્વર્ગના દેવો રાહ જોઇ રહ્યા છે. ત્હારા જેવી આદર્શ સાધ્વી પુણ્યમયી પ્રતિપ્રાણા અબળા આ પાપમય પૃથિવીમાં રહેવાને યોગ્ય નથી.

જુમેલિયાનાં નયનયુગલમાંથી શોકનાં આંસુઓ ઉભરાઇ જવા લાગ્યાં. જુમેલિયા લાવણ્યસિંહને ખભા ઉપર નાંખી એક ન્હાના બાળકની માફક મ્હોટેથી રડવા લાગ્યો; કિન્તુ આ સ્થાને વધારે વખતને માટે રોકાવું તેને વ્યાજબી લાગ્યું નહિ. હમણાં તે એકદમ!

છે. ચારે તરફ રાક્ષસી ગૌરવના ગુપ્તદૂતો ફર્યા કરે છે. આવી સ્થિતિ હોવાથી જુમેલિયાએ લાવણ્યસિંહને સાથે લઇને આ સ્થાનેથી સત્વર ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો.

પરંતુ લાવણ્યસિંહને સાથે લઇ જઇને તે શું કરશે ? ક્યાં જશે ? વળી જો તે લાવણ્યસિંહને આટલામાંજ કોઇને સોંપી ચાલ્યો જાય તો જાણી જોઇને તેને કાળના મ્હોંમાં મૂક્યો ગણી શકાય !

રડી રડીને લાવણ્યસિંહ નિદ્રાધીન થઇ ગયો હતો. જુમેલિયા નિદ્રાધીન થયેલા લાવણ્યસિંહને પોતાના ખભા ઉપર નાંખી કિલ્લાની બ્હાર નીકળ્યો. તેણે જેવી રીતે ચુપચુપ કિલ્લામાં પ્રવેશ કર્યો હતો તેવીજ રીતે તે કિલ્લાની બ્હાર નીકળ્યો.

કિલ્લાની બ્હાર નીકળી એક વખત તેણે પોતાની બંસીનો ધ્વનિ કર્યો, વિના વિલંબે બે બીજા પુરૂષો એક અશ્વ લઇને તેની પાસે આવીને ઉભા રહ્યા. પછીથી બાળક લાવણ્યસિંહ સાથે જુમેલિયા ઘોડેસ્વાર થયો અને તેણે પોતાનો ઘોડો કાળિકા દેવીના મંદિર તરફના રસ્તે દોડાવ્યો. એક દિવસ તેમજ એક રાત્રિ સુધી તે રસ્તામાં કોઇ પણ સ્થળે રોકાયો નહિ.

જ્યારે જુમેલિયા દેવીમંદિરમાં જઇ પહોંચ્યો ત્યારે ત્યાં પરમાનંદ સ્વામી હાજર હતા. તેમણે જુમેલિયાના ખભા ઉપર બાળકને જોઇ પૂછ્યું:–" જુમેલિયા ! આ કોણ છે ? "

જુમેલિયાએ ઉત્તર આપ્યો:–" બરવાણી રાજ્યનો મહારાણો. "

પરમાનંદ:–રાજકુમારી સૌરભદેવીનો પુત્ર લાવણ્યસિંહ કે ?

જુમેલિયા:–હા.

પરમાનંદ:–એ તને ક્યાંથી મળી આવ્યો ?

જુમેલિયા:–હું રાજધાનીમાંથી સૌરભદેવીની સ્થિતિ જોવા ગયો હતો. ત્યાં જતાં મ્હેં બે નરરાક્ષસોને આ બાળકની હત્યા કરવાને

તૈયાર થયેલા જોયા.

પરમાનંદઃ—ત્યારે ત્હેં એ બન્ને નરરાક્ષસોને યોગ્ય શિક્ષા કરી આ બાળકને બચાવ્યો કે ?

જુમેલિયાઃ—હા.

પરમાનંદઃ—સૌરભદેવી ક્યાં છે ?

જુમેલિયાઃ—તેઓ હવે આલોકમાં નથી !

પરમાનંદઃ—શું તે ઘાયલ થઇ છે ? મૃત્યુ પામી છે ?

જુમેલિયાઃ—મૃત્યુ પામ્યાં છે કે કેમ તેની ચોક્કસ તપાસ કરવાનો મ્હને સમય નહોતો. નિરૂપાયે મ્હારે સત્વર કિલ્લાનો ત્યાગ કરવો પડ્યો હતો.

પરમાનંદઃ—તું આ બાળકને ત્હારી સાથે શા માટે લઇ આવ્યો ?

જુમેલિયાઃ—ત્યારે એને કોની પાસે મૂકી આવું ? કોણ તેનું મૃત્યુના મુખમાંથી રક્ષણ કરે તેમ છે ?

પરમાનંદઃ—જો કે ત્હેં જે કાર્ય કર્યું છે તે ઠીક કર્યું છે; કિન્તુ એને સાથે રાખીને તું શું કરીશ ?

જુમેલિયાઃ—આપજ આ અસહાય બાળકનું લાલન પાલન કરશો એમ વિચારી હું તેને મ્હારી સાથે લઇ આવ્યો છું.

પરમાનંદઃ—ત્યારે શું ફરીથી હું એક બાળકનું લાલન પાલન કરૂં ! એક બાળકનુંજ લાલન પાલન કર્યાથી મ્હારી યોગ સાધના વગેરેમાં મ્હને કેટલું ખલેલ પહોંચ્યું છે તે માત્ર હુંજ સમજી શકું છું.

જુમેલિયાઃ—પ્રભુ ! એમાં એ બાળકનો શો દોષ છે ? આપે સ્વેચ્છાથીજ તેને નચાવ્યો કૂદાવ્યો છે.

થોડા સમય સુધી પરમાનંદ સ્વામી શાન્ત રહ્યા. પછીથી તેમણે કહ્યું:—"હું જ્યારે આ બાળક તને પાછો સોંપીશ ત્યારે ત્હારે તેને સ્વીકારવો પડશે. જો આ શરત તું કબુલ કરતો હોય તો હું એનું

લાલન પાલન કરવાનું કાર્ય હમણાં કરવાને તૈયાર થાઉં છું."

જુમેલિયા હમણાં નિરૂપાય છે! તેને યુદ્ધક્ષેત્રમાં ઝઝુમવાનું છે! આવી પરિસ્થિતિ હોવાથી તેણે ગુરૂદેવ પરમાનંદ સ્વામીની શરત કબૂલ કરી. વિના વિલંબે તે લાવણ્યસિંહને ગુરૂદેવને સોંપી પોતાના સૈન્યમાં પહોંચી જવાને માટે ચાલ્યો ગયો. સંન્યાસી મહાત્માએ બાળક લાવણ્યસિંહને ખભા પર લઇ દેવી-મંદિરમાં પ્રવેશ કર્યો.

પ્રકરણ ૩૭ મું.

વિલાસમહેલના વિલાસ કે જીંદગીનું સત્યાનાશ?

" કયું જવાની ખો રહે હો શાદમાંનીકે લીયે,
પીરીમે રોયા કરોગે ઇસ જવાનીકે લીયેઃ-કયું.
સુકતા હૈ જબ શજર ફેર વોહ હરા હોતા નહીં,
વોહ કહાની યેહ જવાની પીરે ફાનીકે લીયેઃ-કયું.
આબે રફતા નેહેરમેં ફેર લઔટ કર આતા નહીં,
પા નહીં શકતે ગુજસ્તા જીંદગાનીકે લીયેઃ-કયું. "

આ તરફ સૌરભ તેમજ માલતીના મૃત્યુના સમાચાર વિના વિલંબે સર્વત્ર ફેલાઇ ગયા. એ બંને દેહની કેટલાંક રાજ્યનિષ્ઠ મનુષ્યોએ મળીને સંપૂર્ણ સન્માનસહ અંત્યેષ્ટિ ક્રિયા કરી. કિલ્લેદારે રાજકુમાર લાવણ્યસિંહની ઘણી શોધ કરી; કિન્તુ તેનો પત્તો લાગ્યો નહિ.

બીજો પહેરેગીર જુમેલિયાનો ભય પામીને રાજધાની તરફ પલાયન કરી ગયો હતો. તેણે રાજધાનીમાં જઇ પહોંચી છુપી રીતે મહારાણીને મળીને કહ્યું:-" મહારાણિ! તમે સોંપેલું કાર્ય પાર ઉતાર્યું છે. માલતિ તેમજ સૌરભ હવે આલોકમાં નથી; એટલુંજ નહિ; પરંતુ મ્હેં સ્વહસ્તેજ રાજકુમાર લાવણ્યસિંહની હત્યા કરી

હવે આ દાસાનુદાસનો તમે ગોગ્ય સત્કાર કરવામાં વિલંબ નહિ કરો એવો મ્હને સંપૂર્ણ વિશ્વાસ છે. ”

બરાબર તેજ દિવસે એ પહેરેગીરને મહારાણી સૌરભે વિજયસિંહની જગ્યા ઉપર નિમ્યો. તે ઉપરાંત તેને એક લાખ રૂપિયા આપવાને ખજાનચીને બોલાવીને આજ્ઞા કરવામાં આવી. જોતજોતામાં આ સઘળી હકીકત સમસ્ત રાજધાની તેમજ રાજ્યમાં જાહિર થઈ ગઇ. રાજકુમારી સૌરભનું મૃત્યુ અને રાજકુમાર લાવણ્યસિંહનું અદ્રસ્ય થવું તથા તે સાથેજ એક સાધારણ પહેરેગીરને વિજયસિંહ જેવા મ્હોટા સરદારની જગ્યા મળવી-એ વગેરે બાબતોનો વિચાર કરતાં કરતાં પ્રજાજનોના શોકની સીમા રહી નહિ. રાજ્યના સરદારો તેમજ સેનાપતિઓની ચિંતાનો પાર રહ્યો નહિ.

વિલાસમહેલમાં મહારાણા જાલિમસિંહની પાસે બેઠેલા એક ખુશામદીઆએ કહ્યું:-“ મહારાજ! લક્ષ્મણસિંહજી બે હજાર ઘોડેસ્વારો સાથે લઇને શત્રુઓને સહાયતા કરવાના હેતુથી રાજધાનીમાંથી એકાએક અદ્રશ્ય થઇ ગયા છે. ”

બીજો એક બોલી ઉઠ્યો:- “ મહારાજ ! એટલુંજ નહિ; પરંતુ શૈલેન્દ્રસિંહ સુદ્ધાં કેદખાનામાંથી ગુપચુપ પલાયન કરી ગયા છે. જેલરનો પણ પત્તો લાગતો નથી. સઘળા રાજકીય નોકરો ધીમે ધીમે રાજદ્રોહ કરવા લાગ્યા છે. ”

મહારાણાએ સુરાની ઉત્તેજનાથી—મદિરાની મોહિનીથી આત્મભાન ગુમાવ્યું હતું. તેણે એક પછી એક-અનેક સુરાપાત્રોને પોતાના ગળામાં ખાલી કરી કહ્યું:-“ ભલે જેને રાજદ્રોહ કરવો હોય તેને કરવા દેજો. જેમને શત્રુને સહાયતા કરવા જવું હોય તેમને જવા દેજો; પરંતુ આ ગુલેગુલાબ બુલબુલોને અદ્રસ્ય થવા દેશો નહિ. નાચતાન બંધ થવા દેશો નહિ. ચલને દો:-

" અજબ શરાબે ઇશ્ક જાને જાન પીયો પીયો.
ફરીસ્તાનો પ્યારો શરાબ,
પ્રેમીનો એ ન્યારો શરાબ,
શરાબ શરાબ શરાબે—
પીયુએ પ્રિત-બીજ વાવીઉં, પાયું પ્રિયા જળધાર,
મહોબતની દ્રાક્ષ મીઠી મીઠી, થઇ લુમ લાખ હજાર;
પ્યારી પિયુ મળી ખેંચી પીયો અર્ક એ મૂલદાર,
દરકાર નહિ, ખરા છો હવે પડતી ગળે તલવાર;
અજબ ગુલાબ ગજબ સ્વાદ,
મહોબત શરાબે—"

જાલિમસિંહ શરાબની સ્તુતિ કરી રહ્યા એટલે એક જણે કહ્યું:—" મહારાજ ! પચાસ હજાર ભીલ સૈનિકોને સાથે લઇ યુવરાજ લલિતસિંહ આપણી વિરૂદ્ધ યુદ્ધ કરવાને આવે છે. "

જાલિમસિંહે આ વચનો તરફ દુર્લક્ષ્ય કરી પુનઃ સુરાપાન કરીને કહ્યું:—" કુછ પરવાહ નહિ. ગાન તાન હોને દો. દિલજાન ચલાવો તમારાં રામબાણ નયનબાણ !

મય તો હુવા દીવાના જાન તેરે લિયે,
તોરે લિયે રે જાન તોરે લિયે—મય.

બીજો એક ખુશામદીઓ બોલી ઉઠયો:—" મહારાજ ! રાજધાનીનું રક્ષણ થાય એવી કાંઇ વ્યવસ્થા કરવાની નથી કે ? "

જાલિમસિંહે વિરક્ત બની જઇને કહ્યું:—" એ બધી વ્યવસ્થા કરવાનો મ્હને અવકાશ નથી. મહારાણી ગૌરવ એ સંબંધીની સઘળી ગોઠવણ કરશે ચલાવ, દિલજાન ચમેલી ! ગાનતાન ચલાવ. "

ગાનતાન શુરૂ થયું. ગાયિકાનો મધુર કંઠસ્વર, નાચનારીના પગનો રૂમઝુમ અવાજ, મૃદંગ અને સારંગનો સુધામય રણકાર સઘળે જાણે કે મધુરતા ફેલાવવા લાગ્યો. જાલિમસિંહ પોતાના મનમાં ને

મનમાંજ વિલાસમહેલને બાગે બિહેસ્ત યા તો ઇંદ્રપુરીની ઉપમા આપવા લાગ્યો. ગાયિકાની સુંદરતાની તુલના થઇ શકે તેમ નથી. તેનો કૃષ્ણકેશકલાપ કામીજનોનાં કુટિલ હૃદયોને વિંધી નાખે એવો છે. તેનાં નેત્રો પળે પળે પલકારા કરે છે. તેનું તેજસ્વી વદન ગુલેગુલાબી ગુલાબને પણ ઝાંખુ બનાવી દે એવું છે. તેનાં બન્ને નિતંબો વારંવાર થડકતાં જણાય છે. ટુંકામાં એટલુંજ જણાવીશું કે, આ ગાયિકા વિલાસનીજ સાક્ષાત પ્રતિમા જણાય છે. ચમેલી ગાવા લાગી કેઃ—

પીલા હે લાલા પ્યાલા મુઝકો એ રંગકા;
રંગ ઇશ્ક રંગકા..............પીલા હે લાલા પ્યા૦
યૌવન શરાબ હય; પીનેકા પ્યાર હય;
આ તો શૌકકા બાજાર હય.................પીલા હે૦
યુવાની જાયે ચાલી, ભેટી લ્યો પ્ર ·દા વ્હાલી;
મંથને નિશા બેચેની ગાળી......પીલાહે લાલા પ્યાલા૦
જાલિમસિંહ- દાસાનુદાસ ત્હારા, નહિ એક ક્ષણ તો ન્યારા;
ગાયિકાઃ- વિકુલ વ્રજવાસી વ્હાલા......પીલા હે લાલા પ્યાલા૦

જાલિમસિંહના ભયથી ગાયિકા ચમેલી ગાય છે. નર્તકીઓ નાચે છે. વાદકો વાજીંત્રો વગાડે છે; કિન્તુ તેમના સહુના અંતરમાં ભય છે. સહુના મનમાં ભીલસૈન્ય તેમજ યુવરાજ લલિતસિંહ સંબંધીના વિચારો આવ્યા કરે છે. વિના વિલંબે મહા ભયંકર યુદ્ધ થશે એવા ભયથી તેઓ સહુ વાયુથી ધ્રૂજતી લતા પ્રમાણે ઝૂલ્યા કરે છે. આવા સમયે આનંદ-વિનોદ થાય એ કોને રૂચે? પરંતુ જાલિમસિંહનું અંતર ચિંતાશૂન્ય છે. તે રાત્રિદિવસ મદિરાપાન કરી મસ્ત બની રહે છે. મન સહજ નિસ્તેજ થતાં તે સુરાપાન કરે છે—મનને ઉત્તેજિત બનાવવાનો યત્ન કરે છે.

એકાએક ગૌરવ જાલિમસિંહ પાસે આવી પહોંચી. ગાયિકાએ ચમકી ઉઠીને ગાન ગાવાનું બંધ કર્યું. નાચનારીએ નાચ બંધ કર્યો,

વાદકોએ વાજીંત્રોનો ત્યાગ કર્યો. એક ક્ષણ માત્રમાં સઘળો આનંદ વિનોદ દૂર થઇ ગયો. જાલિમસિંહ સુરાની ઉત્તેજનાથી બોલી ઉઠ્યો:–"ચમેલી ! દિલજાન ! ગાન તાન થાવા દે."

ગૌરવે હાથ હલાવી ગાનારી, નાચનારી તેમજ વાજીંત્રો વગાડનારાઓને ઉદ્દેશીને કહ્યું:–"મહારાણાની સાથે રાજ્યના કામકાજ સંબંધીની મ્હારે કેટલીક વાતચિત કરવાની છે. તમે સહુ હમણાં અહિંથી ચાલ્યાં જાઓ."

આ વચનો સાંભળતાં સહુ ત્યાંથી ક્ષણ માત્રમાં વિદાય થઇ ગયાં. જાલિમસિંહે પણ પત્નીનો કંઠસ્વર સાંભળી, નેત્રો ઉઘાડીને કહ્યું:–"કોણ ? ગૌરવ !"

ગૌરવે કહ્યું:–"હા, હુંજ છું. હજી પણ તમને જ્ઞાન ઉપજ્યું નહિ ને ?"

જાલિમસિંહ:–શાનું જ્ઞાન ? આપ આપ–મ્હને શરાબનો એક જામ આપ–મ્હને શરાબનો એક જામ આપ–મ્હારા દિલની ગમખ્વારી ભૂલવાને માટે એ–એકજ જામ બસ છે.

ગૌરવ:–હદ બ્હાર જશો તો પછી કયામત સુધી પસ્તાવું પડશે, સમજ્યા ! વૃદ્ધ મહારાણાના ખૂનીને માટે ભયંકર પશ્ચાત્તાપજ યોગ્ય છે.

જાલિમસિંહ:–ન કર. ભૂતકાળના ગર્ભમાં રહેલી એ બિનાને પાછી મ્હારા આંતર–પ્રદેશમાં ખડી ન કર. આહ ! મ્હારા બળીને ખાકસાર થઇ જતા જીગરનું દુઃખ દૂર કરી નાંખવાનો—કલેજાને આરામ આપવાનો માત્ર આ એકજ ઇલાજ છે. મ્હારા દિલનું દર્દ વસુલ કરવાને માટે આ જીંદગી આપું તો પણ તેની કિંમત વસુલ છે. આપ—બસ એક જામ આપ. "પીલાદે લાલા પ્યાલા મુઝકો એ રંગકા."

દારૂના ઘેનથી દીવાનો બની જઇ જાલિમસિંહ ખૂબ હસવા

લાગ્યો. નાચવા લાગ્યો અને સ્હામેની દિવાલ પરથી એક વાદ્યયંત્ર ઉપાડી કાંઇ અજબ ચીજો ગાવા લાગ્યો. જાલિમસિંહ જો કે રજપૂત હતો તો પણ તે કેટલીક ઉર્દુ તેમજ ફારસી બેત-બાજી અને ગઝલો સારી રીતે ગાઇ જાણતો હતો. તેણે પોતાની ખિદમતમાં એક સારા શાયરને પણ રાખ્યો હતો કે જે તેની સાથે વિલાસ-મહેલમાંજ નિવાસ કરતો હતો. આ વખતે પણ જાલિમસિંહે સુરાની ઉત્તેજનાથી વાજીંત્રના અવાજ સાથે એક ગઝલ ગાવા માંડીઃ-

દૂરસે આયે થે આકી, સુનકે મયખાનેકું હમ,
બસ તરસતેહી ચલે, અફસોસ ! પયમાનેકું હમ. ૧
મયપી હુએ, મએ'નાંબી હુય, સાગેરભી હુય સાકી નહિ,
દિલમેં આતા હુય લગાદે આગ મયખાનેકું હમ. ૨
કયુ નહીં લેતા હમારી, તું ખબર અય બે-ખબર !
કયા તેરે આશક હુવેથે, દરદો ગમખાનેકું હમ. ૩
તાકે અબ્રૂમેં સનમ કે, કયા ખોદાઇ રહે ગઈ !
અબ તો પૂજેંગે ઉસી, કાફિર કે બૂતખાનેકું હમ. ૪
બાગમેં લગના નહીં, સેહરાસે ગભરાતા હુય દિલ,
અબ કહાં લે જાકે બૈંઠે, ઐસે દેવાનેકું હમ ! ૫
કયા હુઈ તકરીર હમસેં, તું બતાદે અય ! જીગર ?
તાકે શાકી મગર રહમજે, ઐસે મરજાનેકું હમ. ૬

માથું હલાવતો, હાથના ચાળા ચસકા કરતો જાલિમસિંહ ધીમે ધીમે ગાનના તાનમાં તલ્લીન થયો.

જાલિમસિંહના આવા વિચિત્ર હાવભાવ જોઇ ગૌરવ સ્તબ્ધ બની જઇને થોડા સમય સુધી સ્થિર ઉભી રહી. ગઝલ ગાઇ રહ્યા પછી પાછાં એક બે સુરાપાત્ર જાલિમસિંહે પોતાના કંઠમાં રેડી દીધાં. સુરાની વિચિત્ર ઉત્તેજનાથી જાલિમસિંહનું ચિત્ત પાછું ફરી ગયું. તે બોલી ઉઠયોઃ-" આહ ! ગાંડી છોકરી ! દીવાની વનવાસિની ! તું શા

માટે મ્હારૂં લોહી પીવાને મ્હારી પાછળ પાછળ ભમ્યા કરે છે? હું ત્હારા હાથમાંની તીક્ષ્ણ તેજસ્વી કટારને જોઈ શકતો નથી. તું મ્હારા ભયંકર અપરાધને ભૂલી જા–મ્હારા પર દયા કર. ”

ગૌરવ આ સમયે સિંહણના જેવી ગર્જના કરી બોલી ઉઠી:–“ દયા! તમારા જેવા પિતૃદ્રોહી—ખૂની પીશાચ પર કોઇ પણ દયા દર્શાવે તેમ નથી—આલોકમાં તમને કદાપિ શાન્તિ મળી શકે તેમ નથી. ”

આ વચનો સાંભળવામાં આવતાં જાલિમસિંહ કાંઇ શુદ્ધિમાં આવ્યો. તે બોલી ઉઠયો:–“ કોણ ગૌરવ! તું અહિં છે?! ચુપ ચુપ—મ્હારા અપરાધને ભૂલી જા—મ્હને ક્ષમા કર. જો કોઇ આ વાત સાંભળશે તો મ્હારી કેવી દુર્દશા થશે તેની એક વખત કલ્પના કરી જો. ”

ગૌરવ:–તમારી દુર્દશા થવામાં હવે શું બાકી રહ્યું છે?

જાલિમસિંહ:–ન બોલ—ન બોલ—ગૌરવ! જો તું આવું બોલીશ તો હું દીવાનો બની જઈશ.

ગૌરવ:–દીવાના તો શું: પરંતુ અત્યારથીજ તમે પણ બની ગયા છો.

જાલિમસિંહ:–ગૌરવ! તું રમણી નહિ પણ રાક્ષસી છે—પ્રેમદા નહિ પણ પિશાચિની છે.

ગૌરવ:–હું ગમે તેવી હોઉં તો પણ તમારા જેવી ખૂની તેમજ મહાપાપી નથી. મ્હેં મ્હારા પિતાનું ખૂન પીધું નથી યા તો હું મદ્યપાન કરતી નથી.

જાલિમસિંહ:–ચુપ–ચુપ—ત્હારા હૃદયમાં સહજ પણ દયા નથી કે શું?

ગૌરવ:–તમારા જેવા ખૂનીને માટે મ્હારા અંતરમાં દયા કયાંથી હોઈ શકે?

જાલિમસિંહઃ–આહ ! મ્હારો જીવ—હૃદય તેમજ સમસ્ત શરીર ગળીને ખાક થઇ જાય છે. આપ આપ—મ્હને મદ્ય આપ—હું મદ્ય પીનેજ મરીશ.

ગૌરવઃ–તમે જીવો છો છતાં મરેલા જેવાજ છો. સહુ કોઇ પોતાના અંતરમાં તમારો તિરસ્કાર કરે છે.

જાલિમસિંહઃ–ગૌરવ ! ભલે, સહુ કોઇ મ્હારો તિરસ્કાર કરે; પણ તું મ્હારો તિરસ્કાર ન કર. તું કહે તે પ્રમાણે વર્ત્તવાને હું તૈયાર છું.

ગૌરવઃ-તમારો નીશો ઉતરી જવા દો એટલે મ્હારે તમને જે કહેવાનું છે તે કહીશ.

જાલિમસિંહઃ–પ્રાણાધિકે ! મ્હારો નીશો ઉતરી ગયો છે.

ગૌરવઃ–ના ના—હજી થોડો નીશો રહ્યો છે. સાંભળ્યું છે કે, સૌરભનો પુત્ર હવે નથી ?

જાલિમસિંહ કૂદકો મારી ઉઠીને ઉભો થઇ ગયો. ક્ષણ માત્રમાં સુરાની સઘળી ઉત્તેજના દૂર થઇ ગઈ. તેનું સઘળું શરીર થરથર ધ્રૂજવા લાગ્યું. આવો પ્રકાર જોઇ ગૌરવે તિરસ્કારસૂચક હાસ્ય કરીને કહ્યું:–"નીશો દૂર થઇ ગયો છે ? જો નહિ દૂર થઇ ગયો હોય તો થોડા વખતમાં દૂર થઇ જશે."

જાલિમસિંહે ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું:–"ગૌરવ ! જો તું કદાચ મ્હારા ઉપર ક્રોધે ભરાઈ હોય, જો તું કદાચ મ્હને શિક્ષા કરવાની ઇચ્છા રાખતી હોય તો બેલાશક તેમ કર. ત્હારાં વજ્ર જેવાં મર્મભેદક વચનો હું સાંભળી શકતો નથી. તું મ્હને શૂળી ઉપર ચઢાવ, મ્હને સ્મશાનમાં લઇ જઈ જીવતો બાળી નાંખ; કિન્તુ આવી રીતે મ્હને દુઃખી ન કર !"

ગૌરવઃ–હવે હું મુખ્ય કાર્યની વાત કરીશ, કેમકે તમારો નીશો છુટી ગયો હોય એમ મ્હને લાગે છે.

જાલિમસિંહઃ—મુખ્ય કાર્યની વાત ! કહે કહે તે શી વાત છે ?

ગૌરવઃ—ભય પામવાનું કારણ નથી. મહા પરાક્રમી, યુદ્ધવિદ્યા-વિશારદ વીર મહારાણા જાલિમસિંહ ! ભય પામવાનું કાંઇ કારણ નથી !

જાલિમસિંહઃ—ગૌરવ તને મ્હારા ઉપર સહજ પણ દયા નથી આવતી ?

ગૌરવઃ—શા માટે નહિ ? ! જ્યો સાંભળો, હવે હું તમને મુખ્ય વાત કહું છું.

જાલિમસિંહઃ—બેલાશક કહે. હું ત્હારા ગુલામ કરતાં પણ અધમ છું.

ગૌરવઃ—તમે તમારી ઇચ્છાથીજ એવા થયા છો; નહિ તો તમે મ્હારા સ્વામી છો.

જાલિમસિંહઃ–તું મ્હને શું કરવાનું કહે છે ?

ગૌરવઃ—લલિતસિંહ સઘળા ભીલ સૈન્યને સાથે લઇને યુદ્ધ કરવાને માટે આવે છે. એકલા ભીલ સૈનિકોજ હોત તો ચિંતા કરવાનું કારણ રહેત નહિ; કિન્તુ વિજયસિંહ તેમજ લક્ષ્મણસિંહ પણ રાજ્ય-દ્રોહ કરી પોતાના તાબામાંના સૈન્યને સાથે લઇને લલિતસિંહને સહાયતા કરવાને ચાલ્યા ગયા છે. બીજા બધા સરદારો પણ લલિતસિંહને સહાયતા કરવા જવાની તૈયારીમાં છે. કોઇના ઉપર હમણાં વિશ્વાસ રાખી શકાય તેમ નથી.

જાલિમસિંહઃ—ત્યારે હવે ઉપાય ? સૈનિકો શું કહે છે ?

ગૌરવઃ—તેમના ઉપર પણ વિશ્વાસ રાખી શકાય તેમ નથી.

જાલિમસિંહઃ—ત્યારે હવે આપણે શું કરીશું ?

ગૌરવઃ—દાંતમાં તરણું પકડીને યુવરાજ લલિતસિંહ પાસે જઇ તેના ચરણોમાં નમી પડો. એ સિવાય બીજો એક પણ ઉપાય નથી.

જાલિમસિંહઃ—ગૌરવ ! જાલિમસિંહ હજી કાંઇ મરી ગયો નથી !

ગૌરવઃ—હું તો એમ સમજતી હતી કે, તમે મરી ગયા છો.

જાલિમસિંહઃ—નહિ નહિ. હું યુદ્ધ કરીશ અને જગતને જણાવીશ કે, જાલિમસિંહના શરીરમાં હજી પ્રથમના જેટલુંજ જોર છે !

ગૌરવઃ—ત્યારે આ વિલાસમહેલનો ત્યાગ કરી મ્હારી સાથે ચાલો.

જાલિમસિંહઃ—ભલે ચાલ, તું જાણે છે કે, જે ભયંકર કાર્ય કરીને સિંહાસન મેળવી શકે છે તે તેથી પણ વિશેષ ભયંકર કાર્ય કરીને સિંહાસનનું સંરક્ષણ કરી શકે છે.

ગૌરવઃ—નાથ ! જાલિમસિંહના મુખમાંથી આવાંજ વચનો નીકળવાં જોઇએ ! એક વખત તમે તમારા હાથમાં હથિયાર પકડશો એટલે બીજો કોઇ પણ સરદાર રાજ્યદ્રોહી થવાનું સાહસ કરી શકશે નહિ.

પછીથી બન્ને જણાં વિલાસમહેલનો ત્યાગ કરી રાજમહાલય તરફ ચાલ્યાં ગયાં.

પ્રકરણ ૩૮ મું.

અગ્નિ સળગ્યા પછી કૂવો ખોદવાની શુરૂઆત !

એક મ્હોટો જાહિર દરબાર ભરવામાં આવ્યો છે. રાજધાનીમાં પ્રત્યેક મનુષ્ય એમ જાણી શક્યું છે કે, મહારાણા જાલિમસિંહે વિલાસમહેલનો ત્યાગ કર્યો છે. આજે લગભગ બે વર્ષ પછી તે જાતેજ પાછો દરબારમાં હાજર થવાનો છે. અનેક માણસો ભયને લીધે અનેક આશાને લીધે અને અનેક કુતુહલને વશ થઇને દરબારમાં આવતા જણાય છે. ઘણા કાળ પૂર્વે વિશાળ બરવાણી રાજ્યની રાજધાનીમાં એક સમયે આવોજ દરબાર ભરાયો હતો.

મહારાણાની આજ્ઞા મળ્યાથી રાજ્યના સઘળા સૈનિકો પણ દરબારમાં આવી હાજર થઇ ગયા છે. કેટલાક સરદારો પણ ભયને લીધે આવ્યા છે. આજે રાજધાનીમાં સર્વત્ર આ દરબાર સંબંધીનીજ ચર્ચા ચાલતી જોવામાં આવે છે.

યોદ્ધાના વેષમાં મહારાણો જાલિમસિંહ દરબારમાં આવી પહોંચ્યો; કિન્તુ હવે પૂર્વના જેવો જયધ્વનિ તેના સાંભળવામાં આવ્યો નહિ ! કેટલાકે તેનો જયધ્વનિ કર્યો ખરો; કિન્તુ તેમાં જાણે કે પૂર્વના જેવું જીવન નથી, ઉત્સાહ નથી તેમજ હૃદય નથી ! આ પ્રકાર જાલિમસિંહ સહેલાઇથી સમજી શકયો. તે પોતાના હૃદયભાવને છુપાવીને પ્રફુલ્લતાથી સહુ કોઇની સાથે વાતચિત કરવા લાગ્યો.

થોડા સમય પછી રાજ્યકાર્યનો આરંભ થયો. જાલિમસિંહે ઉભા થઇને કહ્યું:-“ મ્હારા વફાદાર બંધુઓ ! વૃદ્ધ મહારાણાનું લોહી પીનાર યુવરાજ લલિતસિંહ વિદ્રોહી થઇને આપણી સાથે યુદ્ધ કરવાને આવે છે. આપણે આ સુયોગનો લાભ લઇ તેને તેના મહા પાપી કાર્યની સખ્ત શિક્ષા કરવામાં પાછી પ્હાની કરવી જોઇએ નહિ. વળી અત્યાર સુધીમાં જે જે સરદારોએ રાજ્યદ્રોહ કર્યો છે તેમને પણ સખ્ત શિક્ષા કરવાની જરૂર છે. મ્હારા બહાદુર સાથીઓ ! અસભ્ય ભીલ લોકો આપણી સાથે યુદ્ધ કરીને કદાપિ વિજયી થનાર નથી; ઉલટા તેઓ પાયમાલ થઇ જશે, અને હમ્મેશને માટે આપણી સત્તા પોતાના શિર પર ચઢાવી આપણા ગુલામ થઇને રહેશે. આપણે કોઇથી ભય પામવાનું કાંઇ પ્રયોજન નથી. આપણે કાલેજ તેમની સાથે યુદ્ધ કરવા જવાને માટે અત્રેથી વિદાય થવાનું છે, અને હું ધારૂં છું કે, પ્રત્યેક રાજ્યભક્ત વફાદાર પુરૂષ આ સમયે આ રાજ્યનું સંરક્ષણ કરવામાં સહાયતા કરવાને પાછી પ્હાની નહિજ કરે. યુવરાજ લલિતસિંહે વૃદ્ધ મહારાણાનું ખૂન કરેલું હોવાથી જો

કદાચ તે આ રાજ્યના સિંહાસન ઉપર બિરાજે તો આપણું પરમ-પવિત્ર રાજસિંહાસન કલંકિત થયા સિવાય રહે નહિ; માટે આ રાજ્યના સિંહાસનની મર્યાદા સાચવવાના હેતુથી તમે દરેક મ્હને આ પ્રસંગે યથાશક્તિ સહાયતા કરશોજ એવો મ્હને સંપૂર્ણ વિશ્વાસ છે."

આ પ્રસંગે કોઇએ દગાબાજ જાલિમસિંહના નામનો જયધ્વનિ કર્યો નહિ. જાલિમસિંહના મ્હોં ઉપર ચિંતાની છાયા છવાઈ ગઇ. ક્રોધથી તે ધ્રૂજી ઉઠયો. મહા મુશિબતે તેણે પોતાના અંતરના ભાવને છુપાવી રાખીને કહ્યું:—" હવે તમારે જો જવું હોય તો તમે બેલાશક અત્રેથી જઈ શકશો. હું સૈન્યની કેટલીક તપાસ કરવાની ઇચ્છા રાખું છું."

સહુ કોઈ મૌન ધારણ કરી, સભાનો ભંગ કરી ચાલ્યા ગયા. જાલિમસિંહ પણ શાન્તિથી દરબારનો ત્યાગ કરી બ્હાર નીકળ્યો, અને સૈનિકો પાસે જઇ ઉભો રહ્યો; કિન્તુ સૈનિકોએ તેના નામનો જયધ્વનિ કર્યો નહિ. જેઓ એક સમયે જાલિમસિંહને સાક્ષાત દેવતા સમજતા હતા, જેઓ એક સમયે જાલિમસિંહને જોતાંજ અગર તો તેના નામનો ઉલ્લેખ થતાંજ જયગર્જના કરી ગગનને ગજાવી મૂકતા હતા તેઓ આજે શાન્ત રહેલા જણાયા. તેઓ માત્ર નીચું મસ્તક કરીને ઉભા રહ્યા. આવો દેખાવ જોવામાં આવતાંજ જાલિમસિંહના હૃદયની જે સ્થિતિ થઇ તેનું વર્ણન કરી શકાય તેમ નથી. તેણે સઘળા સૈનિકોને સંબોધીને કહ્યું:—" શું તમે તમારા સેનાપતિને પિછાની શકતા નથી? આજે તમારી આવી સ્થિતિ કેમ છે?"

એક વૃદ્ધ સૈનિકે અગ્રેસર થઇને કહ્યું:—" મહારાજ! આપ અમારી આવી સ્થિતિ જુઓછો એમાં અમારો દોષ નથી. આજ-કાલ કરતાં લગભગ છ માસથી અમને અમારો પગાર મળ્યો નથી. પૂર્વે અમારો એક માસનો પગાર પણ ચઢતો નહોતો. પૂર્વે અમને ઘણું સંમાન મળતું હતું—ત્યારે હમણાં અમારા ઉપર જુલ્મ ગુજા-

રવામાં આવે છે—અમારૂં અપમાન કરવામાં આવે છે."

જાલિમસિંહ થોડા સમય સુધી મૌન ધારણ કરી ઉભો રહ્યો. વૃદ્ધ સૈનિકનાં વચનોનો શો ઉત્તર આપવો તે એ સમજી શક્યો નહિ. ઘણા સમય સુધી વિચાર કર્યા પછી તેણે કહ્યું:—"યુદ્ધ થવાને હવે વિશેષ સમય બાકી રહ્યો નથી. વિશાળ બરવાણી રાજ્યનું રક્ષણ કરવું એ તમારૂં કર્ત્તવ્ય છે. જો આ સમયે તમે બરવાણી રાજ્યનું રક્ષણ નહિ કરો તો રાજસિંહાસન કલંકિત થશે. મ્હારા જીવનની પણ આશા રહેશે નહિ. તમારા ચઢેલા પગાર સંબંધી તમે બિલકુલ ચિંતા રાખશો નહિ. આજેજ હું તમારો પગાર તમને ચુકતે મળી જાય એવો બંદોબસ્ત કરીશ; વળી એટલાથી પણ તમે સંતુષ્ટ ન થઇ શકતા હો, જો કદાચ તમને મ્હારા ઉપરજ તિરસ્કાર યા તો ક્રોધ ઉપજ્યો હોય તો હું હમણાંજ મ્હારો રાજમુકુટ તમારા હાથમાં મૂકી દેવાને તૈયાર છું. તમારી ઇચ્છા હોય તેને તમે આ રાજમુકુટ પહેરાવો. જો તમે રાજદ્રોહી—ખૂની—લલિતસિંહને રાજમુકુટ પહેરાવશો તો તેમાં પણ મ્હને બિલકુલ હરકત નથી."

આમ કહીને જાલિમસિંહે માથા પરનો મુકુટ ઉતારવા માંડ્યો; પરંતુ આ સમયે સઘળા સૈનિકોએ જાલિમસિંહના નામનો જયધ્વનિ કરી ગગનને ગજાવી દીધું. જાલિમસિંહનાં આજનાં વચનો સાંભળી તેઓ પોતાના ઉપર ગુજરેલો જુલ્મ, અપમાન, દુઃખ વગેરે ભૂલી ગયા. તેમણે જાલિમસિંહના જયધ્વનિથી આખી રાજધાનીને ગજાવી દીધી.

જાલિમસિંહના આનંદનો પાર રહ્યો નહિ. તેણે કહ્યું:—"આપણે આવતી કાલેજ યુદ્ધમાં ઉતરવાને માટે અત્રેથી વિદાય થઇશું. હમણાં તમે તમારા નિવાસસ્થાને જાઓ." સૈનિકો પુનઃ જયધ્વનિ કરી ચાલ્યા ગયા.

જાલિમસિંહ સત્વર જનાનામાં ગયો. ગૌરવ ઉત્સુકતાથી તેની

રાહ જોઇ રહી હતી. જાલિમસિંહને જોતાંજ તેણે વ્યાકુળતાથી પૂછ્યું:-
"કેમ શું થયું ?"

જાલિમસિંહ:-"મ્હને પરિણામ સારૂં જણાતું નથી-ખજાનામાં પૈસા છે કે ?"

ગૌરવ:-ખજાનામાં એક પણ રૂપિયો નથી !

જાલિમસિંહ:-ત્યારે તો આપણી દુર્દશાનો પાર રહેશે નહિ. સૈનિકોને તેમનો ચઢેલો પગાર આપ્યા સિવાય ચાલી શકે તેમ નથી.

ગૌરવ:-ત્યારે મ્હારાં ઘરેણાં વેચી નાંખો.

જાલિમસિંહ:-નિરૂપાયે એમજ કરવું પડશે. કોઈ પણ ઉપાયથી સિંહાસનનું રક્ષણ કરવુંજ જોઇએ.

ગૌરવ:-મ્હારી ક્યાં ના છે—આવા પ્રસંગે હું તમને સહાયતા કરવા તૈયાર છું. તમે મ્હારાં ઘરેણાં વેચી નાંખવાની હમણાં ને હમણાં વ્યવસ્થા કરો.

જાલિમસિંહ:-વારૂ.

ગૌરવ:-આપણાજ સૈનિકોથી યુદ્ધમાં વિજયી થઇ શકાશે કે ?

જાલિમસિંહ:-એ સંબંધી હમણાં કાંઇ કહી શકાય નહિ, છતાં આજેજ હું એક દૂતને દિલ્હી મોકલીશ. દિલ્હીના બાદશાહને હું કરગરીને આપણને સહાયતા કરવાની પ્રાર્થના કરીશ; જેથી તેઓ જરૂર આપણને સહાયતા કરવા માટે થોડું ઘણું સૈન્ય મોકલશે.

ગૌરવ:-જરૂર એમ કરજો.

જાલિમસિંહ:-મ્હને માત્ર એટલુંજ લાગે છે કે, આટલા કાળ પછી આ વિશાળ રાજ્યનું ગૌરવ યવન રાજાની સહાયતા માગવાથી વિલુપ્ત થશે. આ કાંઇ ઓછું પાપ ન કહેવાય !

ગૌરવ:-આપણા જેવાં માણસો પાપ પુણ્યને પિછાનતાંજ નથી. પોતાના સ્વાર્થને પાર ઉતારવાને ખાતર જો કોઇ મહા ભયંકર

કાર્ય કરવું પડે તો તે કરવાને મનુષ્યે સંકોચાવું જોઇએ નહિ.

જાલિમસિંહ શાન્ત રહ્યો. એજ દિવસથી યુદ્ધની તૈયારી થવા લાગી.

પ્રકરણ ૩૯ મું.

યુવરાજ લલિતસિંહની હૃદયવ્યવસ્થા.

" માશુકની ગમગીનીમાં દિલડું બચું સળગી ગયું.
ને ઘર શાહીએ આગ લાગી ઝુંપડું સળગી ગયું;
દિલબર તણી બેદરકારીથી, દિલડું બચું પીગળી ગયું,
ને આગ લાગી મહોબ્બતની ગાદી, દિલ કુમળું સળગી ગયું. "

—કંથારીઆ.

બરવાણી રાજ્યની રાજધાની પાસે આવી પહોંચીને ભીલ સૈન્યે પોતાની છાવણી નાંખી. છાવણી નાંખ્યા પછી તેઓ આનંદ-વિનોદ કરવા લાગ્યા. તેઓ યુદ્ધ કરવાને આવ્યા છે—ઘાયલ થવાને આવ્યા છે, યા તો તેઓ પોતાના લોહીથી પૃથિવી દેવીને સ્નાન કરાવવાને આવ્યા છે એવું તેમને જ્ઞાન નથી. તેઓ તો નાચે છે, કૂદે છે, ગાય છે, સુરાપાન કરે છે તેમજ પ્રત્યેક રાત્રે કાળિકાદેવીની પૂજા કરે છે.

ભીલ સૈન્યના આનંદમાં જુમેલિયા પણ ભાગ લે છે; કિન્તુ તે સુરાપાન કરતો નથી. તેની બંસી સદા સર્વદા વાગ્યાંજ કરે છે. એ બંસીનો મધુર સુર સમસ્ત વન—જંગલમાં અમૃતરસ વર્ષાવે છે. સઘળા ભીલો ઘણા સમય સુધી એ અમૃતવર્ષિણી બંસીનો સુર સાંભળી મુગ્ધ બની જાય છે—બંસીનો સુર સાંભળી સઘળા ભીલ સૈનિકો આનંદઘેલા બની જાય છે !

કોઇ કોઇ સમયે જુમેલિયા વીણા બજાવે છે. તેના જેવી વીણા આ આખી પૃથિવી ઉપર બીજું કોઈ મનુષ્ય બજાવી શકે તેમ નથી જાણે કે એ વીણાના પ્રત્યેક તારમાં પ્રેમના તરંગો નાચે છે, મધુરતાનું તોફાન થાય છે, અમૃતધારા ઝરે છે! યુદ્ધની વાત, સંસારની વાત તેમજ બીજી બધી ઉપાધિઓની વાત ભીલ સૈનિકો ભૂલી ગયા છે.

કોઈ કોઈ સમયે વીર જુમેલિયા પહાડી મધુર સુરથી ગાન લલકારે છે. તેના ગાનના તાનથી સહુ કોઇ તલ્લીન બની જાય છે. એ ગાનનો સ્વર વૃક્ષોનાં પાંદડે પાદડાંમાં મળી જઈ ચારે તરફ સંગીત લહરિયો ઉપસ્થિત કરે છે. એ મધુર સ્વર ધીમે ધીમે વિશેષ ઉંચે જઇ અંતે આસ્માની આકાશમાં મળી જાય છે. તેના પ્રતિ-ધ્વનિથી પુનઃ સંગીતસુધાનું પાન કરી શકાય છે.

સર્વત્ર આમોદ, સર્વત્ર આહ્લાદ તેમજ સર્વત્ર ઉલ્લાસ જણાય-છે. જુમેલિયાના આનંદનો તો પારજ નથી! વાંચકો! કોઇ કહી શકશે કે, જુમેલિયા તેમજ તેના વફાદાર સાથીઓ યુદ્ધ કરવાને આવ્યા છે? કોઇ કહી શકશે કે, તેઓ પોતાના લોહીથી પૃથિવીને સ્નાન કરાવવા આવ્યા છે? કોઇ કહી શ શે કે, તેઓ થોડા સમય પછી યુદ્ધમાં મરણને શરણ થવાના છે?

આમ છતાં તેમના સૈન્યમાં એક મનુષ્ય સુખી નથી. જુમેલિયા વિવિધ યત્નો કરે છે તો પણ તે યુવરાજ લલિતસિંહને સુખી કરી શકતો નથી. જે બંસીનો સુર સાંભળી વન-જંગલમાં પશુઓ સુદ્ધાં મોહિત થઇ જાય છે, જે વીણાનો મધુર સુર સાંભળી વૃક્ષની ડાળીઓ ઉપર બેઠેલાં પંખીઓ શાન્ત થઈ જાય છે, જે સંગીતની મધુર લહરિયોથી પૃથિવી જાણે કે અમૃતસાગરમાં નિમગ્ન થઈ જાય છે એ સંગીત લહરિથી પણ લલિતસિંહના અંતરમાં આનંદ ઉપજતો નથી. આથી તો ઉલટો તેના અંતરમાં વિશેષ ક્લેશ ઉપજે છે. તે

હમ્મેશાં એકાંતમાં રહેવાનું પસંદ કરે છે—સુયોગ મળતાંજ તે એકાંત સ્થળે જઇ રૂદન કરી પોતાનો હૃદયભાર હલકો કરે છે.

વાસ્તવિક રીતે તો હમણાં યુવરાજ લલિતસિંહને આનંદ થવો જોઇએ; કેમકે તેના સુખનો દિવસ પાસે આવી પહોંચે છે. થોડાજ દિવસમાં તે વિશાળ બરવાણી રાજ્યના સિંહાસન પર બિરાજનાર છે. તેને સહાયતા કરવાને વફાદાર સરદારો વિજયસિંહ અને લક્ષ્મણસિંહ પણ સૈન્યસહ આવી પહોંચ્યા છે; તેનો પરમ સ્નેહી કુમાર રણવીરસિંહ પણ તેની પાસે છે; આમ છતાં યુવરાજ લલિતસિંહ આનંદિત કેમ નથી? આનું કારણ માત્ર આટલુંજ છે કે, સતી સાધ્વી, પતિપ્રાણ પુણ્યમયી સૌરભ હવે આ સંસારમાં નથી. જો કે, જુમેલિયાએ તેને આ હૃદયભેદક સમાચાર કહેલા નહિ હોવા છતાં આ સમાચાર બીજા એક માણસ મારફત તેના સાંભળવામાં આવ્યા છે. આ સમાચાર સહુ કોઇ જાણી શકયું છે. સૌરભ—અનાથિની સૌરભ સ્વર્ગવાસિની થઇ ગઇ છે! લલિતસિંહ સમજી શકયો કે, તેનાજ વિરહને લીધે એ વેલી અકાળે કરમાઈ ગઇ છે! કોણ જાણે કે અંતિમકાળ વખતે તેણે કેટલું દુઃખ ભોગવ્યું હશે?! એ વાતનો વિચાર કરતાં લલિતસિંહના દુઃખનો પાર રહેતો નથી. તેનું હૃદય પ્રત્યેક ક્ષણે બળીને ભસ્મ થઈ જાય છે; કિન્તુ શરમને લીધે તે મ્હોટેથી રડીને પોતાના હૃદયના ભારને હલકો કરી શકતો નથી. લોકોના દેખતાં તે રડે તો લોકો તેનું શું કહે?!

સુયોગ મળતાંજ તે એકલો બેસીને રડે છે; કિન્તુ જુમેલિયા તેને આવો સુયોગ ભાગ્યેજ આપે છે—સર્વદા જુમેલિયા તેને પોતાની દૃષ્ટિ આગળ રાખે છે; છતાં જુમેલિયાની સાથે રહેતાં લલિતસિંહ થોડી ઘણી શાન્તિ મેળવી શકે છે. જુમેલિયા કેટલીક વખત લલિતસિંહ પાસેથી અદ્રશ્ય પણ થઇ જાય છે. તે પોતાના ભીલ સૈનિકો પાસે

જઇને તેમને વિવિધ પ્રકારનું યુદ્ધ સંબંધીનું શિક્ષણ આપે છે, તેમની સાથે આનંદ-વિનોદ કરે છે તેમજ ક્વચિત્ ગાન લલકારે છે તથા બંસી બજાવે છે! લલિતસિંહના હૃદયનું દુઃખ બીજું કોઇ કેવી રીતે જાણી શકે?

આજે છાવણીથી થોડે દૂર એક એકાંત સ્થળે બેસીને લલિતસિંહ રૂદન કર્યા કરે છે. તેનાં બંને નેત્રોમાંથી અજસ્ર અશ્રુધારાઓ વહે છે. ચક્ષુજળથી તેનું હૃદય ભીંજાઇ ગયું છે. આ સમયે કોઇએ એકાએક તેની પાસે આવી પહોંચીને તેના ખભા પર પોતાનો હાથ મૂક્યો. ચમકીને લલિતસિંહે પાછા ફરીને જોયું તો તેણે જુમેલિયાને પોતાની પાસે આવી ઉભો રહેલો જોયો.

જુમેલિયાએ કહ્યું:-"યુવરાજ! પાછા તમે રડો છો કે?"

લતિસિંહની સહનશક્તિ દૂર થઇ ગઇ છે. તેણે જુમેલિયાના કંઠમાં વળગી પડી, તેના ખભા પર પોતાનું મસ્તક મૂકી ગદ્‌ગદ કંઠે કહ્યું:-"જુમેલિયા! હવે હું સહન કરી શકતો નથી. મનુષ્યની સહનશક્તિની પણ હદ હોય છે. અરેરે! સ્નેહમયી સૌરભનો સ્વર્ગવાસ થવાથી મ્હને સમસ્ત પૃથિવી અંધકારમયી જણાય છે. મ્હને કાંઇ સુઝતું નથી. જુમેલિયા! આ કમનશીબ જીવનો આનંદ, સંસારનો સાર તેમજ પ્રાણનો આધાર હમ્મેશાંને માટે દૂર થઇ ગયો છે. સૌરભ મ્હને કેટલો બધો ચ્હાતી હતી! મ્હને સહજ દર્દ થતાં તે કેવી આકુળ વ્યાકુળ બની જતી! મ્હારી તરફ કેવી ભક્તિપૂર્ણ તેમજ પ્રેમપૂર્ણ દૃષ્ટિથી જોતી હતી! અરેરે! એ અપાર સ્નેહ, દયા, માયા તેમજ ભક્તિની તુલના થઇ શકે તેમ નથી. સૌરભ આલોકની સ્ત્રી નહિ; પરંતુ સ્વર્ગલોકની દેવી હતી. એ દેવી આ પાપપંકિત પૃથિવીમાં દુઃખ ભોગવી અંતે મ્હને રડતો કકળતો મૂકી સ્વર્ગે સિધાવી ગઇ છે. જુમેલિયા! સૌરભનો સ્નેહ કેવો હતો તે તું ક્યાંથી સમજી શકે?"

જુમેલિયાનાં નેત્રામાંથી આંસુ ઉભરાઈ જવા લાગ્યાં. જુમેલિયાએ મહા મહેનતે તેનું ચક્ષુજળ અટકાવ્યું. તેનું ગુલેગુલ્લાબી વદનમંડળ પસીનાથી ભીંજાઇ લાલચોળ બની ગયું ત્યારેજ તે પોતાના નેત્રોમાંના અશ્રુપ્રવાહને અટકાવી શક્યો.

લલિતસિંહ જુમેલિયાના ખભા ઉપર મસ્તક મૂકી રડ્યા કરતો હતો. એકાએક જુમેલિયાના નેત્રોમાંથી બે ત્રણ અશ્રુબિંદુઓ પોતાના પર પડવાથી લલિતસિંહે ચમકીને જુમેલિયાના મ્હોં તરફ જોયું; પરંતુ તે જુમેલિયાના મ્હોં તરફ જુએ તે પહેલાં તો જુમેલિયાએ પોતાનું ચક્ષુજળ સાફ કરી નાંખ્યું; તેથી લલિતસિંહ કાંઇ જોઇ શક્યો નહિ. તેણે થોડા સમય સુધી જુમેલિયાના મ્હોં તરફ જોઇ રહીને કહ્યું:–" જુમેલિયા ! તું કોઇને ચ્હાય છે કે ? ! "

લલિતસિંહના પ્રશ્નનો જુમેલિયાએ ઉત્તર નહિ આપતાં કહ્યું:– " રાજકુમાર ! તમેજ જ્યારે આમ કરશો ત્યારે પછી યુદ્ધ કોણ કરશે ? "

લલિતસિંહ:–સખે ! ત્હારી આગળ હું મ્હારા અંતરનો ભાવ છુપાવીશ નહિ. હવે યુદ્ધ કરવાની મ્હારી ઇચ્છા નથી. સતી સાધ્વી સૌરભનો વિયોગ થયેલો હોવાથી જો હવે મ્હને રાજસિંહાસન મળશે તો પણ હું સુખી થઈ શકનાર નથી. અનેક વખતે છાવણીનો ત્યાગ કરી કોઈ એકાંત સ્થળે પલાયન કરી જવાની મ્હને ઇચ્છા થાય છે; પરંતુ માત્ર લોકલાજને લીધે હું મ્હારી ઇચ્છાનુસાર વર્તી શકતો નથી. મ્હેં માત્ર સૌરભનું સંરક્ષણ કરવાને માટે—તેને સુખી કરવાને માટે આટલી બધી ખટપટ કરી છે—એક વર્ષ સુધી વન–જંગલમાં રખડી રઝળી અપાર દુ:ખ ભોગવ્યું છે; પરંતુ જુમેલિયા ! હવે હું કોને સુખી કરવાને માટે યુદ્ધ કરૂં ? હવે મ્હને આ સમસ્ત સંસાર ઉપર વૈરાગ્ય ઉપજ્યો છે ! "

આમ કહીને લલિતસિંહ એક બાળકની માફક મ્હોટેથી રડી પડ્યો. જુમેલિયાની આંખોમાં પણ અશ્રુજળ ભરાઇ આવ્યું; કિન્તુ તેણે પોતાના હૃદયનો ભાવ હૃદયમાંજ છુપાવી રાખીને કહ્યું:—" રાજકુમાર ! બરવાણી રાજ્યને માટે, ખૂની રાજાના જુલ્મથી પીડાતા પ્રજાજનોને માટે તથા તમારા બંધુ બંધવો તેમજ આત્મીય સ્વજનોને માટે યુદ્ધ કરવું એ તમારૂં કર્તવ્ય છે. "

" સખે ! એટલા માટેજ અત્યાર સુધી હું ત્હારો ત્યાગ કરી અત્રેથી પલાયન કરી શક્યો નથી; નહિ તો જ્યારથી મ્હેં એમ સાંભળ્યું છે કે, મ્હારી સૌરભ આલોકમાં નથી તેજ દિવસથી મ્હેં ભગવાં વસ્ત્રો પહેર્યાં હોત. "

જુમેલિયા:—સૌરભના જેવી ભાગ્યશાળી સ્ત્રી આ દુનિયામાં ભાગ્યેજ બીજી કોઈ હશે. હું પણ જો સ્ત્રી થઈ હોત તો સૌરભના સ્વામી જેવો સ્વામી દયાળુ દીનાનાથ પાસે માગત.

લલિતસિંહે ચમકીને જુમેલિયાના મુખ તરફ જોયું. પછીથી તેણે નમ્ર સ્વરે કહ્યું:—" જુમેલિયા ! તું શું કહે છે ? "

જુમેલિયા:—ના ના—બોલતાં મ્હારી ભૂલ થઇ છે ! હું એમ કહેવાને ઇચ્છુ છું કે, હું મરી ગયા પછી જાણે કે સૌરભના જેવી સાધ્વી સ્ત્રી મેળવી શકું.

લલિતસિંહ:—જુમેલિયા ! ત્હેં તેને કદાપિ જોઇ નથી. મ્હારી પ્રાણાધિક સૌરભના સ્નેહની તુલના આ આખી આલમમાં કોઇ પણ સ્થળે થઈ શકે તેમ નથી.

જુમેલિયા:—રાજકુમાર ! આપનો સ્નેહ પણ ક્યાં ઓછો છે ?

લલિતસિંહ:—હું કેવા દુઃખમાં મ્હારા દિવસો પસાર કરૂં છું તે માત્ર હુંજ જાણું છું. સખે ! ત્હેં મ્હારે માટે ઘણું કર્યું છે. હવે વધારે ખટપટ શા માટે કરે છે ? તું મ્હને મ્હારી ઇચ્છામાં આવે

ત્યાં ચાલ્યો જવા દે. હવે વિના કારણ લોહીની નદી વહેવડાવવાની શી જરૂર છે ? હવે મ્હારે માટે લોહીની નદી વહેવડાવીશ નહિ. તું ત્હારા સ્થાનકે ચાલ્યો જા. બીજા સૈનિકોને પણ પોતપોતાને ઘેર જવા દે. મ્હને પણ અત્રેથી વિદાય થઇ જવા દે. હું સૌરભનું ધ્યાન ધરી શ્મશાને શ્મશાનમાં રખડી રઝળી મ્હારૂં આ દુઃખી જીવન પૂરૂં કરીશ.

જુમેલિયાઃ—જો બીજા કોઇને માટે આપની યુદ્ધ કરવાની ઇચ્છા ન હોય તો પછી આપના ન્હાના પુત્ર, સૌરભદેવીના સ્મૃત ચિહ્ન—લાવણ્યસિંહને માટે યુદ્ધ કરવું એ આપનું કર્તવ્ય છે.

લલિતસિંહઃ—લાવણ્યસિંહ !—લાવણ્યસિંહનો પત્તો નથી !

આમ કહીને લલિતસિંહ પાછો રડી પડ્યો. જુમેલિયાએ લલિતસિંહનું ચક્ષુજળ સાફ કરી નાંખીને કહ્યું:—“ લાવણ્ય માટે ચિંતા કરશો નહિ. તે હમણાં આનંદમાં છે. ”

આમ કહીને પોતે લાવણ્યસિંહનું કેવી રીતે સંરક્ષણ કર્યું હતું એ હકીકત જુમેલિયાએ લલિતસિંહને કહી સંભળાવી. અંતે તેણે એમ પણ કહ્યું કે, હમણાં ગુરૂદેવ પરમાનંદ સ્વામી લાવણ્યનું પ્રતિપાલન કરે છે. લાવણ્ય જીવતો રહ્યો છે એ હકીકત જાણવામાં આવતાં લલિતસિંહના દુઃખી હૃદયનું દુઃખ કાંઇક અંશે ઓછું થયું. તેણે કહ્યું:—“ સખે જુમેલિયા ! યુદ્ધ કરીશ—હું સૌરભને માટે યુદ્ધ કરીશ; લાવણ્યસિંહને સિંહાસન પર બેસાડવાને માટે યુદ્ધ કરીશ. જો હું આ કાર્ય નહિ કરૂં તો સૌરભ મ્હારા પર ક્રોધે ભરાશે ! ”

જુમેલિયાઃ—રાજકુમાર ! ત્યારે તમે મ્હારી સાથે ચાલો. હવેથી કદાપિ આવી રીતે એકાંત સ્થાને આવી રડશો નહિ.

બન્ને જણા છાવણી તરફ જવા લાગ્યા. જતાં જતાં તેમને રસ્તામાં કુમાર રણધીરસિંહ મળ્યો. તેણે કહ્યું:—“ એક સમાચાર તમને નિવેદન કરવાના હેતુથી તમારી પાસે આવતો હતો. હમણાંજ

એક વિશ્વાસપાત્ર ગુપ્તદૂત એવા સમાચાર લઇ આવ્યો છે કે, દીલ્હીનો સેનાપતિ મહમ્મદ તોફીખાન દશ હજાર પાયદળ અને પાંચ હજાર ઘોડેસ્વાર સૈન્ય લઇ જાલિમસિંહને યુદ્ધ પ્રસંગે મદદ કરવાને માટે આવી પહોંચ્યો છે. ”

આ હકીકત સાંભળી લલિતસિંહ મ્હોટી ચિંતામાં પડી ગયો. જુમેલિયાના મ્હોં સામું જોઇને તેણે પૂછ્યું:—“ જુમેલિયા ! આ યુદ્ધમાં આપણો વિજય થશે કે ? ”

જુમેલિયા લલિતસિંહના પ્રશ્નનો ઉત્તર આપવાની તૈયારીમાં હતો એવામાં એકાએક ચારે તરફ જયગર્જનાઓ થવા લાગી. ભયંકર વન–જંગલમાં એ જયગર્જનાઓનો પડઘો પડવા લાગ્યો. બરાબર આ સમયે વૃદ્ધ લક્ષ્મણસિંહે આવી પહોંચીને કહ્યું:—“ મહારાજ ! ઘણાજ શુભ સમાચાર છે. સરદાર ચંદ્રસિંહ, ભીમસિંહ, અમરસિંહ તથા વિશાલસિંહ લગભગ દશહજાર સૈનિકો સાથે આપણને સહાયતા કરવાને આવી પહોંચ્યા છે. ”

તરતજ યુવરાજ લલિતસિંહ, જુમેલિયા વગેરે છાવણીમાં જઇ પહોંચ્યા. યુવરાજને જોઇને સૈનિકો વારંવાર જયગર્જના કરવા લાગ્યા. તેમણે આનંદાવેશમાં આવી જઇને એટલા મ્હોટા અવાજે જયગર્જનાઓ કરી કે જાણે એ અવાજ રાજધાનીમાંના રાજમહાલયમાં બેઠેલી ગૌરવના કાન સુધી જઇ પહોંચ્યો !

પ્રકરણ ૪૦ મું.

પરમાનંદ સ્વામીની ગુપ્ત જીવનકથા !

“ માયિક પ્રેમ તરછોડી, અનલહકનો તું કર દાવો;
બન્યું રહે મસ્ત મસ્તાનું, મસ્તીનો તું લે લ્હાવો ! ”

—કલાપી.

સંધ્યાકાળના અરસામાં છાવણીથી થોડે દૂર આવેલા એક વિશાળ વૃક્ષ નીચે પરમાનંદ સ્વામી કોઇની રાહ જોતા ઉભા રહ્યા હતા. દૂર કોઇનાં પગલાંનો અવાજ થતાં તેઓ ચમકીને તે તરફ વારંવાર જોતા હતા. ઘણા સમય સુધી આવી રીતે તેમણે આવનાર મનુષ્યની રાહ જોઇ; કિન્તુ કોઇ આવ્યું નહિ.

અંતે પરમાનંદ સ્વામી આ સ્થાનનો ત્યાગ કરીને જેવા ચાલ્યા જવા લાગ્યા કે, વિના વિલંબે વનવાસિનીએ આવી પહોંચીને તેમને પ્રણામ કર્યા. જાણે કે પ્રકૃતિદેવીએ વિશાળ જંગલમાં મનુષ્ય સ્વરૂપ ધારણ કર્યું. વનવાસિનીના રૂપ–સૌંદર્યનું વર્ણન માત્ર શબ્દોથી થઇ શકે તેમ નથી.

પરમાનંદ સ્વામીએ કહ્યું:–" હું ત્હારી ક્યારનોય અહિં ઉભો ઉભો રાહ જોયા કરૂં છું. "

વનવાસિનીએ કહ્યું:–" પિતઃ ! હવે આપ મ્હને કોઇ પણ પ્રકારનો અનુરોધ કરશો નહિ. એમ કરવાને તમે પ્રથમથીજ કબૂલ થયા છો. યાદ છે કે ? "

પરમાનંદઃ–તું પણ મ્હારી એક આજ્ઞા પાળવાને હજી બંધાયલી છે એ તને યાદ છે કે ?

વનવાસિનીઃ–શી આજ્ઞા, કહો જોઇએ ?

પરમાનંદઃ–હું લાવણ્યસિંહને જ્યારે તને પાછો સોંપું ત્યારે ત્હારે તેને સ્વીકારવાનો છે.

વનવાસિનીઃ–હમણાં આપ તેને લઇ આવ્યા છો ? આ સમયે હું તેને સ્વીકારીને શું કરીશ ? તો પણ લલિતસિંહ તેને સ્વીકારી શકશે—તેઓ તેના પ્રતિપાલનનો બંદોબસ્ત કરી શકશે.

પરમાનંદઃ–હમણાં હું એ બાળકને પાછો સોંપવા અત્રે આવ્યો

થી; તેથી એ સંબંધીની ત્હારે ફિકર કરવાની જરૂર નથી.

વનવાસિનીઃ—ત્યારે મ્હારી રાહ જોવાનું શું પ્રયોજન છે?

પરમાનંદઃ—હું તને કેટલીક હકીકત કહેવાની ઇચ્છા રાખું છું. આ યુદ્ધમાં શું થશે—કોનો પરાજય થશે—કોનો વિજય થશે—કોણ જીવતું રહેશે તેમજ કોણ મરી જશે એ કાંઇ નક્કી નથી.

વનવાસિનીઃ—પિતઃ! એ સંબંધીની આપે ગણના કેમ ન કરી જોઈ?

પરમાનંદઃ—મ્હેં ગણના કરી જોઈ છે; કિન્તુ તેથી પૂરતી હકીકત માલૂમ પડી આવી નથી. આ યુદ્ધ થઇ જાય તે પૂર્વેજ મ્હારે એ સંબંધીની કેટલીક હકીકત તને કહી દેવાની છે.

વનવાસિનીઃ—બેલાશક કહો.

પરમાનંદઃ—ઘણું કરીને તું હવે મ્હને ફરીથી જોઇ શકીશ નહિ. હું આ દેશનો ત્યાગ કરી સાધના કરવાને માટે હિમાલય જઇશ, અને જીંદગીના અવશેષ દિવસો ત્યાંજ પસાર કરીશ.

વનવાસિનીઃ—પ્રભુ! હું આપના ધર્મમાર્ગમાં કંટક થઇ પડીશ નહિ; કિન્તુ મ્હારી માત્ર એટલીજ વિનંતિ છે કે, આપ બે ચાર દિવસ અત્રે રોકાઓ તો હું પણ આપની સાથે હિમાલય તરફ આવવાની ઇચ્છા રાખું છું.

પરમાનંદઃ—કેમ, હજી સુધી પણ વિશાળ બરવાણી રાજ્યની મહારાણી થવાની ત્હારી ઇચ્છા નથી?

વનવાસિનીઃ—ગુરૂદેવ! જે દિવસે એવી ઇચ્છા થશે તે દિવસે આપનું આપેલું સઘળું શિક્ષણ વ્યર્થ થયું ગણાશે.

પરમાનંદઃ—તું યુવરાજ લલિતસિંહને ચ્હાતી નથી કે શું?

વનવાસિનીઃ—આપ સંન્યાસી છો. સ્નેહનું રહસ્ય આપ કેવી રીતે સમજી શકો?

પરમાનંદઃ—વનવાસિનિ ! હું સંન્યાસી નથી; કિન્તુ વિશાળ બરવાણી રાજ્યનો મહારાણો છું.

વનવાસિની વિસ્મિત થઇ જઇને પરમાનંદ સ્વામીના તેજસ્વી વદનમંડળ તરફ જોઈ રહી. તેને એમજ લાગ્યું કે, આટલા બધા કાળ પછી ગુરૂદેવ ગાંડા બની ગયા છે. તેઓ મહારાણા હોય એ શું સંભવિત છે ! ?

પરમાનંદ સ્વામીએ કહ્યું:—" વનવાસિનિ ! તું આશ્ચર્ય પામે છે—જો કે આશ્ચર્ય ઉપજે એવીજ આ વાત છે. ખરી રીતે જોવા જતાં હુંજ વિશાળ બરવાણી રાજ્યનો મહારાણો છું. હુંજ અજયસિંહ છું. વૃદ્ધ મહારાણાનો હુંજ મ્હોટો પુત્ર છું—લલિતસિંહ મ્હારો પુત્ર છે. સહુ કોઇ એમ જાણે છે કે, અમરસિંહનું મૃત્યુ નિપજ્યું છે; પરંતુ ખરી રીતે જોવા જતાં તેમ નથી. અમરસિંહનું મૃત્યુ નિપજ્યું નથી. વનવાસિનિ ! તું જે પ્રમાણે મ્હારા પુત્ર લલિતસિંહને ચ્હાય છે તેજ પ્રમાણે હું એક વખતે મ્હારી પત્નીને ચ્હાતો હતો ! સ્નેહ શી ચીજ છે તે હું સારી રીતે સમજું છું. સ્નેહમાં અપાર દુઃખ સહન કરવાનું હોય છે એ પણ હું સમજું છું. આવી પરિસ્થિતિમાં મ્હારી પત્ની સ્વર્ગવાસિની થઇ. એ શોચનીય બનાવ બન્યાથી મ્હારો જીવ અસ્થિર બની ગયો. તે અકાળે મ્હારો ત્યાગ કરી ચાલી ગઇ તેથી મ્હારા હૃદય ઉપર સખ્ત આઘાત લાગ્યો. એવો આઘાત તે પૂર્વે મ્હારા હૃદય ઉપર કદાપિ થયો નહોતો. હું શિકારનું બ્હાનું કાઢી રાજધાનીનો ત્યાગ કરી ચાલી નીકળ્યો—અને ભગવાં વસ્ત્રો પહેરી સંન્યાસી થયો. હું રાજધાનીમાં પાછો ગયો નહિ તેથી સહુ કોઇએ એમ વિચાર્યું કે, હું કોઇ જંગલી પ્રાણીનો ભોગ થઈ પડ્યો હોઇશ; કિન્તુ હું તેવી રીતે મરી ગયો નથી. આજકાલ કરતાં વીસ વર્ષથી હું, મ્હારી પ્રેમની પ્રતિમાનુંજ ધ્યાન ધરીને ફર્યા કરૂં છું. વનવાસિનિ !

સ્નેહના આકર્ષણને હું સારી રીતે સમજું છું."

ખરી રીતે જોવા જતાં વનવાસિની પ્રથમ તો ગુરૂદેવ પરમાનંદ સ્વામીનાં વચનો સાંભળી આશ્ચર્યમાં પડી ગઇ હતી. તે કાંઇ પણ બોલી નહિ. તે શાંતિથી ગુરૂદેવના તેજોમય વદનમંડળ તરફ જોઇ રહી. પરમાનંદ સ્વામીએ ત્રિશેષમાં કહ્યું:—" વનવાસિનિ ! આ સઘળી હકીકત હું તને કહેત નહિ; કેમકે આ હકીકત જાણવાની કોઇને પણ જરૂર નથી; કિન્તુ મ્હારા પુત્ર લલિતસિંહને આ હકીકત જણાવવાની જરૂર લાગ્યાથીજ મ્હેં આજે ત્હારી આગળ મ્હારો સઘળો ભેદ ખુલ્લો કર્યો છે. લલિતસિંહની સાથે હવે મ્હારી મુલાકાત થવાની નથી. હું તેની મુલાકાત કરીને મ્હારે મુખેજ આ સઘળી હકીકત તેને કહેવાની ઇચ્છા રાખતો નથી. વનવાસિનિ ! બેટા ! આજકાલ કરતાં મ્હેં ચૌદ વર્ષથી ત્હારૂં પ્રતિપાલન કર્યું છે. જે દિવસથી તું મ્હને મળી આવી છે તે દિવસથી આજ સુધી મ્હેં તને મ્હારી પોતાની પુત્રી પ્રમાણે ગણીને ઉછેરી મ્હોટી કરી છે! હજી પણ હું તને મ્હારી પુત્રી પ્રમાણે મ્હાનું છું. ત્રણ વર્ષ ઉપર હું તને લલિતસિંહની પાસે લઇ ગયો હતો. કોઇ પણ પ્રકારે તું લલિતસિંહને મ્હાતાં શિખે એટલોજ મ્હારો ઉદ્દેશ હતો. મ્હારો ઉદ્દેશ મ્હેં અનેક પ્રયત્નો અજમાવીને પણ શ્રી પરમાત્માની કૃપાથી સફળ કર્યો છે. લલિતસિંહ સાથે ત્હારો વિવાહ કરવાની મ્હારી ઘણા કાળથી ઇચ્છા હતી. એટલા માટેજ મ્હેં ભીલજાતિને મ્હારે તાબે રાખી છે. તને ભીલ-જાતિની ભક્તિની પ્રતિમા બનાવી છે. ત્હારી સાથે લલિતસિંહનો વિવાહ કર્યો છે. હવે જો ત્હારે વિશાળ બરવાણી રાજ્યની મહારાણી ન થવું હોય તો ભલે જેવી ત્હારી ઇચ્છા ! કિન્તુ વનવાસિનિ ! બેટા ! જે રાજપૂત રાજાઓ સિંહાસન પર બેસી, પ્રજાજનોને સંતોષી સદા સુખી રહેતા હતા અને કદાપિ યવન શત્રુઓના ચરણોમાં શિર ઝુકાવતા નહોતા તેજ સિંહાસન ઉપર ખૂની, પ્રપંચી, દગાબાજ

જાલિમસિંહે બિરાજી સિંહાસનને કલંકિત કર્યું છે, રાજપૂત ગૌરવને દૂર કરી નાંખ્યું છે—યવનોનું દાસત્વ સ્વીકાર્યું છે. બેટા ! આ બધાનો વિચાર કરતાં મ્હારા હૃદયના શોકને હું સમાવી શકતો નથી; તેથીજ તને કહું છું કે, તું બરવાણી રાજ્યની મહારાણી થા. પ્રજાજનોને સુખી કરી તેમના આશીર્વાદ પ્રાપ્ત કર. યવનોનું દાસત્વ સ્વીકારનાર જુલ્મી તેમજ ખૂની જાલિમસિંહની દુર્દશા કર. એટલે હું એમ સમજીશ કે, આજ સુધીમાં મ્હેં તને જે શિક્ષણ આપ્યું છે તે શિક્ષણ વ્યર્થ થયું નથી."

વનવાસિની આ સમયે પણ કાંઇ બોલી નહિ. પરમાનંદ સ્વામી તેને શાન્ત જોઇ પુનઃ કહેવા લાગ્યાઃ-" જાલિમસિંહ મ્હારો ભાઇ છે; કિન્તુ ભાઇને બદલે તેણે કસાઇના જેવું નીચ કાર્ય કર્યું છે. તેણે રાજપૂત ગૌરવને કલંકિત કર્યું છે. ગૌરવ ! રાક્ષસી ગૌરવે પણ પોતાની સગી બ્હેનનો જીવ લીધો છે. ખરી વાત છે કે, ગુલાબના ફૂલમાં પણ કાંટા હોય છે ! આ કળિકાળમાં પરમાત્મા કાંઇ જૂદું નરક બનાવતા નથી. તેઓ જે સૃષ્ટિમાં દેવ જેવો પરમપવિત્ર મનુષ્ય બનાવે છે તેજ સૃષ્ટિમાં રાક્ષસ જેવો પિશાચી પુરૂપ બનાવે છે. વનવાસિનિ ! મ્હેં એક મહા જ્ઞાની ગુરૂ પાસેથી જ્યોતિષ વિદ્યાનું ઘણું સારૂં જ્ઞાન સંપાદન કર્યું છે. એ વિદ્યાની સહાયતાથી મ્હેં પૂર્વે ગણના કરી જોઇ હતી તો મ્હને એમ જણાયું હતું કે, જુલ્મી જાલિમસિંહ બરવાણી રાજ્યનો રાજા થશે. મ્હેં તને દીવાની બનાવીને જાલિમસિંહને પાપકાર્ય કરતો અટકાવવાના ઘણા યત્નો કર્યા છે. જાલિમસિંહ જ્યારે ભયંકર પાપ કરવાનો નિશ્ચય કરી આનંદોત્સવમાંથી ઉઠી ચાલ્યો ગયો હતો તે સમયે પણ ત્હેં મ્હારા ઉપદેશાનુસાર ' કરીશ નહિ—કરીશ નહિ ' કહી તેને સાવચેત કરવાનો યત્ન કર્યો હતો; પરંતુ તેણે તે તરફ લક્ષ્ય નહિ આપતાં લલિતસિંહને બદલે ભૂલથી વૃદ્ધ મહારાણાનું ખૂન કરી પિતૃહત્યાનું મહા પાપ કર્યું છે. પિતૃહત્યા કરનારને તેના

ા પાપની ભયંકર શિક્ષા કરવામાં નહિ આવે ત્યાં સુધી પિતાનો ત્મા અશાન્તિ ભોગવશે—તેમની સદ્‌ગતિ થશે નહિ એમ તું લતસિંહને કહેજે. તેને એમ કહેજે કે, "તમારા વિયોગી પિતા જયસિંહ અંતે એમ કહી ગયા છે કે, તમે પિતૃહત્યા કરનાર દુષ્ટ લિમસિંહને તેના મહા પાપની સખ્ત શિક્ષા કરજો." હું સંન્યાસી િ ગયેલો છું. સંસારમાં પુનઃ પ્રવેશ કરવાની મ્હારી બિલકુલ ચ્છા નથી. જો કદાચ તું નદી કિનારા પરથી નિરાધાર અવસ્થામાં ી આવી ન હોત તો હું કદાપિ બરવાણી રાજ્ય તરફ પાછો ાવત નહિ. તું મળી આવી એટલે ત્હારી સાથે મ્હારા પુત્ર લલિ- સંહનો વિવાહ કરવાની ઇચ્છા મ્હારા અંતરમાં ઉપજી. એ વિવાહ વાને માટે અત્યાર સુધી મ્હારે યોગ સાધના તેમજ ધર્મ કર્મનો ગુ ત્યાગ કરવો પડ્યો છે; હવે મ્હને મ્હારા આ મનુષ્યદેહનું સાર્થક વા જવા દે. વનવાસિની! બેટા! લલિતસિંહને તું કહેજે કે જયસિંહ હવે નથી!"

આ સમયે વનવાસિનીએ મૌનનો ભંગ કરીને કહ્યું:—"પ્રભુ! ાપ લાવણ્યસિંહને કોની પાસે મૂકી જાઓ છો?"

પરમાનંદઃ—યોગ્ય સમયે લાવણ્યસિંહ સાથે ત્હારી મુલાકાત શે, એ માટે તું નિશ્ચિંત રહે.

વનવાસિનીઃ—ત્યારે મ્હને આપ આપની સાથે કેમ નથી લઇ 'તા?

પરમાનંદઃ—હમણાં હું તને સાથે લઇ જઈ શકતો નથી. ત્હારી ચ્છામાં આવે ત્યારે તું સંન્યાસ ગ્રહણ કરજે.

વનવાસિનીઃ—પ્રભુ! આ યુદ્ધનું પરિણામ કેવું આવશે?

પરમાનંદઃ—એ હકીકત તને હું કેવી રીતે કહી શકું?

વનવાસિનીઃ—ભલે ન કહી શકો તેમ હો તો કહેવડાવવાની કાંઇ

જરૂર પણ નથી.

પરમાનંદઃ—ત્યારે તું હવે જા. કાલે પ્રભાતકાળેજ યુદ્ધ થવાનો સંભવ છે. યુદ્ધ થતા પહેલાં તું સઘળી હકીકત લલિતસિંહને કહેજે.

વનવાસિનીઃ—પિતઃ ! ગુરૂદેવ ! ત્યારે શું મ્હારા પ્રિયતમ લલિતસિંહ આ યુદ્ધમાં બચનાર નથી ? અ રે ! આટલાજ માટે આપ મ્હને યુદ્ધનું ભવિષ્ય કહેતા નથી કે શું ? ના ના—ગુરૂદેવ ! કોઇ પણ ઉપાયે આપ મ્હારા પ્રાણાધિક તેમજ આપના પ્રિય પુત્ર લલિતસિંહનું રક્ષણ કરો. લલિતસિંહના વિયોગે હું એક ક્ષણને માટે પણ સંસારમાં રહી શકીશ નહિ. મ્હારાં નેત્રો આગળ હું તેમનું મૃત્યુ જોઈ શકીશ નહિ. જો તેમનું મૃત્યુ થશે તો હું પણ તેમની સાથે સ્વર્ગમાં સહગમન કરીશ; એટલે પછી પ્રાણાધિક લાવણ્યસિંહનું સંરક્ષણ કોણ કરશે ?

"જેનું રક્ષણ કરનાર કોઈ નથી તેનું રક્ષણ પરમકૃપાળુ પરમાત્મા કરે છે." આટલોજ ઉત્તર મળ્યો. વનવાસિનીએ ઉંચું મ્હોં કરી, નેત્રોમાંનાં આંસુ સાફ કરીને જોયું તો ગુરૂદેવ પરમાનંદ સ્વામીને તેણે ત્યાંથી અદ્રશ્ય થઇ ગયેલા જોયા. વનવાસિની ભાવી સંકટનો વિચાર કરતી કરતી મ્હોટેથી રડવા લાગી.

પ્રકરણ ૪૧ મું.

પાપીનું હૃદય.

બરવાણી રાજ્યની રાજધાની યુદ્ધક્ષેત્રમાં ફેરવાઇ ગઇ છે. ઉત્તર તરફ યવન સેનાપતિ મહમ્મદખાન પોતાના સૈન્યની છાવણી નાંખીને પડયા છે. અનેક તંબૂઓ ઉપર અર્દ્ધચંદ્રવાળી ધ્વજાઓ વાયુના જોરથી ઉડી રહી છે. દક્ષિણ તરફ યુવરાજ લલિતસિંહના સૈન્યે

છાવણી નાંખી છે. નગરની પૂર્વે અને પશ્ચિમે જાલિમસિંહના પક્ષના વિશ્વાસુ સરદારો, હજારો રાજપૂત સૈનિકો સાથે નગરનું સંરક્ષણ કરવાને ઉભા રહ્યા છે. રાજધાનીના પ્રત્યેક માર્ગ ઉપર સૈનિકો ખુલ્લાં હથિયારો હાથમાં રાખી પહેરો ભર્યા કરે છે. હાથીઓનો ગંભીર અવાજ, ઘોડાઓના ખોંખારા, હથિયારોનો ખણુણુ કરતો અવાજ તેમજ સૈનિકોના જયધ્વનિમાં તથા ગિર્દીના કોલાહલમાં જાણે કે સઘળો પ્રદેશ પૂર્ણ થઇ ગયો છે. દુકાનદારોએ દુકાનો બંધ કરી દીધી છે, ખેડૂતોએ હળ હાથમાંથી મૂકી દીધાં છે, શિલ્પીઓ પોતપોતાના કામનો ત્યાગ કરી પોતપોતાને ઘેર જતા રહ્યા છે. રાજમાર્ગો ઉપર સૈનિકો સિવાય બીજું કોઇ પણ મનુષ્ય ચાલતું જોવામાં આવતું નથી. બાળક, બાળિકા યા તો સ્ત્રીઓ ઘરમાંથી બ્હાર ડોકિયું સુદ્ધાં કરી શકતાં નથી. સર્વત્ર યુદ્ધની તૈયારી થઇ રહી છે—સર્વત્ર મહા ભયંકર દેખાવ જોવામાં આવે છે.

જાલિમસિંહ વિષયમોહની નિદ્રામાંથી જાગ્રત થયો છે. બે વર્ષ પૂર્વે તે જેવો અજેય સેનાપતિ હતો તેવોજ સેનાપતિ તે હમણાં થયો છે. આ બે વર્ષમાં સૈન્યની જે અવ્યવસ્થા થઇ હતી તેને દૂર કરી સૈન્યમાં નવજીવન ઉત્પન્ન કરવાનો તે હમણાં શ્રમ કરે છે. સૈનિકો પાછા તેના પ્રત્યે ઘણા સંતુટ થયા છે. ગૌરવનાં ઘરેણાં વેચાયાથી તેમને સહુને ચઢેલો સઘળો પગાર મળી ગયો છે. આ સિવાય જાલિમસિંહે કેટલાક નગરશેઠો પાસેથી પણ થોડી ઘણી રકમ મેળવી છે. ભયના માર્યા એ નગરશેઠો તેને રૂપિયા આપવાની 'ના' કહી શકયા નથી. આ સઘળા રૂપિયા જાલિમસિંહે પોતાના સૈનિકોને વ્હેંચી આપ્યા છે. હવે જાલિમસિંહને કોઇ પણ પ્રકારનો ભય નથી. લગભગ પંદર હજાર રાજપૂત સૈનિકો તેને માટે પોતાનો પ્રાણ પણ અર્પણ કરવાને તૈયાર છે.

હમણાં સહુ કોઇ સ્થિર છે। બન્ને પક્ષ ઉત્કંઠિત ચિત્તે યુદ્ધ

થવાની રાહ જુએ છે. કોઇ પક્ષ કોઇના પર પહેલો હુમલો કરવાની ઇચ્છા રાખતો નથી. જાલિમસિંહે વિચાર્યું હતું કે, લલિતસિંહ જ્યારે યુદ્ધ કરવાને આવ્યો છે ત્યારે તેજ પ્રથમ પોતાના સૈન્ય ઉપર હુમલો કરશે, એટલે પછી પોતે નગરનું સંરક્ષણ કરશે; પરંતુ લલિતસિંહ હુમલો કરે એવું એક પણ ચિહ્ન જોવામાં આવ્યું નહિ. જાલિમસિંહે એમ સાંભળ્યું કે, યુવરાજ લલિતસિંહની છાવણીમાં માત્ર આનંદ–વિનોદ તેમજ ગાનતાન ચાલી રહ્યું છે; ભીલ સૈન્ય નગર ઉપર હુમલો કરે એવું એક પણ ચિહ્ન જોવામાં આવતું નથી ત્યારે તે અધીર બની ગયો. તેણેજ ભીલ સૈન્ય ઉપર હુમલો કરી તેમને નસાડવાનો યત્ન કરવા માંડયો. સંધ્યા સમયે મહારાણા જાલિમસિંહે આજ્ઞા કરી કે " કાલે પ્રભાતકાળ પૂર્વેજ શત્રુ સૈન્યના ઉપર હુમલો કરવાનો છે. સહુ આ કાર્ય માટેની સંપૂર્ણ તૈયારી કરી રાખજો. " આ આજ્ઞા સાંભળી સઘળા સૈનિકો તેમજ સરદારો શત્રુ સૈન્ય ઉપર હુમલો કરવાની તૈયારી કરવા લાગ્યા. યવન સેનાપતિ મહમ્મદખાનને આ સમાચાર મળ્યા એટલે તેણે પણ ઉપર પ્રમાણેની આજ્ઞા પોતાના સૈનિકો તેમજ સરદારોને કરી. ચારે તરફ વ્યાકુળતા થઇ રહી; પરંતુ સઘળી વ્યવસ્થા ઘણી ચુપકીદીથી, ઘણી સાવધતાથી તેમજ ઘણી છુપી રીતે થવા લાગી. એ રાત્રે રાજસૈન્યમાંનો એક પણ સૈનિક નિદ્રાધીન થઇ શકયો નહિ.

પોતાના સૈનિકોને સર્વ પ્રકારે સુસજ્જિત કરીને રાત્રિના સમયે મહારાણો જાલિમસિંહ રાજમહેલમાં ચાલ્યો ગયો. પછીથી થોડો સમય વિશ્રાંતિ લેવાને માટે તે પોતાના શયન–મંદિરમાં ગયો. કોઇ પણ દાસ દાસી તેને એક પણ પ્રશ્ન પૂછી શકયું નહિ.

ગંભીર રાત્રે મહારાણી ગૌરવ પતિદેવ પાસે આવી પહોંચી. તેણે જોયું કે, હજી સુધી જાલિમસિંહ નિદ્રાધીન થયો નથી. તે શયન–

મંદિરમાં આમ તેમ ફર્યા કરે છે. તેનું માથું નીચું નમેલું છે, તેનો શ્વાસ ઉતાવળો ચાલે છે. તે પોતાના વિચારોમાં એટલો બધો તલ્લીન બની ગયો છે કે ગૌરવના પગનો અવાજ તે સાંભળી શકયો નહિ

ધીમે ધીમે ગૌરવ પતિ પાસે આવી પહોંચી. પછીથી પતિના ખભા પર તેણે પોતાનો હાથ મૂકયો. જાલિમસિંહે ચમકીને પાછું જોયું અને પછી નમ્ર સ્વરે તેણે કહ્યું:–"ગૌરવ! પાછું મ્હેં પેલું ભયંકર સ્વપ્ન જોયું છે!"

ગૌરવે તિરસ્કારસૂચક હાસ્ય કરીને કહ્યું:–"તમે તો હમ્મેશાં અંધકારમાં ભૂત જુઓ છો!"

જાલિમસિંહ:–ના ના–હું સાચુંજ કહું છું. યુદ્ધમાં હું જીવતો રહી શકીશ નહિ.

ગૌરવ:–આટલું બધું ભવિષ્ય જાણતાં તમે કયારથી શિખ્યા!

જાલિમસિંહ:–તો પછી એ સ્વપ્ન આજે રાત્રેજ મ્હારા જોવામાં કેમ આવ્યું?

ગૌરવ:–સેનાપતિ મહાશય! તમારા જેવા વીર પુરૂષે એક સ્વપ્નના ભયથી ભયભીત બની જવું જોઇએ નહિ. જ્યારે તમેજ ભયભીત બની જશો ત્યારે પછી તમારા સૈનિકો કેવી રીતે સાહસિકતાથી યુદ્ધ કરશે?

જાલિમસિંહ:–ગૌરવ! મ્હારી એક વાત સાંભળીશ? ચાલ, આપણે અત્રેથી પલાયન કરી જઇએ. આપણે કોઇ એકાન્ત અરણ્યમાં જઇને શાન્તિથી રહીશું. મ્હને મ્હારો જીવ બહુ વ્હાલો છે. આટલો વ્હેલો હું વિકાળ કાળનું મ્હોં જોઇ શકીશ નહિ. વળી હું મહા પાપી છું; તેથી મરવાનું સાહસ હું કરી શકતો નથી. મરી ગયા પછી મ્હારે નરકનું ભયંકર દુઃખ ભોગવવાનું છે. આમ હોવાથી મરણને શરણ તાં હું ઘણો ભય પામું છું. ગૌરવ! દયા લાવી મ્હને થોડા કાળને

માટે જીવતો રહેવા દે. મ્હને જાણી જોઇને યમસદનમાં ન મોકલ.

ગૌરવે સ્મિત હાસ્ય કરીને કહ્યું:–" તમને કોણ મારે છે ? માત્ર ભીલ સૈન્ય આપણા પચાસ હજાર રાજપૂત સૈનિકો અને પંદર હજાર મોગલ સૈનિકોની સાથે યુદ્ધ કરીને જીતશે ત્યારે તો પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગશે. તમારાં આવાં ભયપૂર્ણ વચનો સાંભળતાં મ્હને હસવું આવે છે. "

જાલિમસિંહ:–યુદ્ધમાં કદાચ આપણો વિજય પણ થાય; પરંતુ યુદ્ધમાં જીવન મરણનો નિર્ણય કેવી રીતે કરી શકાય ? ગૌરવ ! મ્હારૂં મન મ્હને પ્રત્યેક પળે એમ કહે છે કે, જો આ યુદ્ધમાં હું ઉતરીશ તો હું જીવતો રહીશ નહિ. ગૌરવ ! પ્રાણાધિકે ! આ સંસારની માયાનો ત્યાગ કરી મરણને શરણ થતાં હું ડરૂં છું.

ગૌરવ:–નહિ નહિ. તમારા જેવા નામર્દ મનુષ્યને હું નાશી જવામાં સહાયતા કરીશ નહિ. પિતાનું ખૂન કરી, તમારા હાથને કલંકિત કરીને તમે જે સિંહાસન મેળવ્યું છે, તે સિંહાસનનું સંરક્ષણ કરવાનો પ્રયત્ન કરો નહિ તો હું તમને એક લોઢાના સળીઆવાળા પિંજરામાં પૂરી આખા ગામમાં ફેરવી એમ જાહિર કરીશ કે, પિતૃ-હત્યા કરનારની આ દુર્દશાનું સહુ કોઈ દર્શન કરો. બોલો બોલો, હવે તમે યુદ્ધમાં ઉતરવાને તૈયાર છો કે નહિ ? હું તમારી સાથે જંગલમાં નાશી આવીને ઝુંપડીમાં રહેવા ઇચ્છતી નથી. હું આ વિશાળ રાજ્યની મહારાણી થઇ રહેવામાંજ જીવનનો સાર સમજું છું. રાજ્યવૈભવ આગળ બીજું બધું હું તુચ્છ સમજું છું.

જાલિમસિંહ:–ચુપ ગૌરવ ! મ્હારા પર દયા લાવીને ચુપ રહે. જો કોઇ આ વચનો સાંભળશે તો મ્હોટો રાજ્યદ્રોહ ઉત્પન્ન થશે, આપણી ઘણી દુર્દશા થશે. વળી ગૌરવ ! પિતાનું ખૂન કરવામાં કાંઇ મ્હારો એકલાનો હાથ નથી. ત્હારી શિખામણથીજ મ્હેં મ્હારા

યશસ્વી નામને કલંકિત કર્યું છે. ત્હેં પ્રેમદા થઇ એક પિશાચિનીની ગરજ સારી છે. ગૌરવ ! તું મ્હને એકલાનેજ ગુન્હેગાર કેમ ગણે છે ?

ગૌરવઃ--બસ કરો, બહુ થયું. મ્હેં જે કાંઈ કર્યું છે તે માત્ર તમારા કલ્યાણાર્થેજ કર્યું છે. જો સિંહાસન પ્રાપ્ત થયા પછી તમે વિલાસસાગરમાં ન ડૂબ્યા હોત, સુરાપાન કરતાં ન શિખ્યા હોત, વારાંગનાઓની સાથે સંભોગ કરી મદનજ્વાળા શાંત કરતાં ન શિખ્યા હોત તો તમારી આવી દુર્દશા થાત નહિ; પરંતુ તમારાં પાપકર્મોએજ તમારી અધોગતિ કરી છે. તેમાં મ્હારો શો દોષ છે ? તમારે નાશી જવું હોય તો ભલે નાશી જાઓ. તમારે બદલે હું યુદ્ધ કરીશ. જો પરાજિત થઇશ તો યુદ્ધભૂમિમાંજ આ જીવન સમર્પણ કરી દઇશ. એમ થવાથી લોકો એમ કહેશે કે, ગૌરવ એક વીર પ્રબળાની માફક મરણને શરણ થઇ છે.

જાલિમસિંહ કાંઇ બોલ્યો નહિ. તે શાંતિથી શયન-મંદિરમાં પ્રથમની માફક આંટા મારવા લાગ્યો. પછીથી એકાએક ગૌરવની સ્હામે ઉભા રહીને તેણે કહ્યું:-" ગૌરવ ! પિશાચિની ગૌરવ ! ત્હેં એ અગ્નિ જોયો નથી—એ અગ્નિથી રાત્રિ દિવસ મ્હારૂં તનબદન બળીને ખાક થઈ જાય છે—મ્હારો જીવ અસ્થિર બની જાય છે ! એ અગ્નિ ત્હેં જોયો નથી, તેથીજ તું મરવાનું સાહસ કરી શકે છે ! ગૌરવ ! હું ત્હારે પગે પડીને કહું છું કે, મ્હને થોડા દિવસને માટે બચાવ. હું ચોક્કસ જાણું છું કે, હું યુદ્ધમાંથી જીવતો પાછો ફરનાર નથી. "

ગૌરવઃ-તમે ચક્રમ બની ગયા છો ! સંન્યાસી ગણના કરીને શું કહી ગયા છે એ તમે જાણતા નથી કે શું ?

જાલિમસિંહ પાછો વિચાર કરતો કરતો આંટા મારવા લાગ્યો. ગૌરવે તેને કહ્યું:-" પિતૃહત્યા કરનાર નરરાક્ષસ તરીકે તિરસ્કારપાત્ર

થવા કરતાં મરણને શરણ થવું એમાંજ શ્રેય છે.”

જાલિમસિંહે ઉભા રહીને કહ્યું:–“ જો કદાચ હું પલાયન કરી જાઉં તો શત્રુઓ મ્હને કેવી રીતે પકડશે ?”

ઘણા ગંભીર તેમજ ભયંકર સ્વરે ગૌરવે કહ્યું:–“ જાલિમસિંહ! જો તમે યુદ્ધમાં ઉતરવાની નારાજી દર્શાવશો તો હુંજ તમને શત્રુઓના હાથમાં પકડાવી દઈશ, અને સહુ કોઈને એમ કહીશ કે, તમેજ પિતૃહત્યા કરી છે.”

જાલિમસિંહનું સઘળું શરીર ધ્રૂજી ઉઠ્યું. તે વ્યાકુળતાથી બોલી ઉઠ્યો:–“ ચુપ—ચુપ !”

ગૌરવ:–જાલિમસિંહ ! તમારે યુદ્ધ કરવુંજ પડશે.

આમ કહીને ગૌરવ ક્રોધથી પગ પછાડતી પછાડતી ત્યાંથી ચાલી ગઈ. ઘણા સમય સુધી જાલિમસિંહ શાન્તિથી આંટા મારવા લાગ્યો. પછીથી એકાએક તેણે ચમકીને ચારે તરફ જોયું; અને તે શયન-મંદિરની બ્હાર નીકળી પડ્યો.

બ્હાર નીકળી જાલિમસિંહ ઘોડેસ્વાર થયો. તેનું સૈન્ય આખી રાત જાગતું રહ્યું હતું. જાલિમસિંહના જઈ પહોંચ્યા પછી રાજપૂત અને મોગલ સૈન્ય યુવરાજ લલિતસિંહના સૈન્ય પર ટૂટી પડવાને અગ્રેસર થયું.

પ્રકરણ ૪૨ મું.

ભીષણ સંગ્રામ.

યુવરાજ લલિતસિંહની છાવણીમાં સઘળા સૈનિકો તેમજ સરદારો નિદ્રાધીન થઈ ગયા છે. તેઓ નિદ્રાધીન સ્થિતિમાં પણ યુદ્ધ સજ્જાથી સુસજ્જિત થઈ રહેલા છે. જુમેલિયાની આજ્ઞાથી તેઓ

ુ વિશ્રાંતિ લે છે. જુમેલિયા જાણતો હતો કે, આવતી કાલે પ્રભા-
કાળે યુદ્ધ અવશ્ય થશે; તેથીજ તેણે પોતાના સૈન્યને રાત્રિને સમયે
શ્રાંત લેવાની રજા આપી છે; કિન્તુ જુમેલિયા પોતે નિદ્રાધીન
ેા નથી. લલિતસિંહ પણ જાગ્રત રહ્યો છે. જ્યારે ગૌરવ જાલિમ-
ંહને યુદ્ધ કરવાને માટે પ્રોત્સાહિત કરતી હતી ત્યારે જુમેલિયા
ાને લલિતસિંહ નીચે પ્રમાણે વાતચિત કરતા હતા.

જુમેલિયાઃ—રાજકુમાર ! આપની પાસે એક વિનંતિ કરવાની છે.

લલિતસિંહઃ—સખે ! સૌરભનો સ્વર્ગવાસ થયા પછી આ સમ-
ત સંસારમાં જો કોઇ મ્હારા સ્નેહનું પાત્ર હોય તો તે માત્ર તુંજ
. ત્હેં મ્હારા પર અસંખ્ય ઉપકારો કર્યા છે. ત્હારે જે કહેવું હોય
કોઈ પણ પ્રકારનો સંકોચ રાખ્યા સિવાય કહે. હું તું કહે તે
માણે વર્તવાને તૈયાર છું.

જુમેલિયાઃ—તમે આવતી કાલે યુદ્ધમાં જશો નહિ. યુદ્ધક્ષેત્રમાં
ાજર પણ રહેશો નહિ. એટલીજ મ્હારી વિનંતિ છે.

આ વિનંતિ સાંભળી લલિતસિંહ આશ્ચર્યમાં પડી ગયો. ઘણા
મય સુધી તે જુમેલિયાના મ્હોં સ્હામે જોઇ રહ્યો. પછીથી તેણે
હ્યું:—" જુમેલિયા ! આજે તું આમ કેમ કહે છે ? ત્હેંજ મ્હને
ાજ સુધી યુદ્ધ કરવાને માટે ઉત્સાહિત કર્યો છે, અને આજે તુંજ
ો મ્હને યુદ્ધમાં ઉતરવાની ના પાડે છે ? "

જુમેલિયાઃ—તમારા વતી હું યુદ્ધ કરીશ. તમે મ્હારૂં કહ્યું કૃપા
રીતે માનજો અને આવતી કાલે યુદ્ધમાં ન ઉતરશો.

લલિતસિંહઃ—સખે ! એમ કરવાથી લોકો શું કહેશે ? યુદ્ધભૂમિમાં
તે હું હાજર નહિ રહું તો રાજપૂત સૈનિકો યુદ્ધ કરશે નહિ. સુશિ-
ક્ષત રાજપૂત સૈન્ય આગળ આપણું માત્ર ભીલસૈન્ય ટકી શકશે
હિ. સખે ! હું કેવી રીતે ત્હારી વિનંતિ કબૂલ કરી શકું ? મ્હને

ક્ષમા કર—હું ત્હારી વિનંતિ કબૂલ કરી શકતો નથી.

એકાએક જુમેલિયાએ ચમકી ઉઠીને કહ્યું:—"રાજકુમાર! શત્રુ સૈન્ય આવતું હોય એમ જણાય છે. હું તેમનો ખડખડાટ સાંભળી શકું છું" આમ કહીને જુમેલિયાએ તરતજ પોતાની બંસી બજાવી. રાત્રિની નિસ્તબ્ધતાને ભેદીને એ મધુર બંસીના મધુર ધ્વનિના તરંગો ગગનમંડળમાં ઉછળવા લાગ્યા. સઘળા વિશ્રાંતિ લેતા ભીલ સૈનિકોએ પોતાના સેનાપતિની મધુર બંસીનો સ્વર સાંભળ્યો. ક્ષણ માત્રમાંજ તેઓ જાગ્રત થઇ યુદ્ધને માટે ઉભા થઇ ગયા. પળ માત્રમાં સઘળા સૈન્યમાં ખળભળાટ થઇ ગયો. સહુ કોઇ યુદ્ધને માટે તૈયાર થઇ ગયા.

પછીથી જુમેલિયાએ બંસી બજાવવી બંધ કરી લલિતસિંહના બન્ને હાથ પકડી ગદ્‌ગદ કંઠે કહ્યું—"રાજકુમાર! મ્હારી વિનંતિ કબૂલ કરો. આપ કૃપા કરીને યુદ્ધમાં ન ઉતરો."

લલિતસિંહે હસીને કહ્યું:—"સખે! તું મ્હને ઘણો વ્હાલ છે: તેથીજ ત્હારા મનમાં મ્હારા જીવનને માટે શંકા રહે છે. તું ભય પામીશ નહિ. મ્હારૂં મૃત્યુ થનાર નથી."

આ સમયે જાલિમસિંહનું સૈન્ય પાસે આવી પહોંચીને જયગર્જનાઓ કરવા લાગ્યું. સાથે લલિતસિંહનું સૈન્ય પણ પૃથિવીને કંપાવી મૂકીને જયધ્વનિ કરવા લાગ્યું. હવે વિશેષ વાત કરવાનો સમય રહ્યા નહિ. લલિતસિંહ તેમજ જુમેલિયા ક્ષણ માત્રમાંજ ઘોડેસ્વાર થયા. પ્રભાતકાળના ક્ષીણ પ્રકાશમાં બન્નેની સમશેરો ચમકી ઉઠી. પાછા જયધ્વનિ થવા લાગ્યા.

યુદ્ધ શરૂ થયું. ભયંકર યુદ્ધનો આરંભ થયો. સૈનિકોની બૂમો, હથિયારોનો ખડખડાટ, તીરોનો સણસણાટ, હાથીઓનો ગંભીર અવાજ, ઘોડાઓના ખોંખારા, બંદુકોના અવાજ, કમાનોના નિનાદ, સરદારોનાં ઉત્સાહ વચનો, ઘવાયલા સૈનિકોની હૃદયભેદક ચીસો

વગેરેથી સર્વત્ર મહા ભયંકર કોલાહલ થઈ રહ્યો. ચારે તરફથી ભીલ સૈન્ય ઘેરાયલું છે. પાછળ મોગલ સૈન્ય છે. સ્હામે જાલિમસિંહ સાતહજાર રાજપૂત સૈનિકો સાથે ભીલ સૈન્યની કત્લ કરવાને મંડી પડ્યો છે; પરંતુ અચળ અટલ પરાક્રમથી ભીલ સૈનિકો અને દેશભક્ત રાજપૂત સૈનિકો યુદ્ધ કરે છે. રાજપૂત અને યવન ઘોડેસ્વારો વારંવાર તેમના ઉપર હુમલા કરે છે. પરંતુ તેઓ અલ્પકાળમાંજ પાછા હટી જાય છે. લલિતસિંહના સઘળા સૈનિકો અડગ પર્વતની માફક પોત પોતાને સ્થાને સ્થિરતાથી ઉભા રહીને યુદ્ધ કરે છે.

જુમેલિયાએ અદ્ભુત વ્યુહ રચ્યો છે. આજે જુમેલિયાજ સેનાપતિ છે. ચૌદ વર્ષની ઉંમરનો પરમ સુંદર વીર બાળક જુમેલિયા આજે લલિતસિંહના સૈન્યનો સેનાપતિ છે ! આ દેખાવ અતુલનીય તેમજ મનોહર છે. જાણે કે પાંડવ સૈન્ય આજે બાળ વીર અભિમન્યુની સરદારી નીચે કૌરવોને પરાજિત કરવાનો યત્ન કરી રહ્યું છે.

જુમેલિયાની વ્યુહ–રચના એવી અદ્ભુત છે કે, ભીલ સૈનિકો પોતાના સ્થાનેથી એક પણ પગલું આઘા પાછા હટી શકતા નથી. વાવાઝોડા સમયે સાગરના તરંગો જોરથી જે પ્રમાણે ઉછાળા મારે છે તે પ્રમાણે જાલિમસિંહનું સૈન્ય વારંવાર લલિતસિંહના સૈન્ય ઉપર હુમલો કરે છે; પરંતુ લલિતસિંહનું સૈન્ય સહજ પણ પાછું હઠતું નથી !

સહુ કોઈ આજે જુમેલિયાની આજ્ઞાથી ફરે છે, આગળ વધે છે અને યુદ્ધ કરે છે. જુમેલિયા જે આજ્ઞા કરે છે તે આજ્ઞા સઘળા યુદ્ધવિદ્યાવિશારદ રાજપૂત સરદારો અને સૈનિકો શિર પર ચઢાવે છે. સઘળું સૈન્ય વ્યવસ્થિત જણાય છે.

ભીલ સૈન્ય અર્દ્ધ ચંદ્રાકારમાં ઉભું રહ્યું છે. બે મ્હોટા અર્દ્ધચંદ્ર જાણે કે એક સ્થાને મળી ગયા છે. પાછળના અર્દ્ધચંદ્રાકારની વચ્ચે સરદાર લક્ષ્મણસિંહ પોતાના ઘોડેસ્વાર સૈનિકોની સાથે યુદ્ધ

કરી રહેલો છે. બીજા ઘોડેસ્વાર સૈનિકોની સાથે સરદાર ભીમસિંહ અને રામસિંહ તેમનું રક્ષણ કરે છે. એ તરફ મોગલ સૈનિકો વારંવાર હુમલો કરે છે તથા વારંવાર માર ખાઇને પાછા હઠે છે.

સ્હામેના બીજા અર્દ્ધચંદ્રમાં યુવરાજ લલિતસિંહ ઘોડેસ્વાર થઇને યુદ્ધ કરે છેઃ વીર બાળક–ભીલ સેનાપતિ–સમસ્ત સૈન્યનો સેનાપતિ જુમેલિયા લલિતસિંહનું ચારે તરફથી રક્ષણ કર્યા કરે છે. કુમાર રણવીરસિંહ અને શૈલેન્દ્રસિંહે હાથી ઉપર બેસી રાજકુમારના મસ્તક ઉપર રાજ્યછત્ર ધરી રાખ્યું છે. લગભગ પચાસ હજાર રાજપૂત ઘોડેસ્વારો તેમની બન્ને બાજુએથી તેમનું રક્ષણ કર્યા કરે છે.

મધ્યાન્હકાળ સુધી યુદ્ધ ચાલ્યું; તોપણ જુલ્મી જાલિમસિંહ, જુમેલિયાએ રચેલા વ્યુહને ભેદી શક્યો નહિ. જેટલી વખત તે પોતાના સૈન્યસહ હુમલો કરવા લાગ્યો તેટલી વખત નિરૂપાયે તેને પાછા હઠવું પડ્યું. ભીલ સૈન્ય સહજ પણ પાછું હઠ્યું નહિ. ઘણી વખત યુવરાજ લલિતસિંહને ખૂની જાલિમસિંહ ઉપર હુમલો કરી પિતાની આજ્ઞા પાળવાનો વિચાર થઇ આવ્યો; પરંતુ જુમેલિયાએ તેને તેમ કરતાં અટકાવ્યો; માત્ર લલિતસિંહના મનમાંજ આવો વિચાર ઉપજ્યો છે એમ નથી; સઘળું ભીલ તેમજ રાજપૂત સૈન્ય જાલિમસિંહનો જીવ લેવાને તલપી રહ્યું છે, અને તેથી આ કાર્ય કરવાને માટે તે વારંવાર જુમેલિયા તરફ જોયા કરે છે; પરંતુ જુમેલિયા કોઇને તેમ કરવાની આજ્ઞા આપતો નથી. તે અચળજ રહ્યો છે!

વખત વિશેષ પસાર થયો તેમ તેમ જાલિમસિંહ અધીર બની ગયો મધ્યાન્હકાળ સુધીમાં તેણે સેંકડો વખત લલિતસિંહના સૈન્ય ઉપર હુમલાઓ કર્યા; પરંતુ તેના સઘળા હુમલાઓમાં તે પરાજિત થઇને પાછો હઠ્યો. આથી તેનો ક્રોધ ધીમે ધીમે ઘણોજ વધી ગયો. તે સમજી ગયો કે, ધીમે ધીમે તેનું સૈન્ય નિર્બળ થતું જાય છે.

આવી સ્થિતિમાં જો ઘણા સમય સુધી યુદ્ધ ચાલશે તો પોતાનો પરાજય થશે એવો વિચાર આવતાં જાલિમસિંહનું ધૈર્ય જતું રહેવા લાગ્યું. તેણે અંતે પ્રચંડ પરાક્રમથી ભીલ સૈન્ય ઉપર હુમલો કર્યો. હિમાલય જાણે કે એકદમ પોતાના સ્થાનેથી ખસીને ભીલ સૈન્યના ઉપર તૂટી પડયો ! આ સમયે ભીલ સૈન્ય વિચળિત થઇ ગયું. ભીલ સૈનિકો પોતાના સ્થાનેથી નિરૂપાયે સહજ પાછા પણ હઠી ગયા.

આ હુમલા સમયે કેટલીક ગોળીઓ તેમજ તીર કુમાર રણવીરસિંહના હાથીને વાગ્યાં. આથી કરીને હાથી ગર્જના કરવા લાગ્યો. માવતે અનેક યત્નો કર્યા, તોપણ તે હાથીને વશ કરી શક્યો નહિ. હાથી ઉન્મત્ત બની જઇને ક્ષણ માત્રમાં આગળ વધ્યો તથા જોતજોતામાં અનેક શત્રુ સૈનિકોને ચગદી નાંખી તે શત્રુસૈન્યમાં જઇ ચઢ્યો. જાલિમસિંહના સૈન્યે જયગર્જના કરીને કુમાર રણવીરસિંહને ચારે તરફથી ઘેરી લીધો.

પોતાના પ્રિયબંધુ કુમાર રણવીરસિંહને યુવરાજ લલિતસિંહે શત્રુસૈન્યમાં સપડાયલો જોયો–રણવીરસિંહ શત્રુઓ સાથે પ્રબળ પરાક્રમથી યુદ્ધ કરતો તેની નજરે પડયો. રણવીર જીવ બચાવવાને માટે વ્યાકુળ બની જઈ યુદ્ધ કરવા લાગ્યો, અને વારંવાર લલિતસિંહના તરફ જોવા લાગ્યો. લલિતસિંહ આવો દેખાવ જોઇ શક્યો નહિ. જુમેલિયાના તરફ ફરીને તેણે કહ્યું:–" ! હવે હું ત્હારી આજ્ઞા પાળી શકતો નથી. હું મ્હારો જીવ આપીને પણ મ્હારા બંધુનું રક્ષણ કરીશ યા તો યુદ્ધભૂમિમાંજ મરણને શરણ થઇશ."

આમ કહીને તેણે પોતાના ઘોડાને પવન વેગે શત્રુસૈન્યમાં દોડાવ્યો. જુમેલિયા ભયની ભાવનાથી બોલી ઉઠયો:–" રાજકુમાર ! લલિતસિંહ ! લલિત ! આ શું કરોછો ? ! "

જુમેલિયાનાં આ વચનો ઉત્તેજિત બની ગયેલા લલિતસિંહના

સાંભળવામાં આવ્યાં નહિ. તે તો રણવીરને સહાયતા કરવા શત્રુસૈન્યમાં જઇ પહોંચ્યો.

જુમેલિયાએ એક વખત પાછળ દૃષ્ટિ કરી ભીલ સૈન્યના વ્યુહને જોઈ, એક ગાઢ નિઃશ્વાસ મૂકી, કપાળ પરનો પરસેવો સાફ કરી નાંખ્યો. પછીથી તે ઉચ્ચ સ્વરે બોલી ઉઠ્યો:—" બહાદુર ભીલ સૈનિકો ! તમે રાજકુમારનું રક્ષણ કરો. " આમ કહી તેણે પણ પોતાનો ચતુર અશ્વ શત્રુસૈન્ય તરફ દોડાવ્યો. લગભગ પાંચહજાર ભીલ સૈનિકો પણ પાછળ પાછળ શત્રુસૈન્યમાં જઇ પડેલા રાજકુમારનું રક્ષણ કરવા આગળ વધ્યા. બેહજાર રાજપૂત ઘોડેસ્વારો સાથે શૈલેન્દ્રસિંહે પણ તેમનું અનુસરણ કર્યું.

ક્ષણ માત્રમાં ભીલવ્યુહનો ભંગ થયો. પૂર્વે યુદ્ધમાં જેવી સુવ્યવસ્થા હતી તેવી હવે અવ્યવસ્થા થઇ ગઈ. હવે સહુ કોઈ પોત-પોતાની ઇચ્છામાં આવે તે પ્રમાણે યુદ્ધ કરવા લાગ્યા. ઉભયપક્ષની સેનાએ એકત્ર થઈ જઇ એક પ્રકારનું ભીષણ સ્વરૂપ ધારણ કર્યું. સૈનિકોની સમશેરોના ખડખડાટ, ઘોડાઓના ખોંખારા, હાથીઓની ગંભીર ગર્જના તથા ઘાયલ થતા સૈનિકોની બૂમો સિવાય હવે બીજું કાંઈ સાંભળવામાં આવતું નથી. કમાન તેમજ બંદુકોના ધૂમાડાને લીધે બીજું કાંઇ જોઈ શકાતું નથી. શત્રુ મિત્ર પિછાની શકાય તેમ નથી. સહુ કોઇ ઇચ્છામાં આવે તેના પર હથિયાર ચલાવે છે. યુદ્ધભૂમિ લોહીથી ભીંજાતી જાય છે.

લલિતસિંહ બંધુનું રક્ષણ કરી શક્યો નહિ. ઘણા રાજપૂતોથી ઘેરાઇ જઇ રણવીરસિંહ યુદ્ધ કરતાં કરતાંજ ઘાયલ થયો. તેના હાથમાંની સમશેર નીચે પડી ગઈ. આ સમયે યુવરાજ લલિતસિંહ તેની નજીકમાં આવી પહોંચ્યો. બંધુને સંકટમાં જોઇ તે પોતાના શિર પરનું સંકટ ભૂલી ગયો. આ દેખાવ રણવીરસિંહ જોઇ શક્યો;

તેથી તે બોલી ઉઠયો:–" રાજકુમાર ! હવે વિના કારણ શા માટે મ્હારૂં સંરક્ષણ કરવાનો યત્ન કરો છો ! ! તમે આત્મરક્ષણ કરો. હું મરીશ તો તેથી કાંઈ નુકસાન નથી; કિન્તુ જો તમે તમારૂં રક્ષણ નહિ કરો તો બરવાણી રાજ્યના સર્વસ્વનો નાશ થશે. રાજકુમાર ! ઉષાને એટલું કહેજો કે, તને આલોકમાં તો રણવીર મળી શક્યો નથી પરંતુ પરલોકમાં અવશ્ય મળશે. "

આ સમયે રણવીરે એવો અવાજ સાંભળ્યો કે:–" પ્રિયતમ ! ઉષા તમારાથી દૂર નથી. તે પણ જન્મભૂમિના ઉદ્ધારને અર્થે યુદ્ધ કરે છે. તમે જન્મભૂમિનો ઉદ્ધાર કરતાં કરતાં મરણને શરણ થાઓ છો એ મ્હોટા સૌભાગ્યની વાત છે. હું પણ આપના જેવુંજ પરાક્રમ કરી, અસંખ્ય શત્રુઓનો સંહાર કરી થોડા સમય પછી આપને સ્વર્ગમાં આવી મળીશ. મ્હને અફસોસ માત્ર એટલોજ થાય છે કે, હું તમારૂં રક્ષણ કરી શકવાને અસમર્થ છું. "

રણવીરસિંહ મહા મુશિબતે બોલી ઉઠ્યો:–" ઉષા ! તું યુદ્ધક્ષેત્રમાંથી ચાલી જા, મ્હારાથી વિશેષ બોલી શકાતું નથી. તું છેવટની મ્હારી આટલી વિનંતી સાંભળ. "

ઉષાએ કહ્યું:–" યુદ્ધભૂમિમાંથી ચાલી જઉં ? નાથ ! કૃપા કરી મ્હને આવી વિનંતિ ન કરો. જે ખૂની–નરપિશાચ–જુલ્મી જાલિમસિંહે મ્હારા સતીત્વધર્મને કલંકિત કરવાનો યત્ન કર્યો હતો તેજ જાલિમસિંહનું આજે હું લોહી પીને મ્હારા વૈરની વસુલાત લઇશ, તથા તે સાથેજ જન્મભૂમિના ઉદ્ધારાર્થે આ તુચ્છ જીવન દઇશ. "

આમ કહીને ઉષા પાછી યુદ્ધ કરવા લાગી. રણવીરસિંહને કેટલાક ભીલ સૈનિકો ઉચકીને યુદ્ધભૂમિની બ્હાર લઇ જવા લાગ્યા. લલિતસિંહ પોતાના શિર ઉપરનું ભીષણ સંકટ સમજી ગયો. તેણે જોયું કે, તેની ચારે તરફ શત્રુસેના ફરી વળી છે. અત્યાર સુધી શત્રુ-

સૈન્યનું રણવીરસિંહ તરફ લક્ષ્ય હતું: પરંતુ રણવીરસિંહ યુદ્ધક્ષેત્રમાંથી અદ્રશ્ય થયો એટલે તેનું લક્ષ્ય લલિતસિંહ તરફ ખેંચાયું હતું. તરતજ શત્રુસૈન્યે જયધ્વનિ કરી ગગનને ગજાવી મૂક્યું. દૂરથી જાલિમસિંહ લલિતસિંહને જોઇને વિકાળ સિંહની માફક તેના તરફ ધસ્યો. લલિતસિંહ આ પ્રકાર સમજી શક્યો; પરંતુ તે ભય પામ્યો યા તો દુઃખી થયો નહિ. તેને બચવાની આશાજ નહોતી. તેણે યુદ્ધમાંથી જીવતા પાછા નહિ ફરવાનો પોતાના મનમાં દઢ સંકલ્પ કર્યો હતો; તો પણ યુદ્ધ કર્યા સિવાય પશુની માફક ઘાયલ થવું અયોગ્ય વિચારી તે યુદ્ધ કરવા લાગ્યો. તેણે એક વખત પાછળ દૃષ્ટિ કરી જોઇ તો તેને જુમેલિયા તથા ભીલ સૈનિકો બળપૂર્વક રાજપૂત સૈન્યને ભેદીને પોતાના તરફ આવતા જણાયા. આ સમયે જુમેલિયાના વદનમંડળ પર અપૂર્વ તેજ જણાય છે. યુવરાજ લલિતસિંહે જુમેલિયાનું આવું તેજસ્વી રૂપ પૂર્વે કદિ જોયું નથી.

ઘોડેસ્વાર જુમેલિયા વાયુ વેગે ઘોડો દોડાવતો યુવરાજ લલિતસિંહ તરફ આગળ વધે છે. તેના કાળા કેશ તેની પીઠ ઉપર ઝૂલી રહ્યા છે. તેના જમણા હાથમાં લોહીથી ખરડાયલી સમશેર સૂર્યદેવનાં કિરણોથી ચમકી રહી છે. તેનાં વસ્ત્રો છિન્નભિન્ન થઇ ગયાં છે. તે આત્મભાન ભૂલી ગયો છે. તેની પ્રાણાધિક વીણા કોઇ સ્થળે પડી ગઇ છે. તેના ગળામાંથી રૂદ્રાક્ષની માળા તથા ખભા પરના મૃગચર્મનો પત્તો નથી; કિન્તુ જુમેલિયાએ હજી પોતાની પ્રિય બંસીને ગુમાવી નથી. તેના ડાબા હાથમાં હજી પણ એ સુમધુર બંસી શોભી રહી છે.

રાજપૂત સૈન્ય પ્રાણની પણ પરવાહ રાખ્યા સિવાય જુમેલિયાને આગળ વધતો અટકાવવાના યત્નો કરે છે; પણ તેમના સઘળા યત્નો નિષ્ફળ થાય છે. વેગવતી સરિતા પર્વતને ભેદી નાંખીને જેવી રીતે આગળ વધે છે તેવી રીતે જુમેલિયા પણ રાજપૂત સૈન્યને ભેદી નાંખીને લલિતસિંહ તરફ આગળ વધે છે.

આવો પ્રકાર જોઇને લલિતસિંહ મુગ્ધ બની ગયો. આ અતુલનીય દેખાવ જોઈ તે મોહિત બની ગયો—તે ક્ષણ વારને માટે યુદ્ધ કરવું ભૂલી ગયો. બરાબર આ સુયોગનો લાભ લઇ એક રાજપૂત ઘોડેસ્વારે લલિતસિંહનું મસ્તક ધડથી જૂદું કરી નાંખવાના હેતુથી પોતાની સમશેર ઉંચી કરી. આ પ્રકાર જુમેલિયાના જોવામાં આવ્યાથી તે બોલી ઉઠયોઃ-" રાજકુમાર ! સાવધાન ! " આવા પ્રબળ કોલાહલમાં પણ લલિતસિંહ જુમેલિયાના આ મધુર શબ્દ સાંભળી શક્યો. તેણે લક્ષ્યપૂર્વક પાપીના સપાટામાંથી આત્મરક્ષણ કર્યું.

પરંતુ એકલો લલિતસિંહ ક્યાં સુધી આત્મરક્ષણ કરી શકે ? તો પણ હવે જુમેલિયા તેની પાસેજ આવી પહોંચ્યો છે. જુમેલિયા હવે લલિતસિંહથી સો હાથ પણ દૂર નથી; કિન્તુ લલિતસિંહ શત્રુસૈનિકોના ઉપરા ઉપરી થતા હુમલાઓથી અસ્થિર બની ગયો. ક્રોધથી લલિતસિંહ આત્મભાન ભૂલી ગયો. લલિતસિંહને મૃત્યુના મુખમાં જોઇ જુમેલિયા રાક્ષસની માફક પોતાની સ્હામે આવતા રાજપૂતોને પૃથિવી પર આળોટતા કરી નાંખીને આગળ વધવા લાગ્યો.

આ સમયે એકાએક એ સ્થાને ઘણોજ કોલાહલ થયો; ત્યાર પછી તરતજ લોહીથી ભીંજાઇ ગયેલાં વસ્ત્રોવાળો એક ઘોડેસ્વાર યોદ્ધો જુમેલિયા પાસે આવી પહોંચ્યો. તેની પાછળ જાલિમસિંહ તેમજ તેનું સૈન્ય પણ આવી પહોંચ્યું. જુમેલિયાએ જોયું તો તેને પોતાની પાસે આવનાર યોદ્ધો લલિતસિંહજ જણાયો. ક્ષણ માત્રમાં તો લલિતસિંહ જમીનદોસ્ત થઇ ગયો. જુમેલિયા પણ ઘોડાપરથી કૂદકો મારીને લલિતસિંહને ઉંચકી લેવાનો યત્ન કરવા લાગ્યો; પરંતુ એવામાં એકાએક જુલ્મી જાલિમસિંહ તેની નજરે પડ્યાથી તેણે ઉચ્ચ સ્વરે કેટલાક ભીલ સૈનિકોને કહ્યુંઃ-" ભીલ સૈનિકો ! જો તમે મ્હને સહજ પણ વ્હાલા હો તો તમે રાજકુમારના દેહને યુદ્ધભૂમિ-

માંથી બ્હાર લઈ જાઓ. હું એક વખત મ્હારા પ્રિયતમનું લોહી પીનાર ખૂનીનું લોહી પીશ.

ક્ષણ માત્રમાં પાંચ હજાર ભીલ સૈનિકોમાંના કેટલાંક રાજકુમારના દેહને ઉપાડી લીધો, અને બીજા બધા એ દેહની આસપાસ ફરી વળી તેનું સંરક્ષણ કરવા લાગ્યા. પછીથી વીર જુમેલિયા જાલિમસિંહ તરફ ધસ્યો.

પ્રકરણ ૪૩ મું.

વીર જુમેલિયા કે વનવાસિની ? !

" હવે બ્રહ્માંડમાં હું છું; હવે બ્રહ્માંડમાં તું છે;
પ્રીતિ તો આપણી એ છે; મિલાપો આપણે એ છે ! "

—કલાપી.

જાલિમસિંહ જુમેલિયાને જોઇને એ સ્થાનેથી ચાલ્યો જતો હતો એવામાં જુમેલિયાએ તેની પાસે જઇને કહ્યું:—" રાક્ષસ ! આજે હુંજ તને ત્હારાં સઘળાં નીચ કાર્યોનો બદલો આપીશ. ત્હારૂં લોહી પીને હું મ્હારા અંતરમાં સળગી રહેલા ક્રોધાગ્નિને શાન્ત કરીશ. "

જાલિમસિંહે ઘોડાને ઉભો રાખીને તિરસ્કારસૂચક સ્વરે કહ્યું:— " ઓ ભીલ છોકરા ! હજુ સુધી તું આ વીર મહારાણા જાલિમસિંહને જાણતો નથી કે ? "

જુમેલિયાએ ઉચ્ચ સ્વરે કહ્યું:—" ના ના. હું તને સારી રીતે જાણું છું—તું બરવાણી રાજ્યમાં એક રાક્ષસ છે. "

જાલિમસિંહ યુદ્ધક્ષેત્રમાં પોતાનું આવું અપમાન થયેલું સહન કરી શક્યો નહિ. જુમેલિયા પર હુમલો કરીને તેણે કહ્યું:—" છોકરા ! તને મારી નાંખીને હું મ્હારા હાથને કલંકિત કરીશ નહિ. હજી પણ

હું તને કહું છું કે, તું જો ત્હારો જીવ બચાવવાને ઇચ્છતો હોય તો સત્વર યુદ્ધક્ષેત્રનો ત્યાગ કરી ચાલ્યો જા. હવે તું કોને માટે યુદ્ધ કરવાને ચ્હાય છે? લલિતસિંહ હવે જીવતો નથી."

જુમેલિયાએ જાલિમસિંહનાં વચનોનો કાંઈ પણ ઉત્તર નહિ આપતાં અસાધારણ બળથી તેના ઉપર હુમલો કર્યો.

જુમેલિયાને અસાધારણ બળથી યુદ્ધ કરતો જોઇને જાલિમસિંહે હસીને કહ્યું:–"છોકરા! યુદ્ધવિદ્યામાં તું ઘણો નિપુણ છે એમ હું કબૂલ કરૂં છું; પરંતુ તું મ્હને કાંઈ કરી શકનાર નથી. બળિયાની સાથે બાથ ભીડવા જતાં ત્હારૂં કાંઇ વળનાર નથી. કોઇ પણ પુરૂષને હાથે મ્હારૂં મૃત્યુ નિપજવાનું નથી, એ તું જાણે છે?"

જુમેલિયા બોલી ઉઠયો:–"પિતૃઘાતક રાક્ષસ! હું પુરૂષ નહિ પણ સ્ત્રી છું. હું જુમેલિયા નહિ, પરંતુ વનવાસિની છું."

"હેં! તું વનવાસિની છે!" આમ બોલી જાલિમસિંહ દશ હાથ પાછળ હઠી ગયો. ક્ષણ માત્રમાં પેલું ભીષણ હૃદયભેદક સ્વપ્ન તેને યાદ આવ્યું. તેના હાથ ધ્રૂજવા લાગ્યા. મહા મુશિબતે તેણે સાહસ એકઠું કરીને કહ્યું:–"જો કદાચ તું વનવાસિની હોઇશ તો પણ ત્હારે હાથે હું મરીશ નહિ. કોઇ પણ સ્ત્રીથી મ્હારૂં મૃત્યુ થાય તેમ નથી."

જુમેલિયાએ કહ્યું:–"હજી સુધી હું સ્ત્રી છું એમ કોઇ જાણતું નથી."

આ ઉત્તર સાંભળી ખૂની જાલિમસિંહ પોતાની ચારે તરફ ભય જોવા લાગ્યો; પરંતુ ક્ષણ માત્રમાં તેના હૃદયમાં જાણે કે રાક્ષસી બળે દર્શન દીધું. તેણે જુમેલિયા પાસે આવી પહોંચીને જુમેલિયાના શિર પરની જટા બળાત્કારપૂર્વક પૂર્ણ જોરથી પોતાના ડાબા હાથમાં પકડી. પછીથી તેના કંઠને લક્ષ્ય કરીને પોતાની સમશેર ઉંચી કરી.

પરંતુ એવામાં એકાએક ખૂની જાલિમસિંહજ બૂમ મારીને પૃથિવી પર પટકાઇ ગયો. હાથમાંની લોહીથી ભીંજાયલી તીક્ષ્ણ કટાર વનવાસિનીએ ઉંચી કરીને જાલિમસિંહના કાળજામાં ખોસી દીધી. એકાએક મહારાણાનું મૃત્યુ થયેલું જોઇને રાજપૂતો પાછા હઠ્યા. ભીલ સૈનિકોએ ગગનને ગજાવી મૂકે એવા ઉચ્ચ સ્વરે વિજયગર્જના કરી.

પછીથી વનવાસિની ઘોડા પરથી કૂદકો મારી નીચે ઉતરી. ભીલ સૈનિકોએ તેને માર્ગ આપ્યો. તેણે ઉન્માદિનીની માફક લલિતસિંહ પાસે જઇ લલિતસિંહનું મસ્તક પોતાના ખોળામાં મૂક્યું. પછીથી તે ચોધાર આંસુથી રડવા લાગી. રડતાં રડતાં ગદ્‌ગદ કંઠે તેણે કહ્યું:–લલિત! નાથ! સ્વામિન્! એક વખત તો બોલો. અરેરે! તમારી સાથે પ્રેમસુખ ભોગવવાનો મ્હને સહજ પણ સમય મળ્યો નહિ!"

લલિતસિંહ સખ્ત ઘાયલ થયો છે. હજી તેના દેહમાંથી પ્રાણ-પક્ષી ઉડી ગયું નથી. તેણે વનવાસિનીનાં આ વચનો સાંભળ્યાં. એ સુમધુર વચનોથી જાણે કે તેની પ્રત્યેક નસમાં સંજીવની સુધા પ્રવાહિત થઇ. તેણે અલ્પકાળને માટે જાણે કે હૃદયમાં જીવન પ્રાપ્ત કર્યું. ધીમે ધીમે તેણે પોતાની આંખો ઉઘાડી. પછીથી તે થોડા સમય સુધી વનવાસિનીના મ્હોં તરફ ટગર ટગર જોઇ રહ્યો. અંતે અસ્પષ્ટ સ્વરે તેણે કહ્યું:–" જુ–મે–લિ–યા!"

વનવાસિનીએ વિલાપ કરતાં કરતાં કહ્યું:–"નાથ! હું આપની દાસી—ચરણસેવિકા—વનવાસિની છું."

લલિતસિંહે ફરીથી અસ્પષ્ટ સ્વરે કહ્યું:–" વ–ન–વા–સિ–ની!"

આમ કહીને તેણે પાછી પોતાની આંખ્યો મીંચી દીધી. આથી વનવાસિની ઉચ્ચ સ્વરે વિલાપ કરતી કહેવા લાગી:–"સ્વામિન્! એક વખત બોલો—એક વખત આ દાસીના પર દયા લાવીને બોલો.



વનવાસિનીએ વિલાપ કરતાં કરતાં કહ્યું:–" નાથ ! હું આપની
દાસી–ચરણસેવિકા–વનવાસિની છું. "

U. RAY & SONS, CALCUT

તમને પ્રાપ્ત કર્યાં છતાં પણ જાણે કે આ જીવનમાં પ્રાપ્ત કર્યા નહિ એવું મ્હારા ભાગ્યદોષને લીધે બન્યું !"

લલિતસિંહે ફરીથી આંખો ઉઘાડી. પછીથી તેણે ધીમેથી મહા કષ્ટે કહ્યું:–"મ્હને વારંવાર એમ લાગતું હતું કે, જુમેલિયા અને વનવાસિની એકજ છે; પરંતુ હું એ સંબંધી ચોક્કસ નિર્ણય કરી શક્યો નહોતો. વનવાસિનિ ! જો ત્હેં આ ભેદ કદાચ પ્રથમથીજ જણાવ્યો હોત તો હું મૃત્યુને આધીન થાત નહિ—મ્હારો લાવણ્ય !"

લલિતસિંહથી વિશેષ બોલી શકાયું નહિ. તેનો કંઠસ્વર રૂદ્ધ થઈ ગયો. તેની વાચાશક્તિનો નાશ થયો. પછીથી તેણે પોતાની આંખો મીંચી દીધી, અને તે સાથે તેનો પ્રાણવાયુ દેહપિંજરનો ત્યાગ કરી આલોકમાંથી અદ્રશ્ય થઇ ગયો. વનવાસિની એક અજ્ઞાન બાળકની માફક અધીરી રમણીની—માફક સ્વામીના મૃતદેહ ઉપર પડીને આક્રંદ કરવા લાગી.

હવે જુમેલિયા નથી, હવે એ ભીલ જાતિનો અજેય સેનાપતિ નથી ! હવે એ રક્તમયી કૈલાસેશ્વરી નથી ! પતિ–વિયોગી વિધવાની માફક પતિના દેહ ઉપર પડીને તે હૃદયભેદક આક્રંદ કરે છે. અનેક પ્રકારે શિક્ષણ આપવામાં આવે છે તો પણ નારીહૃદયનું નારીત્વ દૂર થતું નથી ! ભીલ સૈનિકો આ દેખાવ જોઇ આશ્ચર્ય પામીને ત્યાંજ ઉભા રહ્યા. તેઓ એક પણ શબ્દ ઉચ્ચારવાનું સાહસ કરી શક્યા નહિ.

લલિતસિંહ જોવામાં નહિ આવ્યાથી તેના પક્ષના રાજપૂત સૈનિકો યુદ્ધક્ષેત્રનો ત્યાગ કરી ચાલ્યા જવા લાગ્યા. જાલિમસિંહ જોવામાં નહિ આવ્યાથી તેના પક્ષના રાજપૂત સૈનિકો પણ પલાયન કરી જવા લાગ્યા; ત્યારે ભીલ સૈનિકો પોતાનો વીર સેનાપતિ જુમેલિયા જોવામાં નહિ આવ્યાથી એકે એકે યુદ્ધક્ષેત્રનો ત્યાગ કરી જવા લાગ્યા. આ સુયોગનો લાભ લઈ યવન સેનાધિપતિ મહમ્મદ-

ખાન પોતાના સૈન્યસહ આગળ વધ્યો. યુદ્ધક્ષેત્રમાં સર્વત્ર ગરબડ થઇ રહી.

યુદ્ધક્ષેત્રમાં શોણિત તરંગોમાં મરી ગયેલા તેમજ ઘવાયલા સૈનિકોની વચ્ચે બેઠી બેઠી વનવાસિની પતિને માટે વિલાપ કરી રહી છે. તેની ચારે તરફ શું થાય છે તેનું તેને જ્ઞાન નથી. લલિતના મસ્તકને પોતાના ખોળામાં રાખીને તે ઉચ્ચ સ્વરે રૂદન કર્યા કરે છે.

આ સમયે કોઇએ આવીને વનવાસિનીના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું–" જુમેલિયા ! "

આ સમયે વનવાસિનીએ પોતાનું મસ્તક ઉંચું કર્યું. તેણે જોયું કે, તેની પાસે આવીને એક રાજપૂત યોદ્ધો ઉભો રહ્યો છે. વનવાસિની તેને પિછાની શકી નહિ.

આવેલા યોદ્ધાએ કહ્યું:–" જુમેલિયા ! હું પરમાનંદ સ્વામી છું. ત્હારા તરફથી હું અત્યાર સુધી યુદ્ધ કરતો હતો. "

વનવાસિનીએ ગદ્દગદ્દ કંઠે કહ્યું:–" ગુરૂદેવ ! પિતઃ ! જુઓ જુઓ, મ્હારા સર્વસ્વનો નાશ થયો છે. "

પરમાનંદ સ્વામીએ કહ્યું:–" ત્યારે શું મ્હારા સર્વસ્વનો નાશ પણ નથી થયો કે ? તો પણ હું એક બાળક યા તો અબળાની માફક આક્રંદ કરતો નથી ! વનવાસિનિ ! મ્હેં તને ચૌદ વર્ષ સુધી સતત શ્રમ સહન કરીને જે શિક્ષણ આપ્યું છે એ શિક્ષણને પ્રભાવે તું આત્મસંયમ કરી શકતી નથી ? તને આટલું બધું શિક્ષણ મળ્યા છતાં તું નારી પ્રકૃતિનો ત્યાગ કરી પુરૂષપ્રકૃતિને પ્રાપ્ત કરી શકી નથી ?

વનવાસિનીએ રડતાં રડતાં કહ્યું:–" પિતઃ ! હું એક બાળિકા નહિ તો કોણ છું ? આપે મ્હને જે શિક્ષણ આપ્યું છે તે શિક્ષણને પ્રભાવેજ હું આજે એક વીર પુરૂષની માફક યુદ્ધ કરી શકી છું. દ્વંદ્વયુદ્ધમાં મ્હેં ખૂની જાલિમસિંહનું ખૂન કરી મ્હારા વૈરની વસુલાત

કરી લીધી છે તેમજ આપની આજ્ઞા પાળી છે. કહો કહો, પિતઃ ! શું મ્હને આપ મ્હારા પતિને માટે થોડો સમય રડવા પણ નહિ દ્યો ?"

પરમાનંદ સ્વામીઃ—જો જો, વનવાસિનિ ! મ્હારી સ્હામેજ—મ્હારી નજર આગળ મ્હારા પ્રાણાધિક પુત્રનો મૃતદેહ પડ્યો છે તો પણ હું રડતો નથી. રડવાને હજી વાર છે—આ સમયે રડવાથી અનિષ્ટ થાય તેમ છે.

વનવાસિનીઃ—પિતઃ ! હું આપને પગે પડીને પ્રાર્થના કરૂં છું કે, મ્હને થોડો સમય રડી લેવા દ્યો—નહિ તો હું દીવાની બની જઇશ. મ્હારી છાતી ફાટી જાય છે—મ્હારા હૃદયમાં અપાર વેદના થાય છે ! પ્રભુ ! મ્હને અહિં મ્હારા પતિની પાસેજ મરવા દ્યો—મ્હારા આ અપાર દુઃખનો અંત લાવવા દ્યો. સ્વામિન્ ! લલિત ! એક વખત બોલો—આ અનાથિની દાસી પર દયા લાવી એક વખત બોલો !

પરમાનંદ સ્વામીઃ—વનવાસિનિ ! ત્હેં મ્હારી એક વાત કબૂલ કરી છે તે તું જાણે છે કે ? એ વાત એજ છે કે, જ્યારે હું તને બાળ યુવરાજ લાવણ્યસિંહને પાછો સોંપું ત્યારે તેને ત્હારે સ્વીકારવો. આ લે, હું તને હમણાં લાવણ્યસિંહને પાછો સોંપું છું.

આમ કહીને પરમાનંદ સ્વામીએ પોતાના હાથમાંની ઢાલ પાછળ છુપાવી રાખેલા લાણ્યસિંહને વનવાસિનીના હાથમાં મૂક્યો. પછીથી તેમણે કહ્યું:—" વનવાસિનિ ! હજી ત્હારૂં કાર્ય બાકી છે. ભીલ તેમજ રાજપૂત સૈનિકો યુદ્ધભૂમિમાંથી પલાયન કરી જાય છે. યવનસૈન્ય રાજપૂત ગૌરવને કલંકિત કરવાને માટે અગ્રેસર થાય છે. હવે જો ત્હારી યુદ્ધ કરવાની ઇચ્છા ન હોય તો તું બાળયુવરાજ લાવણ્યસિંહનું અહિંજ બળિદાન દઇને બરવાણી રાજ્યના વંશનો ધ્વંશ કર."

આમ કહીને પરમાનંદ સ્વામી ક્ષણ માત્રમાં ત્યાંથી ચાલ્યા ગયા. વનવાસિનીના ખોળામાં લાવણ્યસિંહ બેઠો બેઠો ચંચળ ચક્ષુઓથી

ચારે તરફ જોઇ રહ્યા છે—ચારે તરફ લોહીની નદીઓ વહે છે. ચારે તરફ સૈનિકોની હૃદયભેદક બૂમો સંભળાય છે. આવા ભીષણ સ્થાને એક ચૌદ વર્ષની બાળિકા સ્વામીનો ચિરવિયોગ થવાથી રૂદન કર્યા કરે છે! તેના ખોળામાં એક બાળક છે. બાળક પણ રડી રડીને મૃતપ્રાયઃ થઇ ગયો છે.

વનવાસિનીની દૃષ્ટિ એ બાળક ઉપર પડી. તે સાથેજ તેના હૃદયપટમાં સૌરભને જે કિલ્લામાં કેદ કરેલી હતી તે કિલ્લાની સ્મૃતિ તાજી થઇ આવી. વનવાસિની જાણે કે, યુદ્ધક્ષેત્રમાં સૌરભનું સરળતા ભરેલું વદનમંડળ જોઇ શકી. તેણે એક વખત પતિના મુખ ઉપર દૃષ્ટિ કરી. મૃત્યુકાળે પતિએ પણ લાવણ્યસિંહની વાત ઉચ્ચારી હતી. વનવાસિની લાવણ્યને ખભા પર નાંખી ધીમે ધીમે ઉઠીને ઉભી થઇ. તેણે એક વખત યુદ્ધભૂમિનું દર્શન કર્યું; કિન્તુ વિજયની આશા જણાઇ નહિ! રાજપૂત તેમજ ભીલ સૈનિકો યુદ્ધભૂમિમાંથી નાશી જવા લાગ્યા છે.

પાસેજ લલિતસિંહની સમશેર પડી રહેલી છે. વનવાસિનીએ એ લોહીથી ભીંજાઇ ગયેલી સમશેર ઉંચકી લીધી. પછીથી તેણે લાવણ્યસિંહને પોતાની છાતી સાથે દબાવી દીધો અને તેના અંગ પર પોતે પહેરેલું વસ્ત્ર ઢાંકી દીધું. પછીથી તે યુદ્ધભૂમિમાં જઇને પુનઃ યુદ્ધ કરવાનો યત્ન કરવા લાગી. તેણે પોતાની પાસે ઉભેલા કેટલાક ભીલ સૈનિકોને કહ્યું:—"તમે મહારાણાના દેહનું રક્ષણ કરો. હું આપણા સૈનિકોને નાશી જતા અટકાવું છું" પરંતુ વનવાસિનીની બૂમો કોઇના સાભળવામાં આવી નહિ. આથી વનવાસિનીને પોતાની બંસીની વાત યાદ આવી; કિન્તુ એ સુમધુર બંસી હમણાં તેના હાથમાં નથી. ઉન્માદિનીએ સ્વામીનો વિયોગ થવાથી કોઇ ઠેકાણે ભૂલથી બંસી ફેંકી દીધી છે. બંસી ક્યાં પડી ગઇ છે તેનું તેને સ્મરણ નથી.

વનવાસિનીએ એક ઘોડા પર સ્વાર થઇ જવાનો નિશ્ચય કર્યો. તેણે વિચાર્યું કે, જો તે ઘોડેસ્વાર થશે તો સઘળા ભીલ સૈનિકો તેને જોઈ શકશે અને તેઓ નાશી નહિ જતાં પુનઃ યુદ્ધ કરશે; પરંતુ એકે અશ્વ પાસે જણાયો નહિ.

પોતાના સ્વારને માર્યાં ગયેલા જોઇ ઘોડાઓ યુદ્ધભૂમિમાં દોડતા દેખાય છે. ચારે તરફ આવા ઘોડાઓ અને નિરંકુશ હાથીઓ દોડે છે. તેમના પગ તળે ચગદાઇને અનેક સૈનિકો પરલોકપ્રયાણ કરી જાય છે. જુમેલિયા (વનવાસિની) આવા એક ઘોડાને પકડી તેના ઉપર સ્વાર થવાનો યત્ન કરવા લાગ્યો; પરંતુ અનેક પ્રકારના યત્નો કરીને પણ તે એકે અશ્વને પકડી શક્યો નહિ.

થોડે દૂર ઉભેલા એક હાથી પર બેઠેલા શૈલેન્દ્રસિંહે પ્રથમ વનવાસિનીને જોઇ. તેણે જોયું કે, જુમેલિયા ઘોડો પકડવાની મહેનત કર્યા કરે છે. તેની ચારે બાજુએથી અનેક ઘોડાઓ દોડતા ચાલ્યા જાય છે; પણ તે એકે ઘોડાને પકડી શકતો નથી.

જુમેલિયા જીવતો છે તેથી હજી થોડી ઘણી પણ આશા છે વિચારી શૈલેન્દ્રસિંહ કેટલાક રાજપૂત ઘોડેસ્વારોને સાથે લઈ જુમેલિયાને સહાયતા કરવાને તેની પાસે આવ્યો. અનેક રાજપૂત તેમજ ભીલ સૈનિકો આ પ્રકાર જોઇ સ્તંભિત બની જઇને ઉભા રહ્યા. અલ્પ સમયમાંજ શૈલેન્દ્રસિંહનો હાથી જુમેલિયા પાસે આવ્યો. હાથી પાસે આવતાંજ જુમેલિયા તેના પર ચઢી ગયો. પછીથી તેણે શૈલેન્દ્રસિંહને કહ્યું:–'શૈલેન્દ્રસિંહ ! મ્હારા ખોળામાં બરવાણી રાજ્યનો મહારાણો છે, તમે તેના મસ્તક પર રાજછત્ર ધરો."

શૈલેન્દ્રસિંહ વનવાસિનીને જોતાંજ વિસ્મિત થઇ ગયો હતો. તેના ખોળામાં બાળકને જોઇ તે વિશેષ વિસ્મિત થયો. શું કરવું તેના મ્હોટા વિચારમાં પડીને તે વનવાસિનીના વદનમંડળ તરફ જોઇ

રહ્યો. વનવાસિનીએ પોતાનાં વસ્ત્રો બદલતાં બદલતાં કહ્યું:–" તમે જોઇ શકતા નથી કે, મ્હારા ખોળામાં લાવણ્યસિંહ છે ?! "

શૈલેન્દ્રસિંહ થોડો પ્રકાર સમજી શક્યો, અને થોડો ન સમજી શક્યો. તેણે જલદીથી ઉભા થઇ જઇને વનવાસિનીના મસ્તક ઉપર રાજછત્ર ધર્યું. બીજી તરફથી વનવાસિનીએ પણ પુરૂષવેષ બદલી નાંખ્યો. પછીથી તે વનવાસિનીરૂપે હાથમાં ખુલ્લી સમશેર લઇને હાથીની પીઠ પર ઉભી રહી.

એકાએક યુધ્ધભૂમિમાં રાજછત્રને હાથીની પીઠ ઉપર શોભતું જોઇને કેટલાક રાજપૂતોએ એમ વિચાર્યું કે, હજી યુવરાજ લલિતસિંહનું મૃત્યુ થયું નથી. કેટલાકે એમ વિચાર્યું કે, હજી જુલ્મી જાલિમસિંહનું મૃત્યુ થયું નથી. તેઓ સહુ પુનઃ જયધ્વનિ કરીને યુધ્ધક્ષેત્રમાં અગ્રેસર થયા. નાશી જતા ભીલ સૈનિકોએ પણ આ જયધ્વનિ સાંભળ્યો. તેમણે પણ નાશી જતાં જતાં એક વખત પાછળ દૃષ્ટિ કરી જોઈ. તેમણે જોયું કે, હાથીની પીઠ ઉપર એક અપૂર્વ દેવીમૂર્ત્તિ ઉભી રહી છે. તેનો લાંબો કાળો કેશકલાપ તેની પીઠ પર ઝૂલી રહ્યો છે. તેના જમણા હાથમાંની સમશેર સૂર્યકિરણોથી પ્રકાશી રહી છે. તેણે પોતાના કંઠમાં રૂદ્રાક્ષની માળા પહેરેલી છે. તેણે પહેરેલી કફની લોહીથી ભીંજાઇ ગયેલી છે. ભીલ સૈનિકો ક્ષણ માત્રમાંજ એ દેવીમૂર્ત્તિને ઓળખી ગયા. તેમની ખાત્રી થઇ કે, તેઓ જેને સાક્ષાત્ કાળિકાદેવીનો અવતાર સમજે છે તે વનવાસિનીજ હાથીની પીઠ પર ઉભી રહી તેમને યુધ્ધમાં ઉતરવાની આજ્ઞા કરે છે.

ક્ષણ માત્રમાં તેમના પ્રત્યેકના અંતઃકરણમાં દેવી–મંદિરમાંની પેલી પ્રતિજ્ઞાની વાત યાદ આવી. તેઓ સહુ કાળિકાદેવીના મંદિરમાંથી એવી પ્રતિજ્ઞા કરીને આવ્યા છે કે, યુદ્ધમાં વિજય મેળવીશું નહિ તો પછી જીવનની પરવાહ રાખ્યા સિવાય મૃત્યુને આલિંગન કરીશું. આવી પ્રતિજ્ઞા કરેલી હોવા છતાં તેઓ પલાયન કરી જાય

છે એવો વિચાર અંતરમાં આવતાં તેમને પોતાની જાત પર તિરસ્કાર આવ્યો. દેવી જાતેજ તેમની પ્રતિજ્ઞાનું તેમને સ્મરણ કરાવવાને માટે યુદ્ધક્ષેત્રમાં આવી છે એમ વિચારી તેઓ પલાયન નહિ કરી જતાં પાછા ફર્યા. 'વનવાસિની માતાની જય' ના અવાજથી ગગનને ગજાવતા ઉન્મત્ત ભીલ તેમજ રાજપૂત સૈનિકો પાછા યુદ્ધમાં ઉતરવાને અગ્રેસર થયા. આ પ્રકાર જોઈ યવન સેનાધિપતિ મહમ્મદખાન સૈન્યસહ પાછો હઠ્યો અને યુદ્ધભૂમિનો ત્યાગ કરી પલાયન કરી ગયો. રાજપૂત અને ભીલ સૈનિકો મોગલો ઉપર હુમલો કરવાને તેમની પાછળ જવાને તૈયાર થયા; વનવાસિનીએ તેમને તેમ કરતાં અટકાવ્યા.

સંધ્યા સમયના અરસામાં આ ભયંકર યુદ્ધનો અંત આવ્યો. યુધ્ધમાં વિજયી થઇને ભીલ તેમજ રાજપૂત સૈનિકોએ વિજયગર્જના કરતાં કરતાં રાજધાનીમાં પ્રવેશ કર્યો.

પરંતુ આ યુધ્ધમાં વિજય મળ્યાથી કોઇ આનંદમાં જણાતું નથી. રાજધાનીમાં ઘેરઘેર આક્રંદ થઈ રહ્યું છે. ભગિની ભાઇને ગૂમાવીને, કન્યા પિતાને ગૂમાવીને, પત્ની પ્રાણાધિક પતિને ગૂમાવીને આક્રંદ કરે છે. રાજધાનીમાં સર્વત્ર શોકના તરંગો ઉછળી રહ્યા છે. સહુ કોઈ શોકથી, દુઃખથી તેમજ ક્રોધથી ગૌરવને ગાળો દેછે—તેનો તિરસ્કાર કરે છે !

જેઓ યુધ્ધમાં વિજયી થયા છે તેમના મ્હોં પર પણ આનંદ જણાતો નથી, માત્ર શૈલેન્દ્રસિંહ સિવાય બીજો એક પણ સરદાર જીવતો રહ્યો નથી. વૃધ્ધ લક્ષ્મણસિંહ પણ યુધ્ધભૂમિમાં હમ્મેશાંને માટે સૂતા છે. તેમના નિર્જીવ દેહને ખાંધ પર ઉપાડી લઈ રાજપૂતો આજે રડતા રડતા ઘેરઘેર ભટકે છે.

પ્રકરણ ૪૪ મું.

વનવાસિની કે મહારાણી ?

પુનઃ બખ્વાણી રાજ્યમાં શાન્તિ સ્થપાઇ છે; કિન્તુ કોઇ પણ સ્થળે સુખ નથી—આનંદવિનોદ નથી—સર્વત્ર શોકની છાયા જણાય-છે. રાત્રિ દિવસ ઘેર ઘેર રૂદનધ્વનિ સાંભળવામાં આવે છે. કોણ કહી શકે તેમ છે કે, આ રૂદનધ્વનિ ક્યારે શાન્ત થશે ?

આજે ન્હાના રાજકુમાર લાવણ્યસિંહને રાજ્યાભિષેક થવાનો છે. મ્હોટો દરબાર ભરાયો છે. અનેક સામંત સરદારો તેમજ નગરજનો દરબારમાં હાજર થયા છે. બ્હાર મયદાનમાં ઉભેલા રાજપૂત તેમજ ભીલ સૈનિકો વારંવાર ' વનવાસિની માતાજીની જય ' ' રાજ-કુમાર લાવણ્યસિંહજીની જય ' એવા જયધ્વનિ કર્યા કરે છે. આમ છતાં આ આનંદોત્સવ પ્રસંગે કોઇના મ્હોં પર આનંદ જણાતો નથી—સહુ કોઇના અંતરમાં શોકના તરંગો ઉછળી રહ્યા છે.

એકાએક વાજીંત્રો વાગવા લાગ્યાં. નહબતનો મધુર સુર સંભ-ળાવા લાગ્યો. ઢોલ શરણાઇ તેમજ નગારાં પણ વાગવા લાગ્યાં. સૈનિકોની જયગર્જનાઓથી ગગન ગાજી ઉઠ્યું. તોપોના અવાજ થવા લાગ્યા.

મહારાણી વનવાસિની લાવણ્યસિંહને ખોળામાં લઇને સિંહાસન ઉપર બેઠી. સભાજનોએ તેના નામનો જયજયકાર કર્યો. “ જય મહારાણીની જય. ” “ જય લાવણ્યસિંહજીની જય ” ના પોકારથી દરબારમાં ખળભળાટ થઇ રહ્યો, બ્હાર સૈનિકોએ પણ જયગર્જનાથી ગગનને ગજાવી દીધું.

યથા સમયે લાવણ્યસિંહની અભિષેકક્રિયા પૂર્ણ થઇ. પુનઃ ચારે તરફ જયજયકાર થઇ રહ્યો. આ સમયે મહારાણી વનવાસિનીએ

ઉભી થઇને કહ્યું:– સરદાર બંધુઓ તેમજ સભાજનો ! તમે સ્વદેશના– જન્મભૂમિના સિંહાસનને કલંકિત નહિ થવા દેવા માટે તેમજ ખૂની પિશાચને તેના પાપકાર્યનો બદલો આપવાને માટે જે આત્મભોગ આપ્યો છે તે માટે હું તમારી જેટલી પ્રશંસા કરૂં તેટલી થોડી છે; પરંતુ તમારા સહુના તેમજ સાથે મ્હારા દુર્ભાગ્યને લીધે મહારાણા લલિતસિંહ યુધ્ધમાં માર્યા ગયા છે. દુર્ભાગ્યક્રમે મ્હારા શિર પર વૈધવ્યનું દુ:ખ આવી પડયું છે, જો કે મ્હારી મહારાણા લલિત- સિંહની સાથે સહગમન કરવાની—સતી થવાની ઇચ્છા હતી; પરંતુ પતિનો છેલ્લો આદેશ પ્રાણાધિક પુત્ર લાવણ્યસિંહનું સંરક્ષણ કરવાનો હોવાથી હું નિરૂપાયે મ્હારી ઇચ્છાને અમલમાં મૂકી શકી નથી.

મનુષ્યની જે ઇચ્છા હોય છે—જે કાંઇ કરવા ઇચ્છે છે તેનીજ વિરૂધ્ધ ઇશ્વરી—દૈવી—શક્તિ કાર્ય કરે છે. તેથીજ મહારાણાના વિયોગનો શોક આપણા સહુના મનમાં થયા કરે છે. ”

આટલું કહીને વનવાસિની આસન પર બેઠી. પુનઃ વનવાસિની અને લાવણ્યસિંહના નામનો જયધ્વનિ થવા લાગ્યો. આ પ્રસંગે મહારાણી વનવાસિનીએ “ મહારાણી ગૌરવ–” કહ્યું, પરંતુ તેનું વાકય કોલાહલમાં મળી ગયું. કોઇ બોલી ઉઠયું:–“ મહારાણિ ! ગૌરવ મહારાણિ ? ! નહિ નહિ, એ તો રાક્ષસી છે ! ” કોઇ બોલ્યું:–“ એ પિશાચિનીજ આપણા સહુના શોકનું કારણ છે. ” કોઈ સરદાર મ્યાનમાંની સમશેરને બ્હાર ખેંચી કાઢી બોલ્યો:–“ મહારાણિ ! આજ્ઞા આપો એટલે એ રાક્ષસીને હમણાં ને હમણાં પ્રચંડ અગ્નિમાં બાળી નાંખીએ. ” વળી બીજો કોઇ સરદાર બોલી ઉઠયો:–“ એ રાક્ષસી જો એક પણ વખતે જોવામાં આવશે તો જરૂર તેનો જીવ લઇ હૃદયશોકને કાંઇક ઓછો કરીશ. ”

થોડા સમયમાં સઘળા સભાજનો અને સૈનિકો શાન્ત થઇ ગયા. મહારાણી વનવાસિનીએ કહ્યું:–“ એ પણ બ્રહ્માની રમતની પૂતળીજ

છે. પ્રભુ મનુષ્યને જે પ્રમાણે નચાવે છે તે પ્રમાણે મનુષ્ય નાચે છે. પ્રભુના રાજ્યમાં મનુષ્યનો ન્યાય કરવાનું આપણને કાંઇ પ્રયોજન નથી; ન્યાય કરવો એ દયાળુ દેવનાજ હાથમાં છે. અપકાર ઉપર ઉપકાર કરવામાંજ કલ્યાણ છે. મ્હારી તમને સહુને વિનંતિ છે કે, આપણા ભાગ્યમાં જેમ થવાનું હતું તેમ થઇ ગયું છે, એમાં અન્ય કોઇનો નહિ; પરંતુ આપણા દુર્ભાગ્યનોજ દોષ છે; માટે મહારાણી ગૌરવને તમે કોઇ પણ પ્રકારની અડચણ કરશો નહિ. "

પુનઃ સહુ કોઇએ જયધ્વનિ કર્યો અને ત્યાર પછી દરબાર બરખાસ્ત થયો.

પ્રકરણ ૪૫ મું.

કર્મફળ.

યુધ્ધભૂમિમાં જાલિમસિંહનો પરાજય થયો છે એવી વાત ગુપ્તદૂત મારફત સાંભળવામાં આવતાંજ ગૌરવના મસ્તક પર જાણે કે વિજળી તૂટી પડી. પોતાના મહાપાપનું પોતાને કેવું પ્રાયશ્ચિત્ત ભોગવવું પડશે તેની તે કલ્પના કરી શકી નહિ. અંતે તે કેટલાક મૂલ્યવાન્ અલંકારો પહેરી લઇને રાજમહેલમાંથી ગુપચુપ બ્હાર નીકળી પડી.

અંધકારમયી રાત્રિ છે. સર્વત્ર ભીષણ અંધકાર જોવામાં આવે-છે. ગૌરવ આવા અંધકારમાં પિશાચિનીની માફક ચાલી જાય છે. ક્યાં જવું છે તેનું કાંઇ ઠામ ઠેકાણું નથી. દીવાનીની માફક ઉન્માદિનીની માફક તે આકાશ પાતાળના વિચારો કરતી ચાલી જાય છે.

ચાલતાં ચાલતાં ગૌરવ મધ્યરાત્રિના સુમારે એક ભીષણ જંગલ પાસે જઈ પહોંચી. હવે તેનું શરીર થાકી ગયું છે. પગમાં કાંટાઓ ભોંકાયાથી લોહીની ધારાઓ વહે છે. મ્હોં પર પસીનો થઈ આવ્યો

છે. તેથી નિરૂપાયે આજની રાત્રિ તેણે આ જંગલમાંજ પસાર કરવાનો નિશ્ચય કર્યો; પરંતુ જંગલમાં અનેક જંગલી પશુ પ્રાણીઓનો ભય હતો; નિદ્રાધીન સ્થિતિમાં કોઇ જંગલી પ્રાણી પોતાના શરીરને કદાચ ફાડી ખાય તો ? એવો ભય ઉપજતાં ગૌરવનું સર્વાંગ કંપી ઉઠયું. કોઇ આશ્રયસ્થાન શોધતી શોધતી તે ભીષણ જંગલમાં આગળ ચાલવા લાગી, અને પશ્ચાત્તાપ કરતાં કહેવા લાગીઃ—"હે પ્રભુ ! હવે મ્હારૂં શું થશે ? મ્હારા પાપની પરિસીમા નથી. પતિને ઉશ્કેરી મહારાણી થવાના લોભથી મ્હેં મ્હારા શ્વસુરનું ખૂન કરાવ્યું. અંતે એ પાપના દાવાનલમાં મ્હારા પતિનો જીવ પણ ગયો, અને મ્હારી સ્થિતિ પણ હવે એક રસ્તે રખડતી ભિખારિણીના કરતાં પણ વિશેષ શોચનીય થઇ પડી છે. હવે મ્હને કોણ આશ્રય આપશે. મ્હારા પાપનો પાર નથી. હવે તો મૃત્યુજ મ્હારે માટે સારૂં છે. પરંતુ મૃત્યુ થયા પછી નરકમાં પણ મ્હને શાન્તિ મળશે કે કેમ એ માટે મ્હોટી શંકા છે."

બરાબર આ સમયે એક યોગિનીએ આવી ગૌરવના ખભા પર પોતાનો હાથ મૂક્યો અને કહ્યું:—"બ્હેન આવા મધ્યરાત્રિના સમયે આ ભીષણ જંગલમાં તું શા માટે આથડે છે ?"

ગૌરવે ઉત્તર આપ્યોઃ—"આ જગત્માં મ્હને આશ્રય મળે એવું એક પણ સ્થાન નથી. દેવિ ! મ્હારા મહા પાપના પ્રાયશ્ચિત્તને પરિણામેજ મ્હારી આવી સ્થિતિ થઇ છે. એક સમયે મ્હારા સુખનો, મ્હારી સંપત્તિનો તેમજ મ્હારા વૈભવનો પાર નહોતો; પરંતુ મીથ્યા લોભને લીધે મ્હેં જે મહાપાપ કર્યા છે તેનુંજ પરિણામ હવે હું ભોગવું છું. આ જગત્માં હવે મ્હને જીવન પર્યંત શાન્તિ મળી શકે તેમ નથી."

યોગિનીએ કહ્યું:—"બ્હેન ! પાપનો પશ્ચાત્તાપ મનુષ્યના પાપને ધોઇ નાંખી અંતે તેની સદ્દગતિ કરે છે. પશ્ચાત્તાપ એક પ્રકારનો

દિવ્ય અગ્નિ છે. એ અગ્નિમાં પાપી માણસનું પાપ બળી જઇ એ મનુષ્ય અંતે પરમપવિત્ર તેમજ ધર્મિષ્ટ થાય છે.

" હા પસ્તાવો છે વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે !
પાપી તેમાં ડૂબકી દઇને પુણ્યશાળી બને છે !
અહો કેવું સ્મરણ મધુરૂં પાપનું એ ધરે છે !
મારી પામ્યું કુદરત કને એમ માની ગળે છે ! "

—કલાપી.

ગૌરવ:–દેવિ ! આપનું કહેવું ખરૂં છે. હવે મ્હને અપાર પશ્ચાત્તાપ થાય છે. અરેરે ! મ્હેં સળગાવેલી પાપની જ્વલંત ચિતામાં મ્હારા શ્વસુરનો, મ્હારા પતિનો તેમજ મ્હારી સ્નેહમયી નિરપરાધા ભગિનીનો જીવ ગયો છે. જુઓ જુઓ, એ સહુ સ્વર્ગમાં બિરાજી મ્હારા દુ:ખ પર હસે છે ! હરિ ! હરિ ! હવે મ્હારૂં શું થશે ?

યોગિની:–બ્હેન ! હવે વિના કારણ શોક શા માટે કરે છે, તું ત્હારી અન્ય ચિંતાઓને છોડી દઇ ઇશ્વર સ્મરણ કર. ઇશ્વર સ્મરણથી ત્હારૂં સઘળું પાપ ધોવાઈ જશે, અને આ જગતમાંજ તને અપૂર્વ શાન્તિ મળશે. લે ચાલ આજની રાત્રિ મ્હારા આશ્રમમાંજ રહેજે.

ગૌરવ:–ભલે, ચાલો; પરંતુ આ પાપિણીના ચરણ સ્પર્શથી આપનો પરમ પવિત્ર આશ્રમ કલંકિત થશે.

યોગિની:–ના ના, મનુષ્ય માત્રમાં ઇશ્વર બિરાજી રહ્યો છે. વ્હાલો વ્રજવાસી ત્રિભુવનમાં સર્વત્ર વ્યાપ્ત છે. મનુષ્ય ઇશ્વરનોજ અંશ છે. આમ છતાં મનુષ્યો જ્યારે મનને આધીન થઈ, આત્મારૂપી ઈશ્વરની સલાહ નહિ સ્વીકારતાં અધર્મ કાર્ય કરે છે ત્યારે તેમને પશ્ચાત્તાપ કરવો પડે છે. બ્હેન ! નિશ્ચિંત મને મ્હારી સાથે ચાલો.

યોગિની ચાલવા લાગી. ગૌરવ પણ યોગિનીની પાછળ પાછળ ચાલવા લાગી. ભીષણ—ઘનઘોર અંધકારમાં પણ યોગિની એ જંગ-

હમાં ઝડપથી ચાલી શકતી હતી તેથી એ જંગલના માર્ગથી તે પરિચિત હોય એમ લાગતું હતું.

અલ્પકાળમાંજ તેઓ બન્ને જણ એક ઝુંપડી પાસે જઇ પહોંચ્યાં. યોગિનીએ ગૌરવને એક આસન પર બેસાડી, તેને થોડાં ફળ ફળાદિ ખાવા આપ્યાં. ગૌરવ પછીથી એક મૃગચર્મ ઉપર સુઇ ગઇ. યોગિની પણ થોડે દૂર સુઇ ગઇ. થોડા સમયમાંજ બન્ને જણાં નિદ્રાધીન થઇ ગયાં.

હજી પણ પ્રભાતકાળ થયો નહોતો; આકાશમાં થોડાક તારાઓ પ્રકાશી રહ્યા હતા. એવામાં ઝુંપડીના જે ખુણામાં ગૌરવ સુઇ રહી હતી તે ખુણામાંથી એક મ્હોટો ફણિધર ફુંફાડા મારતો બ્હાર નીકળ્યો અને તેણે ગૌરવના પગના અંગુઠા પર જોરથી દંશ કર્યો. પછીથી ફણિધર અદ્રશ્ય થઇ ગયો.

સ્હવારે યોગિનીએ જાગ્રત થઇને જોયું તો હતભાગિની ગૌરવનો પ્રાણ આલોકમાંથી ઉડી ગયેલો તેને જણાયો. યોગિનીએ એક નિશ્વાસ મૂકી કહ્યું:—“ ઇશ્વરની લીલા કેવી વિચિત્ર છે! **જેવી કરણી તેવી પાર ઉતરણી.** ”

પછીથી યોગિનીએ વિધિપૂર્વક ગૌરવના મૃતદેહને અગ્નિસંસ્કાર કર્યો.

ઉષાએ પોતાના પ્રાણાધિક પ્રિયતમ રણવીર પાછળ સહગમન કર્યું છે. તે સતી થઇ છે. પ્રિયપાઠક! હવે અમારી આ કરૂણાજનક પ્રેમકથા થઇ પૂરી. આમીન.

સમાપ્ત.

જનસમાજમાં ખાસ વખણાએલી

નવલકથાઓ.

ગુર્જરી-મુંબાઈની શેઠાણી. સચિત્ર	૨–૦–૦
મિલન-મંદિર. (સચિત્ર.)	૨–૦–૦
કુમુદકુમારી. (સચિત્ર.)	૨–૦–૦
રતિસુંદરી. (સચિત્ર.)	૨–૦–૦
રત્નગઢની રંભા. (સચિત્ર)	૨–૦–૦
સરોજસુંદરી-સુધરેલો જમાનો.	૧–૮–૦
સ્ત્રીઓની રંગભૂમિ.	૧–૮–૦
સંસાર શેત્રંજ ભાગ ૧ લો.	૧–૮–૦
સંસાર શેત્રંજ ભાગ ૨ જો.	૧–૮–૦
સંસાર શેત્રંજ ભાગ ૩ જો.	૨–૦–૦
કર્મ-બન્ધન યાને વિધવાની કર્મકથા.	૧-૮-૦
વીર રાઠોડ (વિરરસથી ભરપૂર)	૧-૧૨-૦
વિધિનું વિધાન. (સચિત્ર)	૧–૮–૦
કુંદન અને કુસુમ ભાગ ૧ થી ૮ દરેક ભાગની	૧–૪–૦
સરસ્વતી (સામાજિક નવલ.)	૧–૪–૦
વનવાસિની. (ઐતિહાસીક)	૨–૦–૦
કુસુમલતા.	૧–૦–૦
કુલિનકાન્તા.	૧–૦–૦
કુસુમકુમારી.	૧–૦–૦
માનવ શયતાન.	૧–૮–૦
પ્રેમપિંજર કે ખુની ખંજર.	૧–૮–૦
સન્મિત્ર કે શયતાન.	૧–૦–૦
વસંત-વિહાર. (ગઝલોનો ભંડાર)	૧–૪–૦